
ગીતા
વાહિની

**Bhagavan**
**Sri Sathya Sai Baba**

DATE 14-4-72

To Geetavahini

have all your attachments severed from every object and concentrate yourself on one thing. The one fact: one Truth your divinity immediately on the spot you gain realisation

duty without Love - Deplorable duty with Love. Desirable. Love without duty - Divinity Divine.

worship of the stone will turn the heart to stone

worship of the human will make one human

worship of the divine in the stone and the human will make one divine.

Purity of body thought and action is above all ritual, ceremony and other religious regimentation

With Blessings

Sri Sathya Sai Baba

# પ્રસ્તાવના

ૐ

પૂર્વ આફ્રિકાના શ્રી સત્ય સાઈ સેવા સમાજનું 'ગીતા વાહિની' એ બીજું પ્રકાશન છે. પહેલું ' અમૃત વાહિની ' સાચે જ ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની વાણીનું અમૃત બની રહ્યું અને ઠેરઠેર ફેલાઈ ગયું.

ભગવાનની ૧૯૬૮ ની પૂર્વ આફ્રિકાની મુલાકાતના ફળસ્વરૂપ અનેક સત્ય સાઈ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે, અને પ્રત્યેક તેનાં સાધન સંપત્તિ અને શક્તિ અનુસાર ભગવાનની પ્રેરણાથી સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ચલાવી રહી છે. એઓમાં પ્રતિકુળ સંજોગોમાં પણ ન્યૂનતા આવી નથી પણ વૈવિધ્ય સાથે વિકાસ જ થતો રહ્યો છે એ નોંધપાત્ર હકીકત છે.

'ગીતા વાહિની' નું ગુજરાતી ભાષાંતર બહોળા ભક્તસમુદાય આગળ રજૂ કરવાનું અમને સદભાગ્ય પ્રાપ્ત થયું એ બદલ અમે આનંદ અનુભવીએ છીએ. અને આજથી લગભગ બે વર્ષ પહેલાં ગુરુપૂર્ણિમાના અવસરે ' અમૃતવાહિની ' ભગવાનને ચરણે ધર્યા પછી એ જ અવસરને ટાંકણે એમની કૃપાથી ' ગીતાવાહિની ' પ્રકટ કરવાનું શક્ય બન્યું છે એ અમારા આ વિદેશવાસી સમાજ માટે ગૌરવનો વિષય છે.

ભગવાનના પુનિત ચરણમાં અમ સૌ માટે શક્તિ અને ભક્તિ અર્થે પ્રાર્થના કરી વિરમું છું.

**ડૉ. છોટાભાઈ જી. પટેલ**
**પ્રમુખ**

**કંપાલા } શ્રી સત્ય સાઈ સેન્ટર્સ ઓર્ગેનાઈઝેશન પૂર્વ આફ્રિકા**

ॐ

દિવ્ય વાણીરૂપ શ્રીમદ્ ભગવદ્ગીતાનું આટલું સરળ અને અંતરને સ્પર્શી જાય એવું સ્પષ્ટીકરણ આ પહેલું જ હશે. એમ છતાં આશ્ચર્યની વાત છે કે ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની વાણી એટલી જ દિવ્યતાયુક્ત છે. એટલે જ એમ કહેવાયું હશે કે કુરુક્ષેત્રના રણમેદાનમાં ભગવાને પાર્થને - અર્જુનને જે ગીતાનું ઉદબોધન કરેલું તેનું જ પુનનિવેદન આ વર્તમાન યુગના પાર્થોને ભગવાને સ્વમુખે સંભળાવવાનું ઉચિત માન્યું. આપણું સદભાગ્ય છે કે ભગવાન આપણને એકી સાથે સાહજિક્તા અને દિવ્યતાની અનુભૂતિ કરાવી આમ નિરિક્ષણ જ નહિ પણ આત્મપરીક્ષણ અને આત્મસિદ્ધિની પ્રેરણા આપી રહ્યા છે.

મને લેશમાત્ર શંકા નથી કે જે કોઈ આ દિવ્ય સંદેશનું પાન કરશે તે જીવનસાર્થક્યની અણમોલ પ્રેરણા મેળવી ધન્યતા અનુભવશે.

ફરી એક વાર ભગવાને મને નિમિત્ત બનાવ્યો એ વિચારે હું કૃતકૃત્યતા અનુભવું છું અને એમના ચરણકમળમાં પ્રણિપાત કરી પ્રાથુ છું કે હે પ્રભુ ! મને શક્તિ દો, જ્ઞાન દો, પ્રકાશ દો અને આપની ચરણસેવાની તક આપી કૃપા વરસાવતા રહો.

શ્રી. કસ્તુરીનો તેમના મૂળ અંગ્રેજી ભાષાંતર માટે ખૂબ ખૂબ આભાર. આ ભાષાંતરનું પ્રકાશન મહદ્અંશે ડૉ.છોટાભાઈ જી. પટેલના પ્રયત્ન અને પ્રોત્સાહનને આભારી છે અને એ માટે હું એમના પ્રત્યેનો મારો કૃતજ્ઞભાવ અહીં વ્યક્ત કરું છું.

**- પ્રાગજીભાઈ નાયક**

# શુભકામના

ભગવાન શ્રી સત્ય સાઈ બાબા એ જ સનાતન સારથિ છે કે જેમણે આદિત્ય, મન અને ઈક્ષ્વાકુને ગીતાશાસ્ત્રનું જ્ઞાન આપ્યું. કુરુક્ષેત્રના રણમેદાનમાં ખેલાયેલાં ધર્મના અધર્મ સામેના યુદ્ધમાં તેઓ અર્જુનના સારથિ હતા. રથમાં સવાર થયેલ અર્જુન જ્યારે એ યુદ્ધના વિચારે દુઃખ અનુભવવા લાગ્યો ત્યારે શ્રીકૃષ્ણ તેને સર્વમાં સ્વત્વ જોઈ તેઓ સાથે એકત્વ અનુભવવાનો બોધ આપ્યો અને તેનાં દુઃખ અને ભય દૂર કર્યા.

આજે પણ આપણા સૌના એ સારથિ છે. એક સહશિષ્ય અને સહભાગી તરીકે હું તમારું અભિવાદન કરું છું. આપણે વિવેકબુદ્ધિની લગામ બરાબર પકડી, અનાસક્તિની ચાબૂક વીંઝી ઇન્દ્રિયોના ઘોડાને ધર્મજડિત અને પ્રેમ વડે પ્રકાશિત સત્યને માર્ગે શાંતિના પરમ ધ્યેય ભણી હંકારી ત્યાં પહોંચવાનું છે.

અર્જુને શ્રીકૃષ્ણને ગુરુ તરીકે સ્વીકાર્યા અને આપણે પણ એમ જ કરવાનું છે. જ્યારે દુન્યવી આસક્તિ ધર્મના માર્ગમાં અવરોધક બની રહે, જ્યારે સહાનુભૂતિની દ્રષ્ટિ પર આકાંક્ષાના આવરણ છવાઈ જાય, જ્યારે ધિક્કારભાવમાં પ્રેમનો અવાજ દબાઈ જાય ત્યારે આપણે ગીતાના વચનો ધ્યાનથી સાંભળીએ. જે રથમાં એ પ્રસ્થાપિત છે ત્યાંથી જ એ આપણને બોધ આપે છે. અને પછી તેની જ્ઞાનદષ્ટિ, શક્તિ અને કૃપા વરસાવે છે અને યુદ્ધે ચડી વિજયને વરનારા વીર યોદ્ધાઓમાં આપણું પરિવર્તન કરી દે છે.

આ પુસ્તકના અમૂલ્ય શબ્દો કુરુક્ષેત્રના રણમેદાનમાં જેનું ઉદબોધન થયું હતું તે ગીતાનો સાર કે તે ઉપરનું વિવરણ નથી. જે યુદ્ધ આજે આપણે લડી રહ્યા છીએ તેમાં આપણે વિજયી નીવડીએ એ માટે જે બોધપાઠ ભગવાન આપણને આપવા ઉત્સુક છે – આપી રહ્યા છે તે સમજી લઈ તેને અંતરમાં ઉતારવા કોઈ નવી ભાષા શીખવાનું કે પૌરાણિક ગ્રંથ વાંચવાનું આવશ્યક નથી. આધુનિક પરમાણુશાસ્ત્રમાં, અર્વાચીન વિજ્ઞાનવિદ્યાના અભિમાનમાં અને આધુનિક બાહ્યાડંબરની ઘેલછામાં સપડાયેલા માનવીમાં જીવનસંચાર કરવાના હેતુથી જે ઉલ્લાસ અને નવશક્તિદાયક દિવ્ય પ્રવાહનો પુનરુદ્‌ભવ થયો તે જ આ ગીતાવાહિની અને તે એક જ દિવ્ય પ્રવર્તકની વાણી છે. એનો બોધ માનવીના દિલમાં સુખ, શાંતિ, શક્તિ અને શ્રદ્ધાનો સંચાર કરશે. એ સાથે પરિશિષ્ટ - પ્રશ્નોત્તર વાહિની- આપ્યું છે જેમાં આધ્યાત્મિક સાધના વિષયક સિદ્ધાંતો અને નીતિનિયમનું - સ્પષ્ટીકરણ આવે છે.

રણમેદાનના કોલાહલમાં પણ જે ધ્યાન અને એકાગ્રતાથી અર્જુને એનું શ્રવણ કર્યું એ જ રીતે આપણે પણ એ સમજવાનો પ્રયત્ન કરીએ અને પુસ્તક પૂરું કરતાં પહેલાં આપણે અવશ્ય કહીશું, " મારી ભ્રમણા દૂર થઈ છે. મને મારાં સસ્વરૂપ - આત્મતત્વ - નું જ્ઞાન થયું છે. " પૌરાણિક સારથિ જે તમારાં અને મારાં સૌના હૃદયમાં વસે છે તે અંતરની યાતના સાંભળી આપણી વહારે આવ્યા છે, આ બોધપાઠો એમણે પ્રશાંતિ નિલયમથી “ સનાતન સારથિ ” દ્વારા આપ્યા છે. હવે એ તમારી સમક્ષ પુસ્તકરૂપે રજુ થઈ રહ્યા હોઈ જેટલી વાર તમારે એનાં અભ્યાસ અને વાચન કરવાં પડે એટલી વાર તમે એ કરી શકશો. જે શ્રદ્ધાથી તમે આ બોધવાણીનો અભ્યાસ શરૂ કરો તે દિનપ્રતિદિન વિકાસ પામતી રહો, આ વિશ્વના અનેકત્વના પાયારૂપ એક જ પરમ તત્વની ભવ્ય અનુભૂતિ કરાવનાર વિસ્તૃત અને તેજરૂપ જ્ઞાનની પ્રેરણા તમોને અવિરત પ્રોત્સાહિત કરતી રહો એવી મારી શુભકામના છે.

**એન. કસ્તુરી**
**તંત્રી : સનાતન સારથિ**

**પ્રશાંતિ નિલયમ**

भगवान श्री सत्य साईनाथाय नमः

ज्ञानमुद्राय कृष्णाय गीतामृतदुहे नमः

# અધ્યાય ૧

ગીતાનો મર્મ સમજવા માટે ગુરુ પ્રત્યે હોય એવો પૂજ્યભાવ આવશ્યક છે. શ્રદ્ધા અને સમર્પણભાવ સાથે તમારે ગીતાનો અભ્યાસ કરવો જોઈએ. કારણ ગીતા એ તો શ્રીકૃષ્ણ નામના ગોવાળે અર્જુનરૂપી વાછરડાંની સહાયથી દોહેલું ઉપનિષદરૂપ ગોમાતાનું દુગ્ધામૃત છે જેનું પાન કરી મૂઢમતિ માનવી જીવનશક્તિ - જીવનતત્વ મેળવી શકે છે. કેટલાક એવી દલીલ કરે છે કે, ગીતા જે એક પવિત્ર કાવ્ય (સ્તોત્ર) છે અને જે મહાભારતમાં સમાવિષ્ટ છે એની રચના તો મહાભારત પછી થઈ છે. ગીતાની રચના વિષે ગમે એ કહેવામાં આવે - એક વાત નિઃસંદેહ છે કે ગીતાના સિદ્ધાંત અને ઉપદેશ પુરાતન જ નહિ પણ કાળાતીત છે. એના ચોથા અધ્યાયના પહેલા ત્રણ શ્લોકોમાં ભગવાન પહેલાં સૂર્યનારાયણને અને પછી મનુને ઉદ્દેશીને ગીતાનું સંબોધન કરે છે એવો ઉલ્લેખ છે. મનુ ઈક્વાકુને અને તે પછી વંશપરંપરાગત તે ઉતરી આવ્યાની વાતનો પણ તેમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. આમ ગીતા સમયથી પર હોઈ ભૂત કે વર્તમાનમાં એને ક્યાંય પણ મૂકી શકાય નહિ.

ગીતા મુખ્યત્વે આધ્યાત્મિક સાધકો માટે છે, કારણ કે બીજી કોઈ પણ વાતો કરતાં સાધના અને આધ્યામિક ધ્યેયદષ્ટિ ઉપર વધારે ભાર મૂકે છે. દરેકે દરેક અધ્યાય શાંતિ અને સમન્વયનું ધ્યેય સિદ્ધ કરવા માટે આવશ્યક એવા નીતિનિયમો અને સાધનો વિષે સ્પષ્ટ વિધાન આપે છે. ઉન્નતિ માટેની તીવ્ર અને દ્રઢ ઈચ્છામાંથી સાધનાની ઈચ્છા જન્મે છે. સાધકમાં ઉત્સાહ વર્તાવો જોઈએ - હતાશા નહિ. તેણે પરિશ્રમ કરવો જોઈએ અને ત્વરિત ફળપ્રાપ્તિ માટે વલખાં મારવાં જોઈએ નહિ. ગીતા એક નૌકાસમાન છે જે સંસારસાગરમાં અથડાતાં માનવીને તેણે જાતે વહોરી લીધેલી બંધનની સ્થિતિમાંથી તેની મૂળભૂત અને સ્વાભાવિક એવી સ્વાતંત્ર્યની સ્થિતિમાં લાવી પ્રસ્થાપિત કરે છે. તે તેને અંધકારમાંથી પ્રકાશના અને ઘેરા વાતાવરણમાંથી ભવ્યતાના પ્રદેશમાં દોરી જાય છે. ગીતા માનવીને એવા ધર્માચારનો બોધ આપે છે કે જે તેને જન્મમરણના ફેરામાં જકડી રાખનાર વાસનાઓ અને વૃત્તિઓથી મુક્ત કરે છે.

ખરું જોતાં તો માનવી આ કર્મક્ષેત્રે પ્રવૃત્ત રહેવા માટે જ આવ્યો છે - નહિ કે કર્મની ફળપ્રાપ્તિ માટે. ગીતાનો આ ઉપદેશ છે. એ તેનો મૂળ બોધપાઠ છે. ગીતા એટલે સર્વ વેદાર્થનો અર્ક, યજ્ઞ અને

પૂજાપાઠ જેવી બહિર્ગામી પ્રવૃત્તિઓને વેદોની શરૂઆતમાં ઉલ્લેખ છે, જ્યારે ઉપાસના જેવી અંતર્મુખ પ્રવૃત્તિનો ઉલ્લેખ પાછળથી આવે છે. અને આમ સ્વચ્છ અને શુદ્ધ થયેલ મન જ્ઞાનયોગનો માર્ગ ગ્રહણ કરી શકે છે એમ જણાવવામાં આવ્યું છે.

વ્યક્તિ ગમે તે હોય, ગમે એવી જ્ઞાની હોય તે આ જીવનની માયા કે ભ્રમથી છટકી શકતી નથી અને પરિણામે દુઃખનો ભોગ બને છે, અને તેની પ્રવૃત્તિમાં ઓટ આવી જાય છે. અર્જુનની બાબતમાં પણ એવું જ બને છે. આવો મહાન ત્યાગી, જ્ઞાની અને શક્તિશાળી યોદ્ધો યુદ્ધની આવશ્યકતાના વિચારથી અકળાઈ ઊઠે છે અને તેનું દુઃખ તેની પ્રવૃત્તિનું અવરોધક બની રહે છે. શરીર અને આત્માનો ભેદ એને સમજાતો નથી અને બન્નેને તે એકરૂપ સમજવા માંડે છે. પ્રવૃત્તિ અને પરિવર્તન જેના લક્ષણો છે એવાં વિશ્વથી જે પર છે – અસ્પૃશ્ય છે તે આત્માને તે આ અસત્ અને માયાવી જગતના અંશરૂપ માની બેસે છે અને એનો એ ભ્રમ, ભ્રમ નહિ પણ સત્ય છે એમ માનતો થઈ જાય છે. શરીર અને આત્માની એકરૂપતાની એની માન્યતાને એની ફરજ અને ધર્મ સાથે એ સાંકળી લે છે અને તેને પોતાનો આત્મધર્મ સમજી બેસે છે. જીવનની આ કરુણતા માત્ર અર્જુનને જ નહિ પણ સમગ્ર માનવજાતને લાગુ પડે છે. આથી જ ગીતાનું મહાભ્ય સર્વગ્રાહી અને શાશ્વત છે. ગીતાનો અભ્યાસ એટલે માયારૂપ ભવસાગર તરી જવાની કલાની શિક્ષા. ગીતા તો ખુદ ભગવાન શ્રીકૃષ્ણની દિવ્યવાણી છે. કરોડો માનવીઓને ગીતાજીમાં શાંતિ અને મુક્તિ સાંપડ્યાં છે એ હકીકત માત્ર તેના દિવ્ય ઉગમની સાબીતી છે. આવા પૂર્ણ પુરુષ સિવાય ગીતાને એક અનન્ય પ્રમાણગ્રંથનું સ્થાન કોઈ અપાવી શકે ખરું !

જે રીતે એનો પ્રારંભ થાય છે અને જે રીતે એ પૂર્ણરૂપ ધરે છે તે જ જે વિષયનું એ પ્રતિપાદન કરે છે તેનો આપણને ખ્યાલ આપે છે. પ્રથમ શ્લોકની શરૂઆત જ જુઓ : " ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે... " એમાં ધર્મ અગ્રસ્થાને છે. છેલ્લા એટલે કે અઢારમા અધ્યાયના છેલ્લા શ્લોકમાં " યત્ર યોગેશ્વર કૃષ્ણ " ની વાત આવે છે, અને આ શબ્દ યોગેશ્વર, જે ધર્મનો ઉપદેશ આપ્યો છે તેનો અંતિમ સાર છે. આમ સ્પષ્ટ થાય છે કે ગીતાના ઉપદેશનો મુખ્ય સાર છે : " ધર્મ હમેશાં યાદ રાખો, ધર્મમય આચરણ કરો. " આ શબ્દો કેટલા અર્થપૂર્ણ છે. સર્વ શાસ્ત્રો ધર્મની વ્યાખ્યા અને ધર્મના લક્ષણો ગણાવવામાં સીમિત રહ્યાં છે જ્યારે ગીતા ધર્મનો અભ્યાસ તેનું પૂર્ણસ્વરૂપ અને પૃથક્કરણ સૌ કંઈ આવરી લે છે. ધર્મના વિવિધ પાસાંઓને આવરી લેતું એ એક ધર્મપુસ્તક છે. ધર્મના પાયામાં રહેલા પ્રત્યેક સિદ્ધાંતની તેમાં ચર્ચા - વિચારવિમર્શ કરવામાં આવ્યાં છે.

અર્જુન જીવાત્મા - વ્યકિત છે. શરીર એ રથ છે અને એ રથમાં એની સાથે જે ગુરુ છે તે ભગવાન શ્રીકૃષ્ણ છે. ગાયત્રી મંત્રમાં જે પ્રાર્થના છે - **धीयो यो नः प्रचोदयात्** (હે પ્રભુ મારી વિવેકબુદ્ધિ જાગૃત કર અને મને સત્યને માર્ગે - પ્રકાશને માર્ગે દોરી જાય તે સાંભળી જે બ્રહ્મસ્વરૂપ પરમાત્મા આપણી પ્રજ્ઞા તેજોમય બનાવી પ્રકાશ આપવા પ્રવૃત્ત થાય છે તે ખુદ ભગવાન એ રથના સારથિ છે. કૌરવો પાશવતાનું અને પાંડવો દિવ્યતાનું પ્રતીક છે, તેઓ અસત્ છે, પાંડવો સત્ય છે; એક દૂષણ છે, બીજું શિવસ્વરૂપ છે. અને આ બે વચ્ચેનો ગજગ્રાહ અનંત કાળથી ચાલતો આવ્યો છે. બે વિરોધી બળો વચ્ચેના આ

વિગ્રહમાં શ્રી કૃષ્ણ (આત્મા) હંમેશા ધર્મના પક્ષે હોય છે, એટલે કે શાશ્વત સત્યના પક્ષે અને નહિ કે જે વિનાશકારી અને અસત્ય છે એવા ભ્રમ કે માયાને પશે. જો તમારે પ્રભુને તમારા માર્ગદર્શક અને વિધાયક તરીકે તમારે પક્ષે રાખવા હોય તો દિવ્યભાવ અને ધર્મભાવથી તમારું હૃદય ભરી દો. જ્યાં ધર્મ છે ત્યાં પ્રભુનો આવાસ છે.

અલબત્ત એનો અર્થ એવો નથી કે પ્રભુ સર્વવ્યાપી નથી..... ! દુધમાં માખણ સર્વવ્યાપી છે જ પણ દૂધનું દહીં બનાવી તેને વલોવીએ ત્યારે જ તેને માખણના સ્વરૂપમાં, એક તત્વના રૂપમાં દર્શાવી શકાય છે. તે જ પ્રમાણે ધર્મસાધના દ્વારા જ પ્રભુને તેના સ્પષ્ટ સ્વરૂપમાં જોઇ શકાય છે. **यतो धर्मस्ततो जयः ।** સત્યનો - સત્યધર્મનો હમેશાં જય થાય છે. જ્યાં ધર્મ ત્યાં જય. અર્જુન જે દૈહિક અથવા પાર્થિવ છે તેના વિચારમાં ડૂબી ગયો છે અને તેથી આધ્યામિક તત્વનું - સત્યનું જ્ઞાન આપી તેને જાગૃત કરવાની આવશ્યકતા હતી. સાધનાની સમગ્ર પ્રક્રિયાનો હેતુ જ આત્મજ્ઞાન મેળવી ધ્યાન તેમાં - આત્મતત્વમાં - કેન્દ્રિત કરવાનો છે. શ્રીકૃષ્ણનો એ જ ઉપદેશ છે, અને એ જ સત્યની શોધનો અંતિમ સાર છે - તેનું અંતિમ લક્ષ્ય છે.

અર્જુન જેને વાચા આપી શકતો ન હતો એવી અનેક શંકાકુશંકાઓના ઉત્તર શ્રીકૃષ્ણ આપ્યા. “ હે અર્જુન, તને દુઃખ થાય છે કારણ આ રાજા મહારાજાઓ જેઓ તારા સંબંધી છે તેઓનું તારે હાથે મૃત્યુ થાય એવા સંજોગો ઊભા થયા છે. તું ડોળ કરતો હોય એમ ધર્મની વાત કરે છે. પણ યાદ રાખ, જે જ્ઞાની છે તે જીવતા કે મૃત્યુ પામેલાઓ વિષે શોક કરતો નથી. કહું, શા માટે ? જો, મૃત્યુ બાદ માત્ર દેહનો ક્ષય થાય છે અને તું એ દેહનો ખ્યાલ કરી દુઃખ અનુભવે છે. અત્યાર સુધીમાં દેહમાં - દેહસ્વરૂપમાં જે વિકાર - અવિકાર થયો એનું દુઃખ તને કદી થયું છે ? બાળસ્વરૂપ કિશોરાવસ્થામાં અદ્રશ્ય થયું; યુવાવસ્થામાં કિશોર ક્યાંય છુપાઈ ગયો; યુવક પ્રૌઢાવસ્થામાં ખોવાઈ ગયો અને પ્રૌઢ માનવી વૃદ્ધાવસ્થામાં પલટાઈ ગયો અને અંતે વૃદ્ધ મૃત્યુના મુખમાં સંતાઈ ગયો. શરીરસ્વરૂપમાં અત્યાર સુધી આટઆટલાં પરિવર્તનો આવ્યાં પણ ત્યારે તારી આંખો અશ્રુભીની ન થઈ તો આ એક રૂપાંતરના વિચારે રડવું શું ? તું એક કિશોર હતો ત્યારે જે તારો દેહ હતો, તારું દેહરૂપ હતું તે આજે રહ્યું છે ? દૃષ્ટદ્યુમ્નને તે હાથપગે બાંધી દીધો ત્યારે તારું જે શરીર હતું તે આજે ક્યાં છે ? કિશોરાવસ્થાના એ મસ્તીતોફાન તને હજુ યાદ છે, પણ જે શરીરબળ વડે તે એ બધું કરી બતાવ્યું હતું તે તો ક્યાંય અલોપ થઈ ગયું છે. તે જ પ્રમાણે શરીરમાં ગમે એ પરિવર્તન આવે, ભવ્ય પ્રકાશરૂપ જ્ઞાન કે આત્મા તો અમર જ રહે છે. આવું દ્રઢ અને નિ:સંશય જ્ઞાનીનું લક્ષણ છે. આ પ્રમાણે શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવ્યું.

તને પ્રશ્ન થશે કે, જે દેહરૂપધરી આપણે જીવનભર હર્યાફર્યા તે એકાએક દ્રષ્ટીથી દૂર થાય ત્યારે આપણને શોક ન થાય ? પણ એ રીતે શોક કરવો યોગ્ય હોય તો પણ તમે કેટલાંનો શોક કરશો ? આનંદ અને શોક તો દિનરાત સમાન છે. તેનો સામનો કરવો જ રહ્યો - તેનો અનુભવ અનિવાર્ય છે. તમે ના કહેશો એટલાથી કાંઈ તે અટકી જવાના નથી તેમજ તમે એની ઘટનાની ઈચ્છા કરશો એટલા માત્રથી તે આવી મળવાના નથી. તે બન્ને શરીરરૂપ કે પદાર્થરૂપ સાથે સંકળાયેલાં છે. ચૈતન્ય કે આત્માને તેનો સ્પર્શ

થતો નથી. જે ક્ષણે તમે આ બેથી વિમુક્ત થઈ શકો તે જ ક્ષણે તમને મુક્તિ કે મોક્ષ મળી ચૂક્યું છે એમ સમજવું.

પહેલા અધ્યાયમાં આ સત્ય સમજાવવામાં આવ્યું છે અને તેને અર્જુનનો વિશાદયોગ એવું શીર્ષક આપવામાં આવ્યું છે. ભગવદ્ ગીતા રૂપ ભવ્ય મહાલયનો એ પાયો છે. પાયો સદધર હોય તો મહેલ ચીરકાળ ટકી રહે છે. પાંચ હજાર વર્ષ પર એ મજબૂત પાયા પર રચાયેલી ગીતા આજ પર્યંત એવી જ નિશ્ચલ અને અવિચલિત રહી છે. આ ઉપરથી તમે અનુમાન કરી શકો કે જે પાયા ઉપર એ રચાઈ છે તે કેવો મજબુત અને જેણે એ પાયો રચ્યો એ પુરુષ કેવો જ્ઞાની હશે.

તમે એને વિશાદ અને હતાશા કહો છો ? પણ એ હતાશા કેવી હિતકર નીવડી. એ કંઈ વીરતાનો સામાન્ય અભાવ ન હતો. કારણ એ દ્વારા અર્જુનની પ્રામાણિકતા અને દ્રઢતાની કસોટી થઈ, અને તેથી એને સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક પ્રભુને શરણે જવાની પ્રેરણા થઈ. અને એટલા માટે જ એને ' યોગ ' રૂપ ઉચ્ચતમ નામ આપવામાં આવ્યું છે. વિશાદયોગથી જે ગીતાનો પ્રારંભ થાય છે. તેની સંન્યાસ યોગમાં સમાપ્તિ થાય છે, આમ વિશાદ પાયો છે - આધાર છે અને સંન્યાસ એ આધાર પર રચાયેલી અને દ્રઢ થયેલી એક ઈમારત છે. વિશાદ બીજ છે તો સંન્યાસ ફળ છે.

કદાચ પ્રશ્ન થાય કે ગીતામાં જેનું પ્રતિપાદન થયું છે તે જ્ઞાનના અધિકાર માટે જે વિશુદ્ધ મન જોઈએ તે અર્જુનમાં તેના વ્યક્તિત્વમાં હતું એમ શી રીતે કહી શકાય ? અર્જુન શબ્દનો અર્થ ત, અનાવિલ એવો થાય છે. એ નામ એના વ્યક્તિત્વને બરાબર અનુરૂપ છે એટલું જ નહિ પણ એ એના જીવનમાં જીવનવ્યવહારમાં એણે સાર્થક કરી બતાવ્યું છે અને પરિણામે જ અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો અને વિશ્વને ગીતારૂપ અમૂલ્ય ભેટ ધરવામાં તે નિમિત્ત બની રહ્યો.

ભગવાન શ્રીકૃષ્ણ યોગ શબ્દનો ગીતામાં અનેકવાર ઉપયોગ કરે છે; યોગ દરમ્યાન માનવી (જીવ) ની જુદીજુદી સ્થિતિનું પણ વર્ણન આવે છે, તેમ છતાં જેઓએ ગીતાનું વાચન - પઠન કર્યું છે એઓના મનમાં કદાચ શંકા પેદા થાય કે શ્રીકૃષ્ણ ' યોગ ' શબ્દનો જે અર્થ કરે છે તેમાં અને સામાન્ય ગણાય એવા એના અર્થ માં સમાનતા નથી. શ્રીકૃષ્ણે ક્યાંક વૈરાગ્યને મહાન ગણાવ્યો છે. બીજી તરફ ભક્તિ દ્વારા મુક્તિ કે મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે એમ જણાવ્યું છે. આધ્યાત્મિક આનંદની સર્વશ્રેષ્ઠ કક્ષાએ પહોંચવાની અનેક રીતોનો એમણે નિર્દેશ કર્યો છે, અને તેનું વિવરણ આપ્યું છે. આઠમાં અધ્યાયમાં રાજયોગનું વર્ણન આવે છે પણ એટલા ઉપરથી રાજયોગ એ ગીતાનો વિષય છે એમ કહેવું સાચું નથી.

ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતી, બાહ્ય અને પાર્થીવ જગત સાથે માનવીને જકડી રાખનાર ત્રિવિધ બંધનોથી સંપૂર્ણ મુક્તિ, સત્કર્મ અને સદાચાર - જીવન સત્યના આ સિદ્ધાંતોનું માહામ્ય ગીતામાં સમજાવવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ અને માનવીની ઉચ્ચતમ કેળવણી અને અંતરતમ વિકાસના ઊંડાં રહસ્ય તરીકે મહત્વના ગણાવે છે.

સર્વ કોઈ ગીતાનો સાચો મર્મ સમજવામાં સફળ નથી થતા. ખ્યાતનામ વિદ્વાનો અને ગ્રંથકારો અનન્ય બુદ્ધિપ્રતિભા ધરાવતા હોવા છતાં ગીતાનું રહસ્ય સમજાવવામાં નિષ્ફળ ગયા છે. વિવેચકો સર્વ પ્રકારના પરિવર્તનમાં સંપૂર્ણ સમતુલાના સિદ્ધાંતની વાતો કરે છે, અથવા મુક્તિ સ્વાતંત્ર પ્રાપ્તિ એ બીજા કોઈ પણ ધ્યેય કરતાં વધારે મહત્વની છે એમ કહે છે. બીજી તરફ પશ્ચિમના તત્વજ્ઞાનના ગ્રંથોનો જેઓએ અભ્યાસ કર્યો છે તેઓ ગીતાને એના વિચારો સાથે સરખાવે છે અને એ વિચારધારાને અનુલક્ષીને આપણા યુવકયુવતીઓને તત્વજ્ઞાનનું શિક્ષણ આપે છે. અલબત્ત, સંપૂર્ણ ત્યાગ - અપરિગ્રહ અત્યંત ઈચ્છનીય છે પણ વ્યવહારમાં તે કેટલા આચરી શકે ? કોઈ પણ એક આધ્યાત્મિક વિચારધારા સર્વથા સ્વીકાર્ય અને સર્વવ્યાપક બનાવવી હોય તો તેમાં એવા નીતિનિયમો અને આચારસંહિતાને સ્થાન હોવું જોઈએ કે જે દરેક વ્યક્તિ તેના દૈનિક જીવન વ્યવહારમાં અને પ્રવૃત્તિમાં આચરી શકે અને તેનો આનંદ અનુભવી શકે.

સર્વશ્રેષ્ઠ ધર્મ છે સ્વધર્મ – જેનો કદી ત્યાગ ન થાય, આ પ્રશ્નનો આગળ વિચાર કરીએ છીએ તો ધર્મ અને નૈતિક મૂલ્યો વિષે મતભેદ ઊભા થાય છે. **गहन कर्मणो गति:** - નૈતિક આચારવિચાર વિષે બોલતાં શ્રી. ભગવાન કહે છે – ' એ કઠીન છે એમાં અનેક પ્રકારના જોખમ રહેલાં છે. ' કયું કાર્ય - કર્મ નીતિને અનુરૂપ છે અને કયું નથી ? નૈતિક દૃષ્ટિએ શું સાચું અને માન્ય છે અને શું નથી ? ઘણાએ આનો નિર્ણય કરવા ખૂબ જહેમત ઉઠાવી છે અને હજુ પણ પ્રયત્નશીલ છે. પણ શ્રીકૃષ્ણ તો કયા પ્રકારનું કર્મ - કાર્ય સત્કર્મ અને શ્રેયકર છે તે નીચેના શ્લોકોમાં બતાવી દીધું છે.

**मन्मना भव मद् भक्तो मत् मद् याजी मां नमस्कुरु ।**
**मामे वैष्यसि सत्यम् ते प्रतिजाने प्रियोडसि मे ।**
**सर्वधर्म परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिस्यामि मा शुचः ।**

" તું મારું ધ્યાન ધર; મારી જ ભક્તિ કર; તું મને ભજીશ અને મને જ સર્વ કાંઈ અર્પણ કરીશ તો એ ધર્મ કાર્યને માર્ગે તું મારી સમીપ પહોંચી શકીશ. આ સત્ય હું તને સમજાવું છું કારણ તું મને પ્રિય છે. આ મારો ઉપદેશ મારી કૃપા સ્વરૂપ છે. મને પહોંચવાનો આ એક માત્ર માર્ગ છે. સર્વ ધર્મનો ત્યાગ કર અને મારું શરણ લે. કશાનો જ શોક ન કર અને તારાં સર્વ કૃત્યોના પરિણામરૂપ બંધનથી હું તને મુકત કરીશ.

કેવું અદ્દભુત ! આ બંને લોકોના મર્મ અને મહાની નોંધ લેજો. આ શરણાગત – ભાવ જન્મ અને મૃત્યુના ચક્રમાંથી તમને ઉગારી લેવા પૂરતો નથી શું ! ' તમ્મન ' -જીવમાત્રમાં પ્રભુને જોવા, જીવનની ક્ષણેક્ષણ પ્રભુના ધ્યાનમાં વ્યતીત કરવી અને એ ધ્યાનના આનંદમાં ગરકાવ થઈ રહેવું એટલે જ તદ્ **भक्त** - પ્રભુ પ્રત્યેના ઊંડા ભક્તિભાવ અને અસીમ પ્રેમભાવના ફળસ્વરૂપ પ્રાપ્ત થયેલ તેની સાથેના

દિવ્ય એકત્વભાવમાં સર્વદા ડૂબેલા રહેવું તે; **तदयायी** - નાના મોટાં સર્વ કર્મો (ઈચ્છા, સંકલ્પ, દ્રષ્ટિ, પ્રવૃત્તિ, ફળ, પરિણામ) શરૂઆતથી અંત સુધી સર્વ કાંઈ કૃષ્ણાર્પણ કરવું, સર્વ પ્રકારના મમત્વભાવનો ત્યાગ કરવો અને ભક્તિભાવ પૂર્ણ અનાસક્તિથી પ્રેરાઈને સર્વ પ્રવૃત્તિમાં મગ્ન રહેવું તે. પ્રભુ તમારી પાસેથી આવી અપેક્ષા રાખે છે.

અલબત્ત, સંપૂર્ણ શરણાગતભાવ જીવનમાં ઉતારવો એ મહા કઠીન કાર્ય છે. પણ માનવ એ દિશામાં યત્ કિંચિન પ્રયત્ન કરે તો પ્રભુ આપમેળે ભકતને તેના અંત સુધી પહોંચવાની હિંમત અને શકિત પ્રદાન કરશે. સર્વદા જાણે ભકતની સાથોસાથ ચાલતા એક સહૃદય મિત્રની જેમ એને સહાયરૂપ થશે, માર્ગદર્શકની જેમ એને યોગ્ય દોરવણી આપશે; લાલસા અને દૂષણોથી એનું રક્ષણ કરશે; તે એનો બંધુ અને બેલી બની રહેશે. પ્રભુએ કહ્યું છે – **स्वलपमप्यस्य धर्मस्य त्रायते महतो मयात् ।** આ માર્ગે અલ્પ પ્રમાણમાં પણ જે આગળ વધે છે તેને સૌથી ભયાનક એવા ભયથી પણ પ્રભુ બચાવી લે છે. ધર્મ માર્ગ સ્વીકારવો તે જ એક આનંદકારી બની રહે છે, એ જ માર્ગે ઓછામાં ઓછા વિક્ષેપો આવે છે. પ્રભુનું આ જ ઉદ્‌બોધન છે.

**मामेवैस्यसी** - તું મારી નજીક આવશે, તું મારી સમીપ આવી પહોંચશે. એનો અર્થ એવો છે કે તું મારું અદભૂત સ્વરૂપ સમજી શકશે. તું મારા સ્વરૂપમાં પ્રવેશ કરી મારા ભાવલક્ષણો પ્રાપ્ત કરશે. આ પ્રકારે **साद्रिस्य** (દિવ્ય રૂપ ધરવું) **सालोक्य** (પ્રભુમય બની રહેવું) **सायुज्य** (પ્રભુ સાથે એક રૂપ કે તન્મય બની જવું) નો નિર્દેશ કર્યો છે. પ્રાણીમાત્રમાં દિવ્યતાના દર્શન કરવાની કક્ષાએ જે પહોંચ્યો છે હરેક જ્ઞાનસાધના અને જ્ઞાનાનુભવમાં જ્યારે એને દિવ્યતાની પ્રતીતિ થાય છે, દ્રષ્ટિ, શ્રવણ, સાદ, સુવાસ અને સ્પર્શમાં જ્યારે એ એકમાત્રનો અનુભવ થાય છે ત્યારે નિઃસંશય એવો માનવી પ્રભુના શરીરરૂપનું એક અંગ બની રહે છે અને પ્રભુ સાથે અને પ્રભુમાં જ તે વસે છે. તમારી પોતાની ઉન્નતિ કે સિદ્ધ કરવાનો તમારો ધર્મ છે તે જ્યારે તમે સ્વીકારશો ત્યારે પ્રથમ પગલે જ તમારામાં અદ્‌ભુત શકિતનો સંચાર થતો તમે અનુભવશો; કોઈ નવા જ અને વિશુદ્ધ આનંદથી તમે ડોલી ઊઠશો; દિવ્ય શાંતિની પૂર્ણતાનો તમે આસ્વાદ માણશો અને તમે જાણે કોઈ નવી જ શુદ્ધિ- પવિત્રતાની તાજગી અનુભવી રહેશો.

આ ધર્મ કંઈ અસામાન્ય માનવીઓ માટે જ છે એવું નથી. સર્વને એ સાધ્ય છે કારણ સર્વને પ્રભુપ્રાપ્તિની લગની હોય છે, આ પરિવર્તન પાછળ કોઈ મૂળભૂત સત્વ રહેલું છે એ જાણવા પૂરતી વિવેકબુદ્ધિ સર્વમાં હોય છે. સૌથી ધિક્કારપાત્ર પાપી પણ ઉદવેગમય પશ્ચાત્તાપને પરિણામે પ્રભુનું શરણું લઈ એક પળમાં તેના હ્રદયનું શુદ્ધિકરણ કરી પવિત્ર બની જાય છે.

એ માટે, પ્રભુની આજ્ઞા છે કે દરેક વ્યક્તિએ પોતાનો જે વિશિષ્ટ ધર્મ હોય તે અનુસાર ચાલી તેનું પાલન કરવું, દરેક વ્યકિતએ પોતાની સંસ્કૃતિના આધ્યાત્મિક અને પાયાના સિદ્ધાન્તો અનુસાર પોતાના જીવનકાર્યનું આયોજન કરવુ જોઈએ; તેણે “ કર્મ - ફળ " ની દૃષ્ટિ છોડીને પરમાત્માનો અંતરાત્માનો અવાજ શિરોમાન્ય ગણવો જોઈએ.

ભારતમાં જન્મેલા ભારતીઓ ભારતશ્રેષ્ઠ - ગોપાલ - ના વચનનું ધ્યાનપૂર્વક શ્રવણ કરી આ વિશિષ્ઠાધિકારને લાયક નીવડે એ મહત્વનું છે. એટલું જ નહિ પણ જે દિવ્યતા તેઓમાં અંતરગમ છે તેનો એમના દરેક વચનમાં, પ્રત્યેક અક્ષરમાં, હરેક પ્રકારની એમની ઈચ્છામાં, તેમની પ્રત્યેક વિચારધારામાં આવિર્ભાવ થવો જોઈએ. પછી ભલે તે પ્રવૃત્તિ જીવનની સ્થળ આવશ્યક્તાઓ - જીવવા માટે ખોરાક, રહેવા ઘર અથવા શરીરની નિરભયતા અર્થે હોય.

આમ થશે તો જ આ ભારત રાષ્ટ્ર સમગ્ર વિશ્વને પ્રાચીન ધર્મની- સનાત ધર્મની ભવ્યતા - સર્વોપરિતાનો બોધ પાઠ આપી શકશે અને માનવજાતને એની અનન્ય ઉપયોગિતા સમજાવી સમગ્ર માનવસમાજને શાંતિની પ્રતીતિ કરાવી તેમાં વિશ્વાસ પેદા કરાવી શકશે. એવા ધર્મયુકત કાર્યો દ્વારા જ આધ્યામિક શક્તિ પ્રાપ્ત થાય છે કે જે સર્વ પ્રકારની કટોકટીની સફળતાથી સામનો કરી અંતમાં વિજયને વરે છે.

પવિત્રરૂપ ભગવત ગીતા આ ધર્મમાર્ગનો સ્પષ્ટ નિર્દેશ કરી એ દૈવી ભેટ માનવી સમક્ષ ધરે છે.

---

# અધ્યાય ૨

પ્રથમ અધ્યાય માટે કૃષ્ણ ગીતા ' કરતાં અર્જુન ગીતા ' નું શીર્ષક વધારે અનુરૂપ છે. શોક અને ભ્રમનો ભોગ બનેલ અર્જુન યુદ્ધના વિચારથી પણ વિમુખ થઈ તેના હથિયાર છોડી દે છે. દ્વિધામાં અટવાઈ પડેલ અર્જુન હતાશ થઈ રથમાં બેસી જાય છે. મુંઝવણ અને ઉદ્વેગમાં તે આમતેમ જુએ છે. તેના સગાસંબંધીઓની મુખમુદ્રા જોઈ તેનું હૃદય દયાભાવથી ઉભરાઈ જાય છે. તેની પકડ ઢીલી થતાં તેનું વિખ્યાત ધનુષ્ય હાથમાંથી સરી પડે છે ; ઊભા રહેવાની કે બેસવાની પણ શકિત એ જાણે ગુમાવી બેસે છે અને પૂર્વ મિમાંસાના તત્વજ્ઞાનમાં એનું મન ખોવાઈ જાય છે. યુદ્ધમાં ન ઉતરવાના એ સોગંદ લઈ બેસે છે. સંજયે જ્યારે અંધ ધૃતરાષ્ટ્રને આ સમાચાર આપ્યા ત્યારે તેને અપાર આનંદ થયો કારણ તેને લાગ્યું, વિજય હવે હાથવેંતમાં છે. તેનામાં ન તો અગમબુદ્ધિ હતી કે દીર્ઘદ્રષ્ટિ - દિવ્યદ્રષ્ટિનો તો પ્રશ્ન જ ન હતો. અને એથી તેને આનંદ થયો કે અવિભાજ્ય સામ્રાજ્યના આધિપત્યનું એનું સ્વપ્ન વિના વિઘ્ન સિદ્ધ થઈ રહ્યું હતું.

પણ દિવ્યદૃષ્ટિધારી સંજયને વિચાર થયો " આ અબુધ આનંદ તે કેવો ? જ્યારે સ્વયં પ્રભુ પાંડવોના પક્ષે હોય ત્યારે આ અંધ રાજવીની કુટનીતિ શી રીતે સફળ થઈ શકવાની હતી ? " અર્જુન યુદ્ધમાં ઝંપલાવે અને જે ભયાનક પરિણામ આવે તે એ પોતે જાણે પ્રત્યક્ષ જોઈ રહ્યો.

આ તરફ અર્જુનની આંખોમાંથી તો ગંગાયુમના વહેવા લાગી આંખોમાં આંસુના જાણે પૂર આવ્યાં. ખુદ કૃષ્ણ ભગવાન માટે આ દૃશ્ય અસહ્ય બની રહ્યું અને તે ચૂપ ન રહી શક્યા. તેમણે અર્જુનની નાડ પારખી લીધી અને તેના વિકારનું નિદાન કરી લીધું. તેમને એક પળમાં સમજાઈ ગયું કે અર્જુનના ત્રણ અંગોમાં - શરીર, મન અને બુદ્ધિ - મોહરૂપી વિષ ફરી વળ્યું છે. તેમણે જોયું કે જે દયાભાવ અર્જુનને ઘેરી વળ્યો હતો તે સાચો ન હતો કારણ દૈવી સંપન (હેતુ અને ઈચ્છાનું દિવ્ય કક્ષાએ પહોંચવું તે) જ માનવીમાં સાચો કરુણાભાવ જગાવે છે અને એવો ભક્ત કદી પ્રભુની આજ્ઞાની અવગણના કરતો નથી. આ તો દયાના અચંબા હેઠળ છુપાયેલો અહંકાર હતો. આથી શ્રીકૃષ્ણ અર્જુનને આ નિર્બળતાથી બચાવી લેવાનો નિરાધાર કર્યો. **कृपयाविष्टम्** ગીતામાં કહ્યું છે તેમ અર્જુન દયાભાવમાં ડૂબી ગયો હોઈ તે અસહાય બની ગયો હતો અને તેને આથી મુક્ત કરવાની - એમાંથી ઉગારી લેવાની આવશ્યકતા હતી.

જેમ માણસને ભૂત ભરાઈ જાય અને તેનું નિવારણ કરવું પડે તેમ અર્જુનને ભય અને કાયરતારૂપી ભૂતથી મુક્ત કરવાનો હતો. જેની સાથે ભગવાન છે તેણે કશો જ ભય સેવવાનો રહેતો નથી. જે પંચભૂતનો સ્વામી છે તેને ભૂત શું કરી શકે ? **वैद्यो नारायणो हरिः** ભગવાન તો સર્વશ્રેષ્ઠ ચિકિત્સક છે. આ ક્ષણે અર્જુનને ભગવાન નારાયણરૂપ વૈદ્યની જરૂર હતી અને તેનું સદભાગ્ય કે તેઓ તેને પ્રાપ્ત હતા.

કેવો ભાગ્યશાળી અર્જુન ! જેના દુ:ખના સમુદ્રમાં આનંદની ભરતી આવનાર હતી. બીજા અધ્યાયના અગિયારમાં શ્લોક સુધી અર્જુનની નિરાશા - ભ્રમણાની જ વાત આવે છે આથી એના

ઉપચારના સૌ પ્રથમ સોપાન તરીકે ભગવાન સાંખ્યયોગ - યાને જ્ઞાન માર્ગનો મહિમા સમજાવે છે.

આ અગિયારમાં શ્લોકથી શ્રીકૃષ્ણના અમૃતોપદેશને આરંભ થાય છે ; ખરું જોતાં તો ભગવદ્ ગીતા જ અહીં શરૂ થાય છે. અહીં સુધી તો અજ્ઞાનતા અને મૂઢમતિમાંથી જન્મેલી અર્જુનની ભૂમણાની જ વાત છે, અને શ્રીકૃષ્ણ એની હતાશા તીવ્ર અને અંધકારરૂપ થતી માત્ર જોયા કરે છે. અંતમાં જ્યારે અર્જુને ધનુષ્યબાણ ફેંકી દઈ યુદ્ધમાં ઉતરવાની ના પાડી, જ્યારે તેની વિવેકબુદ્ધિનો સંપૂર્ણ હ્રાસ થઈ ગયાનો તેણે એકરાર કર્યો, જ્યારે તેણે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી કે હે પ્રભુ મને કહો, મને સમજાવો કે કયે માર્ગે આ પ્રશ્નોનો શ્રેષ્ઠ ઉકેલ લાવી શકાય એમ છે ત્યારે શ્રીકૃષ્ણ સામે આવ્યા અને અર્જુનને કહ્યું :

" અર્જુન ! મને નથી સમજાતું કે શરૂઆતથી અત્યાર સુધી તારું મન સ્પષ્ટ અને જ્ઞાનયુક્ત રહ્યું હોઈ એકાએક આ કાયરતાની દુ:ખકારક અસર નીચે તું શી રીતે આવી પડ્યો ? તારા જેવા વીરને આ શોભાસ્પદ નથી. અર્જુનનો અર્થ જ વિશુદ્ધ અને નિષ્કલંક ચારિત્ર્ય ! તો પછી આ શોક શા માટે ? યુદ્ધ આંગણા સુધી આવી પહોંચ્યું છે. લડાઈના વાદળો ઘેરાયાં છે અને ગડગડાટ કરી રહ્યાં છે. સામે મોરચે દુશ્મનો યુદ્ધમાં કૂદી પડવા જાણે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેઓએ તમારી ઉપર અન્યાય અને જુલ્મોનો વરસાદ વરસાવવામાં કંઈ બાકી રાખ્યું નથી અને હવે જે રાજ્ય પર તમારો હક છે તે ખૂંચવી લેવા તત્પર થયા છે. અત્યાર સુધી તમોએ સત્યથી સસ્હેજ પણ ચલિત થયા વિના જે કંઈ દુ:ખ અને યાતના આવી પડ્યાં તે શાંતિથી સહન કર્યા. જેટલાં વર્ષો તમારે વનવાસ ભોગવવાનું એઓએ માગ્યું તે બધું તમે પૂરું કર્યું અને એની બધી જ શરતોનું તમે નિષ્ઠાપૂર્વક પાલન કર્યું. સમાધાનના તમારા પ્રયત્નો નિષ્ફળ ગયા - અનિવાર્ય છે અને તું તે અટકાવી શકે એમ નથી. બની શકે એટલા પ્રમાણમાં આપણે એઓની સામે નમતું મૂક્યું - હવે તો દુષ્ટમતિ દુર્યોધનની પોતાની અધમતા અને અન્યાયીપણા પ્રત્યે તેની આંખ ખોલવાની, યુદ્ધ એક માત્ર રીત છે.

" પૂરો વિચાર કર્યા બાદ આ યુદ્ધ વિષે નિર્ણય કર્યો હતો એ તું જાણે છે. ક્રોધના આવેશમાં આવી જઈ લીધેલો આ ઉતાવળિયો નિર્ણય નથી. જવાબદાર વડીલોએ બધી દ્રષ્ટિએ એનો વિચાર કર્યો અને અંતમાં નિર્ણય લીધો કે યુદ્ધ અનિવાર્ય છે. તારા ભાઈઓએ અને તે પોતે પણ આ નિર્ણય સ્વીકારી તે વધાવી લીધા હતા. ખૂબ ઉત્સાહથી તે આ જંગ માટે તૈયારી કરી - ખરું કહું તો બીજા કોઈ કરતાં પણ તું એમાં વધારે તન્મય રહેતો હતો. હવે એથી વિમુખ થઈ બેસવું એ તારે માટે કેવું ભૂલભરેલું છે એનો ખ્યાલ કર.

" આ કંઈ તારી પર એકાએક આવી પડેલું યુદ્ધ નથી. એની તૈયારી તું ચીરકાળથી કરતો આવ્યો છે. ભગવાન શંકરનું પાશુપત અસ્ત્ર મેળવવા અરણ્યમાં ફળમૂળ ખાઈ, ભૂખતરસ વેઠી તે કેવો પુરુષાર્થ કર્યો હતો તે યાદ કર. આ યુદ્ધ માટે દિવ્ય અસ્ત્રો મેળવવા તે ઇન્દ્રલોક સુધી શું નહોતો ગયો ?

" મને થતું હતું કે દુષ્ટ કૌરવકુળના આ વંશજો જે શિક્ષાને લાયક છે તે – મતલબ કે તેઓને નિર્મળ કરવાની, સદાને માટે તેઓનું નિકંદન કાઢી નાખવાની શુભ ઘડી હવે આવી પહોંચી છે – પણ ત્યાં

તો તે આ રડારોળ શરૂ કરી દીધી. આવાં શુકન અપશુકન શા માટે ? કયા શાસ્ત્રમાં આવી દ્રષ્ટિ અપનાવવાનું લખ્યું છે ? એક ક્ષત્રિય તરીકે ન્યાય અને ધર્મની રક્ષા કરવાની તારી ફરજ નથી શું ? હિંમત, સાહસ અને દ્રઢતા એ તે તારી અણમોલ સંપત્તિ છે. અને અત્યારે તું આ વિચિત્ર પ્રકારની અનાસક્તિથી ઘેરાઈ ગયો છે કે જે શોકજનક હોઈ સાવ અસ્થાને છે.

" આ કાયરતા માત્ર તને જ નહિ પણ તારા પૂર્વજો માટે પણ શરમજનક છે. ધિક્કાર છે તને - સમગ્ર ક્ષત્રિય જાતિને તે કલંક લગાડયું છે. તારે માટે તમારા જેવા માટે તો યુદ્ધ એ જ રાજમાર્ગ છે - એ રાજમાર્ગ કે જે માર્ગે સ્વર્ગ આવે છે. હવે જો તું રણાંગણથી હઠી જાય તો અપકીર્તિ શી રીતે નિવારી શકીશ ? તારાં બાહુબળથી અને તેના પ્રાવિણ્યથી તે " વિજય " નું બિરૂદ મેળવ્યું છે. જીવનભરના સતત પ્રયત્નથી મેળવેલી કીર્તિને હવે ઝાંખી પડવા દઈશ નહિ. આ ભ્રામક નિર્માલ્યપણાનો ત્યાગ કર.

" જો સાંભળ - અમરાવતિમાં શું થયું હતું તે યાદ કર. એ સ્વર્ગ લોકની સુંદરી ઉર્વશીના તારી સમીપ આવવાના બધા પ્રયાસોનો તે અનાદર કર્યો હતો અને જ્યારે પુત્રપ્રાપ્તિ માટે તારી કૃપાની એણે માગણી કરી ત્યારે તે જવાબ આપ્યો હતો કે મને તું તારો જ પુત્ર માની લે. આ પ્રસંગમાં તારી અનન્ય વીરતાનું દર્શન હતું. એની આ બેહુદી સ્થિતિમાં એણે તને જે શાપ આપ્યો તે તારે માટે ઉપયોગી નીવડ્યો કારણ એને પરિણામે વિરાટ રાજાના દરબારમાં રાજકુંવરીઓને નૃત્યકલા શીખવનાર એક પ્રતિહારીના છૂપા વેશમાં તું પ્રવેશ કરી શક્યો ? કેમ ખરું કે નહિ ?

" તારું બધું પરાક્રમ કયાં ગયું, કહે મને. આવા મહારથીમાં આવી નિર્માલ્યતા ક્યાંથી આવી ગઈ ? તું મારે ત્યાં આવ્યો અને મારી ઊંઘમાં ખલેલ પહોંચાડી આ યુદ્ધમાં મદદ કરવાની તે મને વિનવણી કરી અને હવે તું જ એમાંથી ખસી જવા તૈયાર થયો છે ? શું આ રીતે હું તને મદદ કરી શકું ? યુદ્ધના મેદાનમાંથી તને ભાગી જતો જોવા માટે શું હું અહીં આવ્યો છું ? તારા આ ભ્રમને જળમૂળથી ઉખેડી નાંખ ; તારા ભયને બાળી તેને ભસ્મ કર અને ફરીથી એક વીર યોદ્ધા તરીકે આગળ આવ, " શ્રીકૃષ્ણ આમ અર્જુનને હિંમત અને પ્રેરણા આપી.

શ્રી કૃષ્ણ આના સંદર્ભમાં ચાર શબ્દનો ઉપયોગ કરે છે : **कश्मलम्** (અજ્ઞાનતા), **अनार्य अजुष्लम्** (દરેકમાં રહેલ પરમાત્મ અંશને હાનિ પહોંચાડનાર ચારિત્ર્ય) **अस्वर्ग्यम्** (માનવીમાં રહેલ દિવ્ય અંશનો નાશ કરનાર અવગુણ) અને **अकीर्तिकरम्** (શાશ્વત સુખવૈભવમાં ઓટ આણનાર અવગુણ).

કોઈ પણ ક્ષત્રિયનું લોહી ઉકળી ઊઠે એવા આ પ્રેરણાદાયી શબ્દોની અર્જુન ઉપર ગજબની અસર થઈ. અજ્ઞાનતાનું ઘનઘોર વાતાવરણ જેમાં અર્જુન અટવાઈ ગયો હતો તે ધીમે ધીમે ખસવા લાગ્યું. **तमस्** (અંધકાર) જેમાં એ સત્યને ભૂલી ગયો હતો તે દૂર થયો. રજોગુણનો ફરી સંચાર થયો અને અર્જુનને પ્રશ્ન કરવાનું સૂઝયું : **कथम् ?** (શી રીતે ?) આ શબ્દ પ્રયોગમાં ઘણું આવી જાય છે. એનો અર્થ એવો છે કે ગીતા શું ધર્મ છે અને શું કરવાનું છે એટલું જ નહિ પણ તે શી રીતે સિદ્ધ કરવાનું છે એની પણ સ્પષ્ટતા કરે છે.

અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે, હે મધુસૂદન, સાંભળો. યુદ્ધમોરચે જેઓ પ્રથમ હરોળમાં ઊભા છે. તે સૌ પૂજ્ય છે. અમારા પિતાશ્રીના સ્વર્ગવાસ પછી ભિષ્મપિતાએ અમારી સારસંભાળ કરી અને બાળપણથી અમને ઊછેરી મોટા કર્યા. આજે જે કક્ષાએ અમે પહોંચ્યા છીએ તે એમના પ્રતાપે. અમારે મન એઓ પિતાતુલ્ય છે અને અમારા કુળની એક મહાન વિભૂતિ છે. અને ગુરુ દ્રોણ વિષે તો હું કહું જ શું ? એમના પોતાના પુત્ર અશ્વત્થામા કરતાં પણ તેઓ મને વધારે ચાહતા – એમને બધો પ્રેમ એમણે મારી પર ન્યોછાવર કર્યો છે. એ મારા એવા ગુરુ છે કે જેમણે પ્રેમને વશ થઈ મને એમને પટ્ટશિષ્ય બનાવ્યો અને આજે હું જે બાણાવાળી છું તે એમણે ઉદારભાવે મને આપેલ જ્ઞાનનું પરિણામ છે. તમે શું એમ કહો [ કે એમણે આપેલ વિદ્યા અને કૌશલ્યનો હું એમને જ દૂર કરવા માટે ઉપયોગ કરું ? એક ભરતપુત્ર માટે આમ કરવું શું યોગ્ય છે ? યુદ્ધમાં આપણા દુશ્મનોનો આપણે સંહાર કરવાનો હોય, ખરું ને ? કે જેઓ પ્રત્યે આપણને પૂજ્યભાવ હોય એવા પિતા, પિતામહ અને ગુરુઓનો ?

“ તમે કહો છો યુધ્ધને માર્ગે સ્વર્ગ પ્રાપ્ત કરી શકાય. મને સમજાતું નથી કે પૂજ્ય ગુરુઓના સંહાર કરીને સ્વર્ગની પ્રાપ્તિ શી રીતે થઈ શકે ? આ પ્રકારની વિચારધારાનો જો પ્રચાર થાય તો કેટલા ગુરુઓ જીવતા રહી શકે ? તમે ગમે એ માનો, મને એક વાત કહી દેવા દો : આ રીતે સુખ વૈભવ અને સત્તા પ્રાપ્ત કરવા કરતાં ઘરે ઘરે ભીખ માંગી જીવન વિતાવવું બહેતર છે. આવા મહાપુરુષોનો સંહાર કરી મેળવેલાં ભોજનમાં એમનું લોહી ભળેલું હશે અને તે માટે, ભીખ માગી મેળવેલો ખોરાક હું વધારે પસંદ કરીશ. બીજું માનો કે હું આ બધી ગડમથલ છોડી યુદ્ધ ચડું તો મારો જ વિજય થવાનો છે એની શું ખાતરી ? વિજય આવી રહ્યો છે એમ સમજી હું વડીલોનો સંહાર કરવા કૃતનિશ્ચય શી રીતે બની શકું અને બે ય તરફથી લટકી ન જાઉં એનો શું ભરોસો ? ભાગ્યવસાતું એઓ જીતી જાય તો મારે તો ભીખ માગી જીવવું અનિવાર્ય જ બની જાય ; જો આપણે જીતી જઈએ તો તે હારવા બરાબર જ છે કારણ ભાઈભાઈઓ અને સગાંસંબંધીઓનો વિનાશ કરી મેળવેલી જીતમાં હિત કયાં રહ્યું ? હે શ્રીકૃષ્ણ, એને પરિણામે તો જીવનભરનું અનિવાર્ય દુઃખ જ આવી મળે. મને આ કોયડાનો ઉકેલ ક્યાંય દેખાતો નથી. મારી બુદ્ધિપ્રતિભા જાણે મને છોડી ચાલી ગઈ છે. મને સમજ પડતી નથી કેમ ? પણ મારા સ્વભાવમાં કાંઈ મૂળભુત પરિવર્તન આવી રહ્યું છે. મને સત્ય – અસત્ય અને ધર્મ – અધર્મનો ભેદ સમજાતો નથી.

" જ્યારે આપ એને ઢંઢોળો છો ત્યારે મારામાં રહેલું ક્ષત્રિય લેહી સામે થવા ઉછળી રહે છે અને મને યુદ્ધમાં આગળ વધવા જાણે ધક્કા મારે છે ; જ્યારે આ પૂજ્ય વડીલોના સંહારક ગણાવાનો ભય મને પાછો વાળે છે. હું અસહ્ય છું. આપ જેમ આ રથ હંકારી રહ્યા છો તેમ મને પણ દોરવણી આપો અને સાચો માર્ગ બતાવો. એટલું ધ્યાનમાં રાખજો કે મને ધૂળ વૈભવની સ્હેજ પણ પડી નથી, મને જોઈએ છે માત્ર આધ્યાત્મિક ઉન્નતિ. "

આ જ ક્ષણથી શ્રીકૃષ્ણ ગુરુ બન્યા અને અર્જુન તેમનો શિષ્ય.અર્જુને શિષ્ય બનવાની જિજ્ઞાશા દર્શાવી અને તે શિષ્ય બન્યો. અર્જુને વિદ્યાર્થી તરીકેનું આ વલણ અપનાવ્યું ત્યાં સુધી તે અહંકાર અને નિર્બળતામાં ખોવાઈ ગયો હતો. શૂર શૂન્યમાં પરિવર્તિત થઈ ગયો હતો. શ્રીકૃષ્ણના અને અર્જુનના

વલણમાં પૂરેપૂરો વિરોધાભાસ હતો.

જો તમે કાળજીપૂર્વક આ સ્થિતિનો અભ્યાસ કરો તો તમને સમજાશે કે આ બધાંનાં કારણરૂપ બીજું કંઈ નહિ પણ માત્ર અહમ્ ભાવ હતો. શ્રીકૃષ્ણની વિચારદ્રષ્ટિ પ્રેમયુક્ત છે જ્યારે અર્જુનના દ્રષ્ટિબિંદુમાં ભ્રમ પ્રધાન છે. આ જ કારણે તે યાતનાનો ભોગ બને છે. પછી તેને ભાન થાય છે કે અહમ્ ભાવ તો વધુને વધુ અજ્ઞાનતા અને મુંઝવણમાં પરિણમે છે. એણે પ્રભુને નિર્ણય કરવાનું સોંપી દીધું અને એમની શરણાગતિ સ્વીકારી પોતાની જાતને ઉગારી લીધી. અંતે તેણે કહ્યું કે હું તો પ્રભુના હાથનું માત્ર એક સાધન છું. પોતાની ભૂલ જાણી તે સમજી લેવી એ ઉત્તમ શિષ્યનું પ્રથમ સુલક્ષણ છે ; જ્ઞાનનો અહીં પ્રારંભ થાય છે. જેઓ મૂર્ખ છે એમને જ એવું લાગતું હોય છે. કે અમે બધું જાણીએ છીએ અને પરિણામે તેઓ અહંકારના રોગથી સતત પીડાતા રહે છે ; અજ્ઞાનતામાં સબડતા રહે છે.

---

# અધ્યાય ૩

વિદ્યાર્થી કે શિષ્ય તેની ક્ષતિઓ શોધી તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો એ પ્રાવીણ્ય સિદ્ધ કરી, તેઓ ઉપર વિજય મેળવવાના યત્ન કરતાં વધારે ઉપયોગી છે. જે શિષ્ય આ માર્ગ અપનાવે છે તે ઝડપી પ્રગતિ સાધી શકે છે ; ભય કે ચિંતાથી એ પાછો પડતો નથી ; સર્વ કાંઈ પ્રભુ ઉપર છોડી તેનામાં દ્રઢ શ્રદ્ધા રાખી તે આગેકૂચ કરી શકે છે. તે પ્રથમ તો માનસિક શાંતિ પ્રાપ્ત કરે છે જે સાચા જિજ્ઞાસુનું મહત્વનું લક્ષણ છે. અર્જુન જયારે એ કક્ષાએ પહોંચ્યો ત્યારે ભગવાને તેને અને તેના દ્વારા સમગ્ર માનવજાતને એવું ઉદબોધન કર્યું કે જે દ્વારા અમરત્વ અને શાશ્વત સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

ગીતા કોને સંભળાવવામાં આવી હતી ? એક ક્ષણ એનો વિચાર કરો. ગાયના આંચળમાંથી ગાય માટે દૂધ દોહવામાં આવતું નથી કારણ ગાય તેનું દુધ પીતી નથી ; અર્જુનરૂપી વાછરડાએ તે ધરાઈને પીધું ; શ્રીકૃષ્ણ તો સદા સંતુષ્ટ છે અને દૂધ તો શું, એમને તો કશાની પણ આવશ્યકતા નથી. આ ગીતા માટે ઉપનિષદોનું દોહન શ્રીકૃષ્ણ કોને માટે કર્યું હતું ? શ્રીકૃષ્ણ કહે છે ‘ સુધીજન ' માટે, કે જેઓમાં સાધુભાવ મિશ્રિત ઉન્નત બુદ્ધિ છે ; સદગુણભાવ વડે સંયમ - શોભિત પ્રતિભા છે.

અને જ્યાં આવું અપૂર્વ ઉદબોધન કરવામાં આવ્યું તે સ્થાન કેવું ? એકમેકની સામે ખડકાયેલાં બે લશ્કરોની વચ્ચે ! શ્રી ગીતાનું માહાત્મ્ય, તેનો મર્મ આ હકીકતમાં રહેલો છે. એક તરફ ધર્મની શક્તિ તો બીજી તરફ અધર્મની ; એક તરફ ભલાઈ તો બીજી તરફ બુરાઈ ; આમ બન્ને તરફના ગજગ્રાહ વચ્ચે સપડાયેલ વ્યક્તિ, કયો માર્ગ ગ્રહણ કરવો એનો નિર્ણય કરવા અશક્તિમાન હોઈ આશા ખોઈ બેસે છે. ભગવાન શ્રીકૃષ્ણ આ સૌને ગીતાનો બોધ આપે છે અને તેઓમાં પ્રકાશ અને શક્તિનો સંચાર કરે છે. એમ ન માનશો કે અર્જુનની પીડા માત્ર તેની એકલાની હતી કે તેનો એકલાનો પ્રશ્ન હતો. આ પ્રશ્ન તો છે વિશ્વવ્યાપ્ત માનવજાતનો.

અર્જુને શ્રીકૃષ્ણ પાસે જે કંઈ પ્રેય છે - પાર્થીવ જગતની સિદ્ધિ - સમૃદ્ધિ જેવી કે સત્તા સ્થાન અને સંપત્તિ નહિ પણ શ્રેય – એટલે કે જે પરમાનંદરૂપ અને ચિરંજીવ છે એવા જીવન સાફલ્યની માગણી કરી હતી. તેણે કહ્યું, “ માનવયત્ન વડે પ્રેય પ્રાપ્ત કરી શકાય છે ; કર્મને પરિણામે પ્રેય મળી શકે છે. હું મારા પ્રયત્નથી જે મેળવી શકું એ માટે મારે આપને શા માટે પ્રાર્થના કરવી ? હું એવો મૂર્ખ નથી. જે શ્રેય છે અને મારા પોતાના યત્નથી પર છે તે મને મેળવી આપે. શ્રેય એ કર્મનું નહિ પણ ભગવપાનું ફળ છે. " આમ અર્જુને ભગવાનની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી સંપૂર્ણ સ્વાર્પણ જે કક્ષાને આપણે ‘ પ્રાપ્તિ ' તરીકે ઓળખાવી શકીએ.

શરણાગતિ વિષે ઘણું ઘણું કહી શકાય. જીવનમાં માનવી વિવિધ હેતુઓ માટે બીજા આગળ પોતાના સ્વમાન, સ્થાન થોડેઘણે અંશે અર્પણ કરી દે છે - વૈભવ, નામના, માલમિલ્કત, મોભો, સત્તા વગેરે. પણ માત્ર પ્રભુકૃપા અર્થે પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કરી દેવાની તક એને ભાગ્યે જ મળે છે. આધારને બદલે આધેય માટે એ હમેશાં વલખાં માર્યા કરે તો એ સ્વાર્પણની પ્રેરણા જ એને ક્યાંથી થાય !

એ કોઈ વસ્તુ માટે, મૂલ્યવાન વસ્તુ માટે ઝંખે છે પણ એ ચીજનો જે આધાર છે તેની એ ખેવના કરતો નથી. આધારહીન ચીજવસ્તુ ક્યાં સુધી સંતોષ આપી શકે ? તને કૃપા જોઈએ છે પણ તેનો દાતા નથી જોઈતો - સર્જન જોઈએ છે, સર્જક નહિ - તેના હાથનું કંઈક જોઈએ છે પણ હાથ નહિ ! જેનું અસ્તિત્વ જ નથી એવા કોઈ પદાર્થની પ્રાપ્તિ માટે એ મૂઠી વાળી ભાગતો ફરે છે. પૂર્વ નિર્ધારિત કારણ વિના તેનું કોઈ પરિણામ સંભવિત હોઈ શકે ખરું ? નહિ, અને જો હોય તો તે અન્ય કોઈ નહિ પણ સ્વયંભુ પરમાત્મા ! માટે કર્મના ફળસ્વરૂપ નાશવંત સિદ્ધિ કે સમૃદ્ધિ માટે વ્યક્તિત્વનો, સ્વત્વનો ભોગ આપવો એ નરી અજ્ઞાનતા છે. સ્થળ માટે નહિ પણ એના રૂપ અને લક્ષણમાં છુપાયેલી સૂક્ષ્મ શક્તિ માટે એ થાય એ જ ઉત્તમ છે. સર્વેશ્વર - સર્વના ઉદભવ અને સર્જનના મૂળ આધારનું શરણ લો. એ સાચી શરણાગતિ છે.

શરણાગતિ ત્રણ પ્રકારની છે : **तवैवाहम्** (હું તારો જ છું) **ममैवस्वम्** (તું મારો જ છે) અને **त्वमेवाहम्** (તું એ હું જ છું) ત્રીજામાં કહ્યું છે તું અને એક જ છીએ – એકરૂપ છીએ. બીજો ભાવ પહેલાથી ચડિયાતો છે અને ત્રીજી અને છેલ્લી કક્ષા સર્વથી ચડિયાતી છે - ઉત્તમ છે.

પહેલી કક્ષાએ **तम एव अहम्** - પ્રમુક્ત છે જ્યારે ભક્ત વચનબદ્ધ છે. બિલાડી અને તેના બચ્ચાં જેવો આ સંબંધ છે. બિલાડી તેના બચ્ચાંને ઇરછાનુસાર આમથી તેમ ફેરવ્યા કરે છે : ગલગલિયાં સ્ટેજ મ્યાંઉ કરે છે અને જે બને છે તેનો અબુધભાવે સ્વીકાર કરે છે. આ દ્રષ્ટિકોણ ખૂબ સરળ અને કષ્ટહીન છે અને દરેક તે સહેલાઈથી અપનાવી શકે છે. બીજામાં **मम एव त्वम्** ભક્ત પ્રભુને અમુક અંશે બંધનમાં નાખે છે અને એટલે અંશે પ્રભુનું પરતંત્ર થાય છે. ભક્ત સુરદાસ આ સ્થિતિનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. સૂરદાસ જાણે પ્રભુ સાથે હોડમાં ઉતરતાં કહે છે. " હે કૃષ્ણ ! તું મારા હાથમાંથી, મારી પકડમાંથી કદાચ છટકી જાય પણ મેં તને જ્યાં બાંધી રાખ્યો છે, તે મારા હૃદયમાંથી તો હું તને નહિ જ છટકવા દઉં. ભગવાન આ સાંભળી જાણે હસે છે અને સંમત થાય છે અને સ્ટેજ પણ માનભંગ થયા વગર પ્રભુ ભાર પૂર્વક કહે છે, " હું મારા ભક્તોને આધીન છું. " ભક્ત તેના પ્રેમ વડે અને તેના અહંકારને હરાવતી નિષ્ઠાયુક્ત ભક્તિ વડે પ્રભુને બંધનમાં નાંખી શકે છે. જયારે માનવીનું હૃદય આ પ્રકારની ભક્તિથી ઉભરાય ત્યારે સ્વયં પ્રભુ એની પ્રત્યેક જરૂરિયાત પૂરી પાડે છે એની કૃપા એની બધી જ ઈચ્છા અને આકાંક્ષા ફળિભૂત બનાવે છે. પ્રભુએ ગીતામાં જે વચન આપ્યું છે તેનું અહીં જરા સ્મરણ કરો : **"योगक्षेम वहाम्यहम्"** હું એના (ભક્તના) સુખ અને હિતની જવાબદારી ઉપાડી લઉં છું. "

હવે ત્રીજી કક્ષા વિષે : **स्वमेवाहम् इति त्रिध:** - આ છે અવિભક્ત ભક્તિ. ભક્ત પ્રભુને સર્વાર્પણ જ નહિ પણ સ્વાર્પણ સુદ્ધાં કરી દે છે. કારણ એને થાય છે કે હું મારી જાતને એમ કરતાં રોકી શકું એમ નથી. આ ભાવ એની શરણાગતિ સંપૂર્ણ બનાવે છે.

**त्वमेवाहम्** નો ભાવ અદ્વૈતિક શરણાગતિ દર્શાવે છે, અને એના પાયામાં આ સર્વ - **इदम् सर्वम्** - વાસુદેવરૂપ જ છે અને બીજું કશું જ નથી. દેહનું ભાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી ભક્ત સેવક અને પ્રભુ સ્વામીને સ્થાને હોય છે. કોઈ વ્યક્તિને એમ થાય કે તે બીજાઓથી ભિન્ન છે તો એ સ્થિતિમાં ભક્ત

એક અંશ છે અને પ્રભુ પૂર્ણ સ્વરૂપ છે. જ્યારે તે પ્રગતિ કરતાં કરતાં એવી કક્ષાએ પહોંચે છે જેમાં તે દેહના બંધનથી મુક્ત છે એવો ભાવ જાગે અને હું અને મારું એવું મમત્વ ન રહે ત્યારે કોઈ ભેદ - કોઈ પણ અવરોધ બાકી રહેતો નથી અને ભક્ત અને ભગવાન એકરૂપ બની જાય છે. શ્રી રામાયણમાં હનુમાને પ્રભુભક્તિ દ્વારા આ ત્રીજી અને શ્રેષ્ઠ કક્ષા સિદ્ધ કરી હતી.

ગીતાના બીજા અધ્યાયમાં સાતમા શ્લોકમાં આ વિષે ઉલ્લેખ છે. તેમાં વપરાયેલ *y* પુન શબ્દ સૂચવે છે કે અર્જુન ભક્તિના નીતિનિયમો અને આચારવિચારનું પૂરું જ્ઞાન ધરાવે છે. બીજું વધારે મહત્વની વાત તો એ છે કે અર્જુન, પોતામાં રહેલી ક્ષતિ અને ઉણપોનું બરાબર પૃથક્કરણ કરી, પારખી, તે પ્રત્યે સજાગ બન્યો હતો. **તમસ્** અંધકારરૂપ અજ્ઞાનતાની ઉંઘમાંથી એ જાગી ગયો હતો. જે ક્ષણે આ બન્યું ત્યાં જ શ્રીકૃષ્ણ એ જોઈ લીધું. તેમણે કહ્યું : " તને ગુડાકેશ તરીકે ઓળખાવું છું કારણ તે નિંદ્રા ઉપર પ્રભુત્વ મેળવ્યું છે ; ઊંઘ એ તમન્ નું મુખ્ય લક્ષણ છે. તો હવે આ તમન્ - અજ્ઞાનતાનો અંધકાર - તને ઘેરી લે એ બને જ શી રીતે ? એ તો માત્ર ક્ષણિક આવેગરૂપ છે. તને એ કદી ઝકડી રાખી શકે નહિ.

અર્જુને સ્વપ્રયત્ન વડે તેની વૃતિઓ પર વર્ચસ્વ સ્થાપ્યું અને ગુડા ગણાયો તો સાથે શ્રીકૃષ્ણ સર્વ ઈન્દ્રિયો - વૃત્તિઓના આરાધ્યદેવ હૃષિકેશને સ્થાને છે. કુરુક્ષેત્રના રણાંગણમાં બન્ને એક જ રથમાં સવાર છે ; એક શિષ્ય અને બીજા ગુરુ !

દુઃખનું મૂળ ખરેખર ક્યાં છે ? શરીર પ્રત્યેની આસક્તિમાંથી દુઃખ અને દુઃખને અનુસરતાં પરિણામો જન્મે છે - જેમાં મુખ્ય છે : પ્રેમ યા સ્નેહ અને ધિક્કાર. આ બન્ને ભાવો માનવીની મનબુદ્ધિ અમુક વસ્તુ અને સ્થિતિને હિતકારક ગણે છે અને બીજી અમુક વાતોને હિતકારક નથી સમજતી - એવા જ્ઞાનભેદમાંથી ઉત્પન્ન થાય છે. આ મનનો માત્ર ભ્રમ છે : હિતકર અને અહિતકર, આમ છતાં હકીકતમાં માનવી જેમાં એ લાભ સમજે છે એવી ચીજવસ્તુઓમાં આસક્ત રહે છે અને એ સિવાયનું જે કંઈ છે એને ધિક્કારતો થઈ જાય છે. પણ આદર્શ અને વિશાળ દૃષ્ટિએ જોતાં સમજાશે કે આ બન્નેમાં એકે સાચું નથી ; અને જે દ્રષ્ટિભેદ ઉત્પન્ન થાય છે તે અર્થહીન છે. એક અને બે જેવું કશું છે જ નહિ, તો પછી સારું અને નરસું હોય ક્યાંથી ? જ્યાં એક છે ત્યાં બે દેખાય તેનું નામ ' માયા ' અથવા અજ્ઞાનતા. જે અજ્ઞાનતાએ અર્જુનને દુઃખના દરિયામાં ફેંકી દીધો હતો તે આ પ્રકારની હતી- એકમાં અનેક જોવાની.

તત્વને ઓળખવાના જ્ઞાનનો અભાવ, સર્વ પ્રકારની અજ્ઞાનતા માટે કારણભૂત છે. (સિદ્ધાંત કે આદર્શનો ભાવ આ મહાન તાત્વિક વિચાર- ધારામાં સમાવિષ્ટ છે). આ સત્ય જો ન સમજાય તો માનવીને દુઃખના દરિયામાં પટકાયા વિના બીજો કોઈ આરો નથી. પણ એ જો સમજાય અને માનવી તે પ્રત્યે જાગૃત રહી તેનું જીવન વિતાવે તો તે અવશ્ય દુઃખ કે યાતનાથી મુક્ત રહી શકે. અનેક પ્રકારના પાખંડીઓએ તરેહ તરેહની આચારસંહિતાને અનુમોદન આપી પોપટિયા જ્ઞાનની જેમ તેનું પારાયણ કરાવી તેનો પ્રચાર કર્યો પણ તે ખરી હકીકતના મૂળ સુધી પહોંચતી નથી ; પેટનો દુઃખાવો દૂર કરવા આંખ ઉપર લગાડવાના બામ જેવું એ કામ છે. રોગ અને ઔષધને કશું લેપન જ જાણે નથી. દુ ખાવો

ક્યાં છે તે શોધી તે શાને લીધે છે, કયા રોગનું એ પૂર્વલક્ષણ છે એનું બરાબર નિદાન કરી તેને મટાડવા યોગ્ય ઔષધ આપવાનું હોય છે. આમ થાય તો જ રોગનું નિવારણ થઈ શકે. નારાયણ માત્ર એક એવા તજજ્ઞ વૈદ્ય છે કે જે આ કરી શકે છે. અર્જુનના વ્યાધીનું એમણે સાચું નિદાન કર્યું અને તેને શા ઉપચારની જરૂર છે તે મનમાં નક્કી કરી લીધું.

જે જખ્મ, ઉપરની દવા લગાડયાથી રુઝાડી શકાતો નથી તેને અંદરના ઉપચારથી મટાડવાનો હોય છે. એથી શ્રીકૃષ્ણ અર્જુનને પ્રશ્ન પર પ્રશ્ન પૂછવા માંડ્યા. એક કાયરની જેમ તું રુએ છે શા માટે ? ભિષ્મ, દ્રોણ અને બીજાનો હવે વધ થવાનો એ વિચારે તું રડે છે ? ના, તું રુએ છે કારણ તને લાગે છે કે તેઓ તારા છે - તારા સંબંધીઓ છે. અહમ્ ભાવ- મમત્વ તને રડાવી રહ્યું છે. લોકો, જેઓ મૃત્યુ પામે છે એઓ માટે રડતા નથી પણ તેઓ રડે છે કારણ કે મૃત્યુ પામનારા તેઓના હતા અને તે ન રહ્યા. અત્યારસુધીમાં તે જેઓ તારા ન કહી શકાય એવાઓને નથી માર્યા ? તેઓ માટે તો તે કદી આંસુનું એક ટીપું એ પાડ્યું નથી ! આજે તું રડે છે કારણ તારા મનમાં એવો ભ્રમ પેદા થયો છે કે તારી સન્મુખ આવી ઊભેલાઓ કોઈ ને કોઈ રીતે તારા ખાસ સંબંધીઓ છે. જ્યારે તું નિદ્રાવશ હોય છે ત્યારે તને હું અને “ મારું ” એવી ભાવ લાગણી થતી નથી ; એ જ રીતે નિદ્રાવસ્થામાં તારા દેહનું અને જેઓને તું તારા માને છે તેઓનું, તારી માલમત્તાનું શું થાય છે તે પ્રત્યે તું સાવ અજ્ઞાત રહે છે. તું જાગે છે ત્યારે તારી બધી ચીજ વસ્તુઓ વિષે તું સચેત બની જાય છે હું માંથી ' મારું ' હોવાનો ભાવ પેદા થાય છે અને તે ' હું ' ની સાથે સાથે જ તેની આંગળી પકડી ચાલ્યો આવે છે. હું મારા પ્રિય મૂર્ખ ! જે તારું નથી, જેમકે શરીર - તેને અને તારાં સ્વત્વને સરખા ગણવાં - એક ગણવાં એ મૂળભૂત અજ્ઞાનતા છે. દેહ એ તો **अनात्म** છે, જ્યારે તું માને છે કે એ જ આત્મા છે, જ્ઞાનનું આ કેવું વ્યતિક્રમણ ! આ અજ્ઞાનના ઉપચાર માટે મારે તને જ્ઞાનરૂપ ઔષધ જ આપવું પડશે.

આમ, પ્રથમથી જ શ્રીકૃષ્ણ અર્જુનને જ્ઞાનરૂપ તીવ્ર અસરકારક ઔષધ આપવા માંડ્યું. બીજા અધ્યાયના અગિયારમાં શ્લોકથી એની શરૂઆત થાય છે. ગીતાના સર્વ અભ્યાસીઓ માટે આ શ્લોક અત્યંત મહત્વનો - એક ચાવી રૂપ છે. અર્જુનને લાંબા વખતથી સતાવી રહેલા બે પ્રત્યાઘાતી ભાવોનું શ્રીકૃષ્ણ એકદમ ખંડન કરે છે અને કહે છે કે દેહના નાશમાં આત્માનો નાશ નથી અને જેઓ માટે દુઃખી થવાની જરૂર નથી એવાઓ માટે તું ખોટો દુઃખી થાય છે. **प्रज्ञावादांश्चभाषसे** : તું જાણે કોઈ મહાજ્ઞાનીની જેમ વાત કરી રહ્યો છે. તે કહે છે આ ધર્મ છે અને આ અધર્મ - જાણે કે તને એ બે વચ્ચે રહેલા ભેદનું જ્ઞાન હોય છે ! " શ્રીકૃષ્ણ અર્જુનને ચીમકી આપી.

અહીં એક હકીકત પ્રત્યે ધ્યાન આપવાની જરૂર છે. અર્જુન બે પ્રકારની ભ્રમણાથી પીડાઈ રહ્યો છે. એક સાહજિક કે સામાન્ય અને બીજી, અસામાન્ય કે માર્મિક. સામાન્ય ભ્રમણા એ છે કે શરીર સાથે આત્માનું તાદાત્મ સમજવું અને શરીરને કંઈ થાય ત્યારે જો તમને જ પોતાને કંઈ થયું હોય એમ માની શોક કરવો. પોતાના ધર્મ પ્રત્યે દુર્લક્ષ કરવું (અહીં ક્ષત્રિય ધર્મ) એટલું જ નહિ પણ તેને અધર્મ લખવો એ અસામાન્ય ભ્રમણા છે, શ્રીકૃષ્ણ પહેલા ભમને તે નિર્મૂળ જ કરે છે અને બીજાને દૂર કરે છે. બીજા

અધ્યાયના બારથી ત્રીસમા લોક સુધીમાં પહેલા, સાહજિક ભ્રમ વિષે ચર્ચા કરી છે. બીજા પ્રકારની ભ્રમણાને શ્રીકૃષ્ણ મહત્વનો પ્રશ્ન લખી આઠ શ્લોકોમાં અર્જુનને સ્વધર્મ અને અર્જુનનો અર્જુન પ્રત્યેનો ધર્મ સમજાવે છે. આને એકસાથે **धर्माष्टक** : તરીકે ઓળખાવવામાં આવ્યા છે. સ્વધર્મ બંધનરૂપ નથી અને એટલે પુનર્જન્મ સાથે એને સંબંધ નથી ; જો ફળપ્રાપ્તિની ઈચ્છા વિના કર્મ યોગ માની એનું આચરણ કરવામાં આવે તો એથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. આમ સ્વધર્મ એ મોક્ષ કે મુક્તિમાર્ગ છે. બીજા અધ્યાયના અંતભાગમાં સિદ્ધ ભક્તનું વર્ણન છે કે જેનું મન અને વ્યક્તિત્વ વિશુદ્ધ જ્ઞાન વડે સ્થિર બન્યું છે અને તેને સ્થિતપ્રજ્ઞ કહ્યો છે.

શ્રીકૃષ્ણ એમનો વાર્તાલાપ ચાલુ જ રાખે છે : " અર્જુન ! તું કોણ છું અને શું કરવાનો તારો હેતુ છે તેનો વિચાર કર. તું જોરશોરથી કહે છે કે હું બધું જાણું છું અને છતાં એક અસહાય અબળાની જેમ તું રુદન કરે છે. તારા શબ્દો જાણે સૂચવે છે કે તું કોઈ મહા પંડિત છે, પણ તારું કર્મ દર્શાવે છે કે તું સાવ સામાન્ય કોટીનો અબુધ માનવી છે. તારાં વચન સાંભળી કોઈ એવું અનુમાન કરશે તું એક જ્ઞાની પુરુષ છે પણ તને જોતાં કોઈને પણ તું અજ્ઞાની છે એવું ચોક્કસ લાગશે. વધુ તો શું કહ્યું, તારી દશા મનમાં અપ્રિયતા અને કંટાળો ઉપજાવનારી છે. જો હું તને પંડિત ગણું તે એ દ્રષ્ટિબિંદુનો તારાં આંસુઓ સાથે સુમેળ ન થાય કારણ જે પંડિત છે તે જીવન અને શોક કરતા નથી. શાશ્વત સત્ય શું છે એ શોધી કાઢવાની શક્તિ પંડિતો ધરાવે છે. જેઓ દેહની કરામત વિષે અને આધ્યાત્મિક રહસ્ય વિષે જ્ઞાન ધરાવે છે એઓને જ પંડિત ગણાવી શકાય. તો તેઓ દેહરૂપ કે વિદેહરૂપના વિચારે રડે શાના ? ગમે એવાં દબાણ કે ઉદ્વેગને વશ થઈ તેઓ પોતાના મનની શાંતિ કદી ગુમાવતા નથી.

પૂર્ણ જ્ઞાની અને પૂર્ણ અજ્ઞાની બંને જીવન અને મરણનો શોક કરતા નથી - જીવંત અને મૃતાત્માના વિચારે દુઃખ અનુભવતા નથી. ભિષ્મ અને દ્રોણનો દેહવિલય થશે એ માટે તું રડે છે કે તેઓના આત્મા હણાશે એ માટે ? માન કે તેઓના દેહ માટે તો એમાં આંસુ સારવાનો કંઈ અર્થ છે ? એવું હોત તો લોકોએ પોતાના મૃત પ્રિયજનોના મુડદાં સાચવી રાખ્યાં હોત અને રુદન કરી કરીને તેને જીવંત કર્યા હોત. પણ નહિ, એવું કદી બન્યું નથી અને બનવાનું નથી. જડ દેહને અમૃતના કુંડમાં બોળી કેમ ન રાખો - એ કદી સજીવન થશે નહિ. તો જે અનિવાર્ય છે, અનિરુદ્ધ છે એ ઉપર રડવું શા માટે ?

" તું કહીશ કે તું આત્માને ખાતર - એ દિવ્ય અંશને ખાતર રડે છે, એમાં તો મોટી મૂર્ખાઈનું પ્રદર્શન છે. મૃત્યુ તો આત્માની નજીક પણ કદી જઈ શકતું નથી. આત્મા તો શાશ્વત - સ્વદર્શી અને પવિત્ર છે. તને આત્મજ્ઞાન થયું જ નથી એ હું સ્પષ્ટ જોઈ શકું છું. "

" બીજું ક્ષત્રિય માટે યુદ્ધ એ સ્વધર્મ છે. બીજા બધા વિચારો છોડી તારી ફરજ યથાર્થ બજાવ. તું પૂછે છે, " હું યુદ્ધમાં ભિષ્મ પિતાનો વધ શી રીતે કરી શકું ? " પણ તેઓ બધા મરવા અને મારવા જ આવ્યા છે એટલું તું નથી સમજતો ? તું તેઓના ઘરમાં જઈ તેમનો સંહાર કરવાનો નથી ને ? એ ખરું છે કે તેઓના ઘરમાં તેઓનો વધ કરવો એ અધર્મ છે, પણ રણાંગણમાં એ ધર્મ વિરુધ્ધ શી રીતે ગણાવી શકાય ? તારામાં આટલી વિવેકબુદ્ધિ નથી એ જાણીને મને દુઃખ થાય છે.

" હવે બહુ થયું. ઊભો થા અને યુધ્ધ માટે તૈયાર થઈ જા. આવા નિરુપયોગી અહમ્ ભાવના ભારથી દબાઈ જઈ જમીન પર સરી જઈ શું બેસી રહેવું ? પરમાત્મા આ સૌ માટે કારણભૂત છે, તું નહિ. સર્વ સંચાલન કરનાર કોઈ પરમ શક્તિ છે એ ભૂલી ન જા. આ સમજી લે અને તે અનુસાર નિશ્ચય કરી લે.

" ભિષ્મ, દ્રોણ અને બીજા બધા સાચા યોધ્ધા અને ક્ષત્રિય તરીકે જંગમાં ઝંપલાવવા આવ્યા છે. તારી જેમ તેઓ રડમસ બની ઊભા નથી, એનો વિચાર કરી તેઓ કદી શોક કરવાના નથી કે યુધ્ધમાંથી હઠી જવાના નથી. યાદ રાખ અર્જુન ! તારે માટે આ મોટી કસોટીની ઘડી છે. મને એ પણ કહેવા દે કે કોઈ એવો કાળ નથી જ્યારે હું ન હોઉં. કેમ ? એવો પણ કાળ આવ્યો નથી કે જ્યારે તું અને આ રાજવીઓ અને રાજકુંવરો ન હોય. **तत्** એ પરમાત્મા છે. **त्वम्** જીવાત્મા, બન્ને એક જ હતાં, એક જ છે અને સદાકાળ માટે એક જ રહેશે. ઘટ પહેલાં, ઘટમાં અને ઘટ પછી, માટી હતી, છે અને રહેશે જ.

આ બધું સાંભળી અર્જુન એકદમ ભાનમાં આવી જાગૃત બની ગયો. તેણે કહ્યું, " તમે પોતે જ ઈશ્વર હો પણ ખરા ; તમે અવિનાશી પણ હશો, હું આપને માટે રોતો નથી પણ અમારા જેવા - ગઈ કાલે આવનાર - આજે રહેનાર - અને આવતી કાલે વિદાય લેનાર - માટે શોક કરું છું. અમારું- અમારા જેવાનું શું થાય છે તે કૃપા કરી મને સમજાવો.

અહીં એક વાત ધ્યાનપૂર્વક સમજવાની છે. " **तत्** - તે એટલે કે પ્રભુ નિત્ય છે શાશ્વત છે, અને દરેકને એ વાત માન્ય છે. પણ **त्वम्** (વ્યક્તિ) પણ પરમાત્મઅંશ જ છે. **असि** ! તે પણ શાશ્વત અને ચિરંજીવ છે જોકે તેને સરળતાથી કે ઝડપથી પકડી લેવાતો નથી. આથી શ્રીકૃષ્ણ આ ઉપર વિવેચન કરે છે અને કહે છે, " અર્જુન, તું પણ અવિનાશી અને અદ્વૈતના અંશરૂપ જ છું. મર્યાદા અને બીજાં બંધનોનો વિચાર બાજુએ રાખી જોશો તો વ્યક્તિ વિશ્વરૂપ જ છે એમ સ્પષ્ટ જણાશે. અલંકાર પહેલાં માત્ર સુવર્ણ હતું, અલંકાર રહે ત્યાં સુધી સાથે સુવર્ણ પણ રહે જ છે ; અને અલંકારનાં નામરૂપનો નાશ થાય ત્યારે પણ સુવર્ણ તો છે એ છે જ. એ જ રીતે શરીર હો કે ન હો, આત્માનું અસ્તિત્વ તો રહે અને રહે જ છે.

દેહ સાથે સંકલિત હોવા છતાં દેહના ગુણધર્મોથી આત્મા પર છે ; એટલે કે આત્માને કોઈ ગુણ કે લક્ષણ હોતાં નથી. તમે બાલ્યાવસ્થાથી કિશોરાવસ્થાએ, કિશોરાવસ્થાથી યુવાવસ્થાએ અને યુવાવસ્થા પછી પ્રૌઢાવસ્થા અને પછી વૃદ્ધાવસ્થાએ પહોંચો છો ત્યારે શરીરમાં જે પરિવર્તન આવે છે એની અસરથી તમે મુક્ત રહો છો અને એ પ્રત્યે તમે સભાન હોતા નથી. આ બધાં પરિવર્તન છતાં તમે તમારું અસ્તિત્વ- વ્યક્તિત્વ ટકાવી -જાળવી રાખો છો. દેહનો જ્યારે વિલય થાય છે ત્યારે પણ આવું જ બને છે - દેહનું રૂપાંતર થઈ ગયું અને આત્મા અમર રહ્યો. " માટે જે વીર છે તે મૃત્યુના નામે ઓળખાતાં પરિવર્તનનો શોક કરતો નથી. " શ્રીકૃષ્ણ એવા ભારપૂર્વક આ વચન કહ્યાં કે આખો રથ હાલી ઉઠ્યો.

# અધ્યાય ૪

અર્જુન હજુ પણ શંકાશીલ હતો. તેણે કહ્યું, " પ્રભુ તમે કહો છો કે દૈહિક પરિવર્તન જાગૃતાવસ્થા, સ્વપ્નાવસ્થા અને સુપ્તાવસ્થા જેવાં જ છે. પણ ગાઢ ઊંઘમાંથી આપણે જાણીએ છીએ ત્યારે આપણા પૂર્વાનુભવો આપણે યાદ કરી શકીએ છીએ, જ્યારે પૂર્વજન્મના અનુભવો જેને આપણે મૃત્યુ કહીએ છીએ તેના પછી સ્મરણપટ પરથી ભૂસાઈ જાય છે. " શ્રીકૃષ્ણ જવાબ આપ્યો કે બધા જ અનુભવો યાદ કરવાનું અશક્ય છે, કેટલાક જો કે આપણે યાદ કરી શકીએ છીએ, કારણ વાહન બદલાય છે છતાં આત્મા તો અવિચળ જ રહે છે.

પછી અર્જુને બીજો પ્રશ્ન કર્યો જેનો વિચાર અર્જુન ઉપરાંત બીજા પણ અનેકોને સતાવે છે. એટલે જ શ્રીકૃષ્ણ કહે છે : **धीरस्तत्र न मृडयाति** - જે ધીર કે ધૈર્યવાન છે તે આથી ભ્રમિત થતો નથી. શ્રીકૃષ્ણ એમ નથી કહેતા કે અર્જુન તારે આથી ભરમાવું ન જોઈએ. તે એટલા માટે કે તેઓ અસ્થિર મનના બધા જ લોકોને ઉદ્દેશી આ ઉપદેશ કરી રહ્યા છે. શંકા જ્યાં ઊભી થાય છે ત્યાં જ શ્રીકૃષ્ણ તેનું નિવારણ કરે છે, તેમણે કહ્યું, " અર્જુન, સાંભળ, ત્રણ તબક્કામાંથી પસાર થતાં કોઈ ન કોઈ રીતે બુદ્ધિ કેટલીક વાતો પકડી રાખે છે – સંગ્રહી મૂકે છે. પણ શરીર જ્યારે મૃત્યુ શરણ થાય છે ત્યારે તેનો પણ નાશ થાય છે. એક પળ માત્રમાં બધું ભુલાઈ જાય છે. સ્મૃતિ એ બુદ્ધિનું કર્તવ્ય છે, આત્માનું નહિ."

" હવે જો : દશ વર્ષ પહેલાં અમુક એક દિવસે તું ક્યાં ચોક્કસ સ્થાને હતો તે અત્યારે તું કહી શકે ખરો ? પણ દશ વર્ષ પહેલાં એ દિવસે તારું અસ્તિત્વ તો હતું જ અને એનો તો તું કોઈ પણ હિસાબે ઈનકાર ન જ કરી શકે, એવું જ આ પહેલાના તારા પૂર્વજન્મનું છે, કે જેનાં સ્થાન અને સ્વરૂપનું તને સ્મરણ નથી. જે જ્ઞાની છે તે આવી શંકાકુશંકાઓથી ભરમાતો નથી કે લાગણીના આવેશમાં ખેંચાઈ જતો નથી.

" આત્મા મરતો નથી ; દેહ રહેતો નથી. તું એમ માને છે કે તેઓના મૃત્યુની શક્યતાના વિચારે તને થતું દુઃખ તારા દુશ્મનોના આત્માને આનંદિત કરી મૂકશે ? આ વિચાર એક પ્રકારનું ગાંડપણ છે. ગમે એ થાય યા ન થાય, આત્મા નથી તો શોક અનુભવતો કે નથી આનંદ. વૃત્તિઓ સૌ સૌને સ્થાને બરાબર છે, એઓ તરફથી ડરનું કોઈ કારણ નથી. જ્યારે એ વૃત્તિઓ બાહ્ય પદાર્થો સાથે સંલગ્ન થાય છે ત્યારે તેમાંથી બે વિરૂદ્ધ પ્રકારની લાગણીઓ જન્મે છે અને શોક અને આનંદ પેદા થાય છે. જ્યારે તમે કોકને તમારી બદનામી કરતો સાંભળો છો ત્યારે તેના પ્રત્યે તમને ક્રોધ થાય છે અને એ વાતનું તમને દુઃખ પણ થાય છે, પણ એ શબ્દો જો તમારે કાને ન પડે તો તમને કોઈ પ્રકારનો ઉશ્કેરાટ થતો નથી. વૃત્તિનું બાહ્ય પદાર્થ પ્રતિ આકર્ષણ એ આનંદ અને તેના જોડિયા ભાઈ જેવા શોકનું કારણ છે. "

" આ ઠંડી અને ગરમી જેવું છે, જ્યારે કડકડતો શિયાળો હોય છે ત્યારે તમને ગરમીની ઈચ્છા થાય છે અને ઉનાળાની ગરમીમાં તમે ઠંડકની ઈચ્છા કરો છો. વૃત્તિ અને વસ્તુનો સંબંધ બરાબર આના જેવો જ છે. જ્યાં સુધી વિશ્વનું અસ્તિત્વ છે ત્યાં સુધી સ્થળ પદાર્થ સાથેનો સંબંધ ટાળી શકાય એમ

નથી ; એમ જ પૂર્વજન્મોનો અને સંસ્કારોનો ભાર છે, ત્યાં સુધી સુખ - દુઃખની પરંપરા ટાળી શકાવાની નથી. તેમ છતાં માનવી, તેની સ્હેજ પણ દરકાર કર્યા વિના તે સહન કરવાની જ નહિ પણ તેને દૂર રાખવાની જ્ઞાન અને રહસ્યમય કલા હાંસલ કરી શકે છે. "

" સમદ્રના મોજાં શાંત થઈ જાય ત્યાં સુધી સ્નાન માટે તેમાં પ્રવેશ કરવાની રાહ જોઈ ઊભા રહેવાનો શું અર્થ ? તે કદી શાંત થવાના જ નથી. જે જાણકાર જ્ઞાની છે તે ધસી આવતાં મોજાંનો પ્રહાર ટાળવાની અને ઓસરતાં મોજાંમાં ખેંચાઈ ન જવાની યુક્તિ આપમેળે શીખી જાય છે. પણ સમુદ્રમાં સ્નાન કરવાનું જરૂરનું હોય તો તે ટાળવું જોઈએ નહિ. અર્જુન ! કેટલાક લોકો નવું શીખવામાં એવા આળસુ હોય છે કે તેઓ આવાં સમુદ્ર સ્નાનરૂપ કર્મોથી દૂર ભાગવાનું પસંદ કરે છે. સહનશક્તિનું બખ્તર ધારણ કર અને દુર્ભાગ્ય કે સદભાગ્યના પ્રહાર તારો વાળ પણ વાંકો કરી શકશે નહિ.

તિતિક્ષા એટલે બે વિરુધ્ધલક્ષી આકર્ષણ વચ્ચે સંપૂર્ણ સ્થિરતા. દ્વૈતભાવનો હિંમતભર્યો સામનો. એ શક્તિશાળીનો વિશિષ્ટાધિકાર છે અને શૂરવીરો વૈભવ છે. જે નિર્બળ છે એ તો મોરના પીછાંની જેમ ઊંચાનીચા થઇ જશે. તેઓ એક ક્ષણની પણ દ્રઢતા અનુભવ્યા વગર સદાકાળ અસ્થિર અને વ્યાકુળ જ રહેશે. તેઓ ઘડિયાળના લોલકની જેમ આમથી તેમ ઝૂલતા રહેશે - એક ક્ષણ આનંદ તો બીજી ક્ષણે શોક.

" અહીં એક મુદ્દાનો ધ્યાનથી વિચાર કરવાનો છે. સહનશક્તિ એ શૈર્ય નથી તિતિક્ષા એટલે સહન કરવું તે એમ પણ નહિ. સહન કરવું એટલે તેનો બીજો કોઈ વિકલ્પ ન હોય અને અમુક વાત કે સ્થિતિ આપણે ન છૂટકે સ્વીકારી લઈએ તે ; જ્યારે કોઈ પરિસ્થિતિનો સફળતાથી સામનો કરી તે નિવારવાની આપણામાં તાકાત હોય અને છતાં આપણે તેની પરવા ન કરીએ એ છે આધ્યાત્મિક વિદ્યાજ્ઞાન. દ્વૈતભાવયુક્ત વિરોધાભાસી બાહ્ય જગત સાથે શાંતિપૂર્વક સહકાર અને સમભાવથી રહેવું એ મુક્તિનો માર્ગ છે. વિવેકબુદ્ધિથી ઘેરાઈ સર્વ કાંઈ સહન કરીએ તો એ પ્રકારની સહનશીલતાને પરિણામે સારું ફળ મળશે - ઊંચી સિદ્ધિ પ્રાપ્ત થશે.

(વિવેકબુદ્ધિ એટલે જેને **आगमापायिना**, સ્થૂળ જગતનું લક્ષણ એટલે કે જેનું આવાગમન થતું રહે છે - જે સ્થિર કે શાશ્વત નથી - એ સમજવાની શક્તિ.)

" સામાન્ય રીતે માણસ સુખ અને આનંદની શોધમાં જ હોય છે. દુઃખ અને યાતનાની તો કોઈ પણ સંજોગોમાં એ ઈચ્છા કરતો નથી. સુખ અને આનંદને એ જાણે પોતાના ખાસ અને અંગત હિતેચ્છુઓ માને છે અને દુઃખ અને યાતનાને તેના કદર દુશ્મન ગણે છે. આ મોટી ભૂલ છે. જ્યાં સુખ છે ત્યાં દુઃખનો ભય - દુઃખની શક્યતા પણ એટલી જ છે. સુખ છીનવાઈ જશે તો ? તે મટી જશે તો ? એવો ભય માનવીને હમેશાં ડરાવતો રહે છે. દુઃખ માનવીને ઉત્સુક બનાવે છે, સારાસારના વિચાર પ્રેરે છે અને પોતાની ભૂલ અને ક્ષતિઓ પ્રતિ જાગૃત કરે છે અને વધુ દુઃખનો સંભવ એને ભયભિત બનાવે છે અને એથી એનું અહિત નહિ પણ હિત થાય છે. એ તમને પ્રમાદ અને પ્રભુતાના ઘેનમાંથી જગાડે છે. સુખમાં

સૌ માનવી તરીકેનો પોતાની જાત પ્રત્યેના ધર્મ પણ ભૂલી જાય છે. એ સ્થિતિમાં માનવી અહંભાવમાં ખેંચાઈ જાય છે અને અહંભાવ જે પાપકર્મો પ્રેરે છે તે કરવા એ પ્રવૃત્ત થાય છે. આથી ઊલટું દુઃખ માનવીને સજાગ અને સાવચેત રાખે છે.

" આમ દુઃખ કે યાતના એ તો સાચા મિત્રની ગરજ સારે છે. સુખ આપણી ગુણવત્તા ભરખી જાય છે અને આપણામાં પાશવી વૃત્તિઓ જગાડે છે. આમ એ આપણા શત્રુનું સ્થાન લે છે. ખરેખર, યાતના તો આપણને દૃષ્ટિ આપે છે, એ ઉચ્ચ વિચાર પ્રેરે છે અને આત્મોધ્ધારના કાર્યમાં આપણને પ્રવૃત્ત કરે છે. તે આપણને નવતર અને અમૂલ્ય અનુભવનો અનન્ય લાભ આપે છે. સુખ તો નવા અનુભવ અને નવી પ્રવૃત્તિ પર, જાણે તાડપત્રીનો ઓછાડ એઢાડી દે છે અને માનવીને રુક્ષ અને નિષ્ફર બનાવી મૂકે છે. માટે મુશ્કેલી અને નાની મોટી આપત્તિને આપણે મિત્ર સમાન ગણવી જોઈએ - છેવટે શત્રુ સમાન તો નહિ જ. સુખદુઃખને પરમાત્માની ભેટ ગણીને ચાલવું એ ઉત્તમ છે. પોતાની મુક્તિનો એ સરળ અને સહેલામાં સહેલો માર્ગ છે.

" આ જ્ઞાન ન હોવું એ મૂળભૂત - પાયાનું અજ્ઞાન છે. આવો અજ્ઞાની માનવ અંધ છે. શોક અને આનંદ આવા અંધ માનવીની બરાબર જ છે કે જેને દોરવાની દ્રષ્ટિ છે, જે જોઈ શકે છે તેને તેના સાથની આવશ્યકતા છે. જ્યારે તમે અંધને આવકારો છો ત્યારે અનિવાર્યપણે તમારે તેની સાથેના નેત્રધારી માણસને આવકારવો જ પડે છે કારણ કે તે પેલા અંધ માનવીનો સદાનો સાથી છે. આજ રીતે શોક અને આનંદ - સુખ અને દુઃખ અવિભાજ્ય છે. તમે એમાંથી કોઈ એકની પસંદગી કરી જ ન શકો. આ ઉપરાંત દુઃખ સુખનું મૂલ્ય અનેકગણું વધારી મૂકે છે. જેણે દુઃખ જાણ્યું છે તે સુખ માણી શકે છે. આમ સુખનો અનુભવ એના હરીફ દુઃખને આધારે થાય છે. " સર્વ પ્રકારની દ્વિધા અને દ્વૈતભાવની નિરર્થકતા સમજાવતાં શ્રીકૃષ્ણ અર્જુનને આ પ્રમાણે કહ્યું.

પછી અર્જુને આગળ પૂછ્યું : " હે માધવ ! જો તમારી સલાહ અનુસાર જરૂરી તિતિક્ષા કેળવવામાં આવે તો એમાં લાભ ક્યાં રહ્યો ? દ્રઢ સહનશીલતા એ જ એનું આખરી પરિણામ. " શ્રીકૃષ્ણ જવાબ આપ્યો, " હે કુંતિપુત્ર ! વીર એ છે કે જે જીવનસાગરના ઘૂઘવતાં અને ઉછળતાં મોજાં વચ્ચે સ્ટેજ પણ ચલિત થયા વગર, ઉશ્કેરાયા વગર સ્થિર રહી શકે છે, જે પોતાના સ્વભાવ સાથે વણાઈ ગઈ છે એ લાક્ષણિકતા જે ગુમાવતો નથી એ સાચો વીર છે : ગમે એવાં આકર્ષણ કે વિક્ષેપ વચ્ચે જે પોતાના આધ્યાત્મિક શિષ્ટાચારને સતત વળગી રહે તે સાચો વીર છે. સ્થૂળ સૃષ્ટિના દ્વૈત સ્વરૂપથી સર્વદા ઘેરાયેલ હોવા છતાં, તેથી જે વિરક્ત રહી શકે છે તે સાચો જ્ઞાની છે. એવો જે માનવી છે તેને **ધીર** તરીકે ઓળખાવ્યો છે.

" **ધી** " એટલે બુદ્ધિ એ લક્ષણ માનવીને પુરુષ અથવા પૂર્ણ માનવી બનાવે છે. પોશાક કે મુછોના થોભિયા વડે માનવી પુરુષ બની જતો નથી. પુરુષત્વ આવે છે દ્વૈતભાવના અનાદરથી. એ પદને યોગ્ય બનવા ઠરવા બહારના કરતાં અંદરના શત્રુઓ ઉપર વિજય મેળવવાનો છે. શોક અને આનંદ એ બેઉ શત્રુઓ પર પ્રભુત્વ સ્થાપવાનું મહાકાર્ય એણે સિધ્ધ કરવાનું હોય છે, અને તેમાંથી બને એટલો લાભ

ઉઠાવવાનો હોય છે.

" કદાચ તને બીજી પણ શંકાઓ હશે (તારું અંતર શંકા અને સંદેહના એક માળા જેવું બની ગયું છે) તું કદાચ પ્રશ્ન કરશે, વિજયનો લાભ શો ? હું તને ખાત્રીપૂર્વક કહું છું કે " અમરત્વ " એ એનો લાભ છે. દુન્યવી ચીજોમાં એવી દિવ્ય શાંતિ અનુભવવા મળતી નથી. જ્યારે તમે શોક આનંદથી પર બની રહો છો ત્યાં તમને એ સ્વયંસંપૂર્ણ, મુક્ત અને પૂર્ણરૂપ દિવ્ય શાંતિનો અનુભવ થાય છે. માનવીઓમાં તમે એક અપવાદ બની રહો છો અને પછી તમને પાર્થીવ શત્રુઓ ઉપરના ક્ષુલ્લક વિજયની કોઈ તમા રહેતી નથી. અમરત્વરૂપ દિવ્યશાંતિના તમે અધિકારી બની રહો છો. " આ પ્રમાણે કહી શ્રીકૃષ્ણ આત્મા અને અનાત્માના શાસ્ત્રજ્ઞાનની વાત કરી છે કે જેના જ્ઞાનને પ્રતાપે આપણે એ બે વચ્ચેનો ભેદ પામી શકીએ છીએ.

" જે આત્મજ્ઞાની છે તે કર્મના ફળથી મુક્ત છે. આત્મા વિષે અજ્ઞાત રહી જે કર્મમાં પ્રવૃત્ત થાય છે તે એ કર્મફળના બંધનમાં આવી પડે છે. આત્મા અલિપ્ત જ રહી જાય છે. જાણે કે એ હોય જ નહિ. તરવૈયાની માફક જ્ઞાની સંસાર સાગર પાર કરી જાય છે, પણ તમને તરતાં જ આવડતું ન હોય અને સમુદ્રમાં ઝંપલાવો પાણી તમને ઘેરી વળશે અને નિશ્ચિત તમારું મૃત્યુ થશે.

" આ બતાવે છે કે શ્રીકૃષ્ણ અર્જુનને આત્મજ્ઞાનનું ચાવીરૂપ શાસ્ત્ર શા માટે સમજાવ્યું ! આત્મા મારતો નથી તેમ મરતો પણ નથી. જેઓ એવું માનતા હોય છે તેઓને એના સ્વરૂપનું જ્ઞાન હોતું નથી. અર્જુનનો આત્મા કોઈને મારવાનો નથી, તેમ ભિષ્મ કે દ્રોણનો આત્મા મરવાનો નથી અને એજ પ્રમાણે શ્રીકૃષ્ણનો આત્મા કોઈને પાનો ચઢાવવાનો નથી. આ બધું તો માત્ર કાર્ય - કારણ ના દ્વૈત સંબંધ સૂચવે છે. આત્મા કોઈ પણ કર્મફળના - કર્મ ના પરિણામના કારણરૂપ હોતો જ નથી. એ તો નિર્વિકાર છે - પરિવર્તનથી પર છે.

" વૃદ્ધિવિકાસના છ પ્રકારો છે : ઉદય, અસ્તિત્વ, વિકાસ, વિકાર, વ્યય અને વિનાશ. આ ષટ્ વિકારો છે. ઉદય અથવા જન્મ એટલે પહેલાં ન હતું કે હવે છે, જે છે તે જ્યારે નથી રહેતું તે છે મૃત્યુ. દેહધારીને જન્મ હોય છે અને જડ પદાર્થોને નથી હોતો. પણ આત્માને અંગો હોતાં નથી, એ તો **निर् अवयव** હોય છે. આમ આત્મા જન્મતો નથી તો પછી તેનું મૃત્યુ કયાંથી થવાનું હતું ? અને એ કોને મારે - એ તો જન્મથી પણ પર - સનાતન - શાશ્વત છે.

" જેમ કોઈ માણસ જૂના કપડાં ફેંકી દે અને નવાં ધારણ કરે તેમ દેહી (દેહમાં વસે તે) એક દેહ છોડી બીજો ધારણ કરે છે. શરીર વસ્ત્રનો જે સંબંધ છે તે જ વ્યક્તિ અને તેના શરીરનો છે. આત્માનું સાચું સ્વરૂપ તમને સમજાશે તો તમને કશાનો પણ શોક થશે નહિ. તમારાં સર્વ શસ્ત્રાસ્ત્રો વડે તમે માત્ર સ્થળ દેહને ઈજા પહોંચાડી શકશો - તે પરિવર્તનથી પર એવા આત્માને તો અડી પણ શકતાં નથી. આ સત્ય બરાબર સમજી લે અને તને ઘેરી વળેલી ઉદાસીનતાને ફગાવી દે.

" ક્ષત્રિયની પ્રથમ ફરજ તો એ છે કે ધર્મને પક્ષે રહી અધર્મનો નાશ કરવો. તને જે સદભાગ્ય પ્રાપ્ત

થયું છે તેનો વિચાર કર ! આ સમરાંગણમાં તારી સામે ભિષ્મ જેવા અને બીજા સુપાત્ર દુશ્મનો ઊભા છે. આ જ ભિષ્મ એકવાર એના પોતાના ગુરુ સામે લડ્યા હતા- પરશુરામ જેવા મહાત્મા સામે - કે જેમણે એમને સર્વ કલાકૌશલ્યનું જ્ઞાન આપ્યું હતું. તે શા માટે ? મુખ્યત્વે પેતાનો ક્ષત્રિયધર્મ બજાવવા માટે. અને અહીં તું એક કાયરની જેમ આવા મહારથીઓ સામે હથિયાર ઉપાડતાં ડરે છે. સર્વ પ્રકારની મુશ્કેલીઓ છતાં જ્યારે ધર્મનો ઝંડો ફરકાવવામાં સફળતા હાંસલ કરે છે ત્યારે જ ક્ષત્રિયને પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ થાય છે, એ જ પ્રગતિ અને ઉન્નતિનો માર્ગ છે.

" કષ્ટ એટલે દુઃખ ; શોક એ તું કયાં નથી જાણતો ! પણ ક્ષત્રિય કોણ ? જે પ્રજાને નિરાશા અને શોકમાંથી ઉગારે, અધર્મ સામે ધર્મને પક્ષે રહી લડવાની તક માનવીને ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. એક ક્ષત્રિય તરીકે આ ધર્મયુધ્ધમાં ભાગ લેવાનું સદભાગ્ય તને પ્રાપ્ત થયું છે. વિશ્વની જે સેવા કરવા તું તત્પર થયો છે તે દ્વારા તું કેવી ભવ્ય કીતિને વરીશ તેની કલ્પના કર. શાંતિ અને સમૃદ્ધિ માટે જે યુધ્ધ લડાય છે તે ધર્મયુધ્ધ તરીકે ઓળખાય છે અને એ યુધ્ધ જ એવું હોય છે કે જેમાં સર્વદા ન્યાયનો - સત્યનો જ જય થાય છે.

" કૌરવોએ કોઈ પાપ, કોઈ અન્યાય કોઈ અપલક્ષણો બાકી રાખ્યા નથી. તેઓએ વડીલોનું અપમાન કર્યું છે, સજ્જનોને છેદ દીધો છે ; જેઓ પવિત્ર છે તેને બદનામ કર્યા છે ; અને ભલા માણસોને સ્વમાનભંગ કર્યા છે. તેઓના દુષ્કૃત્યો ગણ્યા ગણાય એમ નથી. હવે પ્રભુના દરબારમાં જવાબ આપવાની આખરી ઘડી આવી પહોંચી છે અને તેઓના બધા જ ગુનાહીત કુકર્મોનો તેઓએ હવે હિસાબ આપવાનો છે. અને એ જ વખતે તું એક પારેવાંની જેમ વર્તશે તો તારાં માતાપિતા. ભાઈઓ અને સમસ્ત ક્ષત્રિય જાતિને કલંકરૂપ બની રહેશે.

“ તું માને છે કે યુદ્ધ કરવું એ પાપ છે, એ મોટી ભૂલ છે, પાપ તો દુષ્ટોના સંહારની તક ગુમાવવામાં અને નિર્દોષ સજ્જનોની યાતના વધારવામાં અને તેને લંબાવવામાં રહેલું છે. આ સ્થિતિમાં તારા ધર્મનો ત્યાગ કરીશ તો એમ કરી સત્યાનાશ વહોરવાનું જોખમ તું ખેડી રહ્યો છે એમ ચોક્કસ માનજે. ધર્મને વળગી રહીશ તો પાપથી તું અલિપ્ત રહી શકીશ. દૃઢ નિશ્ચય કર અને આ પાર્થીવ જગતની સ્વૈત વૃત્તિઓમાં એક યા બીજી - કોઈને પણ વશ રહ્યા વગર સ્થિર થઈ જા. " આ આધ્યાયના ૩૧ મા શ્લોકથી માંડી આઠ શ્લોકોમાં શ્રીકૃષ્ણ સ્વધર્મ નિષ્ઠા વિષે વિસ્તારથી ચર્ચા કરે છે.

અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં માનવીએ મન સ્થિર રાખી પ્રવૃત્તિમય રહેવું જોઈએ. ૩૭ મા શ્લોકમાં શ્રીકૃષ્ણ એ સલાહ આપે છે, **" एषा तेऽमिहिता सांख्य "** એમ કહી ૩૯ મા શ્લોકમાં શ્રીકૃષ્ણ વિષય બદલતા હોય તેમ કહે છે કે હવે હું તને યોગબુદ્ધિ અથવા બુદ્ધિયોગ વિષે સમજ આપીશ તે ધ્યાનથી સાંભળ.

બુદ્ધિયુક્ત જ્ઞાનને પરિણામે કર્મના ફળની ઈચ્છા જ્યારે રહેતી નથી ત્યારે એ શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે બુદ્ધિયોગ કહેવાય છે. બુદ્ધિને વિશુદ્ધ કરી તેને યથાર્થ રીતે કેળવવી પડે છે. એ સિવાય કર્મના

ફળની ઈચ્છાનો ત્યાગ કરવાનું અશક્ય છે અને કોઈ પણ પ્રવૃત્તિ માત્ર ધર્મ અને કર્તવ્ય સમજી થઈ શકતી નથી. આવી વિશુદ્ધ બુદ્ધિમત્તાને યોગબુદ્ધિ કહેવામાં આવી છે. એ કેળવો અને એને માર્ગે કર્મના બંધનથી તમારી જાતને મુક્ત કરો. ખરું પૂછો તો તમે - તમારું સાચું સ્વરૂપ- કર્મથી પર અને તેથી કેટલુંય અધિક છે, ઉચ્ચ છે.

તમે કહેશો કે કર્મના ફળને ત્યાગ કરવાની આકરી તપશ્ચર્યા કરવા કરતાં હું કર્મથી જ દૂર રહીશ, પણ એમ કરવું તો સાવ અશક્ય છે. એટલું જ નહિ પણ એક યા બીજા કર્મમાં રત રહેવું હર કોઈ માટે અનિવાર્ય છે. એક ક્ષણ માટે પણ કોઈ કર્મ થી મુક્ત રહી શકતું નથી. " **नहि कश्चित क्षणमपि** " ગીતાના ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ આ પ્રમાણે કહે છે.

" અર્જુન ! દરેક કાર્ય કે કર્મને આરંભ અને અંત હોય છે, પણ નિષ્કામ કર્મનું એવું હોતું નથી. એ જ બે વચ્ચેનો ભેદ છે. ફળપ્રાપ્તિની દ્રષ્ટિએ કર્મ કરવામાં આવે છે ત્યારે પરિણામે કંઈક ગુમાવ્યાનું દુઃખ થવાનો સંભવ છે અને ક્યારેક શિક્ષા પણ ભોગવવાનો વારો આવે છે. પણ નિષ્કામ કર્મ તમને આ બધાંથી પૂર્ણ પણે મુક્ત રાખે છે - મુક્ત કરી દે છે.

" કર્મફળની ઈચ્છા કરો અને તૃષ્ણામાં જકડાયેલા તમે જન્મમરણના ચક્રમાંથી છૂટી શકતા નથી, એ તૃષ્ણા છોડી દો અને તમે એ પ્રક્રિયાથી મુક્ત થઈ જશો, આ પ્રકારના ત્યાગમય જીવનથી બંધનની સ્થિતિનો અંત આવે છે. ધ્યેયને વળગી રહેવું એ મહત્વનું છે, અને એ ધ્યેય છે કર્મ, નહિ કે કર્મફળ. કર્મફળની આશા માનવીના રજોગુણનો નિર્દેશ કરે છે કે જે તને શોભારૂપ નથી. કદાચ તું નિષ્ક્રીય રહેવાનું પસંદ કરશે, તો એ તમોગુણનું નિર્દેશક છે, અને એ તો રજોગુણ કરતાં પણ બદતર છે. પ્રભુના ચાર આદેશો છે : પહેલો " આમ કરો " એવું કહે છે અને બાકીના ત્રણ નિષેધાત્મક છે. પ્રથમ આદેશ શક્તિ કેળવવા ઉપર ભાર મૂકે છે ; બાકીના નિર્બળતાથી દૂર રહેવા - નિર્બળતાને આપણાથી દૂર રાખવાનું કહે છે.

અલબત્ત, માત્ર અર્જુનને જ આ ઉપદેશ આપવામાં આવ્યો હતો એવું નથી. સારીયે માનવજાતને એની જરૂર છે. અર્જુન તો માત્ર માનવ જાતનો એક પ્રતિનિધિ છે. ગીતાના અભ્યાસીઓએ પ્રથમ તો એ જાણી લેવું મહત્વનું છે કે ગીતાના ઉપદેશ મૂળરૂપે પ્રત્યેક સાધક માટે છે.

એક બીજી વાત લક્ષમાં રાખવાની છે : ગીતા માનવીને સંબોધવામાં આવી છે અને નહિ કે પશુ પક્ષીને કે દેવદેવતાઓને. કર્મફળની લાલચને લીધે માનવી કર્મ કરવા તત્પર થાય છે. જે કર્મનું કંઈ જ ફળ ન મળે તો તે કર્મ કરવાનું જ છોડી દેશે. લાભ, બદલો, ફળ, પરિણામ આ બધાં પાછળ માનવી દોટ મૂકે છે - પણ પ્રભુના આદેશ - સંદેશરૂપ અમૃતનું પાન કરવા જેઓ ગીતાનો આશરો લે છે તેઓને આ નિયમ લાગુ પડતો નથી. બધાં જ કંઈ એ અમૃત માટે ઉત્સુક હોતા નથી. પણ તમે જો એ દ્રષ્ટિ કેળવો અને અપનાવો તો તમે શાશ્વત આનંદની અને મોક્ષની પ્રાપ્તિ માટે ઉત્સુક છો એમ સ્પષ્ટ થાય છે. એ માટે જે કિંમત ચૂકવવાની છે તે એ કે સર્વ કાંઈ પ્રભુચરણે અર્પણ કરી કર્મફળની ઈચ્છાનો ત્યાગ.

# અધ્યાય ૫

જો તમારું સ્થાન કર્મફળ પર જ હોય તો તમને ચિંતા, ઉદ્વેગ અને અસુખ થવાનો પૂરો સંભવ છે. તેમને પ્રશ્ન થશે કે કર્મફળની ઈચ્છાનો ત્યાગ કરવાનો હોય તો માનવી જીવે શી રીતે ? પણ મનની આવી નબળાઈ અને હતાશા શા માટે ? જે કહે છે **योगक्षेम वहाम्यहम्** તે બધું સંભાળી લેશે. તે તમને બધી સાધન સામગ્રી પૂરી પાડશે. તમારે તો માત્ર એટલું જ નક્કી કરવાનું છે કે વિલાસી જીવન મહવનું છે કે જીવનમરણના ચક્રમાંથી મુક્તિ મેળવવી એ મહત્વનું છે. વિલાસી જીવન હમેશાં ટૂંકુ હોય છે - તેનો અંત નિશ્ચિત છે. જ્યારે મોક્ષનો - મુક્તિનો આનંદ શાશ્વત અને અસ્ખલિત હોય છે.

અનેક ચિતંકોએ આ પ્રશ્ન ઉપર પોતાની બુદ્ધિ અજમાવી વિવિધ વિવેચનો કર્યા છે. ઘણાએ એમ કહ્યું છે કે કર્મફળનો ત્યાગ એટલા માટે ઈચ્છનીય ગણવામાં આવ્યો છે કે કર્મ કરનારને ફળનો કોઈ અધિકાર જ નથી.

આ મોટી ભૂલ છે. ભગવાને ગીતામાં કહ્યું : **मा फलेषु** - " ફળનો ઈનકાર કર ' એનો અર્થ એવો છે કે બીજમાંથી ફળ થાય છે પણ કર્મ કરનારે પરિણામની ઈચ્છા કરવી જોઈએ નહિ કે તેને દ્રષ્ટિ સમક્ષ રાખી તે કરવું જોઈએ નહિ. જો શ્રીકૃષ્ણનો એમ કહેવાનો ઈરાદો હોત કે કર્મ કરનારને ફળનો અધિકાર નથી તો એમણે કહ્યું હોત **न फलेषु** - એ ફળદાયી નથી. માટે જો તમે કર્મથી દૂર રહો - વેગળા રહો તો તમે પ્રભુના આદેશનો અનાદર કરો છો ; અને એ એક ગંભીર ભૂલ લેખાશે.

માનવીને કર્મ કરવાનો અધિકાર છે તો કર્મફળનો પણ તેને હક છે. આની કોઈ પણ ના પાડી શકે નહિ અને તેના આ હક છીનવી શકે નહિ. પણ કર્મ કરનાર તેની ઈચ્છા અને નિરાધાર અનુસાર, અનુકૂળ યા પ્રતિકુળ પરિણામથી વિમુક્ત રહી શકે. ગીતા એ માર્ગ દર્શાવે છે : કર્મમાં પ્રવૃત્ત રહો પણ તેના પરિણામની કે ફળની આશા ન કરો. કર્મફળની ઈચ્છા એ રજોગુણનું ચિહ્ન છે જ્યારે ખૂદ કર્મથી દૂર રહેવાની વૃત્તિ તમોગુણનું ચિહ્ન છે. કર્મમાં પ્રવૃત્ત રહેવું તેનું કંઈને કંઈ પરિણામ અવશ્ય થશે એમ જાણવું અને છતાં તેથી વિરક્ત રહી એ વિષે સ્ટેજ પણ ચિંતા ન રાખવી એ સત્વગુણનું ચિહ્ન છે.

' ફળત્યાગયુક્ત કર્મ ' નું રહસ્ય જે સમજ્યો છે તેને સંઘબુદ્ધિ કરતાં સમબુદ્ધિની વધારે આવશ્યકતા છે. સંઘબુદ્ધિ વ્યક્તિને આસક્તિ અને બંધનમાં નાંખી દે છે. " આ મેં કર્યું છે એનું પરિણામ મારા પ્રયત્નોને આભારી છે અને તેથી મારો તે ઉપર હકક છે " - આવા અયુક્ત વિચારો એ કર્મ કરનારને પજવી મૂકે છે. શ્રીકૃષ્ણ સમજાવે છે કે આ સંઘબુદ્ધિથી માનવીએ પર રહેવું જોઈએ. તેમણે સ્પષ્ટ કહ્યું કે સમત્વ એ જ સાચો યોગ છે - **समत्वम् योगमुच्यते**.

બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ચાર મુખ્ય સિદ્ધાંતોની સ્પષ્ટતા કરી છે. શરણાગતભાવ, સાંખ્યબોધ, યોગલક્ષણ અને સ્થિતપ્રજ્ઞભાવ. પહેલા ત્રણનો આપણે ઉલ્લેખ કરી ચૂક્યા છીએ. હવે ચોથા સિદ્ધાંતનો વિચાર કરીએ.

જ્યારે અર્જુને પ્રશ્ન કર્યો ત્યારે શ્રીકૃષ્ણ તેને સ્થિતપ્રજ્ઞના લક્ષણો સમજાવ્યાં. " હે કેશવ ! " એમ કહી અર્જુને પ્રાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણની મુખમુદ્રા પર હાસ્યની રેખાઓ અંકાઈ ; કારણ તે સમજી ગયા કે અર્જુનને તેમની (શ્રીકૃષ્ણની) ભવ્યતાનું જ્ઞાન થઈ રહ્યું છે. તમે પૂછશો શી રીતે ? કેશવ ' નો અર્થ કરો : તેનો અર્થ છે " જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એવા ત્રિગુણ ત્રિમૂર્તિરૂપ જે છે તે કેશવ '. શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી અર્જુન આ જ્ઞાનસિદ્ધિની કક્ષાએ પહોંચ્યો હતો.

અર્જુને જ્યારે શ્રી કેશવને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! મને સ્થિતપ્રજ્ઞના સાચાં લક્ષણો વિષે કહો, ત્યારે તેમણે જવાબ આપ્યો પાર્થ ! એ સર્વ પ્રકારની આસક્તિથી મુક્ત છે. આત્મા વિષે તે સતત જાગૃત અને આત્મજ્ઞાનમાં સ્થિર હોય છે.

હવે આ બે રીતે થઈ શકે છે ; મનની તૃષ્ણામાંથી જાગતી સર્વ વૃત્તિઓને દાબી દેવી - ફગાવી દેવી એ નિષેધાત્મક રીત છે. અને મનને શાશ્વત આનંદ અને પ્રસન્નતાથી ભરી દેવું એ એનું સત્યરૂપ પામ્યું છે. નકારાત્મક રીત એટલે મનમાં ઉગતા અસત્ય અને દૂષણરૂપ અંકુરોને ઉખેડી ફેંકી દેવા તે અને સાચી રીત એટલે, એ રીતે સ્વચ્છ કરેલાં મનના ખેતરમાં પ્રભુભક્તિરૂપ પાક, પ્રભુ પ્રત્યેની આસક્તિરૂપ પાક ઉગાડવો તે. જે પાક પકવવાની તમને જરૂર છે તે ઉગાડવો એ પ્રક્રિયા સત્યરૂપ છે અને નકામો કચરો ઉખેડી ફેંકી દેવો એ નિષેધલક્ષી છે. જગતના સ્થળ સ્વરૂપમાં ઇન્દ્રિયોને જે આનંદનો અનુભવ થાય છે એ પેલા કચરા સમાન છે ; પ્રભુ પ્રત્યેની આસક્તિ - ભક્તિભાવ એ ખરી ઉપજ છે. મન એ અનેક ઈચ્છાઓના એક ખેતર જેવું છે. જ્યાં સુધી એ વૃત્તિઓને જળમૂળથી ઉખેડી ન નાંખે ત્યાં સુધી આધ્યાત્મિક પ્રગતિમાં અંતરાયરૂપ એ મનનું અસ્તિત્વ ભૂંસી નાખવાની આશા નહિવત છે. એક કાપડના ટુકડાના તાણાવાણા એક પછી એક ઊખેડી લઈએ તો અંતમાં કાપડનું શું થાય છે ? તેનું અસ્તિત્વ રહેતું નથી. મન પણ એવું જ વૃત્તિઓના તાણાવાણાનું બનેલું છે, અને જ્યારે એ મનનો વિલય થાય છે ત્યારે સ્થિતપ્રજ્ઞ જન્મે છે.

માટે પ્રથમ તો કામવાસનાના એ રાક્ષસ ઉપર વિજય મેળવવાનો છે - તેને હરાવવાનો છે. એ માટે કાંઈ મોટાં તુમુલ યુદ્ધમાં ઉતરવાની જરૂર નથી. તૃષ્ણાને સમજાવી તેને પાછી વાળવા મીઠા મીઠા શબ્દો વડે તેની ખુશામત કરવાની પણ જરૂર નથી. તૃષ્ણા કંઈ કોઈના ડરથી કે કોઈને ખુશ કરવા ખાતર હઠી જાય એવી નથી હોતી. વાસના કે તૃષ્ણા સ્થૂળ ધ્યેય સમાન છે અને જેને નજરે જોઈ શકાય છે એવા સ્થળ પદાર્થના વર્ગમાં તે આવે છે. હું માત્ર પ્રેક્ષક છું - દ્રય નથી એવી પ્રતીતિ વડે સ્થિતપ્રજ્ઞ આસક્તિથી પોતાને મુક્ત કરી શકે છે. એનો અર્થ એ કે તૃષ્ણા અને વાસના ઉપર એ જીત મેળવે છે. મનોવ્યાપારનો તમારે બહિર્મુખ થઈને અભ્યાસ કરવો જોઈએ, તમારે તેમાં ફસાઈ જવું ન જોઈએ. આવો છે આ વિદ્યાજ્ઞાનનો અર્થ અને તેનું સ્વરૂપ.

મનની શક્તિ વિદ્યુતના જોરદાર પ્રવાહ જેવી છે. દૂર રહીને એને નિહાળવાની હોય છે અને તેની સમીપ જઈ તેનો સ્પર્શ કરવો એ જોખમભર્યું છે. એને સ્પર્શ કરો અને તમે બળીને ભસ્મ થઈ જશો. એ જ પ્રમાણે સ્પર્શ અને આસક્તિ દ્વારા મન તમારો સર્વનાશ કરી મૂકે છે. તમે એથી જેટલા દુર રહો એટલું

સારું. તમારા પોતાના હિત માટે મનનો તમારે કુશળતાપૂર્વક બની શકે એટલો સારો ઉપયોગ કરવાનો છે.

સ્થિતપ્રજ્ઞ, જે પ્રસન્નતા વડે પ્રચૂર હોય છે તે બાહ્ય અને સ્થળ પદાર્થોમાં મળતી નથી - એટલું જ નહિ એ પદાર્થોની એને તો આવશ્યક્તા પણ હોતી નથી. પ્રત્યેક વ્યક્તિમાં આનંદનો અંશ કુદરતી રીતે જ વસતો હોય છે. જેઓએ વિશુદ્ધ અને પૂર્ણ ચૈતન્ય સિદ્ધ કર્યું છે – અનુભવ્યું છે તેઓને પોતાના સત્યસ્વરૂપનો પરિચય કર્યાનો- આત્મજ્ઞાન સિદ્ધ કર્યાનો દિવ્ય આનંદ થાય છે. એ પ્રસન્નતા **स्वसंपादयम्** (સ્વયંસિદ્ધ) ગણાય છે. તે વ્યક્તિને જ માત્ર એનો અનુભવ થાય છે ; તે સ્વ - પ્રકટ અને સૂર્યની જેમ સ્વપ્રકાશિત હોય છે.

અર્જુનને આ વાતનું જ્ઞાન ન હોવાથી, પ ૬, ૫૭ અને ૫૮ માં શ્લોકમાં શ્રીકૃષ્ણ સાદી ભાષામાં એની સ્પષ્ટતા કરી છે. આનંદ અથવા શોક ત્રણ સ્વરૂપમાં આવી મળે છે. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધી દૈવિક. એ વાત જાણીતી છે કે પાપકર્મોની શિક્ષારૂપે દુઃખ ભોગવવાના આવે છે અને સાત્વિક કાર્યોના બદલામાં માનવીને આનંદની પ્રાપ્તિ થાય છે. આથી પાપકર્મોથી દૂર રહી સત્કર્મો કરવાનો બોધ આપવામાં આવ્યો છે, પણ જે સ્થિતપ્રજ્ઞ છે તેને તે દુઃખની યાતના કે આનંદનો આવેશ એ કશાનું જ જ્ઞાન હોતું નથી. એ એકથી દૂર જતો નથી કે બીજાથી આકર્ષાતો નથી. એ દુઃખ જોઈ પીછેહઠ કરશે નહિ તેમ સુખ પ્રત્યે દોટ મૂકશે નહિ. જેને આત્માનું જ્ઞાન નથી તે જ આનંદમાં છકી જાય છે અને દુઃખ પડતાં હારી જાય છે હતાશ બની જાય છે.

જે સ્થિતપ્રજ્ઞ છે તે હમેશાં મનનમાં ડૂબેલો રહેશે – સતત ધ્યાનમગ્ન રહી તે વિચારોને ચકાસતો, વાગોળતો રહેશે, એથી એને મુનિ કહ્યો છે. તેની બુદ્ધિ સ્થિર છે કારણ વૃત્તિઓ – ઈન્દ્રિયો તેને પજવતી હોતી નથી. અહીં એક મુદ્દો બરાબર સમજી લેવાનો છે. સાધના માટે ઈન્દ્રિયો ઉપરનો વિજય અત્યંત જરૂરી છે, પણ એટલું પૂરતું નથી. સ્થૂળ જગત જ્યાં સુધી મનને ખેંચતું રહે છે ત્યાં સુધી સંપૂર્ણ સફળતાનો કોઈ દાવો કરી શકે નહિ. એટલે જ શ્રીકૃષ્ણ કહે છે, “ અર્જુન ! ઈન્દ્રિયો પર પૂરો કાબુ જમાવ પછી કશાનો જ ભય નથી કારણ પછી તે વિષદંત વિનાના સર્પ જેવી થઈ જાય છે. " આમ છતાં એવા વિચારો અને વૃત્તિઓ કે જે તમને બહિર્મુખ બનાવે છે તેનું જોખમ તો છે જ. વાસના અમર્યાદ છે અને તે કદી સંતોષાતી નથી.

માટે ઇન્દ્રિયોના વિજય સાથે માનવીએ મન ઉપર પણ પ્રભુત્વ સ્થાપવાનું હોય છે. સ્થિતપ્રજ્ઞનું આ ખાસ લક્ષણ છે. જેણે આ બેઉ પ્રકારનું પ્રભુત્વ મેળવ્યું નથી તે ઘટપ્રજ્ઞ છે, સ્થિતપ્રજ્ઞ નહિ (જ્ઞાનહીન વ્યક્તિ અને નહિ કે દ્રઢજ્ઞાની) ઘટપ્રાણ કયાં જઈને થંભે છે -સર્વનાશ આગળ, બીજે ક્યાં ?

ઉર્ધ્વમાર્ગ, ઉચ્ચકક્ષા એ સ્થિતપ્રજ્ઞનું ધ્યેય છે, આગળ જણાવેલા બે પ્રકારના સંયમમાં, મનને જો વશ કરવામાં આવે તો એટલું પૂરતું છે, પછી બહિર્મુખ ઈન્દ્રિયો પર વર્ચસ્વ સ્થાપવાની જરૂર જ રહેતી નથી. જો મન સ્થળ પદાર્થ પ્રત્યે આસક્ત ન હોય તો ઇન્દ્રિયોને જકડી રાખવા - વૃત્તિઓને ચોંટી રહેવા કશું જ બાકી રહેતું નથી. તે નિશ્ચેષ્ટ બની જઈ નાશ પામે છે, પ્રેમ અને ધિક્કાર બન્નેનું અસ્તિત્વ મટી

જાય છે. ઈન્દ્રિયો પર સ્થૂળ જગતની અસર ભલે થાય, તે છતાં તેના બંધનથી ઈન્દ્રિયો મુક્ત રહે છે. જેને આત્મજ્ઞાનરૂપ ભગવત્ કૃપા પ્રાપ્ત છે તેને કોઈ પણ દુન્યવી બાબતનું દુઃખ કે તેને આનંદ સ્પર્શે જ ક્યાંથી ?

જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે આકાશના તારા અદ્રશ્ય થઈ જાય છે તેમ જ જ્ઞાનરૂપી સૂર્યનો જ્યારે ઉદય થાય છે ત્યારે દુઃખ, ઉદ્વેગ અને અજ્ઞાન સર્વ કાંઈ અલોપ થઈ જાય છે.

માનવી પાસે ત્રણ મુખ્ય સાધનો છે : મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો. જ્યારે આ ત્રણે સંયુક્ત રીતે કામ કરે છે અને એકબીજા સાથે સહકારથી વર્તે છે ત્યારે માનવી જ્ઞાનસાગરમાં ડૂબી જાય છે અને આતમજ્ઞાનરૂપી મુક્તિફળ સિદ્ધ કરે છે. શ્રીકૃષ્ણ ધાર્યું જ હતું કે તેઓ એકમેક સાથે મળી કામ કરે છે ત્યારે શું પરિણામ આવે છે એ વિષે અર્જુનના મનમાં ગુંચવાડો પેદા થવાનો છે. એટલે એમણે એમની મેળેજ સ્પષ્ટીકરણ કર્યું, " અર્જુન, જ્યારે મન ઈન્દ્રિયો સાથે સહકાર કરે છે ત્યારે જે સંસાર કહેવાય છે એના પ્રવાહમાં વ્યક્તિ પ્રવેશ કરે છે ; જ્યારે બુદ્ધિની લગામ વડે ઈન્દ્રિયોને કાબુમાં લેવામાં આવે છે ત્યારે માનવીને આત્મા વિષે જ્ઞાન થાય છે. એક માર્ગ સંસારપ્રાપ્તિ ભણી દોરી જાય છે અને બીજો આત્મ પ્રાપ્તિ તરફ. બુદ્ધિ એ નિરાધાર કરવાનો છે અને એ નિરાધારનો અમલ કરવાનું કામ મનનું છે અને એ જ સાચી રીત છે.

ઈન્દ્રિઓનો સંપૂર્ણ નાશ કરવાનો હોય છે. સ્થિતપ્રજ્ઞનું આ લક્ષણ એક સીમાચિહ્નરૂપ છે. જ્યારે બધા રાત્રીના અંધકારમાં નિદ્રાવશ હોય છે ત્યારે સ્થિતપ્રજ્ઞ જાગૃત હોય છે અને જ્યારે બીજાં સૌ જાગૃત હોય છે ત્યારે સ્થિતપ્રજ્ઞ જાણે નિદ્રસ્થ હોય છે. આનો શાબ્દિક અર્થ એ છે કે બીજાઓને મન જે રાત્રિ છે તે સ્થિતપ્રજ્ઞ માટે દિન છે, પણ એમ કહેવું બેહુદું લાગશે, એનો અર્થ તો એવો થશે કે સ્થિતપ્રજ્ઞ એવી વ્યક્તિ છે કે જે દિવસે ઉંઘે છે અને રાતે જાગે છે.

આ વિધાનમાં ઊંડો મર્મ રહેલો છે. સામાન્ય લોકો આ જગતની, ઇન્દ્રિયોને સ્પર્શતી અને તેને લગતી બાબતો વિષે સજાગ હોય છે. દુન્યવી વ્યવસાય અંગેની તેઓની કાળજી એ તેઓની જાગૃતિ છે. પણ જે સ્થિતપ્રજ્ઞ છે તે આવી બાબતો વિષે સ્ટેજ પણ ચિંતિત રહેતો નથી, માટે એ અર્થમાં તે નિદ્રસ્થ છે. નિદ્રા એટલે શું ? નિદ્રા એટલે ઈન્દ્રિયોની નિષ્ક્રિયતાના પરિણામરૂપ માણવા મળતું સુખ. અને જાગૃતિ ? જાગૃતિ એટલે ઈન્દ્રિયોને વશ રહી તેને સંતોષવી તે. જ્યારે સામાન્ય માનવી ઈન્દ્રિયપ્રધાન પ્રવૃત્તિ આચરે છે અને તેની ઈચ્છા સંતોષવામાં પ્રવૃત્ત રહે છે, ત્યારે સ્થિતપ્રજ્ઞ નિદ્રાવશ હોય છે. આ જ વાત બીજી રીતે પણ મૂકી શકાય : આત્મસ્થિતિનું વિસ્મરણ થતાં તમે દેહસ્થિતિમાં સરી પડો છો : આત્મભાનની કક્ષાએથી નીચે સરકતાં સરકતાં તમે ક્ષુલ્લક દેહભાનની કક્ષાએ આવી પડો છો.

સામાન્ય માનવીનું આમ જ થાય છે. આત્મકક્ષાએ તે સુપ્ત છે અને દેહસ્થિતિ પ્રત્યે સજાગ છે. સ્થિતપ્રજ્ઞની વાત કંઈક જુદી છે. દેહસ્થિતિએ તે સુપ્ત છે અને આત્મા પ્રત્યે સભાન હોઈ તે જાગે છે. ભૂલથી પણ વૃત્તિઓને વશ વિશ્વનું એને ભાન થશે નહિ – એ વિશ્વ કે જે પ્રત્યે સામાન્ય માનવી ખૂબ જ

સજાગ હોય છે. આ મર્માર્થ છે કે જે શાબ્દિક અર્થથી સાવ જુદો છે. શાબ્દિક અર્થ પ્રમાણે તો ચોરી કરનારાઓ, ચોકીદારો અને એવા બીજા અનેક સ્થિતપ્રજ્ઞના સ્થાનને યોગ્ય ગણાઈ જાય કારણ એઓ રાત્રે જાગી દિવસે ઊંઘતા હોય છે ! જેઓએ તૃષ્ણા અને વાસનાનો સર્વાંશે ત્યાગ કર્યો છે અને જેઓ પોતાને માત્ર નિમિત્ત અને પ્રભુના ઉપાદાનરૂપ ગણે છે તેઓ જ શાંતિ પ્રાપ્ત કરી શકે. કામનાત્યાગ પર ભાર દઈને શ્રીકૃષ્ણ સ્થિતપ્રજ્ઞના લક્ષણોનું વર્ણન પૂરું કરે છે.

જીવનના સમરાંગણ વચ્ચે શોક કરતા, આકર્ષણ અને દ્વિધામાં અટવાઈ પડેલા, કઈ તરફ વળવું અને કયો માર્ગ લેવો એ જેઓ નથી જાણતા તેઓને માધવે આ સાંખ્યયોગનો બોધ આપ્યો છે. બાકીના અધ્યાયો આ બીજા અધ્યાયના બોધ ઉપર વિવેચન સમાન છે. “ અર્જુન ! મનનો ત્યાગ કરવા, તેને અળગું કરી દેવા અને તારા આત્મા સાથે એકરૂપ થવા – એકત્વ સાધવા તૈયાર થઈ જા, શબ્દ, સ્પર્શ, રૂપ, રંગ અને ગંધના – એ પંચભૂતના પ્રદેશમાંથી મનને વાળી લે. એમ થશે ત્યારે તું સ્થિતપ્રજ્ઞ બનશે. ” શ્રીકૃષ્ણે કહ્યું. આ બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ૧૧ થી ૩૦ માં શ્લોક સુધી આત્મતત્વ વિષે સાદી અને સરળતાથી સમજી શકાય એવી શૈલીમાં વિગતવાર સમજ આપી છે.

પછી ૩૯ થી ૭૫ માં શ્લોક સુધી શ્રીકૃષ્ણ પ્રભુપ્રાપ્તિ માટે આવશ્યક એવા ધર્મ - કર્મની દ્રષ્ટિ વિષે સમજ આપે છે કે જે દ્રષ્ટિ કર્મયોગ ઉપર આધારિત છે, અને એ કર્મયોગનો સિદ્ધાંત આગળ બતાવવામાં આવેલી ‘ સમતુ બુદ્ધિ ’ માં સમાવિષ્ટ છે.

---

# અધ્યાય ૬

બીજા અધ્યાયના ૫૬ થી ૭૨ સુધીના ૧૭ શ્લોકોમાં શ્રીકૃષ્ણ સ્થિતપ્રજ્ઞના લક્ષણો અને એ કક્ષાની ભવ્યતા સમજાવ્યાં. પછી તેમણે કહ્યું કે મેં મારી જાતે જ સાંખ્યો માટે જ્ઞાનયોગ અને યોગીઓ માટે કર્મયોગની મોક્ષપ્રાપ્તિના એક માર્ગ તરીકે યોજના કરી છે. એમ જણાવી તેમણે કર્મનું માહાસ્ય સમજાવ્યું.

પ્રત્યેક વ્યક્તિએ કુદરતી નિયમ અનુસાર કર્મમાં પ્રવૃત્ત રહેવું જ પડે છે ; કર્મ અનિવાર્ય છે. આથી શ્રીકૃષ્ણ કહે છે, " તારું કર્તવ્ય કર્મ કર કે જે તારી ફરજ છે - તારો ધર્મ છે. ક્રિયાશીલ રહેવું એ નિષ્ક્રિય રહેવા કરતાં અનેકગણું સારું છે - બહેતર છે. જો તે કર્મથી દૂર ભાગીશ તે જીવવું મુશ્કેલ તો શું અશક્ય બની જશે.

જે કર્મોના પરિણામ બંધનકર્તા નથી હોતાં એવા કર્મોને ' યજ્ઞ ' કહ્યાં છે. બાકીના બધાં જ કર્મો બંધનકર્તા નીવડે છે. માટે હે અર્જુન ! સર્વ પ્રકારની આસક્તિનો ત્યાગ કરી જે કર્મોને પ્રભુને ચરણે સમર્પિત યજ્ઞરૂપ ગણાવી શકાય એવાં કર્મોમાં પ્રવૃત્ત થા. " શ્રીકૃષ્ણ અર્જુનને કર્મનું મૂળ શેમાં છે અને એ ક્યાંથી સ્ફૂરે છે અને વિકસે છે તે વિષે સમજાવ્યું તેમણે એવી સ્પષ્ટતાથી એ સમજાવ્યું કે અર્જુનનું હૃદયપરિવર્તન થઈ ગયું. " વેદો એ દિવ્યવાણી છે - બ્રહ્મવાક્યો છે, એ વેદોમાંથી કર્મો અને કર્મનો ભાવ જનમ્યાં છે ; કર્મ માંથી યજ્ઞ અને યજ્ઞમાંથી વર્ષા વર્ષોમાંથી અનાજ અને તેમાંથી બધાં પ્રાણીઓ આવ્યાં છે. આ સંકલિત પ્રક્રિયાને સ્વીકારવાની અને વધાવવાની છે.

" હે અર્જુન, વિચાર કર. મારે કોઈપણ કર્મ કરવાની આવશ્યકતા નથી, ત્રિલોકમાં ગમે ત્યાં પણ મારે કર્મ ફરજીયાત નથી અને તે છતાં હું હમેશાં કર્મમય રહું છું. જો હું કર્મથી દૂર રહું તો વિશ્વ રહે નહિ - વિશ્વનો અંત આવે. માટે આત્મામાં દ્રઢ શ્રદ્ધા રાખી તારાં બધાં કર્મો મને સમર્પિત કર ; તેના પરિણામ કે ફળની સ્હેજ પણ ઈચ્છા કર્યા વગર, અહંકાર સમત્વ કે અભિમાનનો ભાવ મનમાં આપ્યા વગર યુદ્ધમાં જોડાઈ જા, " શ્રીકૃણે કહ્યું.

સર્જનચક્ર જો સરળતાથી ફરતું રાખવું હોય તો દરેક વ્યક્તિએ પોતપોતાનું કર્મ કર્યું જવું પડે છે. એ વ્યક્તિ કોઈ પણ હોય, આ ફરજમાંથી તે છટકી શકે નહિ. જેણે ઉચ્ચતમ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એણે પણ આ નિયમનું પાલન કરવું પડે છે. ખાવું, પીવું, શ્વાસ અને ઉચ્છવાસ એ પણ કર્મો છે. આ કર્યા વગર કોણ જીવી શકે ?

તમે જગત અને જગતની માનવજાત પાસેથી કંઈક ને કંઈક લાભ મેળવો છો અને એટલે તેઓને પણ તમારી કોઈ ને કોઈ પ્રવૃત્તિનો અધિકાર છે. આ બ્રહ્માંડ - આ વિશ્વ ખરું જોતાં તો એક વિશાળ કારખાના જેવું છે ; પ્રત્યેક માનવી એના અંશરૂપ- અંગરૂપ છે. દરેક અવયવને તેની રચના પ્રમાણે અમુક એક કાર્ય સોંપાયેલું હોય છે અને એણે એ કાર્ય સિદ્ધ કરીને સ્વયંસિદ્ધિનો સંતોષ માણવાનો હોય છે.

ગમે એ કામ વ્યક્તિને ભાગ આવ્યું હોય, તેણે એ કાર્ય પ્રભુને અંજલિરૂપ ગણી કરવાનું હોય છે. આ વિશ્વમાં એક પણ વસ્તુ એવી નથી કે જે આ મહાન કાર્યમાં હાથ બટાવતી ન હોય - પોતાનો ફાળો આપતી ન હોય. છોડ અને જીવજંતુ, પાષાણ અને કાષ્ટ, વાયુ અને વર્ષા, ગરમી અને ઠંડી - આ દરેક યોજના અનુસાર કાર્ય ન કરે તો વિશ્વ ટકી શકે નહિ. સૂર્ય અને ચન્દ્ર પણ તેઓનું નિર્ધારિત કાર્ય કર્યું જાય છે, અને અનિલ અને અગ્નિને સ્ટેજ પણ બડબડાટ કર્યા વગર તેઓની ફરજ બજાવવાની હોય છે. જો પૃથ્વી અને સૂર્ય તેઓને સોંપાયેલી ફરજનો ઈનકાર કરે તો વિશ્વનું શું થાય ? માટે કોઈપણ એવું નથી કે જે કર્મથી મુક્ત હોય અને છતાં કોઈ એક સ્વરૂપધારી હોય ! પ્રત્યેક જણ પોતાનું કામ કાળજીપૂર્વક અને નિશ્ચિતપણે કરતું રહે તો જ સર્જનચક્ર ઝડપથી અને સરળતાથી ફરતું રહી શકે.

તને થશે કે જ્ઞાનીઓએ પણ કર્મો શા સારુ કરવાં ? તને જ નહિ પણ બીજા અનેકને આ પ્રશ્ન થશે. જેઓ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા છે એમના આદર્શનું સામાન્ય રીતે બીજા અનુકરણ કરે છે. (महाजना येन गता सा पथः ।) તેઓના કર્મો બીજા સૌના ધર્મના પાયારૂપ બની જાય છે. જો જ્ઞાનીઓ નિષ્ક્રિય રહે તો મૃત્યુને આધીન એવા સામાન્ય માનવીઓ પોતાને કયે માર્ગે બચાવી શકે ? તેઓના કોઈ માર્ગદર્શક ન હોય તો તેઓ ઈન્દ્રિય - સુખના સહેલા માર્ગમાં જ અટવાઈ પડે. જ્ઞાનીઓની એ ફરજ છે કે સત્યને ઉત્તેજન આપવું અને બીજાઓને તે જીવનવ્યવહારમાં આચરી બતાવવું છે કે જેથી તેઓ પણ જ્ઞાનીઓના જેવું જ સંતોષી અને આનંદી જીવનની આશાએ એ સન્માર્ગે વળવા પ્રેરાય. જ્ઞાનીઓએ તો માત્ર કર્મ કરવું જ નહિ પણ કરાવવું, માત્ર જોવું જ નહિ પણ દર્શાવવું કે જેથી બાકીના સૌને તેઓ દ્રષ્ટાંતરૂપ બની રહે.

" અર્જુન ! એક વાત પર અહીં ધ્યાન આપ. તારાં શરીરમાં અત્યારે કેટલી ગરમી છે ? કદાચ ૯૮ જેટલી હશે. હવે એ શી રીતે થયું ? કારણ અબજો માઈલના અંતરે રહેલો સૂર્ય એ ગરમી આપે છે - તેનો પ્રસાર કરે છે, ખરું ને ? હવે સૂર્ય જો એમ વિચારે કે મારે તપવું જ નથી અને ઠંડો થઈ જાય તો માનવજાતનું શું થાય, કહે જોઉં ? એમ જ, જો હું કર્મનો ત્યાગ કરું- આ વિશ્વમાં અને વિશ્વ દ્વારા કરવાનું વિશાળ વિશ્વ કર્મ - તો એ વિશ્વની શું દશા થાય તેની કલ્પના કર. માત્ર એટલા માટે હું કર્મ માં પ્રવૃત્ત છું એટલું યાદ રાખ, અને નહિ કે મને એમાંથી લાભ થાય છે, કંઈ મળે છે કંઇ ફળપ્રાપ્તિ થાય છે એ માટે.

વિશ્વમાં લગભગ દરેક જીવીને કર્મનો નિયમ બંધનકર્તા છે. પણ લોકો એવાં ગહન અજ્ઞાનમાં ડૂબેલા રહે છે કે તેઓને પોતાની નૈતિક અને બૌદ્ધિક કક્ષાનું કશું ભાન જ નથી હોતું. અને કર્મના રહસ્યથી તેઓ અજ્ઞાત રહે છે. એવા લોકોને મહાનુભાવોના દ્રષ્ટાંતથી પ્રેરણા થાય તો એ એક જ રીતે તેઓને ઉગારી લઈ શકાય. એટલા માટે જ્ઞાનીએ પ્રવૃત્તિમય રહેવાની આવશ્યક્તા છે ; તેણે સામાન્ય કોટીના માનવીનાં પ્રમાદ અને ભ્રમણ દૂર કરવાનાં હોય છે. માટે સૌ કોઈએ સ્ટેજ પણ આડાઅવળા થયા વગર કર્મના નિયમનું પાલન કરવાનું છે.

વિમાન ઉપર જાય પછી પૃથ્વીનો અનાદર કરી ત્યાં અવકાશમાં જ રહે છે ખરું ? જેઓને તેમાં મુસાફરી કરવાનો હક મળ્યો છે તે ઉપર ઊડીને તેમાં પ્રવેશી શકતાં નથી ; આથી તેઓને અંદર લેવા માટે જ્યાં એઓ ભેગાં થયાં હોય ત્યાં નીચે ઉતરવું જ પડે છે - અને પછી તેઓને લઈને ફરી તે અવકાશમાં ઊંચે ઊડી જાય છે. એ જ પ્રમાણે જ્ઞાનીને કર્મની ઈચ્છા કે આવશ્યક્તા ન હોવા છતાં તે કર્મક્ષેત્રે ઉતરી આવે છે અને જેઓ એના વિના પોતાની પ્રતિભાનો યથાર્થ ઉપયોગ કરે એવું ન હોય તેઓને સહાયરૂપ થાય છે. રાજા જનક જેવા મહાનુભાવે પણ આજ દ્રષ્ટિએ ધર્મકર્મો આચર્યા હતાં, અશ્વપતિએ પણ બીજાઓને પ્રમાદ અને દુષ્ટતાથી બચાવવા આ જ પ્રમાણે કર્યું હતું.

પછી અર્જુનના બીજા પ્રશ્નનો જવાબ વાળતાં શ્રીકૃષ્ણે કહ્યું, " કામ સર્વ પ્રકારના દૂષણનું મૂળ છે " અને પછી તેમણે તેના સ્વરૂપ, કારણ અને નિવારણ વિષે વિસ્તારથી સમજ પાડી. " જે દેહ - આત્મબુદ્ધિ એટલે કે પોતે માત્ર દેહ જ છે અને તેથી વધારે કશું જ નથી એવા ખોટા ખ્યાલમાં જકડાયો છે તે કદી કર્મ પર આધિપત્ય મેળવવાની આશા રાખી શકે નહિ - સાફલ્યની આશા રાખી શકે નહિ. જેણે બ્રહ્મ- આત્મબુદ્ધિ - એટલે કે પોતે બ્રહ્મ જ છે અને તેથી કોઈ રીતે ઉતરતો નથી એવી બુદ્ધિ - કેળવી છે તેને જ વિજય નિશ્ચિત છે એમ લાગશે. બધાં જ કર્મો ઈશ્વરપ્રિત્યર્થે થવાં જોઈએ પ્રભુ પ્રત્યેના સમર્પણભાવરૂપ હોવાં જોઈએ. વિશ્વને વિષ્ણુ - સ્વરૂપ - દિવ્યરૂપ વિશ્વધારક તત્વ સાથે એકરૂપ સમજવું જોઈએ.

આ અધ્યાયમાં ત્રણ મુખ્ય વિષયો અંગે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે : ૧. પ્રત્યેક વ્યક્તિએ કર્મમાં પ્રવૃત્ત રહેવાનું છે કારણ એમ ન થાય તો વિશ્વનો અંત આવે. ૨. મહાનુભાવોના કર્મો આદર્શ રૂપ છે કે જે બીજાઓએ દ્રષ્ટિ સમક્ષ રાખવાં જોઈએ. ૩. વિશ્વમાં લગભગ સૌ કોઈ કર્મરૂપ ધર્મને આધીન છે કે જેના અનાદર થઈ શકે નહિ.

શ્રીકૃષ્ણે ખૂબ સુંદર રીતે અર્જુનને આ તત્વબોધનું જ્ઞાન આપ્યું. એટલાથી સંતોષ ન માનતાં તેમણે અર્જુનને કહ્યું કે જ્ઞાન એ કર્મનું અંતિમ લક્ષ્ય અને કર્મનું અંતિમ ફળ છે. ચિત્તશુદ્ધિ અને ઈશ્વરકૃપા સાધ્યા કરવા માનવીએ સ્વપ્રયત્ન પ્રાપ્ત કરેલ જે મહામુલ્યવાન સાધન છે તે છે જ્ઞાન. જ્ઞાન આનંદ આપે છે એટલું જ નહિ - જ્ઞાન એ જ આનંદ છે. આમ શ્રીકૃષ્ણ અર્જુનને હવે જ્ઞાનમાર્ગે ચડાવી પ્રસ્થાન કરાવ્યું.

આ વિષયની ચર્ચા પાંચમા અધ્યાય સુધી ચાલે છે. ભગવદ્ ગીતા શાસ્ત્રની બોધ મેખલામાં જ્ઞાનયોગ એક અમૂલ્ય રત્નની જેમ શોભે છે. શ્રીકૃષ્ણ કહે છે, " **नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते** " - જ્ઞાન જેવું પવિત્ર કશું જ નથી. આગળ ૭ માં અધ્યાયમાં પણ એમણે કહ્યું છે, " **ज्ञानी तत्वमैव मे मतम्**" જ્ઞાનીને હું મારું જ સ્વરૂપ સમજું છું. ગીતામાં વિવિધ સંદર્ભોમાં આ જ રીતે જ્ઞાનયોગની ભવ્યતા અને મહા સમજાવવામાં આવ્યાં છે.

એજ કારણે સર્વ પ્રકારની આધ્યાત્મિક સાધનાઓમાં જ્ઞાનયોગને સૌથી વધારે ફળદાયી માનવામાં આવ્યો છે. સર્વ શાસ્ત્રો જ્ઞાનયોગમાં જ પૂર્ણસિદ્ધિ જુએ છે. ધ્યાન તો માત્ર જ્ઞાનસ્વરૂપની આરાધના છે કે જે વ્યક્તિનું સાચું સ્વરૂપ છે. સૌ તમારામાં છે અને તમે સૌમાં છો. અન્વય, વિવેકબુદ્ધિ અને બૌદ્ધિક અન્વેષણ દ્વારા આ બાબતની પ્રતીતિ તમારા મનમાં દ્રઢ કરવી જોઈએ. તમારા સાર્વત્રિક જાગૃતિ પ્રદેશમાંની મન, બુદ્ધિ અને વૃત્તિઓની જે જે છાપ રહી ગઈ હોય તે છૂટી પાડી એક પછી એક ભૂંસી નાંખવાની છે. એ કોઈને આત્મા સાથે કશી લેવાદેવા નથી. અને તમારું સાચું સ્વરૂપ આત્મા છે. આત્મા કોઈપણ વિષય કે પદાર્થની અસર નીચે આવતો જ નથી. ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે નિષ્ક્રિય હોય તો એ નિષ્ક્રિયતાની પણ આત્માને કંઈ અસર થતી નથી. આત્માને અનાસક્ત, અસ્પૃશ્ય તરીકે ઓળખવો એમાં જ્ઞાનનું રહસ્ય સમાયેલું છે.

આ પ્રકારના જ્ઞાનની ભૂમિકા સાથે તમારું પ્રત્યેક કર્મ થવું જોઈએ. આત્મા વિષેનું તમારું આ જ્ઞાન તમને બહિર્મુખ તેમજ અંતર્મુખ પ્રવૃત્તિ માર્ગ અને નિવૃત્તિ માર્ગ એ બન્ને માર્ગે સાચી દોરવણી આપશે. એ કર્મઅવરોધક ન બનતાં ઉલટું કર્મને હેતુલક્ષી અને અર્થપૂર્ણ બનાવશે. એથી શ્રદ્ધા અને નૈતિક જીવનને બળ મળશે અને તેનો વિકાસ થશે, જેમાં કર્મફળનો ત્યાગ હોય પણ કર્મનો નહિ એવાં નિષ્કામ કર્મને માર્ગે એ, માનવીને મુક્તિનિર્વાણના પ્રદેશમાં લાવી મૂકશે.

મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન જ સીધો માર્ગ છે. એથી જ્ઞાનની પવિત્રતા અદ્વિતીય માનવામાં આવી છે. અને એ ઉપરથી સ્વાભાવિક જ ફલિત થાય છે કે અજ્ઞાન નિઃસંશય ધિક્કારને પાત્ર છે. " પ્રત્યેકમાં સર્વસ્વને જુઓ અને સર્વસ્વમાં પ્રત્યેકનું દર્શન કરો " શ્રીકૃષ્ણે કહ્યું. સર્વ ક્ષેત્રો માત્ર એકને ક્ષેત્રજ્ઞને ઓળખે છે. અને તે કોણ ? આત્મા, એટલે કે તમે પોતે - તમારો આત્મા ! આટલું સમજશો તો તમે જ્ઞાની બની શકશો. માટે એટલું બરાબર જાણી લો કે આત્મા એ પરમ - આત્મા છે એવું જે જ્ઞાન તેને વિજ્ઞાન - વિશિષ્ટ જ્ઞાન તરીકે ઓળખાવી શકાય. અર્જુનના મનની સર્વ શંકા - દ્વિધા દૂર થાય એ માટે સર્વજ્ઞાનસંપન્ન શ્રીકૃષ્ણ અર્જુનને આમ યોગવિદ્યા શિખવવાનું શરૂ કર્યું.

" અર્જુન, આ પવિત્ર જ્ઞાનયોગની વિદ્યા મેં સૂર્યને આપી હતી. પછી વંશપરંપરાગત તે મનુ અને ઈસ્વાકુ સુધી પહોંચી. રાજર્ષિઓ એ શીખવા આવતા. પણ પછી તે વિશ્વલોકમાં ખોવાઈ ગઈ. એ કાળાતીત યોગવિદ્યા વિશ્વમાં ફરીથી પ્રસ્થાપિત કરવા માટે આવવું પડ્યું છે – અવતરવું પડ્યું છે.

તારા ધ્યાનમાં અવશ્ય આવશે કે યોગવિદ્યાને કાળાતીત ગણાવ્યા છતાં તે ખોવાઈ ગઈ એ બે વિધાનોમાં વિરોધાભાસ છે. ખરું છે, એ વિધાન વગર વિચારે કરવામાં નથી આવ્યું. જે અવિનાશી છે તે વિષે એમાં કહેવામાં આવ્યું છે કે તે નાશ પામ્યું. એને અવિનાશી કે અવ્યય તરીકે ઓળખાવવાના બે કારણો છે. એનો ઉદભવ વેદમાંથી થયો કે જેનો કદી વ્યય થતો નથી. સમયના અસ્મલિત પ્રવાહમાં બેદરકારી, દુરુપયોગ વગેરેના કારણે આ યોગ વિસારે પડ્યો એનો અર્થ એવો કે એ અદ્રશ્ય થયો. દેખાતો બંધ થયો. તેના જ્ઞાનનો વ્યય થતો ગયો. આથી વધારે એનો કશો જ અર્થ નથી. તેને જીવંત કરવો એટલે ફરીથી વ્યવહારમાં સંકલિત કરવો અને નહિ કે તેનું નવેસરથી સર્જન કરવું. એ રીતે તમારે

એનો અર્થ ઘટાવવાનો છે કારણ પ્રભુ એવી કશાની જ રચના નથી કરતો કે જે નાશવંત હોય.

સૂર્યનો નિર્દેશ પણ વિચાર માગી લે છે. ભારતની પ્રજા અને તેનું માનસ ભગવાન સૂર્ય નારાયણ સાથે અત્યંત ગાઢ રીતે જોડાયેલું છે. ભારતના ભડવીરો, ક્ષત્રિયો શરૂઆતથી જ સૂર્યવંશી ગણાયા છે. સામાન્ય માનવીની દ્રષ્ટિએ પણ સૂર્ય એવો પવિત્રતમ ગણાયો કે તેને પરમ ગુરુને સ્થાને સ્થાપવામાં આવ્યો છે. ભારતના પવિત્ર ધર્મગ્રંથો અને ધર્મકથાઓમાં બીજા કોઈને એવું ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું નથી. સૂર્ય એવાં અદ્વિતીય સ્થાને બીરાજે છે. સમગ્ર વિશ્વ માટે સૂર્ય સર્જનહારનું દ્રશ્ય સ્વરૂપ છે. અને એ ઉપરાંત સૂર્ય દ્વારા કાળનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. શાસ્ત્રો કહે છે એ પ્રમાણે સૂર્ય તો કાળનો પિતા છે. દરેકનો જીવનકાળ (જીવનના વર્ષ) નું સૂર્ય નિયોજન અને નિર્માણ કરે છે ; સૂર્ય જ તો જે જીવનકાળ પ્રાપ્ત હોય તેનો એક એક દિવસના પ્રમાણસર ક્ષય કરતો રહે છે. આમ સૂર્ય તો સર્વોપરી સંચાલક છે – માનવીના ભાગ્યનો નિર્ણાયક છે. તમારી ભાવના હોય કે ન હોય તમારું દરેક કાર્ય સૂર્યને આધીન રહીને જ થાય છે અને તેને જ અર્પણ થાય છે.

એથી વિશેષ આ વિશ્વને સૂર્યની જે અપૂર્વ સેવા મળે છે એનો વિચાર કરો. એ તો દરેકના અનુભવની વાત છે અને પ્રત્યેક એનો સાક્ષી છે. આ પૃથ્વી પરની પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિને સૂર્ય જીવનદાયક છે. સુર્ય કિરણ વિના પૃથ્વી સૂકાં રણ જેવી જ હોત. મહાસાગરો અને સરોવરોના પાણી સૂર્ય વરાળરૂપે ઉપર ચડાવે છે અને સમય આવ્યે તેને વર્ષાના રૂપમાં પૃથ્વી પર વરસાવી ધાન્ય આપે છે. તે સર્વદા અને સૌના ધર્મદેવતા તરીકે તેના પ્રકાશકિરણો સર્વત્ર અને સમાન રીતે પાથરતો રહે છે.

સૂર્ય એક મહાન ત્યાગી છે ; સમર્પણ ક્ષેત્રે એની બરોબરી કોઈ કરી શકે એમ નથી, તે એક મહાન યોગી પણ છે કે જે એક ક્ષણ પણ પોતાની મહાનો કે વિરામનો વિચાર કરવા પણ થોભતો નથી. ફળપ્રાપ્તિના કશા જ ખ્યાલ વિના તે પોતાનો ધર્મ - તેની ફરજ અવિરત બજાવ્યું જ જાય છે. એ નમ્ર છે અને તેના કાર્ય માં દ્રઢ છે, જે સેવા એ આપે છે તે બીજું કોઈપણ આપી શકે એમ નથી. જે સુખ અને આનંદનો સૂર્ય સંચાર કરે છે તે બીજા કોઈની પણ શક્તિ બહારની વાત છે. આ બધું છતાં તે અભિમાનનો દેખાવ કરતો નથી. પોતાના શકિતદાયક ધર્મકાર્યના પરિણામનો સ્હેજ પણ ખ્યાલ કર્યા વગર તે કેટલો યે દૂર પોતાને સ્થાને અડગ રહી તે ધર્મકાર્ય બજાવ્યે જાય છે.

વિશ્વ અને વિશ્વની માનવજાતને માટે સૂર્ય કેવી અસહ્ય જ્વાળાને ધારણ કરે છે તેની કલ્પના કરો. માનવદેહને ઉષ્ણ અને સ્વસ્થ રાખનાર સૂર્ય છે. એ સ્થૂળ દેહ શક્તિ અને પ્રતિભાસંપન્ન છે તે રવિકિરણોત્સર્ગ દ્વારા જે શક્તિ એમાં પ્રવેશે છે તેને આભારી છે. જો સૂર્ય એક જ ક્ષણ સ્થગિત અને શિથિલ થઈ જાય તો સમગ્ર વિશ્વ અગ્નિજ્વાળામાં ભરખાઈ જાય. એથી ઉલટું એ તો જગતને પોષણ આપે છે. તે એને પોતાનો ધર્મ અને પોતાનું પ્રયોજન ગણે છે - માત્ર સેવા નહિ.

કર્મ જે તમારું સારું લક્ષણ છે તેમાં જ તમે પૂર્ણશક્તિ અને અડગ શૈર્યના - આત્મવિશ્વાસનો અનુભવ કરી શકશો. જો તમે એને આવી પડેલી એક ફરજ ગણશો તો એમાં આવતી મુસિબતો અને

પરિશ્રમરૂપ અંતરાયોનો સામનો કરવાનું તમને મુશ્કેલ લાગશે. વહોરી લીધેલું કર્મ અ - સહજ કર્મ ગણાય છે, અને જે કર્મ પોતાના સ્વત્વના અવિષ્કારરૂપ છે તે છે સહજકર્મ. સહજકર્મ હમેશાં હળવું લાગશે જ્યારે અસહજકર્મ બોજારૂપ લાગશે. અસહજકર્મ ' હું કરું છું એવો અહમ્ ભાવ પેદા કરશે અને પરિણામે પરિશ્રમ, પ્રહર્ષ, અણગમો કે અભિમાનની લાગણી જન્માવશે.

એક બીજા મુદ્દાનો વિચાર કર : જ્યારે માણસ સાજોમાજો હોય ત્યારે કોઈ પણ તેની તબિયત વિષે પૂછતાછ કરતું નથી. પણ જો કોઈને બીમારી કે શોક આવી પડે તો પ્રત્યેક વ્યક્તિ આમ કેમ થયું તે જાણવા માગશે અને ચિંતાતુર બની પ્રશ્નોની ઝડી વરસાવશે. આ ચિંતા શા માટે ? મૂળભૂત રીતે માનવી સુખી અને નીરોગી નજરે પડતો હોય છે. આનંદ એનો સ્વભાવ જ છે ; એ એનો સહજ સ્વભાવ થયો. માટે જ્યારે એ આનંદી અને તંદુરસ્ત હોય ત્યારે તેનું કોઈને આશ્ચર્ય થતું નથી તેમ ચિંતા પણ થતી નથી. પણ દુ:ખ અને શોક એ એના સ્વરૂપના - સ્વાભાવિક લક્ષણો નથી ; એ તેના સ્વભાવને આવરી લેનાર વિભ્રમ કે વિકારના પરિણામરૂપ છે. એથી લોકો ચિંતાતુર બની જાય છે અને તે આ પ્રકારની આત્મવંચનામાં – અસ્વાભાવિક દશામાં શી રીતે ફસાયો તે જાણવા માગે છે.

સૂર્ય આપણને શીખવે છે કે જ્યારે વ્યક્તિ સંપૂર્ણપણે સ્વયં સ્વરૂપ હોય છે ત્યારે શ્રમ, ઉશ્કેરાટ કંટાળો કે અભિમાન એમાંના કશાનો જ અનુભવ થતો નથી. સૂર્યનું કાર્ય બહારથી લાધ્યું હોય અને ફરજીયાત સ્વીકારવું પડ્યું હોય એવું નથી. એથી પદ્ધતિસર અને સરળતાથી થતું રહે છે. જે કાળનું સર્જન કરી સૂર્ય માનવજાતને તે વહેંચી આપે છે તેને સંપૂર્ણ અને હિતકારક ઉપયોગ કરો એવું પ્રોત્સાહન પણ આપે છે, અને તે માત્ર આરામદાયી સલામત જીવન માટે નહિ પણ માનવી જે અંતિમ સાર્થક્ય માટે જન્મ્યો છે તેને શોભે એવું નીતિમય અને ઉન્નતિકારક જીવન જીવવા માટે. હવે તમને સમજાશે કે ભગવાને ગીતાનો સૌ પ્રથમ બોધ સૂર્યને શા માટે કર્યો હશે. એ એક મહાન કર્મયોગી છે, – મહાન નિષ્કામકર્મયોગી.

શ્રીકૃષ્ણ હવે આ અમર ગીતાશાસ્ત્રનું જ્ઞાન અર્જુનને આપી રહ્યા છે, કે જે અનિશ્ચિત મનોદશાવાળા દ્વિધાગ્રસ્ત માનવીના પ્રતિનિધિને સ્થાને છે ; અને એમણે અર્જુનને એ માટે પસંદ કર્યો કારણ તેનામાં એવાં આદર્શ લક્ષણો પણ હતાં એની ના પાડી શકાશે ? આનો એક પળ વિચાર કરો. અર્જુન જો એવા સદગુણો અને ભવ્યતાપૂર્ણ પાત્ર ન હોત તો ભગવાન શ્રીકૃષ્ણ ગીતારૂપ દિવ્ય ભેટ માટે તેનો ઉપયોગ કરવાનું ઠરાવ્યું ન હોત. ભગવાન અપાત્રને કશું જ ભેટ ધરતા નથી. ગીતાનો બોધ ગ્રહણ કરવા જે ગુણો જોઈએ તે અર્જુનમાં હતા અને એટલે જ તેના ઉપર શ્રીકૃષ્ણની કૃપા ઉતારી.

---

# અધ્યાય ૭

" ધર્મના મૂળતત્વો જે સનાતન છે તે જ્યારે વિકૃત બનતાં જાય છે ત્યારે તેનું સંસ્થાપન અને રક્ષણ કરવા તેમજ સદાચારી સાધકો અને માનવીઓને ભયથી બચાવવા હું નિરાકારમાંથી નરાકાર રૂપે અવતાર લઉં છું. " શ્રીકૃષ્ણે કહ્યું. હવે આ વચન કદાચ થોડો સંશય પેદા કરશે. તમને પ્રશ્ન થશે : આ ઉપરથી સામાન્ય કોટીના માનવીને એમ ન થાય કે ધર્મની પણ અધોગતિ અને હ્રાસ થઈ શકે છે ? ધર્મ નિત્ય અને સત્ય નથી એમ ગણી તે તેની અવગણના નહિ કરે ?

જુઓ ; ધર્મરક્ષાના મહાકાર્યની મહા તમને ત્યારે જ સમજાશે જ્યારે તમે ધર્મનું મૂળ અને તેના હેતુનો પૂરો વિચાર કરશો. ઈશ્વરે આત્મપ્રેરણાથી આ વિશ્વનું સર્જન કર્યું અને તેના સરળ વ્યવહાર અને જતન માટે તેણે કેટલાક નિયમો ઘડ્યા. જીવમાત્ર માટે સદાચારલક્ષી નિયમો હતા. આ બધાનું સંકલન તે ધર્મ.

ધર્મ શબ્દ " **ધૃ** " ઉપરથી આવ્યો છે અને " **ધૃ** " નો અર્થ થાય છે ધારણ કરવું. જે આપણે ધારણ કરીએ છીએ તે ધર્મ. **દેસ**, પ્રભુનો દેહ જે ધર્મ એ ધારણ કરે છે તે વડે રક્ષિત છે : એ તેના સૌંદર્ય અને આનંદરૂપ અલંકાર પણ છે ; એ ભારત દેશનું પવિત્ર અંબર - પિતાંબર છે. તે માન અને મોભ્ભો બન્નેનું રક્ષણ કરે છે ; શરદી ગરમીથી બચાવી જીવનમાં મધુરતાનો સંચાર કરે છે. ધર્મે આ ભારતભૂમિનું સ્વમાન જાળવી રાખ્યું છે, જેમ વસ્ત્રો તે ધારણ કરનાર વ્યક્તિની મહા સૂચવે છે તેમજ ધર્મ પ્રજાના સ્વમાનનું પ્રમાણ છે.

માત્ર આ દેશની વાત નથી ; વિશ્વની પ્રત્યેક વાસ્તવિકતા સાથે તેના વિશિષ્ટ ધર્મ અને રૂપ સંકળાયેલાં છે. ધર્મ વ્યક્તિ અને સમષ્ટિ પર આધિપત્ય ભોગવે છે. **પ્રપંચ** ના પાંચ તત્વો પંચભૂત - નો વિચાર કરો. જળનો સ્વભાવ છે ગતિ અને શીતળતા ; દહન અને પ્રકાશ એ અગ્નિનો ધર્મ છે ; પાંચને વિશિષ્ટ ધર્મ છે. માનવી માટે માનવતા ; પશુઓ માટે પાશવતા, એ તેઓને ક્ષયથી બચાવે છે ; તેઓની રક્ષા કરે છે. દાહકતા અને પ્રકાશ ન હોય તો અગ્નિ, અગ્નિ શી રીતે ગણાય ? સ્વત્વની સિદ્ધિને ખાતર તેણે પોતાનો ધર્મ દર્શાવવો જ રહ્યો, તેને અપનાવવો જ રહ્યો. જ્યારે અગ્નિ પોતાનો એ ધર્મ ખોઈ બેસે છે ત્યારે એ નિર્જીવ કોલસાનો ટુકડો બની જાય છે.

એજ પ્રમાણે માનવીના કેટલાંક એવાં સ્વાભાવિક લક્ષણો છે કે જે એના જીવનના આધારરૂપ છે. તેને શક્તિ કે કાબેલિયત તરીકે પણ ઓળખાવી શકાય છે. એ શક્તિ અને કૌશલ્ય તેમનામાં સમાયાં હોય ત્યાં સુધી જ તેમને " માનવી " ગણાવી શકાય. જો તેઓ એ બધું ગુમાવી બેસે તો તે જ ક્ષણે એ " માનવી " મટી જાય છે. આવા ગુણ અને શક્તિને પોષણ આપવા, અમુક અમુક વિચારસરણી અને આચારસંહિતા નક્કી કરવામાં આવ્યાં છે. આ આચારવિચારને જો સાચવી રાખવામાં આવે તો ધર્મનો કદી ક્ષય ન થાય, તેની કદી અધોગતિ ન થાય. ધર્મ ક્યાંય બહારથી આયાત થઈ શકતો નથી તેમ તે દૂર પણ કરી શકાતો નથી. એ તમારો સાચો સ્વભાવ છે - તમને એ સ્વભાવગત છે ; તમારું એ વિશિષ્ટ

લક્ષણ છે. પ્રાણીને માનવ સ્વરૂપ આપનાર ધર્મ છે. ધર્મ પાલન શી રીતે કરવું ? તમારું સ્વત્વ જાળવી રાખીને. જે ધર્મથી વિચલિત થઈ મનના તરંગો પ્રમાણે વર્તે છે તે અધર્મ આચરે છે.

સમય જતાં માનવીના આ સહજધર્મમાં ક્ષતિ જણાવા લાગી. જેઓ એને ટેકો આપતા હતા, ઉત્તેજન આપતા હતા અને તેમાં આનંદ પ્રાપ્ત કરતા હતા તેઓની અધોગતિ થવા લાગી. એટલે સામાન્ય શબ્દ વ્યવહારમાં એમ કહેવાયું કે ધર્મનો નાશ થયો. પણ હકીકતમાં એ નાશવંત છે જ નહિ. ધાન્યના છોડને આજુબાજુનો વધી ગયેલો કચરો આવરી લે તેવું આ પરિણામ છે. માટે ધર્મસંસ્થાપન એટલે ખેતરમાંથી એવો કચરો ઉખેડી ફેંકી દેવો એટલું જ. હવે આ કળિયુગમાં તો ધર્મ માત્ર શબ્દની રમત જ રહી છે. ધર્મ માત્ર શબ્દોની જાદુઈ યુક્તિપ્રયુક્તિ નથી, એટલી વાત સ્પષ્ટ સમજાવી જોઈએ. શબ્દમાં જે કહેવાનું છે તે છે ' સત્ય ' ; વ્યવહારમાં જે આચરી બતાવવાનું છે તે છે ' ધર્મ '.

" **सत्यम् वद धर्मम् चर** ", એ ઉપનિષદનો મહાન આદેશ છે, કે જે ઉપનિષદો ભારતીય સંસ્કૃતિના સંગ્રાહક છે. આ જ્વલંત જ્યોતિર્મય ઉપદેશ આજે વિસારે પડ્યો છે ; હકીકતમાં તો એને અવળું જ રૂપ આપવામાં આવ્યું છે. **धर्मम् वद** - ધર્મની વાત કરો એ આજકાલના વ્યવહાર થઈ ગયેલ છે. ધર્મના અધઃપતનમાં આ પ્રથમ પગથિયું છે, કયું ? કાર્યને વ્યવહારને બદલે વાણીથી ચલાવી લેવું, માત્ર બોલ્યા એટલે કર્યું જ ગણાય એવી માન્યતા. સાચી દૃષ્ટિએ આ અ - ધર્મ છે.

જે ધર્મ આચારવ્યવહારમાં વણાઈ ન જાય તેમાં બળ - તાકાત નથી આવતાં. પાણીમાં હોવું એ પર મગરના બળનો આધાર છે, ધર્મનું બળ વ્યવહારમાં એનું કેટલું પાલન થાય છે તે ઉપર આધારિત છે. જીવનક્ષેત્રમાંથી કાઢી લઈ એને શબ્દોની રેતી પર ફેંકી દેવામાં આવે ત્યારે તે નિર્બળ, શુષ્ક બની જાય છે. વાણીમાં સત્યનો પ્રયોગ થાય ત્યારે તેનું બળ વર્તાય છે. વ્યવહારમાં એનું આચરણ કરવું ઘણું કઠીન છે. " બળ યા શક્તિ " ના અહીં બે અર્થો છે : પાશવી શક્તિ અને ધાર્મિક બળ. ભીમમાં શારીરિક શક્તિ હતી પણ તેના જયેષ્ટ બંધુ ધર્મરાજ તેની પડખે જ હોવાથી ધર્મના પ્રભાવને પરિણામે ભીમનું બળ ધાર્મિક બની ગયું. ધર્મબળ પર આધાર રાખ્યો તો પાંડવો ઉગરી ગયા ! એમ જો ન હોત તો મૂળ શરૂઆતમાં જ એઓ હારી ગયા હોત. ધર્મરાજ વિનાના પાંડવો ગમે એવી તાકાતવાળા હોત તો પણ તેઓના દુશ્મનો એમને સહેલાઈથી હરાવી ગયા હોત. આ ઘટનાનો સ્હેજ વિચાર કરો. અત્યંત ચઢિયાતી શસ્ત્રસામગ્રી છતાં કૌરવોનો વિનાશ કેમ થયો ? તેઓમાં ધર્મબળ ન હતું માટે, એઓ જે બળ ઉપર આધાર રાખી શકે એમ હતું તે હતું પાશવી બળ. ધર્મરાજ અને ભીમ જેઓ ધાર્મિક બળ ધરાવતા હતા તેઓએ જે દિવસે વનવાસ સ્વીકાર્યો તે દિવસે કૌરવોના રાજ્યમાં અધર્મે પગપેસારો કર્યો.

જે ધર્મને વનવાસ આપી દેશપાર કરવામાં આવ્યો છે તેને વિશ્વની સંપત, સમૃદ્ધિ અને શાંતિના પ્રસ્થાપન માટે ગામડાં અને શહેરોમાં ફરીથી લાવીને સાચવી રાખવાની આવશ્યકતા ઉભી થઈ છે. અ - ધર્મના અમલ બાદ વિષે હવે ધર્મયુગમાં પ્રવેશવાનું છે. જ્યારે તમો નવો પાક ઉગાડો છો ત્યારે તે માટે ખાસ પ્રયત્ન કરવો પડે છે ; પણ જંગલી ઘાસ અને નકામી વનસ્પતિ ઉગાડવા માટે કશો જ પ્રયત્ન કરવો પડતો નથી. આમ સહજ ધર્મનો અણમોલ પાક લેવા માટે ખૂબ કાળજી અને દેખરેખ અત્યંત

જરૂરી છે. જ્યારે ધર્મનું પાલન થશે ત્યારે અધર્મ આપો આપ જ હઠતો જશે – નબળો પડતો જશે. એનો અમલ દૂર કરવા કોઈ ખાસ પરિશ્રમની આવશ્યકતા રહેવાની નથી. માટે એ અર્થમાં ધર્મસ્થાપના એટલે ધર્મ પાલનનો વિકાસ અને વૃદ્ધિ.

લોકો જ્યારે કહે " સૂર્યાસ્ત થયો " ત્યારે એનો શું અર્થ કરે છે ? એટલું જ કે તે આપણને દેખાતો બંધ થયો છે. એ જ પ્રમાણે ધર્મનું દર્શન થતું ન હોય એટલા જ કારણે તેનું અસ્તિત્વ ભુંસાઈ ગયું છે એમ કહી શકાય નહિ. તેનું અસ્તિત્વ માટે જ શી રીતે ? જો ખરેખર એમ થાય તે એ નથી સત્ય કે નથી ધર્મ. ધર્મ સત્ય સાથે સંલગ્ન હોઈ તે અવિનાશી છે. જે ધર્મ છુપાઈ ગયો છે અદ્રશ્ય થયો છે તેને ફરીથી દ્રશ્ય બનાવવો - બહાર લાવવો એ સાચી ધર્મ સ્થાપના છે. શ્રીકૃષ્ણ જે કરી રહ્યા છે તે આ જ છે.

જે નીતિનિયમો અને વિચારસરણી પ્રારંભથી ધર્મ તરીકે આલેખવામાં આવ્યાં છે તે અર્જુનને નિમિત્ત બનાવી ભગવાન ફરી પ્રકટ કરી રહ્યા છે, અને તેનો અમલ એટલે કે ધર્મપાલનનું પ્રસ્થાપન કરી રહ્યા છે. આ વાતને ધર્મોધારણા તરીકે ઓળખાવી છે. જે કંઈ મરી પરવાર્યું હતું તેને ફરીથી સજીવન કરી રહ્યા છે. આ કંઈ એવું કામ નથી કે જે સામાન્ય માનવી સિદ્ધ કરી શકે, અને એથી ખૂદ વિશ્વાધારને - વિશ્વપતિને એ મહાકાર્ય હાથ ધરવું પડે છે. તે પોતે સર્વશક્તિમાન છે. અહીં તો અર્જુન દ્વારા તેઓ વિશ્વને માત્ર જ્ઞાન આપી રહ્યા છે.

જો અર્જુન બીજાઓ જેવો જ એક સામાન્ય માનવી હોત તો આ દિવ્યજ્ઞાનનો અધિકારી અને પ્રસારક બની શક્યો ન હોત. માટે તમારે એ ઉપરથી સમજવાનું છે કે અર્જુન ખરેખર એક મહાપુરુષ હતો. એ ઈતિહાસનો એક એવો પરાક્રમી વીર છે કે જેણે બહારના જ નહિ પણ તેની અંદર વસતા દુમનો ઉપર પણ વિજય મેળવ્યો છે. નિર્બળ હૃદય ગીતાનો મર્મ સમજી તેને અમલ કરી શકવાનું નથી. આ વાતને અને એ ઉચ્ચ હેતુને લક્ષમાં રાખી શ્રીકૃષણે અર્જુનને એના વાહક તરીકે પસંદ કરી તેના પર પોતાની દિવ્ય કૃપા વરસાવી હતી.

એક વાર શ્રીકૃષ્ણ અર્જુન સાથે એકત્વભાવે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે તેમણે એક મહત્વની વાત કહી - (શ્રીકૃષ્ણ જે વિવશ કરી મૂકે એવી કૃપા દર્શાવી તે લક્ષમાં રાખજો). " અર્જુન ! તું મારો આત્મીય ભક્ત છે : એટલું જ નહિ તું મારો અત્યંત પ્રિય મિત્ર પણ છે. મને તારા જેવો પ્રિય મિત્ર બીજો કોઈ નથી, એ કારણે મેં તને આ સર્વશ્રેષ્ઠ ગુપ્તવિદ્યા રહસ્યજ્ઞાન આપ્યું છે.

આ શબ્દોનું મનન કરો. વિશ્વમાં અનેક પોતે જ પોતાને ભક્તો ગણાવે છે. પ્રભુ કંઈ તેઓનો ભક્ત તરીકે સ્વીકાર કરતા નથી. ખુદ ભગવાન એ નામ આપે એ મોટું સદભાગ્ય છે અને સર્વોચ્ચ પ્રમાણપત્ર છે. ભકતે તો ભગવાનનું અંતર પીગળાવવાનું હોય છે તેને લાગણીથી ઊભરાવી દેવાનું હોય છે અને ભક્તિનો સ્વીકાર કરાવવાનો હોય છે. પોતે જ એવા નામધારી બની જવું એથી બહુ તો ક્ષુલ્લક સંતોષ - અલ્પતૃપ્તિ મળે – સાચો આનંદ - આત્મતૃપ્તિ નહિ. ખુદ ભગવાન પાસે એ બિરૂદ મેળવનાર એક અર્જુન હતો. આમ તમે સમજી શક્યો કે અર્જુન કેવો નિર્મળચિત્ત અને સુપાત્ર હશે. તમે પોતે તમારે વિષે

અનેક પ્રકારના ગુણગાન કરો- હું આવો હું તેવો છું એવો દાવો કરતા રહો એટલું પૂરતું નથી. પ્રભુએ તમને માન્યતા આપી છે એ તો તમારે પૂરવાર કરવું જ રહ્યું. એ સિવાય તમારી બધી વાતો અર્થહીન આત્મશ્લાઘા જ રહે છે. અવિચ્છિન્ન આજ્ઞાપાલન દ્વારા તમારે ભક્તિ પરિપૂર્ણ કરવી જોઈએ. એટલું પણ પૂરતું નથી. એટલા માટે જ શ્રીકૃષ્ણ " મિત્ર " શબ્દનો પણ પ્રયોગ કરે છે. મિત્ર ભયરહીત - ભયમુક્ત હોય છે અને એથી તે સંપૂર્ણ ધ્યાનપૂર્વક સર્વ કંઈ ગ્રહણ કરી શકે છે.

હવે આપણે ફરી ગીતા તરફ વળીશું. અર્જુને શ્રીકૃષ્ણનું સંભાષણ સાંભળ્યું અને એના મગજમાં શંકાકુશંકાના જાણે વાદળો ઘેરાવા લાગ્યાં. એ ખૂબ જ વ્યગ્ર બની ગયો. અર્જુનની જેમ આજકાલના માનવીઓ સંશયને લીધે ચિંતામગ્ન બની જાય છે. તે ઉપરાંત ગૂઢ આધ્યાત્મિક વિષયમાં અને પરમાત્મા વિષેના જ્ઞાનક્ષેત્રમાં જુદા જુદા બે અર્થો ઘટાવવામાં આવે છે : બાહ્ય કે શાબ્દિક અર્થ અને ગૂઢાર્થ. સામાન્ય માનવીઓ સામાન્ય અર્થ સ્વીકારી તે પ્રમાણે વર્તે છે અને જેઓને પ્રભુનો - પરમાત્માનો કશો અનુભવ હોય એઓ ગૂઢાર્થ શોધતા હોય છે. કહેવત છે એ પ્રમાણે - આંખના મોતિયાની જેમ, જોડામાં કાંકરીની જેમ અને પગમાં કાંટાની જેમ - આ મસ્તિષ્કની શંકા વિઘ્નરૂપ થાય છે. અર્જુન જે અહીં માનવીનો પ્રતિનિધિ છે તેને આવા સંશયો ઘેરી વળે છે એનો અર્થ એવો કે સમગ્ર માનવજાતના એ સંશયો છે. એનો ઉકેલ માત્ર માધવ કે જે માનવજાતથી પર અને પરમશ્રેષ્ઠ છે તે જ લાવી શકે. એટલા માટે એના મનમાં ઉદભવતા કોઈ પણ સંશયનું ત્યાંને ત્યાં નિવારણ કરવા શ્રીકૃષ્ણ એની પડખે તૈયાર ઊભા છે.

હવે ખરેખર શી શંકા ઊભી થઈ છે ? દ્વાપરયુગના અંત સમયે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો, સૂર્ય અને મનુ એ ભૂતકાળના પાત્રો ગણાવા લાગ્યા હતા. તે પછી એ બે શ્રીકૃષ્ણને ક્યારે અને શી રીતે મળી શક્યા ? પણ યાદ રાખો- ભલેને એઓ અને શ્રીકૃષ્ણ વચ્ચે અનેક પેઢીઓનું અંતર હોય પણ એઓનો સંબંધ દૈહિક - પાર્થિવ ન્હોતો. શ્રીકૃષ્ણ અર્જુનના સમકાલીન છે. તે શ્રીકૃષ્ણ એ યોગવિદ્યા સૂર્યને શી રીતે આપી ? માનવામાં ન આવે એવી વાતો નિરાંતે બેસીને ધ્યાનથી સાંભળ્યા કરવી એ તો બુદ્ધિનું દેવાળું છે. હર પળે અર્જુનની વ્યાકુળતા વધતી જતી હતી. શ્રીકૃષ્ણ જે સર્વત્ર છે અને સર્વમાં છે તેમણે આ જોઈ લીધું. તેમણે અર્જુનને પૂછ્યું, " જે વ્યગ્રતા હું તારામાં જોઈ રહ્યો છું તેનું કારણ શું છે ? મને સમજાવ " અને હસીને તેના તરફ જોયું.

અર્જુનને આ તક મળ્યાનો આનંદ થયો, " માધવ ! હું આપની ભાષા સમજી શકતો નથી. તમારા શબ્દો મને એટલા તો ગુંગળાવે છે કે જે થોડી ઘણી આસ્થા અને આપનામાં છે તે પણ હું ગુમાવી બેસીશ એવો મને ભય લાગે છે. પણ મને ક્ષમા કરો ; મારી પ્રાર્થના છે કે મારી શંકાનું આપ સમાધાન કરો. હું એ હવે વધુ વખત સહન કરી શકું એમ નથી. " અર્જુને હાથ જોડી નમન કર્યું.

શ્રી ગોપાલને પણ આનંદ થયો અને તેમણે પૂછ્યું, " બોલ, કયા પ્રકારની શંકા તને સતાવી રહી છે ? " અર્જુને નિવેદન કર્યું, " તમે કહ્યું કે આ યોગવિદ્યા સૂર્યને અને મનુને તમે શીખવી હતી. આ બે વ્યક્તિઓ થઈ ગયાને કેટકેટલાં વર્ષો વીતી ગયાં ! અને તમે કયા યુગમાં જીવો છો ? તમે તમારા આ વર્તમાન

સ્વરૂપમાં એઓને એ વિદ્યા આપી હતી ? એ માની જ કેમ શકાય ! કારણ તમે મારા કરતાં બહુ બહુ તો ચાર કે પાંચ વર્ષ મોટા હશો. તમારી ઉંમર એથી વધારે હોઈ જ ન શકે. મારી જાણ બહાર તમે એઓને એ બધું શિખવ્યું ક્યારે ? અને સૂર્ય – એ તો તમારા કરતાં પણ કેટલો મહાન છે, કેટલાયે ગણો મહાન છે એમ કહું તો ચાલે. એનું અસ્તિત્વ તો મૂળ શરૂઆતથી છે, યુગયુગથી ચાલ્યું આવે છે કે જેના કાળની આપણે કલ્પના પણ કરી શકતા નથી. હું એ માનવા તૈયાર નથી. શ્રેષ્ઠ બુદ્ધિમાન પુરુષ પણ એ સત્ય પૂરવાર કરી શકે નહીં. તમે કહેશો - " હવે એ બધું રહેવા દે. મેં કંઈ એ આજના સ્વરૂપમાં અને વર્તમાન યુગમાં નથી કર્યું, એ તો હું જ્યારે બીજા સ્વરૂપમાં અને પહેલાંના યુગમાં એને મળેલો ત્યારે બધું શીખવ્યું હતું. એથી તો કોકડું વધારે ગૂંચવાશે. આગલા જન્મમાં શું બન્યું હતું તે કોઈ પણ શી રીતે યાદ રાખી શકે ? તમે જો એમ કહો કે એવી સ્મરણશક્તિ શક્ય છે તો પછી એ નિયમ મને પણ લાગુ પડવો જોઈએ ; કેમ ખરું કે નહિ ? શાસ્ત્રો કહે છે કે માત્ર થોડી દૈવી વિભૂતિઓ જ આવી બિના સ્મરણમાં રાખી શકે છે, અને મૃત્યુનો ભોગ બનનારા સામાન્ય માનવી એ યાદ રાખી શકતા નથી. ભલે, તમે દિવ્યરૂપ છો એ હું સ્વીકારું છું. પણ સૂર્ય પણ દિવ્યરૂપ છે એ મારે સ્વીકારવું જ રહ્યું. હવે બે વ્યક્તિઓ જે દિવ્યતાની સમાન કક્ષાએ છે તે એકબીજાને યા એકમેક પાસેથી શીખવી યા શીખી શી રીતે શકે ? તમે શિખવો અને તે શીખે એટલે તે તમારો શિષ્ય થયો, થયો કે નહિ ? તો પછી તમે સૂર્ય કરતાં ઉચ્ચ છો અને એથી ચઢિયાતા છો એમ માનવું જ રહ્યું. આપણે એમ માનીને જ ચાલીએ. હું સ્વીકારું છું કે તમે ઈશ્વરસ્વરૂપ છો – ખૂદ પરમાત્મા છો. એથી તો મારી મુશ્કેલી ઓર વધી જાય છે ! કારણ પરમાત્માને જન્મ, મરણ અને કર્મનું પ્રયોજન જ શું ? જ્યારે તમે પાંચ ફૂટના માનવી તરીકે આવી ઉતરી પડો એ જે અનંત છે એને મર્યાદિત સ્વરૂપ આપવા જેવું જ થયું ને ! અનંત, અમર્યાદ વિશ્વરૂપ છોડીને પરમાત્માએ અમુક એક મર્યાદિત વ્યક્તિ તરીકે મૂર્તિમંત થવાની કઈ જરૂર ? હું મારા મન સાથે ક્યારનો તરેહ તરેહની દલીલ કરી રહ્યો છું પણ મારી શંકાનું સમાધાન થઈ શક્યું નથી. તમારા શબ્દો તમારે માટે અર્થપૂર્ણ હશે ; મને તો તેમાં કંઈ અર્થ દેખાતો નથી. મારા મગજમાં ગૂંચવાડો ઊભો થયો છે, મને કંઈ માર્ગદર્શન આપો - કંઈ પ્રતીતિકર ઉત્તર આપો, " અર્જુને પ્રાર્થના કરી.

શ્રીકૃષ્ણ મનમાં હસ્યા. તેમને ખબર પડી ગઈ કે હવે જે ક્ષણની એ રાહ જોતા હતા તે આવી પહોંચી છે. તેમણે કહ્યું, " અર્જુન ! લોકો જ્યારે એમ કહે છે કે હવે સૂર્યોદય થયો અને હવે સૂર્યાસ્ત થયો - ત્યારે ખરેખર તેઓ એનો શું અર્થ કરે છે ? એમની દ્રષ્ટિને લાગેવળગે છે ત્યાં સુધી જ એ બરાબર છે, ખરું કે નહિ ? સૂર્ય નથી ઊગતો, નથી આથમતો. હું પણ એવો જ છું. નથી હું જન્મતો, નથી મરતો. સામાન્ય બુદ્ધિના માનવીઓ એવું ઘટાવે છે કે હું અનેકવાર જન્મ છું અને પ્રત્યેક જન્મે અનેક કાર્યો કરતો જાઉં છું. પણ ખરી વાત તો એમ છે કે જ્યારે જ્યારે વિશ્વલોકના ઉદ્ધારની આવશ્યકતા જણાય છે ત્યારે ત્યારે હું નામરૂપ ધારણ કરી હાજર થાઉં છું ; મારાં બધાં દર્શનો અને પ્રાકટ્ય વિષે હું બધું જાણતો હોઉં છું. હું સર્વશક્તિમાન, સર્વજ્ઞ છું. હું જ નહિ, તું પણ બધું જાણે છે, પણ તારી જ્ઞાનશક્તિ પર અજ્ઞાન ફરી વળ્યું છે. હું પોતે જ જ્ઞાન છું અને તેથી સર્વ કાંઈ મને વિદિત છે. સૂર્યને તમે અરીસામાં જુઓ એટલે કંઈ તે તેની ભભક કે સ્થાન ગુમાવતો નથી. એ તો અસ્પૃશ્ય જ રહે છે ; એનો

જાજવલ્યમાન પ્રકાશ ઝાંખો પડતો નથી. એ જ રીતે પ્રકૃતિમાં હું પ્રતિબિંબિત થાઉં છું, અને તેને લીધે કંઈ મારી દિવ્યતા કે સ્થાનમાં ક્ષતિ આવતી નથી. હું તો હંમેશના જેવો જ સર્વશક્તિમાન અને સર્વજ્ઞ રહું છું. હું અજાત છું, અમર છું. પૂર્વ જન્મના કૃત્યો અને તેના ગુણદોષને પરિણામે માનવીઓ જન્મે છે. કદાચ તને એમ થશે કે અવતારી પુરુષોની બાબતમાં પણ એમ જ હશે. ના. તારો છે કર્મજન્મ, જ્યારે મારો છે લીલાજન્મ, સાધુજનોની પ્રાર્થના એ મારા જન્મનું કારણ બને છે. પણ બીજું એ પણ યાદ રાખ - દુષ્ટોના દુષ્કૃત્યો પણ એનું કારણ બને છે.

---

# અધ્યાય ૮

અવતારી પુરુષોને સામાન્ય માનવીની જેમ પૂર્વજન્મોના સત્કર્મો યા કુકર્મો હોતાં નથી અને વર્તમાન જન્મમાં તેમણે તેનું પરિણામ ભોગવવાનું હોતું નથી. તેઓનો જન્મ સ્વૈછિક અને તેઓનું જીવન એક લીલા છે. સત્પુરુષોની સચ્ચાઈ અને ભલાઈ તથા દુષ્ટોના દુરાચારને કારણે પ્રભુ અવતાર લે છે. દ્રષ્ટાંત તરીકે નૃસિંહાવતાર જે. પ્રહલાદની ભક્તિ અને હિરણ્યકશિપુની ક્રૂરતા એ નૃસિંહાવતારના સંયુક્ત કારણો છે. પ્રભુના અવતારને પરિણામે જેઓ સાધુજીવન (સદાચારી જીવન) ગાળનારા છે એઓને સુખશાંતિ મળે છે અને દુષ્ટોને યાતનાનો ભોગ બનવાનું આવે છે. અવતારી પુરુષે દેહરૂપ ધારણ કર્યું હોવા છતાં તેને કોઈ પ્રકારનો આનંદ કે શોક હોતો નથી. અવતાર પંચભૂતોથી સર્જાયો નથી હોતો - તે મૃમ્ભય (માટીનો) નથી પણ ચિન્મય છે - ભૌતિક નહિ પણ દૈવી. તે અહંકાર કે મમતાના ભાવથી, મારું અને તારું એવા મમત્વભાવથી કદી ચલિત થતો નથી ; અજ્ઞાનતામાંથી જન્મેલી ભ્રમણા તેને સ્પર્શી પણ શકતી નથી. માણસ અવતારધારીને એક સામાન્ય વ્યક્તિ ગણવાની કદાચ ભૂલ કરે પણ તેની અવતારી પુરુપ ઉપર કશી અસર થતી નથી. એ તો એક ધ્યેય - એક મહાકાર્ય માટે આવ્યો હોય છે અને તે સિદ્ધ કરીને જ રહે છે.

" એ કાર્ય શું છે એ હું તને કહીશ. એ છે સાધુજનોનું રક્ષણ, દુષ્ટોને તેઓના ભ્રષ્ટાચાર અનુરૂપ શિક્ષા અને ધર્મને ઉત્તેજન - ધર્મભાવ અને ધર્મકાર્યોનો પ્રચાર અને વિકાસ. અહીં હું ' સાધુ ' નો અર્થ સંન્યાસી કે તપસ્વી એવો નથી કરતો. સાધુ એટલે - સાધુગુણ, દયાભાવ, સત્ય પ્રત્યેની દ્રઢતા અને સદગુણ ; અને એ પ્રાણીઓ તો શું જીવજંતુઓમાં પણ હોઈ શકે છે. ખરું જોતાં સત્વગુણનો વિકાસ એ ' સાધુત્વ ને ઉત્તેજન આપવાની સૌથી શ્રેષ્ઠ રીત છે. ' અવતાર ' આ પવિત્ર ગુણોનું મૂર્ત સ્વરૂપ જ છે અને એથી એવા ગુણવાન માનવી જ્યાં હોય ત્યાં તેઓને બળ આપી તે તેઓની ઉન્નતિ કરે છે. સંન્યાસી સાધુત્વને ધ્યેય બનાવી તે સિદ્ધ કરવામાં પ્રયત્નશીલ રહે છે એટલે કહેવાય છે કે તેના પ્રત્યે સર્વદા પરમાત્માની કૃપાદષ્ટિ હોય છે.

" પણ એ સન્યાસીઓ જ કંઈ સાધુઓ નથી. જેઓ સદાચારી છે, જેઓ ચારિત્ર્યવાન છે, જેઓ સત્યને માર્ગે ચાલે છે ; જેઓ સર્વેશ્વર (પરમાત્મા) ના સાનિધ્યની અપેક્ષા કરે છે, જેઓ સત ધર્મનું પાલન કરે છે, જેઓ સર્વને સમાન ગણે છે એ બધા જ સાધુજનો છે. આવા ગુણભાવ પશુપક્ષીઓમાં પણ જોવામાં આવે છે. રામાયણની કથામાં ' જટાયુ ' ને આ ગુણવાન હોવાથી જ પ્રભુએ ઉગારી લીધો હતો. એ જ કારણને લીધે હાથી (ઐરાવત) ને પ્રભુકૃપા પ્રાપ્ત થઈ હતી, અને વાનરોને પ્રભુસેવાની અને પ્રભુકૃપાની અણમોલ તક મળી હતી. એ જ રીતે ખિસકોલીને પણ વરદાન આપવાની પ્રભુને પ્રેરણા થઈ હતી. મણકાની કે રૂદ્રાક્ષમાળા, ભગવો ઝભ્ભો અને હાથમાં દંડ એટલાથી સાધુ થઈ જવાતું નથી. પહેરવેશ અને વાણીને પ્રમાણ ગણી કોણ સાધુ છે એનો નિર્ણય થઈ શકતો નથી – એનું નિરાકરણ તો ગુણને પ્રમાણ ગણીને જ થઈ શકે. પ્રાણીમાત્રમાં સારાપણાનો - સદગુણનો અંશ અને તેના વિકાસની શક્યતા હોય જ છે ; એટલે વિશ્વહિતની સિદ્ધિ માટે સૌ કોઈમાં સદભાવ અને સદગુણ જોઈ તેનો

વિકાસ કરવો એ સર્વ શ્રેષ્ઠ માર્ગ છે.

હવે દુષ્ટોને યોગ્ય શિક્ષા કરવાની વાત રહી. પ્રત્યેક પ્રાણીસૃષ્ટિ - પ્રાણીવર્ગ માટે કર્મ અને આચારની નિશ્ચિત મર્યાદાનું જે ઉલ્લંઘન કરે, જેઓ અકર્મ કરે, અન્યાય અને અનાચાર આદરે અને જેઓ અહંકારના શિકાર બની ભમતા હોય છે તેઓ શિક્ષાપાત્ર છે. જેઓના અંતરની સત્વગુણરૂપ જ્યોત બુઝાઈ ગઈ છે અને રજોગુણ અને તમોગુણના જેઓ ગુલામ બન્યા હોઈ દયા, ધર્મ અને દાનવૃત્તિ જેવા માનવતાપૂર્ણ ભાવોનું જેઓમાં નામનિશાન રહ્યું નથી એઓ શિક્ષાને પાત્ર છે.

ત્રીજી વાત, ધર્ણોદ્ધાર પણ મારું ધ્યેય છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહ્યું. આ સંદર્ભમાં સાધુ શબ્દનો અર્થ જુદો અને વધારે મહત્વનો છે. સાધુપુરુષ એ છે કે જે ગમે એવી લાલચ કે જોખમ છતાં પોતાની ફરજમાંથી કદી ચલિત થતો નથી. જેઓ દુષ્ટ છે એઓ તો એવા સાધુપુરુષોના માર્ગમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી કરવામાં એક પ્રકારનો આનંદ અનુભવે છે અને શાસ્ત્રમાન્ય અને શાસ્ત્રપ્રમાણ કાર્યોથી ઊલટું જ કરવામાં તેઓ રચ્યાપચ્યા રહે છે. ધર્મસ્થાપના ખરેખર શું છે ? - કાર્ય અને વ્યવહારમાં શાસ્ત્રોક્ત નીતિનિયમોનું પાલન, ધર્મ મય જીવનની ભવ્યતા અને તેની મહિમાના વિચારનો લોકોમાં પ્રચાર : વેદો અને શાસ્ત્રોમાં શ્રદ્ધા દ્રઢ કરી ઈશ્વર, અવતારો અને પરમપુરુષો પ્રત્યે ભક્તિભાવ જાગૃત કરી, આ જીવનસાગરને પેલે પાર રહેલી દિવ્ય શાંતિ અને મુક્તિ પ્રતિ દોરી જતી સાધનામાં અડગ શ્રદ્ધા જન્માવવી તે. એને ધર્મ સંસ્થાપન, ધર્મ રક્ષણ તથા ધર્મોધ્ધાર તરીકે પણ ઓળખાવવામાં આવે છે. “ હું જે કંઈ કરું છું એ આ મહાન ધ્યેય માટે જ હોય છે ; મારા પોતાના સ્વાર્થ કે ઉદ્ધાર માટે એમાં કશું જ નથી. જેઓ આ રહસ્ય સમજે છે તેઓ જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે. " શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવ્યું.

પ્રભુ તમારાથી દૂર ભિન્ન છે એવો ભાવ એ પરોક્ષ જ્ઞાન છે. એથી ઊલટું વિશ્વવ્યાપી પરમાત્મા આત્મારૂપે તમારામાં પણ વસે છે એમ માનવું એ અ - પરોક્ષ જ્ઞાન છે. માનવીની સર્વ પ્રવૃત્તિ જો સમર્પણભાવ પ્રેરિત હોય તો તેની ચિત્તશુદ્ધિ થાય છે. જેઓનું ચિત્ત વિશુદ્ધ અને નિર્મળ છે તેઓ જ ફક્ત પરમાત્મ અવતારની અને તેના કર્મ ની દિવ્યતા વિષે જાણી શકે છે. શ્રીકૃષ્ણ કહ્યું, સૌ કોઈ એ દિવ્યતાને પારખી શકતા નથી. પણ દેહરૂપે અવતરેલા પરમાત્માના સંપર્કથી કોઈએ દૂર રહેવું જોઈએ નહિ. એ માટે તમારાથી બનતા બધા જ પ્રયત્નો કરો અને પ્રત્યેક તકનો લાભ ઉઠાવો. તમારા પક્ષે સ્ટેજ પણ લાપરવાહી હોવી જોઇએ નહિ.

આ વાત ઉપર એ જ અધ્યાયના દશમાં શ્લોકમાં ભાર મૂકવામાં આવ્યો છે, અને એનો ‘ અધિકારી ’ - એ યોગ્યતા ધરાવનારના લક્ષણો વિષે સમજ આપી છે. “ અર્જુન, મારા જન્મ અને કર્મની દિવ્યતા સૌ કોઈ શી રીતે સમજી શકવાના હતા ! જેઓ આસક્તિ, ધિક્કાર, ભય અને ક્રોધથી મુક્ત છે, જેઓ અવિરત પ્રભુના સ્વરૂપ અને ધ્યાનમાં મગ્ન છે, જેઓને મારા સિવાય બીજા કશા આશિરાની ખેવના નથી, જેઓને અત્માના જ્ઞાનની પવિત્ર સિદ્ધિને વર્યા છે તેઓને જ અને માત્ર તેઓને જ એનું જ્ઞાન થાય છે. જેઓ સત્ય, ધર્મ અને પ્રેમભાવ ધરાવે છે અને અડગ અને સ્થિર રહી મારી

શોધમાં પ્રવૃત્ત રહે છે એઓ જ મને પ્રાપ્ત કરી શકે છે - મારી સમીપ આવી શકે છે. આ અબાધિત સત્યની હું તને ખાતરી આપું છું માટે હજુ પણ તારા મનમાં કોઈ શંકા, કોઈ સંશય હોય તો તે ફગાવી દે – – તેથી મુક્ત થઈ જા.

અજ્ઞાનતાને પરિણામે માનવી બાહ્ય જગત – પાર્થીવ જગતનું જાણે એવું ધ્યાન ધરતો થઈ જાય છે કે પરિણામે તેનામાં રહેલું દિવ્ય ચૈતન્ય અપવિત્રતાના કલંકથી ઝાંખુ અને જડ બનતું જાય છે. એવો માનવી માત્ર શબ્દ, રસ અને રૂપમાં જ આનંદ જુએ છે. જ્યારે તેઓને ભૌતિક આનંદવૈભવની ઈચ્છા થાય છે ત્યારે જે પદાર્થો એ પ્રકારનો આનંદ આપે છે તે મેળવવા તેઓ લલચાય છે, જ્યારે જ્યારે તેઓ આ પ્રયત્નમાં નિષ્ફળ જાય છે ત્યારે તેઓ ધિક્કાર, મનની બેચેની વગેરેનો ભોગ બની ભય અનુભવે છે, અને ભય માનવીની બુદ્ધિ અને મનની સર્વશક્તિ હરી લે છે. તે એવો ક્રોધ પેદા કરે છે કે જેને સહેલાઈથી શાંત પાડી શકાતો નથી. માટે અર્જુન ! એક પછી એક પેદા થતાં આ તૃષ્ણા (વાસના), ક્રોધ અને ભયને નિર્મૂળ કરવાના છે એ વાતનું મનન કરી બરાબર સમજી લે અને પછી તારું કર્મ સમજી લઈ તેમાં પ્રવૃત્ત થા. બુદ્ધિપૂર્વક વિચાર કર અને મારા શબ્દોમાં શ્રદ્ધા રાખ. "

અર્જુને શાંતિથી બધું સાંભળ્યું અને પ્રશ્ન કર્યો, " નંદકુમાર ! બધા જ માટે તમે આ પવિત્ર અને ઉચ્ચ કક્ષાએ પહોંચવાનું વિધાન કેમ કરતા નથી ? તમે તમારી જાતને પ્રેમસ્વરૂપ અને દયામય તરીકે ઓળખાવો છો તો પછી આ બધો પક્ષપાત શા સારુ ? હું તો એને ભેદભાવ અને પક્ષપાત તરીકે જ ઓળખાવીશ કારણ તમે જ્ઞાનીઓને એ કક્ષા એનાયત કરવા તૈયાર છો અને અજ્ઞાનીઓનો એ અધિકાર તમે નકારી કાઢો છો. હું તો એમ પણ કહીશ કે જે બિચારો અજ્ઞાની છે, જેનામાં વિવેકબુદ્ધિ નથી - સારાનરસાની ગતાગમ નથી, જે બીચારો ઘડિયાળના લોલકની જેમ એક અને બીજા વચ્ચે ઝોલાં ખાયા કરે છે તે તમારી કૃપાને વધારે યોગ્ય છે ; તેને વધારે કૃપાપાત્ર ગણવો જોઈએ. જ્ઞાની તો બધું જાણે જ છે. તે સમજે છે કે જગત એ માત્ર વિષ્ણુમાયાનું સ્વરૂપ જ છે - વિષ્ણુમાયા જ છે ; પછી તેની આગળ ફરી એનો ઢંઢેરો પીટવાની કઈ જરૂર ? તેઓને કોઈ પ્રભુ કૃપાની આવશ્યક્તા જ નથી."

શ્રીકૃષ્ણે જવાબ વાળ્યો, " હા, માનવી ઘણી વાર આવા સંશયોમાં ખોવાઈ જાય છે. તું માનવજાતનો પ્રતિનિધિ છે અને એથી તારો જે સંશય છે એ સમગ્ર માનવજાતનો સંશય છે. તારા સંશયનું નિવારણ કરીને એ રીતે હું સારી કે માનવજાતને મારો દિવ્ય સંદેશ આપી શકીશ. જો સાંભળ, જેઓ મને પ્રાપ્ત કરવા - મારી સમીપ પહોંચવા ઈચ્છતા હોય છે એઓ ચાર વર્ગમાં વહેંચાઈ જાય છે. એક જેઓ દેહને આવરી લેતા રોગ અને બીમારીને પરિણામે સાવ ક્ષીણ થઈ ગયા હોય છે, તે – અર્થ છે. બીજો - વર્ગ એવા માનવીનો છે જે હમેશાં સમૃદ્ધિ, સત્તા, સ્વત્વ, માલમિલ્કત અને વંશવારસોને સ્પર્શતી અનેકવિધ ઉપાધિઓ વિષે ચિંતાતુર હોય છે, તે છે અર્થ - અર્થી. ત્રીજા વર્ગ આત્મસિદ્ધિ માટે શુદ્ધભાવે પ્રવૃત્ત રહે છે - તે ધર્મપુસ્તકો અને પવિત્ર ગ્રંથોનો અભ્યાસ કરે છે, હમેશાં આધ્યાત્મિક સાધકોના સંગમાં રહે છે, મહાન ઋષિમુનિઓએ ઠરાવેલી સદાચારની રીતે વર્તે છે અને તે અનુસાર કર્મ કરે છે અને પ્રભુના સાન્નિધ્યમાં પહોંચવાની – તેનો સાક્ષાત્કાર કરવાની ઉત્કંઠાથી પ્રેરાઈને જે સર્વ કાંઈ

કરે છે તે ; એ જિજ્ઞાસુ છે. ચોથો વર્ગ છે જ્ઞાનીનો કે જે બ્રહ્મતત્વ સાથે એકરાગ અને એકરૂપ બની ગયો હોય છે.

પહેલો, અર્થ ક્યારે મારી પૂજા કરે છે ? જ્યારે તેની પર કોઈ આપત્તિ આવી પડી હોય કે દુઃખ અને યાતનાથી પીડાતો હોય ત્યારે. જ્યારે તે મને પ્રાર્થના કરે છે ત્યારે તેની એ વિશિષ્ટ આપત્તિ કે તેના અમુક દુઃખદર્દને લગતી તેની પ્રાર્થના સાંભળી હું તેને સંતુષ્ટ કરું છું. એમ જ અર્થ - અર્થી જ્યારે વૈભવ, સ્થાન, સત્તા અને ઉચ્ચ પદ માટે પ્રાર્થના કરે છે ત્યારે તે પણ હું સાંભળું છું અને જે કંઈ એને મેળવવાની ઈચ્છા હોય તે એની ઈચ્છા હું પૂર્ણ કરું છું. જે જિજ્ઞાસુ છે. તેને આપમેળે સાચા ગુરુનું માર્ગદર્શન અને નિષ્કામ કર્મ કરવાની તક આવી મળે છે, આત્મા અને અનાત્માનો ભેદ જાણવાની મર્મભેદી વિવેકબુદ્ધિ એને પ્રાપ્ત અને એ તેને પોતાનું ધ્યેય સિદ્ધ કરવામાં સહાયરૂપ થાય છે. તે વિભ્રમથી અસ્પૃશ્ય રહે, અને મુક્તિના એકમાત્ર ધ્યેય માટે એકાગ્રચિત્તે સાધના કરી શકે એવા શુભ આશીર્ભાવ હું એના પર વરસાવું છું.

હું તો કલ્પવૃક્ષ જેવો છું. જેને જે જોઈએ તે આપવાનું મારું કામ છે. મને કોઈ પ્રત્યે પૂર્વગ્રહ નથી કે નથી કોઈ પ્રત્યે પક્ષપાત, ક્રૂરતાનો તો પડછાયો પણ મને અડી શકે નહિ. કોઈ પણ દોષનું મારા પર આરોપણ થઈ શકે નહિ. રવિકિરણો જેઓ એના માર્ગમાં આવે છે તે સૌના ઉપર સરખી જ રીતે ફેલાઈ જાય છે, પણ બીજી કોઈ ચીજ કોકની આડે આવતી હોય, દાખલા તરીકે એક બંધ ઓરડામાં તે રાખવામાં આવી હોય તો તેને એ કિરણો શી રીતે પ્રકાશિત કરી શકે ? ઉત્કૃષ્ટ આકાંક્ષા કેળવો અને ઉત્કૃષ્ટ કક્ષા પ્રાપ્ત કરો. કોઈનો આમાં દોષ હોય તો તે પરમાત્માનો નહિ પણ સાધક અને તેની સાધનાનો હોય છે.

અર્જુન ! માનવી એવો છે કે હું આત્મારૂપે તેનામાં વસું છું. હું તેનું જ સ્વરૂપ છું પણ તે મને જાણવા કે મારી પ્રત્યે પૂજ્યભાવ રાખવાનું શીખ્યો નથી, એની મૂર્ખતાની કંઈ હદ છે ! તે મારા સુધી પહોંચવા સ્ટેજ પણ આતુર નથી. એ તો ઠીક પણ જે ક્ષણિક અસત્ અને અલ્પ જીવી છે. એવી ચીજોની પ્રાપ્તિ માટે સતત જહેમત ઉઠાવતો હોય છે. આ વિલક્ષણ અને મૂર્ખાઇભરી પ્રવૃત્તિનું કારણ હું તને સમજાવીશ. કર્મોપાસનાનું ફળ ત્વરિત મળતું હોય છે - અને એટલે માનવી તેની વૃત્તિ અને શક્તિ પ્રમાણે શક્ય હોય એવાં તાત્કાલિક પ્રાપ્ત થતાં નક્કર પરિણામ અને લાભની હમેશાં ઈચ્છા કરતો હોય છે. સામાન્ય રીતે માનવીને વાસ્તવિક સત્યની સિદ્ધિ ઘણી કઠીન લાગે છે અને એથી તે ક્ષુલ્લક આનંદના આકર્ષણમાં ખેંચાઈ જાય છે અને વૃત્તિઓ પર પ્રભુત્વ સ્થાપીને જે દિવ્ય અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થઈ શકે છે તેનાથી વંચિત રહે છે.

જ્ઞાનપ્રાપ્તિને આત્મવિજય કહી શકાય. દીર્ઘ અને કઠીન પ્રયત્નને પરિણામે એ વિજય સિદ્ધ થઈ શકે. માનવીમાં આ માટે જે ધૈર્યની જરૂર છે તે સામાન્યપણે હોતું નથી ; તે ઉપરાંત તેઓ સ્થૂળ દેહને-પોતાના ભૌતિક સ્વરૂપને વધારે મહત્વ આપતા હોય છે. ઇન્દ્રિયોને સંતોષનારા પદાર્થોમાં શરીરસુખનો અનુભવ થાય છે અને તેથી માનવીને જ્ઞાનની ઈચ્છા જ જાણે થતી નથી ; જે જ્ઞાન તેને ઈન્દ્રિયોને જ્યાં

કોઈ સ્થાન જ નથી એવા ઉન્નત માર્ગે દોરી જાય છે. તેઓને કર્મસિદ્ધિ જોઈએ છે જ્ઞાનસિદ્ધિ નહિ. જ્ઞાનની તૃષ્ણા જેઓમાં જાગી છે એવા તો ઇન્દ્રિયો અને ઈન્દ્રિયજન્ય તૃષ્ણના ભોગ બનેલાઓના પ્રમાણમાં ઘણા જ ઓછા છે. જેઓના મન વાસનાવિલાસમાં ભરમાયાં છે એઓ તો જે કંઈ સ્થૂળ સ્વરૂપ, દ્રશ્ય અને સ્પષ્ટ છે તેના બંધનમાં બંધાયા હોય છે. જે થોડા ઘણાએ આધ્યાત્મિક દ્રષ્ટિ કેળવી છે તેઓ અદ્રશ્ય એવાં - વિશ્વના પરમ તત્વ સાથે એકરૂપ થઈ જે દિવ્ય શાંતિ અનુભવી શકાય છે તેની ઈચ્છા કરે છે અને તેને જ સર્વ પ્રવૃત્તિનું અંતિમ ધ્યેય સમજે છે. એઓનો માર્ગ એ સત્યનો માર્ગ છે. કર્મોપાસના ખોટો માર્ગ છે, યોગ્ય વિચાર કરી અપનાવવાના ધર્મકાર્યોના મૂલ્યોનું સ્પષ્ટીકરણ કરવું એ મારું કાર્ય છે.

" પણ અર્જુન ! ધર્મોત્થાનની એક જુદી રીત પણ છે અને એ માટે મેં આ અવતાર ધારણ કર્યો છે. તે છે **ચાતુર્વર્ણ્યમ્** એટલે કે પ્રજાના ગુણ અને કર્મને આધારે તેને ચાર વર્ણોમાં વર્ગીકરણ કરવું તે. વિશ્વના સરળ વ્યવહાર માટે વર્ણવ્યવસ્થા જરૂરી છે. એનું મહત્વ સમજવું એટલું સહેલું નથી. કેટલાક સાવ ખોટી રીતે એવી માન્યતા ધરાવતા થઈ જાય છે કે આ પ્રક્રિયાને પરિણામે અસંતોષ અને અંધાધૂંધી ફેલાય છે અને એ પ્રજામાં વર્ગ ભેદ ઊભો કરે છે. સ્ટેજ તર્કબુદ્ધિથી આ પ્રશ્નનો વિચાર કરીશું તો એ વિષે જે સત્ય છે તે સ્પષ્ટ થશે. વર્ણવ્યવસ્થા લાભકારી નથી એવા નિર્ણય પર પહોંચવું અજ્ઞાન સૂચવે છે. એ પ્રકારનું મંતવ્ય ગૂંચવાડો પેદા કરે છે. લોકસેમ માનવજાતના હિત માટે મેં આ વર્ણવ્યવસ્થા યોજી છે. વર્ણ માનવીને જે કાર્યો અને રસપ્રદ જણાય તેમાં પ્રવૃત્ત રાખે છે અને તેને વળગી રહેવામાં સહાયભૂત થાય છે અને અંતમાં તેને પોતાનું જીવન સાર્થક કર્યાનો સંતોષ થાય છે. એ વિના માનવી એક ક્ષણ પૂરતો પણ સુખનો અનુભવ કરી શકતો નથી.

" સફળ પ્રવૃત્તિ માટે -કાર્ય સિદ્ધિ માટે વર્ણવ્યવસ્થા પ્રાણ સમાન છે. જેમાં સત્વગુણ પ્રધાન છે, જેઓને બ્રહ્મતત્વનું જ્ઞાન છે, જેઓ આધ્યામિક, નૈતિક અને પ્રાગતિક જીવનનો વિકાસ કરે છે – તેને ઉત્તેજન આપે છે, અને જેઓ બીજાને પોતાનું સત્યસ્વરૂપ પ્રત્યક્ષ કરાવી દિવ્ય શાંતિનો અનુભવ કરાવે છે તેઓ છે બ્રાહ્મણ.જેઓ સિદ્ધ રાજ્યવ્યવસ્થાનું, કાયદો અને ન્યાયવ્યવહારનું, તેમજ રાષ્ટ્રના હિત અને સમૃદ્ધિનું અને નૈતિક ધોરણે પ્રજાએ અપનાવવાની સમાજવ્યવસ્થાનું રક્ષણ કરવા સદા તત્પર ઊભા હોય છે અને જેઓ દુષ્ટો અને અનીતિનું જીવન જીવનારાઓને કાબુમાં રાખી જરૂર દુઃખી અને ભોળી પ્રજાની વહારે પહોંચી જાય છે – તેઓ છે ક્ષત્રિયો.

" જેઓ પ્રજાજીવનની સુખસગવડ અર્થે યોગ્ય પ્રમાણમાં સાધન સામગ્રીઓને સંગ્રહ કરી પૂરી પાડે છે તેઓ છે વૈશ્ય. જેઓ પોતાની સેવા આપી પ્રજાના જીવનને જે કંઈ હિતકારી હોય તેના પાયારૂપ મહાન કાર્યો સિદ્ધ કરી તેની શક્તિના પૂરવઠારૂપ બની રહે છે તેઓ છે શુદ્ર. આ રીતે મેં ચાર વર્ણોની સ્થાપના કરી છે. જો પ્રત્યેક વર્ણ પોતાનો ધર્મ અને તેની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે તો માનવજાત સર્વાંગી વિકાસ સાધી શકે. આ વર્ણવ્યવસ્થાને પરિણામે કામની વહેંચણી થઈ જાય છે, અને વ્યક્તિ ભયરહીત જ નહિ પણ પીડામુક્ત સુખી અને સહકારભર્યું- સંપીલું સમાજજીવન જીવે છે. આ

વર્ણવ્યવસ્થા ભારતને મળેલી ભગવત્ કૃપાના દષ્ટાંતરૂપ છે.

" ભારતની જનતા ખરેખર ભાગ્યશાળી છે કે તેઓનું દરેક કર્મ પ્રભુ સર્જિત અને પ્રભુકૃપા પ્રતિ દોરી જનારું છે એવું દ્રઢતાથી માને છે. આ મુદ્દો મનન કરવા જેવો અને મહત્વનો છે. સાંપ્રતકાળમાં પ્રભુના આદેશની પૂરેપૂરી અવગણના થાય એવો ભય પેદા થયો છે. જો સત્તાધારી રાજકર્તાઓ આ વર્ણવ્યવસ્થા વિખેરી નાંખશે તો જે શુભ પરિણામો માટે એઓ મથી રહ્યા છે તે તેઓને પ્રાપ્ત નહિ થાય. ઘણા લોકો એવી દલીલ કરે છે અને ઉપદેશ આપે છે કે ભારત જે દુઃખદ સ્થિતિમાં આવી પડ્યું છે તે આ વર્ણવ્યવસ્થાનું પરિણામ છે. પણ એ લોકોએ શાંત ચિત્તે આ પ્રશ્ન પર વિચાર કરવાની આવશ્યકતા છે. " રાષ્ટ્ર આ વ્યવસ્થાને પરિણામે ટકી રહ્યું છે કે કેમ ? જે દુઃખદ સ્થિતિમાં એ આવી પડ્યું છે એ આ વ્યવસ્થા ઢીલી પડવાથી, ખોરવાઈ જવાતી તો નથી ? પછી તેઓના પ્રમાણભૂત નિર્ણયને આધારે તેઓ વર્ણોને વર્ણવ્યવસ્થાને નાબૂદ કરવાની સલાહ આપવા અધિકારી ગણાય. આ પ્રકારની નિષ્પક્ષપાત કસોટી વિના જો તેઓ વર્ણ વ્યવસ્થાને દોષપાત્ર લેખે તો તેઓનો એવો અભિપ્રાય માન્ય રાખી શકાય નહિ. તેમાં કંઈ વજુદ છે એમ માની શકાય નહિ.

" અલબત્ત એ સાચું છે કે મૂળવ્યવસ્થામાં કંઈક પરિવર્તન આવ્યું હોઈ તેના માર્ગથી સાચી દિશાથી તે કંઈક અંશે વેગળી પડી ગઈ છે, અને આ પ્રત્યે અનેક મહાપુરુષોનું ધ્યાન ગયું છે અને તેઓએ એની નોંધ લીધી છે. પણ એનો સર્વથા ત્યાગ કરવા માટે એ કંઈ પૂરતું કારણ ન ગણાય. પગ જો હાથનું કામ કરે અને મસ્તક પગનું કામ કરે તો એ કારણે હાથ અને પગ કાપીને ફેંકી દેવા એ કંઈ સલાહભર્યું ગણાય નહિ. પરિસ્થિતિ સુધારવાના પ્રયત્ન કરવાની જરૂર છે અને નહિ કે સમગ્ર વ્યવસ્થાને નિર્મૂળ કરવાની.

" વર્ણપદ્ધતિ આવા બધા ગૂંચવાડા અને અશાંતિ માટે કારણભૂત નથી. જે અવ્યવસ્થિત રીતે એનો વિકાસ થયો છે એ દોષપાત્ર છે. વિવિધ પ્રકારના લોકોએ એને જાણે પોતાના હાથનું એક રમકડું બનાવી દીધું, અને તેથી એની મૌલિક - મૂળતત્વરૂપે એમાં રહેલી સમતા અને સંવાદિતા સચવાઈ નહિ. આ પ્રથા ભારત માટે જ નહિ પણ સમગ્ર વિશ્વ માટે આવશ્યક છે. ભારત સિવાયના દેશોમાં આ પ્રથાને સ્થાન નથી, તેનું અસ્તિત્વ નથી એમ ન માનશો. નામરૂપ જુદાં હશે પણ તેના ધ્યેય અને કાર્ય સરખાં જ છે. ઘણા એવા દેશોમાં પ્રજાના ચાર વર્ગો છે : શિક્ષકવર્ગ, રક્ષક વર્ગ, વણિક વર્ગ અને શ્રમિક વર્ગ. ભારતમાં જન્માનુસાર વર્ણ ગણાય છે ; બીજા પ્રદેશોમાં જે કર્મમાં તેઓ પ્રવૃત્ત હોય તે કર્મ અનુસાર તેનો વર્ણ નિશ્ચિત થાય છે. આટલો જ માત્ર ભેદ છે.

" હવે બ્રાહ્મણોને પ્રથમ કક્ષામાં સ્થાન આપી તેઓનું બહુમાન કર્યું પણ તેઓમાં ઘણા એવા મળી આવશે કે જેઓ એમનો રાજમાર્ગ છોડી અવળી દિશાએ અને તેઓ માટે અનુચિત એવા માર્ગે વળી ગયા છે. એ જ પ્રમાણે ચોથા વર્ણમાં એટલે કે શુદ્રોમાં ઘણા એવા હશે કે જેઓને પવિત્ર વિચારોની અને ઉચ્ચ આધ્યાત્મિક આકાંક્ષાની પ્રેરણા થઈ છે અને તેની સિદ્ધિ અર્થે તેઓ ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરવા સતત નિષ્ઠાયુક્ત પ્રયત્નો કરી રહ્યા છે. આ પ્રકારની શક્યતાને સ્થાન છે એટલા જ કારણસર માનવસમાજની

વર્ણવ્યવસ્થા નિરુપયોગી છે એવા નિર્ણય પર આવી જવું એ યોગ્ય નથી. "

# અધ્યાય ૯

ક્ષેત્રે વ્યક્તિ અને સમાજના રક્ષણ માટે ચિત્તશુદ્ધિ મૂળતત્વરૂપે આવશ્યક છે, છતાં વર્ણવ્યવસ્થા પણ એટલી જ મહત્વની છે. ઉપહાસ, ટીકા કે દ્વેષભાવથી તેને ઊખેડી ફેંકી દઈ શકાય એમ નથી. સર્વનું હિત શેમાં રહેલું છે એનો વિચાર કરવો આવશ્યક છે. માટે જ્ઞાનીઓએ અને રાજકર્તાઓએ ક્રોધ અને ધિક્કારના ભાવથી મુક્ત થઈ એના ગુણાવગુણનો વિચાર કરવો જોઈએ અને એ પ્રાચીન સંસ્થાને વ્યવસ્થિત સ્વરૂપ આપવું જોઈએ. જે કરવાનું છે તે આટલું જ છે. ઈર્ષ્યા અને અજ્ઞાન પ્રેરિત અર્થહીન નિંદાખોરીને, જ્ઞાની અને બુદ્ધિમાન પુરુષો ટેકો આપે એ યોગ્ય નથી. જેઓ જ્ઞાતિમાં માનતા નથી તેઓ પોતે જ પોતાની એ જ્ઞાતિનું સર્જન કરી રહ્યા હોય છે ; જેઓ ધર્મમાં માનતા નથી તેઓ પણ પોતાના એક ભિન્ન ધર્મની સ્થાપના કરી રહ્યા હોય છે. આશ્ચર્ય તો એ થાય છે કે જેઓ અત્યંત જ્ઞાની છે તેઓ પણ પૂર્વગ્રહને વશ થઈ અજ્ઞાનીની જેમ જ વર્ણવિરુદ્ધ વાતો કરતા હોય છે.

દરેક વસ્તુને તેની મર્યાદા હોય છે ; જો એ મર્યાદા તોડે કે તેની ઉપરવટ થઈ કામ કરે તો તેનો નાશ થાય છે. તેનું વાસ્તવિક કે સાચું સ્વરૂપ જાણવા માટેનો માપદંડ શું છે ? – એ છે તેના ગુણ અને સ્વરૂપનો સમન્વય. જો એને રૂપ - આકાર હોય પણ ગુણ ન હોય તો તે એક અસત્ય છે. એ જ રીતે જો પ્રત્યેક વર્ગને તેની મર્યાદા ન હોય તો તેને અમુક એક વર્ગ તરીકે ઓળખી શી રીતે શકાય ? તે એક નહિ હોય અને બીજું પણ નહિ હોય - તે એક બેડોળ પદાર્થ કે અવ્યવસ્થિત જૂથ જેવું જણાઈ આવશે. આ વ્યવસ્થાના મૂળમાં દિવ્યનિર્દેશ રહેલો છે અને એથી જ અનેક પેઢીઓથી મહાન સાધુસંતો અને મહાનુભાવોએ તેને ચાલુ રાખી તેનો વિકાસ કર્યો છે. પણ આ કળિયુગમાં વિદ્વાન ગણાતા લોકો એને નિરુપયોગી ભંગારરૂપ ગણાવી તેને નકારી કાઢે છે.

જો બાહ્ય રીતે અને એક વ્યક્તિના દ્રષ્ટિકોણથી, ઊંડા અભ્યાસ વિના, ભેદ કે રહસ્ય જાણ્યા વિના, લોકો આ વ્યવસ્થાનો વિચાર કરે તો તેઓ સાચા નિર્ણય ઉપર શી રીતે આવી શકે ? તમારામાં જે આંતરદ્રષ્ટિ, સમદ્રષ્ટિ અને જિજ્ઞાસાવૃત્તિ હશે તો એનાં મૂલ્ય અને પવિત્રતા તમને સ્પષ્ટ સમજાશે. દૂધમાં રહેલું માખણ જેમ દહીં વલોવીને જ સ્પષ્ટ રૂપમાં જોઈ શકાય છે તેમ જ વિવેકબુદ્ધિપૂર્ણ અભ્યાસ વડે જ ચાર વર્ણોના વિશિષ્ટ મૂલ્યો તમને સ્પષ્ટરૂપે સમજાશે. પૂર્વ ગ્રહો ભૂંસાઈ જશે અને સત્ય પ્રકટ થશે.

આ ચાર વર્ણો એક જ શરીરના ચાર અવયવો જેવા છે. તે એક જ દિવ્ય વિભુતિમાંથી સર્જાયા છે બ્રાહ્મણો મુખારવિંદેથી, ક્ષત્રિયો તેના હસ્તથી, વૈશ્ય જાંઘથી અને શુદ્રો ચરણથી. અલબત્ત, આ વિધાનોમાં ઊંડો અર્થ સમાયેલો છે. જેઓ ગુરુ બની જ્ઞાનના સિદ્ધાંતો શિખવે છે તે વાણીરૂપ કે ધ્વનિરૂપ છે ; અને એઓને બ્રાહ્મણ કહ્યા છે. બાહુબળ ધરાવનાર જે વિશ્વની રક્ષાનો ભાર સ્વીકારે છે તેઓ ક્ષત્રિયો છે : સમાજ ભવનના જાણે બે આધારસ્તંભ હોય એમ ગણાવી વૈશ્યોને દિવ્યપુરુષની જાંઘમાંથી ઉદભવ પામતા હોવાનું રૂપક અપાયું છે ; સર્વ પ્રકારની પ્રવૃત્તિમાં દોડાદોડ કરતા ચરણની

જેમ શુદ્રો સમાજના મહત્વના કાર્યોમાં હંમેશા રોકાયેલા હોય છે. કોઈ પણ એક વર્ણ જો તેના કાર્યમાં શિથિલ રહેશે તો સમાજની સુખશાંતિમાં અવરોધ આવશે. જેમ શરીરના બધા અવયવોનું મહત્વ છે તેમજ ચારે વર્ણોનાં મહત્વ અને મૂલ્ય છે, ઉદર - જઠર પ્રત્યેના ક્રોધને લીધે શરીરના બધા અવયવો પોતપોતાનું કામ થંભાવી દે અને જે પરિણામ આવે તેમ એકમેક માટેનાં ધિક્કાર અને ઈર્ષા સમાજને હાનીકર્તા નીવડે છે.

સાકરની બનાવેલી ઢીંગલી પગથી માથા સુધી મીઠાશથી ભરપૂર છે. તેનું મસ્તક છેદી નાંખો અને તે ખાઓ. તે મિષ્ટ લાગશે. તેનો એક પગ તોડીને ખાઈ જુઓ. તે પણ એવી જ મિષ્ટ લાગશે. તો દિવ્યસ્વરૂપ સર્જનહારના અંગો જેવા ચાર વર્ણોને એકબીજાથી ચડિયાતા કે ઉતરતા શી રીતે ગણાવી શકાય ? અવયવો જુદા છે પણ સર્વમાં એક જ રક્ત વહી રહ્યું હોય છે અને તેઓમાં ચૈતન્ય ફેલાવતું હોય છે. હાથ, પગ કે મુખમુદ્રા માટે લોહીના જુદા જુદા નમૂના હોતા નથી. વર્ણ પદ્ધતિ વેદ પ્રમાણ છે - વેદયુક્ત છે અને એથી તેમાં અન્યાય હોઈ શકે જ નહિ ; એ કંઈ માનવીએ ઘડી કાઢેલી કોઈ કરામત નથી. માટે જેઓ પોતાના અવિચારી અભિપ્રાયો પ્રગટ કરી ભેદભાવ અને ધિક્કારની લાગણી પેદા કરી રહ્યા છે તેઓ બીજું કંઈ નહિ પણ પોતાના ઘોર અજ્ઞાનનું જ પ્રદર્શન કરી રહ્યા છે.

જેઓ દલીલ કરે છે કે વર્ણવ્યવસ્થાના સંપૂર્ણ વિસર્જનમાં માનવ જાતનું હિત રહેલું છે, તેઓ જ માત્ર માનવજાતનું હિત સાધવા આતુર હોય અને માત્ર તેઓને જ હૈયે જાણે માનવજાતનું હિત વસતું હોય એવું જણાય છે. તેઓ માને છે કે જેઓ આ વર્ણવ્યવસ્થાને હિતકારી સમજે છે એઓ તો જાણે માનવજાતનું અધઃપતન જોવા માટે ડોળા ફાડી આતુર થઈ ઊભા છે. અલબત્ત, આ બેઉ વિચારદ્રષ્ટિ ભ્રામક છે. પણ એક વાત સત્ય છે : જેઓ વર્ણવ્યવસ્થાને ટેકો આપે છે, તેનું જતન ઈચ્છે છે તેઓ સમાજહિતના વિકાસમાં વધારે રસ ધરાવે છે. બીજાઓ માને છે કે વર્ષોનો વિલય થશે તો રાષ્ટ્ર ઉગરી જશે. આ એક ભ્રમણા છે. જો કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના એના ગુણ અને ક્ષતિઓનું કાળજીપૂર્વક પૃથક્કરણ કરવામાં આવે તો વિગત અને માહિતીના અભાવ વડે જે આધારહીન છે તે ધિક્કાર અને વેરભાવનાના આ વિગ્રહનો તુર્ત જ અંત આવશે. એ પછી વર્ણ પદ્ધતિ પ્રત્યેના પ્રજાના વલણમાં મહત્વનું પરિવર્તન આવશે.

જો ધિક્કાર વધશે તો એથી કોઈને લાભ નહિ થાય. “ સર્વ સમાન છે " એવા આદર્શને વળગી રહી ચાલવું એ પોતાની તૃષા સંતોષવા ઝાંઝવાના જળ પાછળ દોડવા બરાબર છે. એ માત્ર અસંતોષ જન્માવશે. રાજતંત્ર ચલાવનારાઓએ ભેગા થવું જોઈએ અને પ્રજાના પ્રતિનિધિઓની એટલે કે પંડિતો અને અનુભવી બુઝર્ગો - વડીલોની સલાહ માગવી જોઈએ, અને સાથે સમાજવ્યવસ્થાની આ પ્રાચીન પદ્ધતિના મૂલ્ય વિષે વિચારવિમર્શ કરવો જોઈએ. એને બદલે જો એઓ માત્ર બહારનો રૂપરંગ જોઈ “ આ વિષમય છે ' એવા નિર્ણય ઉપર આવી ભયભિત બની દોડાદોડ કરી મૂકશે તો એમાં માત્ર તેઓનું અજ્ઞાન જ છતું થશે. સત્તાધારીઓ અને વિદ્વાન પંડિતો એ બંને અંતરથી પ્રજાની સુખશાંતિ ઈચ્છે છે ; અને વિશેષ તો એ કે વર્ણપદ્ધતિનો ઉદભવ એ જ ધ્યેયદષ્ટિમાંથી થયો છે. એમાં વિવાદ ઊભો થયો છે

તેનું એક જ કારણ છે અને તે એ કે જ્ઞાની અને અનુભવસિદ્ધ પુરુષોની હંમેશની સલાહસૂચના અને માર્ગદર્શન અનુસાર તેનો અમલ થયો નથી, અને ઉત્તરોત્તર એવાં માર્ગદર્શનનો અનાદર થતો આવ્યો છે.

એક સામાન્ય દ્રષ્ટાંત લો : કેટલાંક રાષ્ટ્રોએ એવાં વિનાશક શસ્ત્રો દા. ત. અણુબોંબ, બનાવ્યાં છે કે જેના એક માત્ર ધડાકા સાથે લાખો માનવીનો ખુડદો નીકળી જાય. રાજકર્તાઓ જાણે છે – સમજે છે કે આ અનિષ્ટ છે પણ તેઓ તેને ઉત્તેજન આપે છે. સ્વચ્છેદપણે જો એનો ઉપયોગ થાય તો એક જ પરિણામ આવી શકે -સર્વનાશ. તો પછી એ સિવાય કોઈ બીજો ઉદ્દેશ છે ? હા, જ્યારે અવ્યવસ્થા અને અંધાધુંધી ફેલાવાનો ભય ઊભો થાય ત્યારે ફક્ત સ્વરક્ષણ માટે તેનો ઉપયોગ કરવાનું કહેવામાં આવે છે ; વિશ્વનો વિનાશ એ એનો હેતું નથી પણ રાષ્ટ્રની સંસ્કૃતિ અને તેના મૂલ્યોનું રક્ષણ કરવાનો ઉદ્દેશ મુખ્ય છે. એ જ રીતે રાષ્ટ્રના અને તેની સંસ્કૃતિના રક્ષણ માટે વર્ણ પદ્ધતિને એક શક્તિશાળી શસ્ત્રાસ્ત્રપ્રકાર ગણી યોગ્ય ઉપયોગ કરવાનો રહે છે. એના નીતિનિયમો, મર્યાદા અને પ્રતિયોગિતા એ બધું પ્રજાને વિનાશથી બચાવવી, ઉગારી લેવા માટે છે. એ એવું નીતિશાસ્ત્ર છે કે એ અંગે જે નિયમો ઠરાવવામાં આવ્યા છે તેની મહા સમજી તેનું સાચું અને કડક પાલન થવું જોઈએ. માર્ગ સૂચક સીમાચિહ્નો, મર્યાદા અને સૂચિત વાસ્તવરેખાને અનાદર કરી મનમાં આવે એ પ્રમાણે એ પ્રત્યે વર્તવું એટલે અરાજક્તાને ખૂલ્લું આમંત્રણ આપવા બરાબર થશે.

આથી વડીલોએ, રાજકર્તાઓએ, મહાન પંડિતોએ અને લોકનેતાઓએ આ સંસ્થાનું રક્ષણ કરી તેને અનુમોદન આપ્યું હતું અને તેને જાળવી રાખી હતી, આ વાતને સ્ટેજ વિચાર કર અર્જુન ! અને એ હિતકારક છે કે નહિ એ વિષેનું સત્ય, પ્રકાશના એક કિરણની જેમ તારું ચિત્ત અજવાળી મૂકશે. જો એ સમાજને હાનિકર્તા હોત તો શું તેઓએ એને ટેકો આપ્યો હોત ? તું એમ કહે છે કે તેઓ બધા મૂર્ખ હતા, કે તેઓમાં આજના જેવી વિદ્વત્તા ન્હોતી કે તેઓ બુદ્ધિહીન હતા ?

ના, ના, તેઓની બુદ્ધિમત્તા, વિદ્વતા અને આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા, તેઓની જિજ્ઞાસાવૃત્તિ અને સામાજિક પ્રશ્નો પરત્વેનું તેઓનું નિષ્પક્ષપાત અને ભેદભાવરહીત વલણ આજે સેંકડોમાં એકાદ વ્યક્તિમાં જોવામાં આવતાં હશે. સંત કે જેઓએ પોતાની બધી જ બુદ્ધિપ્રતિભા અને નૈતિક બળ સમાજના હિતાર્થે અર્પણ કર્યાં – એવું કાર્ય કે જેને તેઓએ પોતાનું જીવન બનાવ્યું, એક પ્રાણદાયક સત્વ ગણ્યું, યોગીઓ- આધ્યામિક ક્ષેત્રે સૈનિક જેવા એ યોગીઓ અને મહર્ષિઓ કે જેઓ માનવજાતને સાચા સંતોષનું ભાન જ નહિ પણ અનુભવ કરાવવા બહાર પડ્યા- એઓ સૌ આ સામાજિક સંસ્થાના વિધાયક હતા કે જેને આધુનિક કહેવાતા લોકો નિરુપયોગી સમજે છે. તેઓ આજના જેવા સુધારકો ન્હોતા કે જેઓ ભાષણ પર ભાષણ ઠોકી શબ્દોનો ભંડાર સર્જી, સમાજનું હિત કરવા નીકળી પડ્યા હોય, અને જેઓ પોતાના કાર્યો દ્વારા જે હિતની વાતો એ કરતા હોય છે તેના જ મૂળમાં ઘા કરતા હોય. આ પ્રકારના છળકપટ વિષે પ્રાચીન સંતપુરુષો અજ્ઞાત હતા કારણ તેઓ જ્ઞાની હતા. આધુનિક વિચારધારા અને યોજના અંદરથી પોકળ અને તત્વમાં નિષ્ઠાપૂર્ણ નથી – એ બધી હવાઈ કિલ્લા જેવી છે. તેઓ વધારે તો યોજનાના ઘડવૈયાઓનો અહમ્ ભાવે પોષે છે અને

બીજાઓ માટે વધુ અંશે અર્થહીન છે ; હજુ તો બાંધકામ ચાલતું હોય ત્યાં તો એક બાજુથી એ કિલ્લાની દીવાલ ધરણશાય થવા માંડે છે - તૂટવા માંડે છે.

જીવાત્માને જેમ શરીર છે તેમ પરમાત્માને જગત છે. શરીરના કોઈ પણ ભાગને કંઈ થાય તો જીવાત્માને તેની અસર પહોંચે છે ; એ જ પ્રમાણે વિશ્વના કોઈ પણ ભાગમાં પ્રકૃતિમાં ક્યાંય પણ વિકાર પેદા થાય તો પરમાત્માને એના સ્પંદનો સ્પર્શે છે, તે એ પ્રત્યે સચેત બની તેનો પ્રતિકાર કરવા તત્પર થાય છે. જેમ તમે શરીરના બધા જ અવયવો સંપુર્ણ તંદુરસ્ત અને કાર્યક્ષમ રાખવા માગતા હો છો તેમજ પરમાત્મા પણ વિશ્વનું પ્રત્યેક રાષ્ટ્ર અને તેનો પ્રત્યેક પ્રદેશ સંપૂર્ણ સુખશાંતિમય અને સંતુષ્ટ રહે એવું ઈચ્છે છે. કોઈ પણ દેશ – પ્રદેશ જે મૂળરૂપે એમના પોતાના જ એક અંશરૂપ છે તેને એ કદી એ જાતે થઈ દુઃખ પહોંચાડે ! પહોંચાડી શકે ? પરમાત્માને લગતી સર્વ બાબતમાં સૌને સમાન હક છે ; સૌ સમાન છે.

પણ એક અંગ બીજાનું કાર્ય કરી શકે ખરું ? દરેકે પોતપોતાને સોંપેલાં કાર્યો જ કરવાના હોય છે. એ જ રીતે સમાજની પ્રવૃત્તિમાં દરેક વર્ષે પોતાના ભાગનું કાર્ય યથાર્થ કરી તેની પ્રગતિમાં અને તેના હિતમાં પોતાથી બને એવો સુંદર ફાળો આપવાનો છે. જેમ દેહને અવસ્થાઓ હોય છે તેમ સમાજને વર્ણો છે. જો બધાજ વ્યાપારી થઈ જાય તો ખરીદવા વાળા રહેશે કોણ ? જો બધાજ યુદ્ધ ચડે તો તેઓને ખોરાક, શસ્ત્રાસ્ત્રો અને બીજા સરંજામરૂપ સાધનસામગ્રી કે જે તેઓના પ્રબંધ અને પોષણ માટે જરૂરતના છે તે કોણ પૂરાં પાડશે ? આમ દરેકે સામાજિક કાર્યક્ષેત્રે પોતાનો ફાળો આપવાનો હોય છે અને એ દ્વારા સમાજમાં સુખશાંતિ અને સુમેળ રહે એ જોવાનું છે. આ જ જ્ઞાન કે ડહાપણનો માર્ગ છે અને સર્વ શ્રેષ્ઠ ગણાવી શકાય એવી એ સમાજવ્યવસ્થા છે.

હવે તાકીદના કાર્યો ઉપર લક્ષ આપવાને બદલે, વર્ણો સામાજીક ઉન્નતિમાં વિક્ષેપ પેદા કરનારી છે એવા ભયને વશ થઈ લોકો એકબીજા માટે સંહારક એવા આંતરિક ઝગડામાં ઉતરી પડ્યા છે. જેઓ પોતાના દેહ પર કાબુ ધરાવતા નથી એઓ દેશને શી રીતે માનમર્યાદામાં રાખી શકવાના હતા ? યુગયુગથી પ્રાચીનકાળની પ્રજા જેને ઉછેરતી આવી છે તે વર્ણવ્યવસ્થા જ જાળવી રાખવી સૌથી વધારે હિતકર છે એનો બરાબર વિચાર કરજો.

વર્ણ સર્જનમાં પરમાત્માએ કશો જ પક્ષપાત દર્શાવ્યો નથી. એમ કરવું તેના દિવ્ય સ્વરૂપનું લક્ષણ જ નથી. કેટલાક લોકો પૂછે છે – પ્રભુએ એવો ભેદભાવ શા માટે રાખવો જોઈએ. ના, ના, એનામાં શ્રેષ્ઠતા કે હીનતા જેવા કોઈ ભાવ જ નથી. નથી એને કોઈ પ્રભુતાગ્રંથી કે નથી લઘુતાગ્રંથી, એ તો પૂર્ણ અંશે મધુર ને મધુર જ છે. – સાકરના ટૂકડા એમ. સર્વ મતભેદ અને ભેદભાવ એ તો જીવાત્માની સંપત છે કે જેને આત્મિક સત્યનું કશું જ્ઞાન નથી. એ બધો એ જીવાત્માનો ભ્રમ છે કે જે પોતાને અનાત્મરૂપ સાથે સમાન ગણવાની ગંભીર ભૂલ કરે છે.

આ એક દષ્ટાંત જુઓ : એક માતાને ચાર બાળકો છે ; પણ તે પારણામાં ઝૂલતાં બાળકનું જેટલું ધ્યાન રાખે છે એટલું પેલાં ત્રણનું નથી રાખતી. એ બાળક માગતું ન હોય છતાં તેને ખાવા આપવા ધવરાવવા એ હરઘડી એનો ખ્યાલ રાખતી ખડી હોય છે. પેલાં ત્રણ બાળકોએ તો ભોજન માટે અને રમકડાં માટે માતા પાસે જઈને તેને હેરાન પણ કરવી પડે છે. આ ઉપરથી તમે તેને દુષ્ટ માતા કે પક્ષપાતી માતા તરીકે ખપાવી શકો નહિ. બાળકની શક્તિ અને ક્ષમતા પ્રમાણે માતા, પોતે કરવાના કાર્યની યોજના કરે છે અને તે મુજબ તેનો અમલ કરે છે. એ જ પ્રમાણે સમગ્ર વિશ્વ પરમાત્માનું છે, સારીયે માનવજાત તેના બાળકો છે અને એના એ બાળકોની શક્તિ અને ક્ષમતા અનુસાર દરેકને સમાજકાર્યની અંશતઃ જવાબદારી સોંપી છે. આવા નિઃસ્વાર્થ, સહૃદય, સરળ અને સર્વદા શાંતિના સાગર સમા વિધાતાને દોષ દેવો એ સૂર્યમાં અંધકારનું આરોપણ કરવા સમાન છે. અહંકાર અને સૂર્ય પ્રભાનું સહઅસ્તિત્વ સંભવી જ ન શકે. જેઓ સૂર્યને એ રીતે તુચ્છકારે છે તેઓને સૂર્ય શું છે એનું જ્ઞાન નથી. એ પૂરેપૂરી મૂર્ખતા છે અને ઘોર અજ્ઞાન છે.

બીજું, આધ્યાત્મિક દ્રષ્ટિએ આ વર્ગોનું સ્વરૂપ જુદી રીતે સમજાવી શકાય એમ છે. જેઓ બ્રહ્મની ઉપાસના – ધ્યાનમાં દ્રઢપણે માને છે એઓ છે બ્રાહ્મણો ; જેઓ અસત્યનો પ્રતિકાર કરનારા છે એઓ છે ક્ષત્રિયો ; જેઓ પદ્ધતિસર સત્ય અને અસત્યને ; સાચાં ખોટાને જુદા કરી તેનો ભેદ છતો કરી આપે છે એ છે વૈશ્યો ; જેઓ હમેશાં ક્રીયાશીલ રહે છે અને એમના રોજબરોજના જીવનમાં, સત્યમાં શ્રદ્ધા રાખી તે અનુસાર ચાલે છે તે છે શુદ્રો. જે વર્ણો આ રીતે કર્મક્ષેત્રે પ્રવૃત્ત રહે તો જ માનવજાતનું સુખ મહદ્અંશે સિદ્ધ થઈ શકે.

હવે આપણે પાછા મૂળ વિષય ઉપર આવીએ. શ્રીકૃષ્ણ અર્જુનને સંબોધીને કહ્યું, " ગુણ અને કર્મને આધારે મેં ચાર વર્ણોનું સર્જન કર્યું. તેઓના સંબંધમાં હું કર્મકર્તા ભલે ગણાઉં પણ વાસ્તવમાં હું કશું જ કરતો નથી - હું કર્મથી પર છું. મૂળતત્વરૂપ સિદ્ધાંત ધ્યાનપૂર્વક સમજી લે અને પછી તને ખાતરી થશે કે કર્મ જે મૂળરૂપે જડ, નિશ્ચિત અને પદાર્થરૂપ છે તે જે ચૈતન્યરૂપ છે – જાગૃતભાવથી જે સદા છલકી રહે છે તે આત્માને સ્પર્શી શકે નહિ - તે પર કોઈ અસર જન્માવી શકે નહિ. આત્મા મૂળસ્વરૂપે આસક્તિથી પર છે. એ તો એવો અંતરમગ્ન છે કે આત્મજ્ઞાનથી પણ વંચિત છે અને એની પોતાની કોઈ જરૂરિયાત, સ્વરૂપ કે સંચયનું એને કશું જ જ્ઞાનભાન નથી. એને હું પણ કે મારાપણું નથી કારણ એ તો અજ્ઞાનના ચિન્હો છે. જેઓ અજ્ઞાનનો ભોગ બન્યા છે એઓ જ અહમ્ ભાવ કે મમત્વભાવથી પીડાય છે. સામાન્ય નજરે કદાચ એમ જણાય કે હું કર્મકર છું - હું કર્તા છું, પણ હકીકતમાં હું કર્મ કરનારો નહિ પણ કર્મથી અને કર્મભાવથી અલિપ્ત છું. "

આટલું બસ નથી. કર્મ પૂરું થાય કે તેની કર્તા ઉપર થતી અસરનો- પરિણામનો અંત આવતો નથી. ખરું જોતાં તો એ કદી પૂરું થતું જ નથી, કર્મથી ફળપ્રાપ્તિ થાય છે ; ફળપ્રાપ્તિમાંથી કર્મની ઈચ્છા જન્મે છે અને એ બીજાં કર્મો કરવાની વૃત્તિમાં પરિણમે છે ; અને આ વૃત્તિઓ પુનર્જન્મનું કારણ બને છે. આમ કર્મ જન્મ - મરણના ચક્રમાં માનવીને જોડી દે છે – જકડી રાખે છે, એ એક એવું અનિષ્ટ વમળ છે કે જે

તમને સતત ગોળગોળ ફેરવ્યા જ કરે છે અને અંતમાં બળપૂર્વક ભયાનક ઊંડાણમાં ખેંચી જાય છે. "

અર્જુન, બીજી એક વાત પણ ધ્યાનથી સાંભળી લે. કર્મ પોતે બંધનકર્તા બની શકતું નથી ; હું કરું, હું કરું " એ જે અહંકાર છે તે આસક્તિ અને બંધનનું કારણ બને છે. ફળપ્રાપ્તિની ઈચ્છા બંધન સર્જે છે. એક દ્રષ્ટાંત લઈએ : શૂન્ય જ્યારે કોઈ અંક (આંકડા) સાથે મુકાય ત્યારે જ તેની કિંમત ગણાય, તેની ગણના થાય, કર્મ શૂન્ય છે ; કર્તાની – મેં કર્યાની જે ભાવના કર્મ સાથે સંકળાયેલી છે તે વડે બંધનરૂપ કિંમત કે વળતરની સ્થિતિ પેદા થાય છે. માટે અર્જુન ! હું કરું છું એ ભાવ મનમાંથી કાઢી નાંખ અને કર્મથી તને કંઈ જ હાનિ થશે નહિ. કર્મના ફળની ઈચ્છા કર્યા વિના થયેલું કર્મ કોઈ ક્ષણિક વૃત્તિઓ પેદા કરશે નહિ ; એનો અર્થ એવો કે જન્મની પણ વૃત્તિ કે ઈચ્છા રહેવા પામશે નહિ. પ્રાચીન યુગના ઉત્સાહવીરો આ ઉચ્ચ આદર્શ લક્ષમાં રાખી કર્મ કરતા. તેઓને કદી સ્વપ્ન પણ એમ ન થતું કે તેઓ મહા કાર્યના કરનારા છે. અને તેના ફળનો આનંદ માણનારા છે. તેઓને તો એવી પ્રતીતિ રહેતી કે જે કંઈ કર્યું એ પ્રભુએ કર્યું. પ્રભુએ જ ફળ આપ્યું અને પ્રભુએ જ તેનો આ સ્વાદ માણ્યો. તેઓ પ્રભુવિચારમાં જ રમમાણ રહેતા. તેઓને એવી શ્રદ્ધા હતી કે આ વિશ્વનું મૂલ્ય સાપેક્ષ મૂલ્ય છે ; એનું કોઈ તાત્વિક કે અક્ષર અસ્તિત્વ છે જ નહિ. અર્જુન ! તારે પણ એ જ શ્રદ્ધા કેળવવાની છે અને અંતરાત્માને એવી જ પ્રતીતિ કરાવવાની છે. એટલું કર, પછી તારું મન સ્વચ્છ અને વિશુદ્ધ બની રહેશે.

કર્મ, વિકર્મ અને અકર્મનો ભેદ પણ સમજી લે. આ ક્ષણે હું તને એના ભેદ વિષેના મુખ્ય મુદ્દાઓ જણાવીશ. સાંભળ, ઘણા સાધકો આ વિષે ગુંચવાડો અનુભવે છે. બધાને એ ભેદ સમજાતો નથી. તેઓ માને છે કે સ્વધર્મ એ કર્મ છે અને ધર્મ તરીકે નહિ પણ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુથી જે કર્મો થાય છે તે વિકર્મો છે !....... પણ કર્મ ગમે તે હોય, જો તે તમે અજ્ઞાનતાના અંધકાર અને ગૂંચવાડામાં રહી કર્યું હશે, પછી ભલે તમે તમારી શક્તિને એમાં ગમે એવી સારી રીતે ઉપયોગમાં લીધી હશે તો પણ અંતમાં ચિંતા, દુઃખ અને બેચેનીમાં જ એ પરિણમશે. મનની સમતા, સમતુલા અને શાંતિ કદી એના પરિણામરૂપ નીવડશે નહિ. માનવીએ કર્મમાં રહ્યા છતાં અકર્મ ભાવ કેળવી તેમાં કર્મવિજય જોવાનો છે અને એ જ રીતે કર્મ દ્વારા કર્મ કરીને અકર્મનો અલિપ્તભાવ દ્રઢ કરવાનો છે...... આ જ્ઞાનમાર્ગ નું એક સીમાચિન્હ છે.

કેટલાક લોકો અકર્મનો અર્થ નિષ્ક્રિયતા એવો કરે છે. પણ સાદી ભાષામાં એ સમજવા કે સમજાવવા માટે પહેલાં એ જાણી લેવાની જરૂર છે કે શરીરના અવયવોની, ઈન્દ્રિયોની, મસ્તિષ્કની અંતરની ભાવનામય અને મનની લાગણીપૂર્ણ સર્વ પ્રવૃત્તિ વિવિધ પ્રકારના કર્મો જ છે. હવે અકર્મનો અર્થ માત્ર નિષ્ક્રિયતા નથી – એના બીજા પણ અર્થો છે. સૌ પ્રથમ ‘ આત્મા ’ નો એ સ્વભાવ છે - તેનું લક્ષણ છે. આમ અકર્મ એટલે આત્મસ્થિતિ - આત્મલક્ષણ, “ જ્યારે તમે બસમાં, ગાડીમાં કે જહાજમાં મુસાફરી કરતા હો ત્યારે બહાર નજર કરતાં એવો ભ્રમ થાય છે કે બન્ને તરફના વૃક્ષો અને ટેકરીઓ દોડી રહ્યાં છે અને તમે પોતે સ્થિર જ છો ! રથની - વાહનની ગતિ બાજુના વૃક્ષો અને ટેકરીઓમાં ગતિનું લક્ષણ આરોપે છે. એ જ રીતે જે માનવી શાસ્ત્રજ્ઞાન ધરાવતો નથી, મૂળભૂત

સિદ્ધાંતોની શાસ્ત્રમાં આપેલી વ્યાખ્યાથી જે અજ્ઞાત છે તેને એવો ભ્રમ પેદા થાય છે અને તે એવું માનતો થઈ જાય છે કે દેહના અને સર્વ ઈન્દ્રિયોના કર્મો કરનાર આત્મા ' છે. તો પછી સત્યરૂપ અ - કર્મ - નિષ્ક્રિયપણું શું છે ? આત્માનો અનુભવ એ પૂર્ણ અકર્મ કે નિષ્ક્રિયપણું છે ; અને એ તમારો સાચો સ્વભાવ - સાચું રૂપ છે, તમે બાહ્ય કર્મોથી અળગા રહેશો કામ પતશે નહિ. તમારે આત્મતત્વ સમજવાનું અને સિદ્ધ કરવાનું છે, કર્મનો બહિષ્કાર કરવાનો નથી, કારણ પૂર્ણપણે કર્મહીન રહેવું એ સાવ અશક્ય છે. "

---

# અધ્યાય ૧૦

" હે ધનંજય ! જેને કર્મ અને અકર્મના ભેદનું સ્પષ્ટ જ્ઞાન થયું હોય એ જ પંડિત કહેવાય છે. ગ્રંથસ્થ ગદ્ય કે પદ્ય જેણે ઠાંસી ઠાંસીને તેના મગજમાં ભરી દીધું હોય એ પંડિત કહેવાતો નથી. પંડિતમાં પ્રજ્ઞા હોવી જોઈએ કે જે તેને સત્યનું દર્શન - સમ્યગદ્રષ્ટિ આપે છે. એ દ્રષ્ટિ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે કર્મની કોઈ અસર રહેતી નથી અને તે દુઃખકારક બનતું નથી.

" કેટલાક કહે છે કે જ્ઞાનીને માટે પણ પ્રારબ્ધ કર્મની અસર અનિવાર્ય છે ; તે એમાંથી છટકી શકે નહિ. આ બીજાઓનું તારવેલું અનુમાન છે ; જ્ઞાનીનો પોતાનો એવો અનુભવ નથી. જેઓ એને જોઈ રહ્યા હોય છે, એનું અવલોકન કરી રહ્યા હોય છે તેઓને જ્ઞાની કદાચ એના ભૂતકાળના કર્મોનું ફળ ભોગવતો જણાશે ; પણ હકીકતમાં એ તો સાવ વિરક્ત છે. જેઓ સુખસગવડના સાધનો પર નિર્ભર છે કે ઈન્દ્રિય સુખ પાછળ પડ્યા છે, જેઓ ક્ષણિક આવેગ અને વાસનાથી જ પ્રેરાઈ સર્વ કાંઈ કરે છે તેઓને કર્મ બંધનરૂપ નીવડે છે. પણ જેઓ આથી મુક્ત છે તેઓ ઇન્દ્રિયજન્ય અનુભવ - શબ્દ, સ્પર્શ, સ્વરૂપ, સ્વાદ કે સુગંધ વગેરે કશાથી જ લલચાઈ જતા નથી. તેઓ સાચા સન્યાસી છે. તે દ્રઢ - અડગ છે. જ્ઞાની પોતાના આત્મસ્વરૂપમાં જ સર્વ શ્રેષ્ઠ સુખનો અનુભવ કરી રહ્યો હોય છે અને બીજા કશા ઉપર આધાર રાખવાની એને કોઈ આવશ્યકતા જ રહેતી નથી. એ અ - કર્મ માં કર્મ અને કર્મમાં અ - કર્મ જુએ છે એટલું જ નહીં પણ અનુભવી શકે છે, સાર્થક કરે છે. તે ભલે કર્મરત હોય પણ તેના પરિણામથી પૂર્ણતઃ અલિપ્ત હોય છે. કર્મનું ફળ એની નજરમાં જ ક્યાંય હોતું નથી.

" તું પ્રશ્ન કરશે - એ તે શી રીતે કરી શકે ? સાંભળ : તે સર્વદા સંતુષ્ટ હોય છે. જે સંતુષ્ટ છે એ મુક્ત છે, તેને બીજા કશા જ આધારની આવશ્યકતા હોતી નથી, કર્તાભાવથી તે હમેશાં અલિપ્ત હોય છે. તેને જે કંઈ આવી મળે તેમાં તે સંતોષ માને છે પછી તે સુખ હોય કે દુઃખ, કારણ પ્રભુ ઈચ્છા અનુસાર જ સર્વ કાંઈ બને છે એવું દ્રઢ શ્રદ્ધાપૂર્વક તે માનતો હોય છે. તેનું મન અડગ અને અચલ હોય છે, તે સર્વદા પ્રસન્ન ચિત્ત હોય છે. સંતોષનો અભાવ એ અજ્ઞાનીનું લક્ષણ છે. જેઓ પૂરુષાર્થ ત્યજી પ્રમાદ અને ઉદાસીનતાનો માર્ગ લે છે તેઓને, ગમે એવા સુખદ સંજોગે ઉપલબ્ધ થાય તો એ સુખી ગણાવી જ શી રીતે શકાય ? સંતોષ અમૂલ્ય સંપત્તિ છે અને તે જ્ઞાનીને જ પ્રાપ્ત છે ; અજ્ઞાની કે જે તૃષ્ણાઓના પ્રવાહમાં ખેંચાતાં, એક છોડી બીજી યોજના ઘડતો હરઘડી પ્રલાપ કરી રહ્યો હોય છે અને ચિંતાતુર બની લાલચ - અને પ્રલોભન વગેરેના સંકલ્પ - વિકલ્પમાં પોતાના દિલને સંતપ્ત કરી રહ્યો હોય છે તેને એ અમૂલ્ય સંપત્તિ ક્યાંથી મળવાની હતી ?

" સુખદુઃખ, હારજીત કે લાભાલાભના દ્વન્દ્રોમાં જ્ઞાની કદી અટવાતો નથી. એ તો દ્વંદ્વાતીત છે. અદ્વૈતભાવથી પ્રસન્ન છે. ધિક્કારની લાગણી પ્રત્યે તેને ચીડ હોય છે અને તેને કદી તે પોતાને અડવા પણ દેતો નથી. એના આત્માનું સ્વરૂપ અને સ્વભાવ જ એવા છે કે તે કુદરતી રીતે જ નિશ્ચિતપણે અસ્પૃશ્ય રહે છે. તેને આત્મા અ - સંગ છે. જે આત્મા નથી એવા કશાની પણ તે ઉપર અસર પહોંચતી નથી. એને

નથી જન્મ કે નથી મૃત્યુ: નથી ક્ષુધા કે નથી તૃષા ; નથી વિપત કે નથી વિભ્રમ. ભૂખ અને તૃષા એ પ્રાણના (જીવના) લક્ષણો છે. જન્મમરણ દેહના લક્ષણો છે. દુ:ખ અને ભ્રમણા એ મનના ભૂત છે. માટે અર્જુન ! આ બધાંને તું કાંઇ શાશ્વત સત્ય સાથે સંલગ્ન કરવાની ભૂલ કરીશ નહિ, તારી જાતને માત્ર આત્મા તરીકે યથાર્થ ઓળખી લે ; બધા જ ભ્રમ ત્યજી દઈ સંપૂર્ણ અનાસક્ત થઈ જા. સંસારના આ કચરાથી ઊભરાતાં સરોવરમાં એક કમળની જેમ અલિપ્ત રહેતાં શીખ અને તારી ચારે બાજુના કાદવ - કીચડથી તું ખરડાઈ ન જાય એનું ધ્યાન રાખ. આનું જ નામ અ - સંગ ; અંદર છતાં બહાર – સૌની વચ્ચે છતાં મુક્ત. જે કંઈ સંપર્કમાં આવે એથી જે ખરડાઈ જાય, કલંકિત થાય એવાં પોચક અને છિદ્રાળુ ‘ બ્લોટિંગ પેપર ' જેવો નહિ પણ કમળપત્ર જેવો નિ:સંગ બની જા.

તારી વિશુદ્ધ ચિત્તવૃત્તિરૂપ નિર્મળ જળથી આત્મલિંગનું પૂજન કર, તેનો અભિષેક કર. જ્યારે ચિત્ત એક દિશામાં અને ઈન્દ્રિયો બીજી દિશામાં દોડે છે ત્યારે મનુષ્ય બેવડી મૂંઝવણ અનુભવે છે. માટે, આસક્તિભાવથી હમેશાં દૂર રહે - મુક્ત રહે. આ જ્યારે થાય છે ત્યારે તમે જે કંઈ કરો તે - બલિદાન - યજ્ઞ બની જાય છે. તમે જે કંઈ ઉચ્ચારો તે પવિત્ર મંત્ર ગણાવા માંડે છે ; જે જે સ્થળોએ તમારાં પગલાં પડે તે પવિત્ર તીર્થસ્થાનો બની જાય છે.

અર્જુન ! હું તને યજ્ઞ વિષે પણ થોડુંક કહીશ. તારા મનના આવેશને દબાવી દઈ ખૂબ શાંતિથી સાંભળ. લોકો દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ- યોગયજ્ઞ વગેરે યજ્ઞોની વાતો કરે છે. જમીનમાં ખાડો ખોદીએ તો જે માટી નીકળે તેનો એક મોટો ઢગ ખડકાઈ જાય છે. એવા માટીના ઢગ વિના ખાડો સંભવી શકે નહિ. જ્યારે એક સ્થાને દ્રવ્ય – વૈભવ ભેગો થાય, ખડકાય ત્યારે તે સાથે એવાં જ દાનપ્રદાન હોવાં જોઈએ. દ્રવ્યયજ્ઞ એટલે શું- પોતાના દ્રવ્યનો યથાર્થ ઉપયોગ - તેનો સદુપયોગ. સદુપયોગ કોને કહેવાય ? ગોદાન, ભૂદાન, કૌશલ્યદાન એ દ્રવ્યયજ્ઞમાં આવે છે. બીજું સર્વ પ્રકારનો શારીરિક અને માનસિક પરિશ્રમ અને વાણીનો જ્યારે સાધનાના ધ્યેય માટે ઉપયોગ થાય ત્યારે તે તપોયજ્ઞ કહેવાય છે. એક ટંક ખાવાનું ન મળવાથી જે તમારામાં નબળાઈ આવી જતી હોય અને તમે નિષ્ક્રિય બની પડી રહો તો એ તપ કહેવાય ? અને અંતમાં કર્મ કરતાં છતાં તેનાથી સર્વીશે મુક્ત રહેવું - અલિપ્ત રહેવું એ છે યોગયજ્ઞ.

" અને સ્વાધ્યાય યજ્ઞ ? મોક્ષને માર્ગે – શાશ્વતમુક્તિને માર્ગે જે આપણને દોરી જાય છે તે પવિત્ર ધર્મગ્રંથનો પૂજ્યભાવ અને નમ્રતાપૂર્વક અભ્યાસ કરવો તે. જે ઋષિમુનિઓએ આ ધર્મગ્રંથોને એકત્રિત કરી - સંકલિત કરી આપણને આપ્યા તેઓ પ્રત્યેનું આપણું ઋણ અદા કરવાની એક જ રીત છે, અને તે આ પ્રકારનો વિદ્યાભ્યાસ. એ પછી આવે છે જ્ઞાનયજ્ઞ. આનો અર્થ જે કંઈ દ્રશ્ય અને દ્રષ્ટિગોચર છે એનું જ્ઞાન નહિ પણ જે અદ્રશ્ય અને અદ્રશ્ય છે એનું જ્ઞાન (પરોક્ષ જ્ઞાન, નહિ કે અપરોક્ષ) આ જ્ઞાન વિષયક જે શાસ્ત્રો રચાયાં છે તેનું ધ્યાનપૂર્વક શ્રવણ કરવું, તેનો અભ્યાસ કરવો અને તેના આદેશ – ઉપદેશ, તેના ગુણવિગુણનો વિચાર કરી તેનું મનન કરવું ; એ છે જ્ઞાનયજ્ઞ. જેઓને આધ્યાત્મિક જ્ઞાન અને જીવનનો અનુભવ છે એવા ગુરુપદે સ્થાપવાયુક્ત મહાનુભાવો પાસેથી જિજ્ઞાસા દ્વારા આત્મતત્વ સમજવાની, તે સિદ્ધ કરવાની ઉત્કંઠા એ પણ જ્ઞાનનો જ પ્રકાર છે.

" અર્જુન ! આ બધું શી રીતે પ્રાપ્ત કરવું એવો તને પ્રશ્ન થાય એ સંભવિત છે. જેઓ એ જ્ઞાનપ્રાપ્તિ માટે આતુર છે, તેઓએ આત્મસિધ્ધ વિભૂતિઓ સમક્ષ જઈ, તેઓની મનોવૃત્તિ અને જીવનપ્રકારનો ઉંડો અભ્યાસ કરી તેઓની કૃપા પ્રાપ્ત કરી એમને પ્રશ્ન કરવાની શુભ ઘડી - એ શુભ અવસરની રાહ જોવી જોઈએ. સંશય પેદા થાય ત્યારે તેઓએ એના નિરાકરણ વિષે પૂછવું જોઈએ. ઢગલાબંધ પુસ્તકોના અભ્યાસ, કલાકોના સંભાષણ અને વ્યક્તવ્યો કે રંગીન લાંબો ઝભ્ભો પહેરવાથી કોઈ જ્ઞાની બની શકતું નથી. જે મહાનુભાવોએ પરમાત્મતત્વનો અનુભવ કર્યો હોય તેઓ પાસેથી જ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. તેઓની સેવા પૂજા કરી તમારે તેઓનો પ્રેમ સંપાદન કરવાનો હોય છે. પુસ્તકોના અભ્યાસ વડે સંશયોનું નિવારણ શી રીતે થઈ શકવાનું હતું ? એથી તો ઊલટું મનમાં ગૂંચવાડો અને બુદ્ધિપ્રકાશનો ક્ષય થવાનો વધારે સંભવ છે.

“ પુસ્તકો બહુ બહુ તો માહિતી પૂરી પાડે ; તે કશાની પણ સ્પષ્ટ કે પ્રત્યક્ષ સાબિતી પૂરી પાડી શકતાં નથી. જે આત્મસિદ્ધ - સ્વયંસિદ્ધ છે તે જ પ્રત્યક્ષ આચરણ અને વ્યવહાર દ્વારા આતમજ્ઞાનની પ્રતીતિ કરાવી શકે છે. માટે સતત એઓની શોધમાં રહેવું અને તેઓને પ્રાપ્ત કરી પૂજ્યભાવથી તેઓની સેવા કરવી એ આવશ્યક છે. આ પ્રમાણે કરવાથી જ અમૂલ્ય જ્ઞાનવૈભવ પ્રાપ્ત કરી શકાશે. જેમાં સમુદ્રનું ખારું પાણી ગમે એટલું મળે છતાં તેથી તૃષા સંતોષાતી નથી તેમ શાસ્ત્રોનો ગમે એટલો અભ્યાસ સંશયનું નિવારણ કરી શકતો નથી.

“ આ ઉપરાંત જ્ઞાનપિપાસુમાં ભક્તિ અને શ્રદ્ધા જ નહિ પણ સાદાઈ - નમ્રતા અને પવિત્રતા પણ હોવાં જોઈએ. તેણે અધીરા થઈ ગુરૂને આકુળવ્યાકુળ કરી મૂકવા જોઈએ નહિ. ઉતાવળને પરિણામે સાફલ્યની તક – સિદ્ધિની તક ગુમાવવી પડે છે. ગુરુ જે કંઈ કહે તેનો અમલ કરી સ્વાનુભવ કરવો જોઈએ. પ્રત્યેક સલાહસૂચન જે વિષે તમે સાંભળો કે શીખો તેને પોપટની જેમ અમલ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ નહિ કારણ ત્વરિત જ્ઞાની બની જવાની ભાવના મન ઉપર સવાર થઈ જાય તો સાધના સાધના રહેતી નથી. એમ કરીને તો તમે પૂરા અજ્ઞાનીનું જ બિરૂદ મેળવશો. એટલું જ નહિ પણ આવા સંજોગોમાં તો અજ્ઞાની રહેવું જ વધુ ઈચ્છનીય છે કારણ આવા લોકોને એક પ્રકારનું ઘેલું લાગવાનો- ગાંડપણ લાગુ પડવાનો પૂરેપૂરો સંભવ છે. આથી તમારે ખૂબ જ સાવચેત રહેવાની આવશ્યકતા છે.

“ ગુરુની આજ્ઞા પાળી પ્રેમપૂર્વક તેની સેવા કરી તેમને રાજી રાખી તમારે ગુરુકૃપા મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગુરુના હિત અને સુખ વિના બીજો કોઈ વિચાર જ તમારે કરવાનો હોતો નથી. બીજાં સર્વસ્વનો ત્યાગ કરી ગુરુકૃપા સિદ્ધ કરો એટલે જ્ઞાન તમારું જ છે. એને બદલે તમે આજ્ઞાનું ઉલ્લંઘન કરી શ્રધ્ધાને અભાવે અહંકારને વશ બની નિંદાખોરીમાં પ્રવૃત્ત થશો તો સત્યના દર્શનરૂપ ભગવત્ કૃપા તમે કદી પ્રાપ્ત કરી શકશો નહિ ; તમે નિરાશા અને અંધકારમાં ડૂબી જશો.

" જેમ ગાય તેના બચ્ચાંને જુએ છે કે તુરત તેને સમીપ બોલાવે છે તેમ ગુરુ સાચા શિષ્યને જોઈ તેને પ્રત્યક્ષ બોલાવી ગુરુકૃપારૂપ દૂધનું પાન કરાવે છે. શિષ્ય ઉમદા ચારિત્ર્યવાન હોવા જોઈએ ; જેમ લોહચુંબક સ્વચ્છ લોખંડના ટૂકડાને આકર્ષે છે તેમ તે શિષ્ય તુરત જ ગુરુનું ધ્યાન ખેંચશે. "

" ગુરુની પ્રતિયોગિતા વિષે શિષ્ય અવશ્ય ખાતરી કરી શકે ; એણે કરવી જ જોઈએ. કારણ તેને ગુરુની જરૂર પડી છે, અને ગુરુ પાસે તે શેની અપેક્ષા રાખે છે એ, શિષ્ય પોતે જ જાણતો હોય છે. અર્જુન ! ગુરુમાં કયા વિશિષ્ટ ગુણો હોવા જોઈએ એ વિષે હું તને થોડું કહીશ. ગુરુએ માત્ર મોટા મોટા ધર્મગ્રંથોનું જ્ઞાન મેળવ્યું હોય એ પૂરતું નથી ; સ્વાનુભવથી અપરોક્ષ જ્ઞાન એમને થયું હોવું જોઈએ. એનામાં દ્રઢ બ્રહ્મનિષ્ઠા - સાતત્યની પ્રતીતિ હોવી જ જોઈએ. માત્ર શાસ્ત્રજ્ઞાન મુક્તિદાયક હોતું નથી. એ જ્ઞાન એવી ક્ષમતા ધરાવતું નથી. બહુ બહુ તો એ ' ભુક્તિ ' - જીવનની જરૂરિયાતો મેળવી આપવામાં સહાયભૂત થાય. બીજી તરફ કેટલાક એવા માનવીઓ પણ છે કે જેઓએ શાસ્ત્રજ્ઞાન વિના માત્ર અનુભવજ્ઞાન દ્વારા મુક્તિનું સુખ - આનંદ સિદ્ધ કર્યા છે. માત્ર એટલું જ કે એવા લોકો સંશયાત્માઓને ઉગારી શકતા નથી, તેઓ શંકાશીલ શિષ્યોની મુશ્કેલી સમજી શકતા નથી અને તેઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી શકતા નથી.

" હજારો બલ્કે લાખો માણસો માત્ર નામના - કહેવાતા ગુરુઓ છે. ભગવાં વસ્ત્ર ધારણ કરનાર સૌ ગુરુ ; ગાંજો પીનાર સૌ ગુરુ ; વાદવિવાદ કરનાર સૌ ગુરુ ; સંભાષણ કરનાર, આખ્યાન આપનાર સૌ ગુરુઃ પુસ્તકો લખનાર સૌ ગુરુ ! દેશમાં સર્વત્ર પરિભ્રમણ કરી કે દલીલબાજી શીખી - વાદવિવાદ કરવાનું શીખી કોઈ ગુરુ બની શક્યું નથી કે એ પદનો અધિકાર મેળવી શકતું નથી. અત્માનુભવ દ્વારા ગુરુએ એવી શક્તિ સિદ્ધ કરી હોવી જોઈએ કે જે વડે તે શિષ્યનો ઉત્કર્ષ કરી તેને શાસ્ત્રોએ દર્શાવેલા સાધનાના માર્ગે દોરી જઈ શકે. ગમે એવી ઉત્તમ વાદવિવાદકલાનો ઉપયોગ શું ? તે જે કંઈ કહે અને કરે તે શાસ્ત્રમાન્ય હોવું જોઈએ. લાંબાલચક ભાષણોમાં પુસ્તકો અને ગ્રંથોમાંથી ભેગી કરેલી માહિતી - સામગ્રી ઓકી કાઢતાં શ્રોતાઓને ચકિત કરી આવેશ અને ઉશ્કેરાટના મોજાંઓ પર રમાડીને ગુરુ થઈ શકાતું નથી. વક્તવ્યમાં તેઓ મહાન શૂરવીર હશે પણ સાધનામાં અને આધ્યાત્મિક જ્ઞાનમાં તો તેઓ શૂન્યરૂપ જ છે. તેઓ શાળાના શિક્ષકો બની શકે પણ તેઓ માનવીના દિલમાં ભક્તિભાવ જાગૃત કરી શકતા નથી કે તેને મુક્તિનો માર્ગ દર્શાવી શકતા નથી. કહેવાતા બધા જ ગુરુઓ આ જ કક્ષાના હોય છે અને જેઓ તેમના શિષ્ય બને છે તેઓ એટલું જ પ્રાપ્ત કરી શકે છે. તેઓનું મૂલ્ય પેલાં પુસ્તકો જેટલું જ હોય છે કે જેનું શબ્દરૂપ જ્ઞાન મગજમાં ઠાંસી તેઓ અવસર અવસરે તે ખાલી કરતા રહે છે. ઘણા નિર્દોષ અને ભોળા સાધકો આવા દેખાવ કરનારા " ગુરુ " ઓના શાબ્દિક દાવપેચની જાદુઈ અસર નીચે આવી તેઓ પ્રત્યે આકર્ષાય છે. તેઓ ભલે પંડિત ગણાતા હોય ; વ્યાખ્યાનો આપતા હોય પણ માત્ર એ વડે તેઓ જ્ઞાન જેવું દિવ્ય દાન આપવા યોગ્ય ઠરતા નથી. એ તો માત્ર અવતારી પુરુષો **देवंश - संभुतः**, **तत्ववीदः** - જ કરી શકે કે જેઓ એ પરમાત્મતત્વનું જ્ઞાન સિદ્ધ કર્યું હોય છે. માનવ અવતાર ધરનાર પરમાત્મા ; એવી વિભૂતિઓ, જેઓ દિવ્ય સંસ્કાર અને ભવ્યતાના પ્રતિનિધિરૂપ, છે, ધારક અને દર્શક છે ; અને એવા જ્ઞાનીઓ કે જેઓએ આધ્યાત્મિક સાધના તેની શ્રેષ્ઠ કક્ષાએ સિદ્ધ કરી પરમાત્મતત્વનો આનંદ અનુભવ્યો છે). અમુક એક સ્વાનુભવ કે તેના અંશતઃ અનુભવનો દાવો કરવો નિરર્થક અને નિરુપયોગી છે. જે પૂર્ણરૂપ છે તેનો અનુભવ - તેની પ્રતીતિ હોવી જોઈએ અને તે સ્વયં સંપૂર્ણ હોવી જોઈએ. જેઓનું જ્ઞાન અપૂર્ણ છે તેઓ તમને અમુક એક સ્થાન સુધી પહોંચાડશે અને ત્યાં

મધ્યપ્રદેશમાં છોડી દેશે અને સ્વર્ગ અને મૃત્યુલોક વચ્ચે અટવાતા ઝોલાં ખાતા ત્રિશંકુ જેવી તમારી દશા થશે.

" ગુરુએ પણ જે શિષ્યો એમનું માર્ગદર્શન ઈચ્છે છે તેઓના ગુણ - લક્ષણનો અભ્યાસ કરવો જોઈએ ; શિષ્યની સંપત્તિ, સ્થાન કે મોભો વગેરે જોઈ એમણે ચલિત થવું જોઈએ નહિ કે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ સેવવા જોઈએ નહિ. તે શિષ્યના અંતરના ભાવ, તેનું સાચું સ્વરૂપ ઓળખવા શક્તિમાન હોવા જોઈએ. જે શિષ્ય અજ્ઞાનરૂપ નિદ્રામાં સપડાયા છે તેઓના ' એલાર્મ ક્લોક ' (ઘંટડી ઘડિયાળ) નું કામ ગુરૂએ કરવાનું હોય છે. જે ગુરૂ કંજુસ હોય અને શિષ્ય ઊંઘણશી હોય તો બંનેના ભાગ્યમાં અંતે દુઃખ જ આવવાનું છે.

આમ શ્રીકૃષ્ણ અર્જુનને ગુરુ અને શિષ્ય બન્નેની યોગ્યતા વિષે સ્પષ્ટ જ્ઞાન આપ્યું તેઓના આચાર, વિદ્વત્તા, ગુણાવગુણ, પ્રવૃત્તિ અને સ્વભાવ લક્ષણો વિગેરે બાબત તેને સ્પષ્ટ ખ્યાલ આપ્યો. હવે, આ અમૂલ્ય માર્ગદર્શન અને બોધવચનો માત્ર અર્જુનને નહિ પણ સમગ્ર વિશ્વને સંબોધીને અપાયાં હતાં. જે સૌ કોઈ ગુરૂ કે શિષ્ય બનવા ઈચ્છતા હોય તે સૌએ આ અમૂલ્ય વચનો પર ધ્યાન આપી તે સમજી લેવાની ખાસ આવશયક્તા છે.

દુઃખની વાત છે કે આજના ગુરુઓ અને શિષ્યોની કક્ષા વર્તમાન યુગના સાવ નીચાં ધોરણો અને મૂલ્યોને બરાબર અનુરૂપ જ છે. પ્રાચીન કાળમાં તો ગુરુની પ્રાપ્તિ મહાપ્રયત્ન થઈ શકતી ; તેઓ એટલા તો દુર્લભ અને મૂલ્યવાન ગણાતા કે હજારો શિષ્યો તેઓની શોધમાં વનેવન ભટકતા. આજે તો ગુરુઓ શેરીએ શેરીએ ડઝનબંધ મળી આવે છે પણ અછત છે સાચા શિષ્યોની - શિષ્યોની સંખ્યા ઘટતી જાય છે. બન્નેનું ઝડપથી અધઃપતન થઈ રહ્યું છે અને એકમેકને બંધબેસતી કક્ષાએ પહોંચી રહ્યા હોઈ તેઓ વચ્ચે સમતા આવતી જાય છે. શિષ્યોનું પોષણ કરી તેઓને સહાયરૂપ થવાનું જેટલે અંશે જરૂરી બનતું ગયું - તે પ્રમાણને અનુરૂપ ગુરુઓની સંખ્યા ઘટતી આવી છે. જો શિષ્યોમાં યોગ્યતા હોય તો આમાં કંઈ ખોટું નથી ; પણ બને છે એવું કે શિષ્યો પોતાને ત્યજી ક્યાંક બીજે ભાગી જશે એવો ગુરુઓને ભય લાગે છે અને તેથી તેઓ એ શિષ્યોના ગમાઅણગમા પ્રમાણે અને મનિષા પ્રમાણે તેઓની જરૂરિયાત પૂરી પાડવી પડે છે. શિષ્યો પોતાને ગુરુપુત્રો, આશ્રમવાસીઓ અને સાધકો તરીકે ઓળખાવે છે પણ તેઓનું જીવન આશ્રમના વાતાવરણથી, સાધના કે સાધુપુરુષને શોભારૂપ સદગુણોથી તો અસ્પૃશ્ય જ રહે છે. તેઓને ગુરુ પ્રત્યે સામાન્ય કૃતજ્ઞતાનો ભાવ સુદ્ધાં હોતો નથી. મુખથી તેઓ શ્રીકૃષ્ણાર્પણ કૃષ્ણાર્પણના સૂત્રો ઉચ્ચારતા હોય છે પણ તેઓના કૃત્યોમાં દેહાર્પણ ભાવ જ વર્તાતો હોય છે.

તે ઉપરાંત, શિષ્યોની અમુક શરતો પણ હોય છે. તેઓની મનોરંજન, સરળ જીવન અને સુખસગવડ માટેની ઈચ્છા ગુરુએ માન્ય રાખવી પડે છે. સાધના માટે આગ્રહ ન રાખતાં, ગુરુએ શિષ્યને સુખશાંતિની તથા તેને કોઈ પ્રકારની હાનિ કે મનદુઃખ ન થાય એની ખાતરી આપવાની હોય છે. એમને તો મોક્ષરૂપી ફળ સીધું એમના ખોળામાં આવીને પડે એવું જોઈએ છે. ગુરુએ કોઈ આકરી શિસ્ત કે જીવનનીતિની ભલામણ પણ ન કરવી જોઈએ અને ગુરુએ શિષ્યની સર્વ આકાંક્ષા અને અભિપ્રાય

પ્રત્યે સહાનુભૂતિથી જોવું જોઈએ. જો ગુરુ તેની વિરુદ્ધ જાય તો શિષ્ય તુરત જ તેનો ત્યાગ કરે છે અને તેની નિંદા કરવાનું શરૂ કરી દે છે.

# અધ્યાય ૧૧

જીવનમાં આવી આશાએશ ચાહનારા લોકો શી રીતે મોક્ષ પ્રાપ્ત કરી શકે ? જો આ પ્રકારના શિષ્યો પણ ગુરૂને મળતા ન હોય તો તેમાં તેણે દુર્ભાગ્ય શા માટે સમજવું જોઇએ. નવાઈની વાત છે કે આવા શિષ્યોને પોતા ભણી વાળી ન શકવા બદલ વિલાપ કરનારા ગુરૂઓ છે. અફીણ ખાનારા અને ગાંજો પીનારા ગુરૂ બનવા યોગ્ય નથી. તેઓ પાખંડી છે - ઠગ છે. જીવન જ નહિ પણ સુખી જીવનના સાધનોની પ્રાપ્તિમાં જ જેઓ પોતાની સર્વ શક્તિનો વ્યય કરતા હોય છે તેઓ ગુરૂ બની જ શી રીતે શકે ? જેઓ પોતાની વાસનાવૃત્તિને વશ થઈ તેને સંતોષવા નીકળ્યા છે તે શિષ્યો શી રીતે બની શકે ? આ પ્રકારના ગુરૂઓ, ધનગુરૂઓ છે અને આવા શિષ્યો મદવ્યસ્ત શિષ્યો છે. એમને ગુરૂઓ અને શિષ્યો તરીકે ઓળખાવવા એ આ બે પવિત્ર નામોને કલંકના કાદવમાં ઘસડી જવા બરાબર છે.

તો સાચા ગુરૂ કોને કહેવાય ? જે મોહ - માયાના માર્ગને ભૂંસી નાખવાનું, ભૂલી જવાનું શીખવી શકે તે છે સાચા ગુરૂ ! અને સાચો શિષ્ય કેવો હોય ? જે બહિર્મુખ – બહારની દુનિયાનાં ભટકતાં મનને વશ રાખી તે ઉપર પ્રભુત્વ સ્થાપવા ઈચ્છે છે તે સાચો શિષ્ય છે. અડધી રાત સુધી જાગી જે કંઈ ગોખ્યું હોય એ બધું વ્યાસ પીઠ પર આવી જોરશોરથી, ભેગા થયેલ માનવ સમુદાયને સંભળાવનારા ગુરૂઓ આજના - આધુનિક ગુરૂઓ છે. તેઓનો વ્યવસાય ખાધેલો ખોરાક ઓછી કાઢવા બરાબર છે. ગોખેલું પોપટ બકી જાય એમજ આ ગુરૂઓ પણ કરે છે. બાળકો પણ સમજતાં હોય છે કે લોભ અને લાલચ પર પ્રભુત્વ સ્થાપવાનું હોય છે, પણ આ ગુરૂઓ જે કંઇ બોલે, કરે એમાં લાભ અને ક્રોધ, ઈર્ષા અને ધિક્કાર, વાસના અને અહંકાર જેવા પાશવી ગુણો જ પ્રદર્શિત કરતા હોય છે – એમની વાણી અને વ્યવહારમાં આ રાક્ષસી ગુણો જ તરી આવતા દેખાય છે. જેઓ ગુરૂ હોવાનો દાવો કરતા હોય એઓ જ આવી વિષમય મનોવૃત્તિ ઉપર કાબુ મેળવી શકતા ન હોય તો જે કમનસીબ શિષ્યો એમને આશરે જાય છે તેઓને કઈ સફળતા મળવાની હતી ?

જો ગુરૂ આત્મસમર્પણની સર્વોચ્ચ ભાવના સેવનારા હોય, સર્વ જનસમાન ભાવરૂપ સહાનુભૂતિ ધરાવતા હોય, શક્તિદાયક ઉચ્ચ વિચારો વડે જેનો આત્મા પ્રફુલ્લ હોઈ, જે સર્વદા સત્યનું રક્ષણ કરવા તત્પર હોય, પોતે સાદું અને મધુર જીવન અપનાવી સર્વ કોઈ માટે શોક રહીત જીવન ઘડી કાઢવા અથાગ પરિશ્રમ કરતા હોય, બીજાઓને સન્માર્ગ અને સદદગુણ પ્રત્યક્ષરૂપે દર્શાવવાની તક મેળવવામાં જ સંતોષ માણનારા હોય તો શક્ય છે કે એવા ગુરૂને થોડાઘણા શિષ્યો આવી મળે. શિષ્યો પોતે દુષિત હોય તો એમના જ દોષોનું ગુરૂમાં આરોપણ કરી તેમની સચ્ચાઈ અને પ્રમાણિકતા વિષે શંકા વ્યક્ત કરશે. પણ સિધ્ધ ગુરૂ તો હંમેશ પ્રમાણે શાંત અને અલિપ્ત જ રહેશે કારણ એમને કશું ગુમાવવાનું હોતું નથી. ગુમાવનારા તો અણમેલ તક જતી કરનાર શિષ્યો જ છે.

એક વાત સત્ય માનજો. જ્યાં સુધી વ્યક્તિ પોતે દેહરૂપ છે એ ભ્રમનું નિવારણ કરી ન શકે, તેને નિર્મૂળ કરી ન શકે ત્યાં સુધી પરમાત્મતત્વની પ્રાપ્તિ અશક્ય છે ; પછી ભલેને તમે ગમે એટલા ગુરુઓને

અપનાવી તેઓની સેવા કરો અને તેઓને શોધવા ગમે એટલું પરિભ્રમણ કરતા રહો. એ ભ્રમણામાં તમે જકડાયેલા રહેશો તો તમારું બધું જપ ધ્યાન, તીર્થક્ષેત્રની યાત્રા અને એ પવિત્ર ધામોમાં કરેલાં સ્નાનપાન તમને સફળતા અપાવી શકશે નહિ. આ તમારા બધા પ્રયત્નો તૂટેલા વાસણ વડે જળવારી ઉલેચવા જેવા જ અફળ રહેશે.

ગૃહસ્થાશ્રમી જે પોતાના ધર્મ અને ફરજ યથાયોગ્ય બજાવે છે તે આવા સાધુઓ કરતાં ચડિયાતા અને સન્માનપાત્ર છે. તેઓ પોતાના આશ્રમધર્મનું પાલન કરે છે અને અવિરત પરમાત્માનું સ્મરણ કરતા, આત્માની અનુભૂતિ કરતા સન્માર્ગે આગળ વધતા હોય છે અને પરિણામે તેઓ પરમાત્મતત્વ સિદ્ધ કરી શકે છે. આજના ગુરૂઓ અને શિષ્યોના પ્રકાર અને ગુણદોષનું વિવેચન કરવા જઈએ તો પુસ્તકોના પુસ્તકો ભરાય ; પણ એવી બિનજરૂરી ચર્ચામાં ઉતરવું એ કિંમતી સમયનો વ્યય કરવા બરાબર છે. માટે આપણે ફરી મૂળ વિષય પર આવીએ.

બીજું પણ એક કારણ છે. શ્રીકૃષ્ણ - અર્જુનના પવિત્ર ગુરુશિષ્યના સંબંધની ચર્ચા કરતાં કરતાં, આજના ગુરૂ - શિષ્યોનો ઉલ્લેખ કરવો એ એક પાપ છે. કૃષ્ણાર્જુન તો ગુરુશિષ્યની એવી અનન્ય, અદ્વિતીય અને ઉત્કૃષ્ટ જોડ છે કે જેને બીજું કોઈ પહોંચી શકે એમ નથી, જેની સમીપ જવાની યોગ્યતા કે ગુણવત્તા બીજું કોઈ ધરાવતું હોય એ અસંભવ છે. સૌ સાધકો અને ગુરૂઓએ તેમને આદર્શરૂપ ગણી ચાલવાનું છે. અર્જુન અત્યંત નમ્રતાપૂર્વક, નિરાભિમાની થઈ શ્રીકૃષ્ણને પ્રણામ કરી તેમનું શરણ સ્વીકારે છે અને નિષ્ઠાપૂર્વક પોતાના ગુરૂની આજ્ઞા અને તેમણે આપેલા તત્વબોધ અનુસાર વર્તે છે. અર્જુન માટે જે ખરેખર હિતકર હતું તેનું શ્રીકૃષ્ણ સમર્થન કરે છે. અર્જુનની સાચી કીર્તિ, આત્માનંદ અને ધર્મ ખરેખર શેમાં સમાયેલા છે અને શી રીતે તેની વૃદ્ધિ થઈ શકે એમ છે તેનો તેઓ પૂર્ણ વિચાર કરી માર્ગદર્શન કરે છે. અર્જુનને પોતાના જ પ્રાણરૂપ ગણી તેની સાથે વર્તે છે અને તેની વહાર કરે છે. ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનના એવા સર્વ શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ ગુરૂ છે.

શ્રીકૃષ્ણ પરમ - આત્મા છે ; અર્જુન જીવાત્મા છે ; શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ છે, અર્જુન નરોત્તમ છે. આજ કારણે તેઓ આદર્શ ગુરૂ -શિષ્ય ગણાયા છે. બીજાઓ તો નામના જ ગુરુશિષ્યો હોય છે. સ્વચ્છંદી શિષ્ય અને સત્તાપ્રિય ગુરૂઓ અર્થહીન પ્રવૃત્તિમાં માત્ર સમયનો વ્યય કરી રહ્યા હોય છે. શ્રીકૃષ્ણ પ્રેમસાગર છે અને અર્જુનની એમણે આંખની કીકીની જેમ સંભાળ લીધી – તેને હૃદયની જેમ સાચવ્યો. તેમણે અર્જુનને સાચી પવિત્રતાનું જ્ઞાન આપ્યું. એટલું જ નહિ પણ તેનું પાવિત્ર્યમાં પરિવર્તન કરી દીધું તેમણે અર્જુન પર એવો સ્નેહ વરસાવ્યો કે જેની બીજાં કોઈ પ્રમાણ સાથે તુલના ન થઈ શકે ; એવો અતુલ અને અસીમ એ પ્રેમ હતો. આ પ્રકારની આત્મીયતા ગુરૂને, સાચા ગુરૂને પદે સ્થાપે છે અને અર્જુન ? એ પણ કોઈ સાધારણ પુરૂષ નથી. એનો ત્યાગ અપૂર્વ અને સામાન્ય માનવ માટે અસાધ્ય છે. ગમે એવી કટોકટીના સમયે પણ તે શ્રીકૃષ્ણની આજ્ઞા અને તેમના વચનને વળગી રહે છે. ભગવાન શ્રીકૃષ્ણના સાથ અને મિત્રભાવને એણે લડાઈના મેદાનમાં પહેરવાનું કવચ - બખ્તર ગયું કે જે એના દેહનું સર્વ પ્રકારના ઘાત - આઘાતથી રક્ષણ કરે, એના શરીરની રગેરગમાં એ ભાવ વ્યાપી ગયો અને તેને

પ્રતીતિ થઈ કે ગમે એ થાય, કોઈ પણ ભોગે તે દ્રઢ કરી, બળવત્તર બનાવી તેનું રક્ષણ કરવું. આ એક અત્યંત બળવાન જ નહિ પણ બળદાયક ભાવ હોવા છતાં પ્રસંગ આવ્યું તેથી પોતાને મુક્ત કરી સ્વભાવ અને સ્વધર્મ અપનાવવા તે તત્પર હતો. આ રીતે ગુરુ અને શિષ્ય એકમેક સાથે સારૂપ્ય એ આદર્શ સ્થિતિ છે.

પરમાત્મા જે પ્રેમનું મૂર્ત સ્વરૂપ જ છે તેમણે એમના શિષ્યની નિષ્ઠા ઓળખી લીધી અને તેની સિદ્ધિનો અંદાજ પણ કાઢી લીધો અને પછી તેમણે આત્મજ્ઞાનની ભવ્યતા અને ઉપયોગિતા વિષે તેની સમક્ષ વિસ્તારથી નિવેદન કર્યું. તેમણે કહ્યું, " કૌન્તય ! જ્ઞાનસિદ્ધિ એટલે કે આત્મજ્ઞાનને પરિણામે તને તારામાં અને મારામાં સર્વ માનવજાતના દર્શન થશે ; અને સૂર્યોદય થતાં જેમ અંધકારનો વિલય થાય છે તેમ તૈતભાવ અને તેમાંથી પેદા થતાં મોહમાયા અદ્રશ્ય થશે.

" અર્જુન ! હું તારા પૂર્વકાળ વિશે તેમજ તારા જન્મસંયોગ વિષે બધું જાણું છું. તારો જન્મ કોઈ સામાન્ય ઘટના નથી. તું દૈવી સિદ્ધિ અને સંસ્કાર લઈને જમ્યો છે. હું જ માત્ર એ જાણું છું. બીજા કોઈને એ વિદિત નથી. તું પોતે એથી અજ્ઞાત છે એટલે સગાંવહાલાં અને વડીલો તેમ જ ગુરૂઓનો સંહાર કરનાર એક પાપાત્મા તરીકે તું તારી જાત પર ધિક્કાર વરસાવી રહ્યો છે.

" માન કે તે પાપ કર્યા છે ; તો શું પાપીઓ ઉગરી જઈ તેઓનો ઉદ્ધાર નથી કરી શકતા ? પશ્ચાત્તાપ વડે પાપ ધર્મકાર્યમાં પલટાવી શકાય છે. પરમાત્મા ઉપકૃત થઈ તમારી યાચના સ્વીકારે છે અને તેના આશિષ વરસાવે છે. જ્ઞાનસિદ્ધિની ક્ષણ સુધી જે રત્નાકર પાપકર્મોમાં પ્રવૃત્ત હતો તે જ્ઞાનદર્શનને પરિણામે પશ્ચાત્તાપ કરી સંત બને છે - સંત વાલ્મિકી, ખરુંને ? એ સંતકથા પ્રાયશ્ચિતના મૂલ્યની યથાર્થ પ્રતીતિ કરાવનારી છે. તે કદાચ પ્રશ્ન કરશે - પાપકર્મની અસરથી, તેના પરિણામથી મુક્ત રહેવું, અસ્પૃશ્ય રહેવું એટલે થઈ ગયું ? તો પછી પૂણ્યકાર્યના પરિણામનો ત્યાગ પણ કરવો ન જોઈએ શું ? હા, પૂણ્યકાર્યના શુભ અર્થનો ત્યાગ કરવાની તમને છૂટ છે. જો કે પાપકર્મના અશુભ કે દુષિત પરિણામથી મુક્ત રહેવાની એટલી છૂટ તમને નથી હોતી. અહીં આત્મજ્ઞાનની મહા છે. જેમ હળહળતો દાવાનળ તેની ઝડપમાં આવતાં સર્વકાંઈને બાળીને ભસ્મીભૂત કરી દે છે તેમ જ્ઞાન સર્વ પાપ જ નહિ પણ સર્વ પૂણ્યને પણ ભરખી જાય છે.

" આવું પવિત્ર આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવા એક વાતની ખાસ જરૂર છે અને તે છે શ્રદ્ધા ! શાસ્ત્રોમાં, શાસ્ત્રકારોમાં અને જ્ઞાનપ્રાપ્તિમાં અડગ શ્રદ્ધા. શ્રદ્ધાજન્ય પ્રામાણિક પ્રયત્ન વિના માનવી ગમે એવું નાનું કાર્ય પણ સિદ્ધ કરી શકતો નથી. આમ તું જોઈ શકે છે કે જ્ઞાનપ્રાપ્તિ માટે શ્રદ્ધાનું કેટલું મહત્વ છે. સમ, દમ, ઉપર્થિ, તીતિક્ષા, અને સમાધાન એ પ્રત્યેકની પ્રાપ્તિ માટે સૌ કોઈ આતુર હોય છે તે સૌનો, શ્રદ્ધા એક અદ્વિતીય, અનુપમ ભંડાર છે.

" શ્રદ્ધા એ તો માત્ર પ્રથમ સોપાન થયું. જે ઉપદેશ, જ્ઞાન હું દઈ રહ્યો છું તે ગ્રહણ કરવાની ઉત્કંઠા હોવી પણ જરૂરી છે. માત્ર જરૂરી જ નહિ, અત્યંત આવશ્યક છે. એ સાથે તમારે સાવચેત - જાગૃત

રહેવાનું છે અને સુપ્તિ કે પ્રમાદમાં સપડાવવાનું, તેને આધીન થવાનું નથી. બીજું, તમે કદાચ એવી સોબતમાં ફસાઈ જાઓ કે જે તમને અનુકૂળ અને ઉત્સાહપ્રેરક નીવડે એવી ન હોય. આવી સંગતની દુષિત અસરથી બચવા અને તેથી સર્વદા દૂર રહેવા તમારું મનોબળ કેળવવા ઇન્દ્રિયો ઉપરનો વિજય સિદ્ધ કરવો જ રહ્યો.

" સંશયને તમારા મનમાં પ્રવેશવા દેશો નહિ. શ્રદ્ધા કે દ્રઢતાનો અભાવ જેટલો વિનાશક નથી એટલું વિનાશક છે આ સંશયનું વિષ. એની પ્રક્રિયા અને પરિણામની દ્રષ્ટિએ એ ક્ષયરોગના જીવાણું જેવું છે. તે અજ્ઞાનમાંથી પેદા થાય છે અને માનવહ્રદયને ખૂણેખાંચરે પ્રવેશી તેમાં ફેલાતું જાય છે, અને સર્વનાશનું મૂળ બની રહે છે.

" માટે આત્મજ્ઞાનરૂપ તલવારથી એ રાક્ષસનું મસ્તક છેદી નાંખી તેને મીટાવી દે. ઊભો થા, અર્જુન ! તારો ધર્મ સમજી કાર્યમાં પ્રવૃત્ત થા- ખોવાઈ જા. મારા શબ્દોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી પરિણામનો- સફળ કે નિષ્ફળનો - સ્સ્હેજ પણ વિચાર કર્યા વિના હું કહું તેમ કર. નિષ્કામ ભાવે તારું કર્મ કર્યે જા. એ પ્રકારના ત્યાગ અને અનાસક્તિને પરિણામે તારું આત્મજ્ઞાન દ્રઢ થશે ; તું જન્મમરણના ચક્રથી, વિકારપ્રક્રિયાથી મુક્ત થઈ મોક્ષનો અધિકારી બની રહેશે.

“ તું કર્મનો કર્તા છે અને તેના પરિણામનો ભોક્તા છે વિચાર જ તારા મનમાંથી કાઢી નાખ. કર્મ અને કર્મફળ બન્ને પ્રભુને સમર્પિત કરીને તું એમ કરી શકશે. તું કર્તા ન રહે તો અનિવાર્ય પણે કર્મફળ પવિત્ર બની જાય છે અને પછી પાપનો ભાવ તને સ્પર્શી શકતો નથી જીભ ઉપરના તેલબિંદુની જેમ, આંખના અંજનની જેમ, અને જળમાંના કમળની જેમ કર્મ તારી સાથે હોવા છતાં તે તારું નથી. તું જે કંઈ કરશે, સાંભળશે કે જોશે તો પણ તે કર્મભાવરહિત હોઈ કશું જ સાંભળતો નથી કે જોતો નથી. દુન્યવી, બાહ્ય જગતમાં માણેલા આનંદને પરિણામે માનવી દુઃખ અને શોકના પ્રદેશમાં પ્રવેશ કરે છે. એ પ્રકારનો આનંદ નાશવંત છે. પણ તું શાશ્વત છે, દિવ્ય શાંતિનો ધારક અને વાહક છે ; દુન્યવી એવાં સર્વ - કાંઈથી તું પર છે, ખુદ આત્મસ્વરૂપ છે. એ તારું સાચું સ્વરૂપ છે. જેને તું કર્મ કહે છે અને જેના પરિણામને તું સત્ય માનવાની ભૂલ કરે છે એ પ્રવૃત્તિઓ સાથે તારે કશી જ લેવાદેવા નથી. તું કર્તા નથી – માત્ર પ્રેક્ષક છે, ફક્ત જોનારો છે, સાક્ષી છે. તારા અહમ્ ભાવ અને મમત્વના મોહભાવને લીધે તારું મન ડગી ગયું છે અને તારી બધી મુંઝવણ માટે એ જ કારણ ભૂત છે. બ્રહ્મને ઓળખ ; સર્વકાર્યમાં રત રહે પણ તેના પરિણામના વિચારથી મુક્ત થઈ જા ; કર્મફળનો ત્યાગ કરવો એ કર્મના ત્યાગ કરતાં અનેકગણું ચડિયાતું છે. કર્મયોગ કર્મ સન્યાસ કરતાં ઘણો ઉચ્ચ અને ઉત્કૃષ્ટ છે.

" હવે એ બેથી પણ વિશેષ છે. ધ્યાનયોગ. એ કેમ તે હું તને સમજાવીશ. ધ્યાનયોગ માટે કર્મયોગનું બળ જરૂરનું છે. એટલે પ્રથમ તને કર્મયોગ વિષે કહ્યું. કર્મરત રહી ફળપ્રાપ્તિના વિચારથી મુક્ત રહી જે કર્મફળનો ત્યાગ કરે છે તે સૌ મને અત્યંત પ્રિય છે ; તેઓ સાચા સન્યાસી છે, સાચા ત્યાગી છે. જેઓ કર્મકાંડ, યજ્ઞવિધિ વગેરે છોડી બીજી બધી પ્રવૃત્તિથી દૂર રહી સર્વદા ખાનપાન અને નિદ્રામાં જ સમય વ્યતીત કરે છે અને પ્રમાદમાં રચ્યાપચ્યા રહી સમયનો વ્યય કરે છે એવા કુંભકર્ણના ભાઈ

જેવા લોકો પ્રત્યે મને પ્રેમભાવ થતો નથી. જેણે તૃષ્ણાનો ત્યાગ કર્યો નથી, એ પર વિજય પ્રાપ્ત કર્યો નથી તે ગમે એવી સાધનામાં પ્રવૃત્ત રહે તો પણ યોગીની કક્ષા કદી પ્રાપ્ત કરી શકતો નથી. જે વૃત્તિઓમાં અટવાઈ નથી પડતો અને પોતાના કર્મના પરિણામ પ્રત્યે સંપૂર્ણ પણે અનાસક્ત છે એ જ સર્વસંગ પરિત્યાગી- સર્વ પ્રકારની અનાસક્તિથી મુક્ત બની રહે છે.

" આ નિષ્કામ કર્મની ભાવના વડે જ ધ્યાન યોગની સિદ્ધિ શક્ય બને છે. જો મન ઉપર કાબુ ન હોય અને તેને આપણી ઈચ્છાને વશ ન બનાવી શકાય તો એવું મન વ્યક્તિનો મોટામાં મોટો શત્રુ બની જાય છે. માટે એકાંતમાં વસો, એકાંતભાવની અનુભૂતિ કરો કે જેથી મનની વૃત્તિઓ ઉપર પ્રભુત્વ સ્થાપવાનું સરળ બની શકે. લગામ વિનાનો ઘોડો, નાચ્યા વગરનો આખલો કે જે ધૂંસરીના ભારથી અપરિચિત છે તે અને તેણે પોતાની મનોવૃત્તિઓ ઉપર આધિપત્ય મેળવ્યું ન હોય એવો સાધક જળ વિનાની સરિતા જેવો છે. આ પ્રકારની સાધના એક મહાન વ્યય છે.

" માટે અર્જુન ! હવે જાગ, ધ્યાનયોગની સાધના માટે પ્રવૃત્ત થા. એ યોગને માર્ગે મનાવૃત્તિઓ અને ઇન્દ્રિયજન્ય કામનાઓ પર વિજય પ્રાપ્ત કરવા કૃતનિશ્ચય બની દ્રઢતાથી, વિધાનપૂર્વક, નિયમિત રીતે સમય અને સ્થળ નિશ્ચિત કરી મનના તરંગ અનુસાર તેમાં ફેરફાર કર્યા વિના એ યોગની સાધનામાં લાગી જા. આ યોગ માટે નિયમબદ્ધ પદ્ધતિ આવશ્યક છે તેનું બરાબર પાલન કર. મનમાં આવે એ રીતે એમાં ફેરફાર કરીશ નહિ ; એથી ઘણા વિપરિત પરિણામ આવશે. કારણ જેઓ વધુ પ્રમાણમાં ખોરાક લઈ પછી તેને પચાવતાં આડા પડી જાય છે, જેઓ ઓછું ખાઈ પરિણામે નિર્બળતા અને શ્રમ અનુભવે છે, જેઓ અતિ નિદ્રા કે અનિદ્રાનો ભોગ બને છે તે રીતે જેઓ પોતાની અનુકુળતા પ્રમાણે ધ્યાન સાધના કરે છે – એટલે કે વધુ સમય હોય ત્યારે કલાકો સુધી ધ્યાનમાં બેસી રહે અને જ્યારે ઘણું કામ હોય ત્યારે ધ્યાનની માત્ર વિધિથી પતાવી લે – જેઓ ષડિન્દ્રિયોના ઘોડારૂપ (કામ, ક્રોધ વગેરે) મનમાં વસતા શત્રુઓને છૂટા મૂકી દેતા હોય, જેઓ પોતાના માતાપિતાને અને વિશેષતઃ માતાને સુખ અને આનંદની અનુભૂતિ કરાવતા ન હોય, જેઓ શંકાકુશંકાથી પીડાતા હોઈ પરમાત્માના અસ્તિત્વમાં શ્રદ્ધા કેળવી શકતા ન હોય - પોતે સ્વીકારેલા અને અંતરમાં સ્થાપેલા ગુરૂમાં જેને આસ્થા અને શ્રદ્ધા ન હોય, તે સૌ માટે ધ્યાન નિરર્થક છે, ધ્યાનથી તેઓને કશું જ પ્રાપ્ત થઈ શકશે નહિ.

" યોગના શિષ્યનું મન તે બારીના ગોખમાં રાખેલા દિપકની સીધી અને સ્થિર જ્યોત જેવું હોવું જોઈએ. અસ્થિરતાની સ્હેજ પણ અસર જણાય તો તમારે ત્યાં ને ત્યાં જ તેને દાબી દઈ મનને ચલિત થતું અટકાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમે સૌમાં છો એવો જાગૃત ભાવ અનુભવો અને વધારો અને સાથે સૌ તમારામાં છે એવા એકત્વભાવ, અદ્વૈતભાવ કેળવો. આટલું કરી શકશો તો તમે કોઈ પણ યોગસાધનામાં સફળ રહેશો. આ પછી તમે " હું " અને " બીજા " ; આત્મા અને પરમાત્મા જેવા દ્રષ્ટિભેદથી મુક્ત થઈ જશો. બીજાઓના સુખદુઃખ જાણે તમારાં જ છે એવું તમે અનુભવશો. પછી બીજાઓને તમે સ્ટેજ પણ દુઃખ પહોંચાડી શકશો નહિ. એ જાણે તમારી શક્તિબહારનું કામ બની રહેશે. સૌ કોઈ સર્વેશ્વરનો જ અંશ છે એવી ભાવના દ્રઢ થતાં સૌ પ્રત્યે તમે પ્રેમ અને પ્રસન્નતા

અનુભવશો. " શ્રીકૃષ્ણ સ્પષ્ટ કર્યું કે જેઓએ આ દર્શન પ્રાપ્ત કર્યું છે, સિદ્ધ કર્યું છે તેઓ સર્વશ્રેષ્ઠ યોગીઓ છે.

દરમ્યાન અર્જુનનું મન કેટલીક શંકાઓમાં ઘેરાઈ ગયું છે અને તે પોતાના પ્રતીતિ માટે ભગવાન શ્રીકૃષ્ણને અમુક વાતોનું સ્પષ્ટીકરણ કરવા વિનંતી કરે છે. " શ્રીકૃષ્ણ ! આપ મને જે કંઈ સમજાવી રહ્યા છો તે અત્યંત કર્ણપ્રિય છે અને જેઓ સિદ્ધ યોગી થઈ શકે છે તેઓને એ બધું કેવું આનંદકારી લાગતું હશે તેની કલ્પના હું કરી શકું છું. પણ એ બધું અત્યંત કઠીન છે, સૌ કોઈ માટે એ અશક્ય છે. સર્વસજ્જ સાધકને પણ જે યોગસાધનામાં સમત્વ સિદ્ધ કરવાનું છે તે યોગનો માર્ગ અનેક અવરોધોથી ભરેલો જણાશે. તો પછી મારા જેવા સામાન્ય સાધકનું તો કહેવું જ શું ? એ કદી આપણે માટે શક્ય છે ? શ્રીકૃષ્ણ, શું મનને એટલી સહેલાઈથી કાબુમાં લઈ શકાય છે ? અરે રે ! એક હાથી પણ મન જેમ ડોલે છે એમ ડોલતો નથી. મન એ તો આડે અવળે માર્ગે ચડવાની કેળવણીધામ જેવું છે. એની અવળચંડાઈ અને હઠાગ્રહ પણ અત્યંત અવિચલ હોય છે, એ તો એક ભયાનક કર્કશા નારી જેવું છે. એને કદી વશ કરી શકાય નહિ, એ કોઈ એક સ્થાને સ્થિર રહી જ શકે નહિ. મનને બંધનમાં રાખી તેને પાળવાનો પ્રયત્ન પવન કે પાણીની ગાંસડી બાંધવાના પ્રયત્ન બરાબર છે. આવું મન લઈને યોગક્ષેત્રે પ્રવેશવાની કોણ હિંમત કરી શકે ! બંને સરખાં જ કઠીન અને અપ્રાપ્ય ભાસે છે. એકી સાથે મનને કાબુમાં લેવું અને યોગસાધના કરવી. શ્રીકૃષ્ણ ! તમે જેની સિદ્ધિ કોઈની પણ શક્તિ બહાર છે એવું કઠીન ધ્યેય અપનાવવાનો બોધ આપી રહ્યા છો."

આ શબ્દો સાંભળી ભગવાન હસી પડ્યા. " અર્જુન ! ખરેખર, મન અને તેના સ્વરૂપનું તે ઘણું સરસ વર્ણન કર્યું, પણ મનને વશ કરી શકાય છે – એ કામ ગમે એવું મુશ્કેલ હશે પણ અશક્ય તો નથી જ. નિયમિત અભ્યાસ, સતત વિચાર અને વૈરાગ્યભાવ વડે મન વશ થઈ શકે છે. કોઈ એવું કાર્ય નથી, કૌશલ્ય નથી કે જે સ્થિર અને સતત અભ્યાસ વડે સિધ્ધ ન થઈ શકે. પ્રભુમાં શ્રધ્ધા જોડી તમારામાં શક્તિ છે અને પ્રભુની કૃપા છે એમ નિશ્ચિતપણે માની અભ્યાસરત રહેશો તો ગમે એવું મુશ્કેલ કાર્ય પણ સહેલું અને સરળ બની જશે.

" આથી નિશ્ચયાત્મક રીતે જે કોઈ આ સાધનાને માર્ગે વળે છે અને જે જન્મજન્માંતરથી વિશુધ્ધ થતા આવતા આત્માને જ ઉપલબ્ધ થાય છે તે આ ઉત્કૃષ્ટ ધ્યેય સિદ્ધ કરી શકે છે. યાદ રાખ, કર્મકાંડ અને પૂજા અર્ચનમાં જે પારંગત છે એવી વ્યક્તિ કરતાં જેણે યોગસિદ્ધિ મેળવી છે એ વ્યક્તિનું સ્થાન ઊંચું છે. માટે હે અર્જુન ! એક સિદ્ધ યોગી બનવા અને એની ઉત્કૃષ્ટ અને પવિત્ર કક્ષા પ્રાપ્ત કરવા તે પ્રયત્નશીલ થા. જે કોઈ તેનું પરમ ચૈતન્ય મારામાં જોડી દે છે, જે કોઈ વિનમ્રતાથી મારું ધ્યાન ધરે છે અને બીજા કશાને એમાં અવરોધરૂપ થવા દેતો નથી તે સર્વશ્રેષ્ઠ યોગી - મહાયોગી છે.

" ધ્યાનયોગ અને જ્ઞાનયોગ એ બન્ને અંતઃકરણને સ્પર્શી તેમાં સ્થિર થનારી જ્ઞાન વિદ્યા છે, અને તે શ્રધ્ધા અને ભક્તિના પાયા ઉપર અવલંબિત છે. એ બે વિના બન્ને યોગ અસાધ્ય છે, અને એવો પ્રયત્ન નિશ્ચય વિફલ જ રહેવાનો છે. જે સાધક એ ખોઈ બેસે છે તે લાકડાના રમકડાં જેવો જડ અને પોતાના

ધ્યેયથી અજ્ઞાત રહે છે, એ ધ્યેયની જાણે એને વિસ્મૃતિ થઈ જાય છે. સૌ પ્રથમ જરૂરિયાત છે પરમાત્મા પ્રત્યેના ઊંડા પ્રેમભાવની. એ તમે શી રીતે સિદ્ધ કરી શકો ? પ્રભુની ભવ્યતા, તેના રૂપ અને ગુણભાવ વિષે - તેના સ્વભાવ અને સ્વરૂપ વિષે જાણીને. એટલા માટે હું તને હવે એ વિષે કહી રહ્યો છું. હું તને શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન જ નહિ પણ તે સાથે અંતરની અનુભૂતિરૂપ વિશેષજ્ઞાન પણ આપી રહ્યો છું. એક વાત બરાબર સમજી લે કે એથી વિશેષ, એથી પર કશું જાણવાનું રહેતું નથી. હજારો સાધકોમાં માત્ર થોડા જ એવા હોય છે કે જેઓ આ જ્ઞાનપ્રાપ્તિ માટે યત્ન કરતા હોય. અને એ થોડાઓમાં કોઇ એકાદ વ્યક્તિ જ એમાં સંપૂર્ણ સાફલ્ય મેળવી શકે છે. જેટલાં આરંભ કરે છે એઓ બધા અંતિમ લક્ષ્ય પર્યંત પહોંચી શકતા નથી.

" અર્જુન ! યાદ રાખ, આ વિશ્વમાં મારાથી શ્રેષ્ઠ એવું કંઈ જ નથી. સૌ કોઈ દોરીમાં પરોવાયેલાં ફૂલોની જેમ મારામાં પરોવાયેલાં છે. પંચતત્વો અને મન, બુદ્ધિ, અહંકાર પ્રકૃતિની એ આઠ વિવિધતા મળી શૂળ - સુક્ષ્મ પ્રપંચનું સર્જન થયું છે. એ અ - પરા પ્રકૃતિ કહેવાય છે. એથી ભિન્ન એવી એક બીજી પ્રકૃતિ છે અને તે પરાપ્રકૃતિ તરીકે ઓળખાય છે. તે સ્થળ નથી તેમ સુક્ષ્મ પણ નથી ; એ છે જીવાત્માનું ચૈતન્ય - જીવાત્મામાં સંચારિત ચૈતન્ય. જગતમાં પ્રતિબિંબિત છે અને આદર્શ જગત એનું પ્રેરક તત્વ છે.

" પ્રભુએ સૌ પ્રથમ સ્થૂળ જગતની રચના કરી અને જીવરૂપે તેમાં પ્રવેશ કરી ચૈતન્યનો સંચાર કર્યો, અને તેને ચિન્મય બનાવ્યું. વેદોમાં એની સ્પષ્ટ ઘોષણા છે. અ - પરા પ્રકૃતિને પ્રભુનો સ્વભાવ અને પરાપ્રકૃતિને તેના સર્જનહારનું સ્વરૂપ ગણી ચાલવાનું છે. આ સ્વભાવ અને સ્વરૂપનો અર્થ - એનું રહસ્ય બરાબર સમજી લે અને તે ગ્રહણ કર. સ્થૂળ ચૈતન્યને આધીન છે કે જે ચૈતન્ય સર્વસ્વતંત્ર છે - પૂર્ણ વિધાયક અને સર્વદા મુક્ત.

" જીવી એટલે જે પ્રાણધારી છે તેનું જીવી પોતાનાં કૌશલ્ય અને બુદ્ધિ વડે, તેની સહાયથી પ્રાણને વળગી રહે છે. પ્રાણતત્વ અંતરયામી છે કે જે સર્વમાં પ્રવિષ્ટ છે અને સર્વધારક છે. આમ પરા - પ્રકૃતિએ પરમાત્મા જ છે. જે બધું એક જ ચૈતન્યતત્વ દ્વારા, ચૈતન્યશક્તિ દ્વારા પ્રત્યક્ષ થાય છે તે એકરૂપ છે, સમસ્વરૂપ છે.

" જડ અને ચૈતન્ય સમગ્ર સર્જન માટે આવશ્યક બે તત્વો છે. તે બીજું કંઈ નહિ પણ પ્રકૃતિ અને પુરૂષ છે. ચૈતન્યશક્તિ જ્યારે ભોગ - વિલાસનો ભાવ પેદા કરે છે ત્યારે તેના સ્વકર્મ દ્વારા જગતનું દર્શન કરાવે છે એટલું જ નહિ પણ તેના એક સ્થૂળ સ્વરૂપનું સર્જન પ્રત્યક્ષ કરી બતાવે છે. જડ દેહનું સ્વરૂપ ધારણ કરે છે. આ બન્ને મારા સ્વભાવના મૂળતત્વો છે. યાદ રાખ ; એ દ્વારા જે ઈશ્વર સર્જન, જતન અને વિસર્જન કરનાર મનાય છે તે બીજું કોઈ નહિ પણ હું જ છું. હું જગતનું મૂળ કારણ અને મૂળતત્વરૂપ છું. મેં પોતે ધાર્યું : " હું એક છું ; મને અનેક બનવા દે " અને એ રીતે મેં જ અનેકવિધ વિસ્તૃત જગતનું નિર્માણ કર્યું કે જે સૃષ્ટિને નામે ઓળખાય છે. એ નિર્ણયને પરિણામે માયારૂપ શક્તિ જાગૃત થઈ અને તેમાં હેતુતત્વનો સંચાર થતાં મહત્તત્વનું સર્જન થયું. પ્રકૃતિની ઉત્ક્રાંતિનું આ પ્રથમ સોપાન હતું.

" બીજ જમીનમાં વાવી પાણીનું સિંચન કરીએ તો એ ભીનાશ ગ્રહણ કરશે અને એક બે દિવસમાં તેનું કદ વધી જશે. અંકુર હજુ ફૂટ્યો નથી. તે પહેલાંનું આ રૂપાંતર છે. મહત્તત્વ બરાબર આવી જ પ્રક્રિયા છે. પછી, પ્રભુના સંકલ્પ અનુસાર અંકુર ફૂટે છે. તે મહતહંકાર કહેવાય છે. તેમાંથી પાંચ પાંખડી બહાર ફેલાય છે, જેને પંચતત્વના સુક્ષ્મરૂપને સ્થાને લઈ શકાય. સમગ્ર સૃષ્ટિ એ પ્રકૃતિશક્તિ, મહત્તત્વ, અહંકાર અને પંચભૂતોનું સંયુક્ત સર્જન છે. "

# અધ્યાય ૧૨

જે અ - પરા પ્રકૃતિની હું વાત તે મારી શક્તિ અને ઓજસનો આવિષ્કાર છે - પ્રત્યક્ષ દર્શન છે, એ યાદ રાખજે. સ્થૂળ દ્રષ્ટિથી જોનારને, માત્ર બાહ્ય દ્રષ્ટિએ જોનારને સૃષ્ટિ અનેકરૂપે દેખાશે ; પણ એ સાચું નથી. અનેકનું અસ્તિત્વ જ નથી. અને મૂળ રૂપે જ અંતઃકરણની ઉત્કટ ઈચ્છા એકતત્વ - જાણવા - માણવાની જ હોય છે. અને એ જ સાચી દ્રષ્ટિ છે. જ્યારે આંતરદ્રષ્ટિ જ્ઞાનયુક્ત બની જાય છે ત્યારે જગત કે સૃષ્ટિસર્જન બ્રહ્મસ્વરૂપ - બ્રહ્મનું જ રૂપ છે એવી પ્રતીતિ થાય છે. આથી અંતઃકરણને જ્ઞાનપ્રાપ્તિમાં રસ લેતું કરવા જ્ઞાનાભિમુખ કરવા યથાર્થ રીતે કેળવવું જોઈએ. " જગતમાં સર્વત્ર જગદીશ વસે છે **ईशावास्यमिदं सर्वम्** -આ સર્વમાં ઈશ્વરનો વાસ છે.

મહત્તત્વ એક જ હોવા છતાં અનેકરૂપ ભાસે છે. શ્રીકૃષ્ણના આ વિધાનના સંદર્ભમાં આપણે એક દ્રષ્ટાંત અહીં યાદ કરીએ. સાયંકાળના આછા પ્રકાશમાં જ્યારે બધું જ ઝાંખુ દેખાય છે ત્યારે આપણે એક માર્ગે થઈ આગળ વધી રહ્યા છીએ. એ માર્ગે એક દોરડાંનો ટૂકડો ગમે એમ પડ્યો છે. જે જે વ્યક્તિ એ જુએ છે તે એના વિષે અમુક એક ખ્યાલ બાંધે છે જે ભિન્નભિન્ન હોય એ શક્ય છે, જો કે હકીકતમાં તો તે એક દોરડાંનો ટૂકડો જ છે. એક વ્યક્તિ એને ફૂલહાર માની તે ઉપરથી ચાલી જાય છે. બીજો એને વહી જતાં પાણીનો વાંકોચૂકો માર્ગ સમજી તે ઉપર ડગલું માંડતો આગળ વધે છે. ત્રીજો એને બાજુના વૃક્ષ ઉપરથી તૂટી માર્ગમાં આવી પડેલો એક વેલીનો ટુકડો સમજે છે. કેટલાકને એવો ભય લાગે છે કે અરે ! આ તો સાપ છે ! - ખરું ને ?

એ જ પ્રમાણે જે એક જ અને અદ્વૈત એવો પરબ્રહ્મ છે અને જે રૂપાંતર કે પરિવર્તનથી પર છે તે એકરૂપ જ રહેવા છતાં માયારૂપ સંધ્યાના અપૂર્ણ અને ઝાંખા પ્રકાશને લીધે વિવિધ નામ અને રૂપધારી પ્રપંચરૂપ ભાસે છે. દોરડું ભલે અનેક બીજી ચીજો કે સ્થિતિરૂપ લાગે, એ જુદી જુદી વ્યક્તિઓમાં વિવિધ ભાવ અને પ્રત્યાઘાત પેદા કરે પણ એનો અર્થ એટલો જ કે તે વૈવિધ્ય જન્માવનારું એક જ મૂળ રૂપ છે - મૂળતત્વ છે. તે કદી અનેકરૂપ ધારણ કરતું નથી, તે તો જે છે એ જ રહે છે. દોરડું તે દોરડું જ રહે છે. એ નથી ફૂલહાર બનતું. નથી પાણીના ઝરણાની પાતળી રેખા બનતું, નથી વેલનો ટૂકડો બનતું કે નથી સર્પમાં રૂપાંતર પામતું. બ્રહ્મને અનેક અર્થમાં ઘટાવી શકાય, વિવિધ પરિભાષાઓમાં ઓળખાવી શકાય પણ તે સર્વદા અને શાશ્વત બ્રહ્મ જ રહે છે. સર્વ વિવિધ વર્ણન અને અર્થમાં એક બ્રહ્મ જ પાયારૂપ છે અને બધાં વર્ણનો એ મૂળતત્વના સિદ્ધાંત ઉપર આધારિત છે. ફૂલહારના દોરાની જેમ, મકાનના આધારસ્તંભ જેમ બ્રહ્મ જીવાત્મામાં પ્રવેશી પેલા હારમાં પરોવાયેલ ધાગાની જેમ સર્વમાં ગૂંથાઈ તેને એકરૂપ આપે છે- એકત્ર રાખે છે. પ્રકૃતિની રચનાનો એ પાયો છે - મૂળ આધાર છે. એક વાત બરાબર નોંધી લો. ધાગો અને તેના આધાર વડે અસ્તિત્વમાં આવેલી રચના તેના મૂળ અને સાચા રૂપમાં અદ્રશ્ય રહે છે, માત્ર પૂષ્પો અને તેની માળા રૂપ રચના દ્રષ્ટિગોચર થાય છે. પણ તેનો અર્થ એ નથી કે ધાગાનું અને પૂષ્પોની તે સાથેની ગૂંથણીનું અસ્તિત્વ નથી. હકીકતમાં તો એ બંને, પૂષ્પો અને તેની માળાના આધારરૂપ છે. તેઓનાં અસ્તિત્વ અને મૂલ્ય વિષે તમે તર્કદ્રષ્ટિએ વિચાર કરવાનો પ્રયત્ન કરશો તો સર્વ

કાંઈ તમારી સમજમાં આવી જશે. જો તમે એવી તકલીફ જ ન લો તો તેના દર્શનથી - જ્ઞાનથી તમે વંચિત રહેશો. વિવેકવિચાર કરો, યથાર્થ પરીક્ષા કરો - અને પૂષ્પોને જે ધાગો એક હારના રૂપમાં ધારણ કરે છે તેનું તમને જ્ઞાન થશે અને જમીનમાં દટાયેલ પડેલા ભવનને ધારણ કરતા આધારસ્તંભ – પાયાના પત્થરો તમારાં દિવ્યચક્ષુ જોઈ શકશે. આધેય એટલે કે જે આધારિત છે, જે ધારણ કરવામાં આવી છે તેનો જ ખ્યાલ કરી જે આધાર, ધારણ કરનાર, પાયારૂપ મૂળતત્વ છે તેનો નિષેધ કરવાની ભૂલ કરશો નહિ. એ મૂળતત્વનો જો તમે નિષેધ કરશો તો સત્ય તમને સમજાશે નહિ અને માયારૂપ જાળમાં તમે સદાને માટે જકડાઈ રહેશો. સત્ય અસત્યનો વિચાર કરો અને વિવેકબુદ્ધિ વાપરો અને પછી તમારી માન્યતામાં દ્રઢ બની સ્વાનુભવ કરો.

જે કંઈ સ્પષ્ટરૂપે દેખાય છે તે એક અદ્રશ્ય પાયા ઉપર આધારિત છે ; અદ્રશ્યનો આવિષ્કાર કરવાનો, તેને સમજવાનો સૌથી ઉત્તમ માર્ગ છે સંશોધન અને ઉત્તમ સાબિતી છે અનુભવ. જેઓને અનુભવ થઈ ચૂક્યો છે એઓને કોઈ બીજાં વર્ણન - વિવરણની જરૂર રહેતી નથી.

પ્રત્યેક મણકાનાં ગુણ અને સ્વરૂપનું કશું જ મહત્વ નથી. તેનાથી આપણા ધ્યાનમાં, આપણી એકાગ્રતામાં વિક્ષેપ પડવો ન જોઈએ. પ્રત્યેક મણકાના આધારરૂપ અંતરતમ સત્ય - બ્રહ્મ પર ધ્યાન કેન્દ્રિત કરો ; એનું સંશોધન અત્યંત જરૂરી છે. એક ફૂલની માળામાં વિવિધ પ્રકારના પૂષ્પો હશે, સાવ સામાન્ય તામસિક વૃત્તિપ્રધાન), ઘેરા રંગથી આંખને આંજી દેનારાં (રાજસિક જીવાત્માઓ) કે સુંદર અને પવિત્ર ભાવ જગાડતાં (સાત્વિક જીવાત્માઓ) જેવાં – પણ જે ધાગો છે અને એ ધાગારૂપ આધાર, પરમાત્મા તો એ સૌથી સ્વતંત્ર છે – નિર્બંધ છે. અસ્પૃશ્ય છે : સત્ય, નિત્ય અને નિર્મળ છે.

દોરી વિના પૂષ્પો માળારૂપે સંયુક્ત રહી શકતાં નથી, બની શકતાં નથી. એ જ પ્રમાણે બ્રહ્મતત્વ સર્વ જીવાત્માઓને સાંકળી લે છે. એ બે કોઈ પણ ચીજ કે પદાર્થમાંથી જુદાં તારવી શકાતાં નથી, તેનો વિચ્છેદ થઈ શકતો નથી - બ્રહ્મતત્વ સર્વમાં સંચારિત છે, સર્વમાં તે મૂળતત્વ રૂપે વસે છે. પંચભૂતો માત્ર એના દ્રષ્ટિગોચર સ્વરૂપો છે - એમાં તે પ્રદર્શિત થાય છે. એ એવું અંતરતમ પ્રેરકતત્વ છે કે બાહ્ય દ્રષ્ટિએ કે સામાન્ય નજરે જોનારને અદ્રશ્ય રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો એ અંતરયામી છે. શ્રીકૃષ્ણ એટલા જ માટે “ હું જળમાં રસરૂપે વસું છું ; સૂર્ય અને ચન્દ્રમાં હું જ્વાળા અને પ્રભાના રૂપે છું ; વેદોમાં હું પ્રણવ – પ્રાણ મંત્ર રૂપે વસું છું ; અવકાશમાં હું ધ્વનિરૂપે રહું છું અને પ્રતિધ્વનિરૂપે વર્તાઈ આવું છું ; માનવીમાં હું પૌરુષરૂપે (પરાક્રમ, સાહસ અને આકાંક્ષારૂપે) વસું છું.

" પ્રણવના વિષય ઉપર આપણે થોડો વિચાર કરીએ. હમણાં જ આપણે પ્રણવનો ઉલ્લેખ કર્યો. પ્રણવ વેદના આત્માસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ છે એ તો ખરું ને ? વેદોને અનાદી કહી આપણે બિરદાવીએ છીએ. પ્રણવને વેદોના પ્રાણસમાન ગણવામાં આવે છે - જે વેદો અને વેદપ્રકાશ કાળાતીત છે. સૃષ્ટિના પ્રત્યેક પદાર્થમાં, અણુઅણુમાં પ્રણવ સૂક્ષ્મતત્વરૂપે નિરંતર વસે છે એમ અવશ્ય માનજો.

આ સૃષ્ટિના દરેક પદાર્થમાં બે ગુણ અવશ્ય હોય છે : નામ અને રૂપ, એ બે લઈ લો અને સૃષ્ટિ યાને કે પ્રપંચ નહિ રહે, નામ એના રૂપને સાકાર કરે છે અને નામ ઉપર તે આધારિત છે. આમ રૂપ નામ ઉપર આધારિત હોઈ તમે સમજી શકશો કે નામ નિત્ય છે અને રૂપ અનિત્ય છે. જે મહાનુભાવોએ કેટકેટલા સત્કાર્યો કર્યા હોય અને તે દ્વારા કીતિને વર્યા હોય જેમ કે શાળાઓ, ઈસ્પિતાલો, મંદિરો અને સભાગૃહો બંધાવી આપ્યાં હોય - એવા સજ્જનોનો વિચાર કરો. જ્યારે તેમનું દેહરૂપ માનવી નજરોનજર જુએ એ રીતે હંમેશ રહેતું નથી, ત્યારે પણ તેઓના પ્રતિષ્ઠાયુક્ત નામો માનવજાતના સ્મરણમાં ટકી રહે છે. રૂપ ક્ષણભંગુર છે, અલ્પજીવી છે પણ નામ એના પછી પણ જીવંત રહે છે.

નામો અસંખ્ય છે અને તેમ જ રૂપો પણ અગણિત છે. પણ એક વાત અગત્યની છે કે જેનો તમારે અહીં વિચાર કરવાનો છે – એવી વાત કે જે પંડિતોથી માંડી અદના અજ્ઞાની માનવીના રોજબરોજના અનુભવમાં દેખાઈ આવે છે. એ છે અક્ષરો. તેલુગુ ભાષામાં પ૨ પણ અંગ્રેજીમાં માત્ર ૨૬ અક્ષરો છે. હવે તમે તેલુગુ કે અંગ્રેજી સાહિત્યનો સકળ પુસ્તક ભંડાર ભેગો કરી તેનો ઢગલો કરશો અને એ ઢગલાની ઉંચાઈ કોઈ મોટા પર્વત જેવડી થાય. આકાશને જાણે અડી રહે એમ લાગે તો પણ એ સર્વ સફળ તેલુગુ સાહિત્યમાં એ પ૨ અક્ષરોનો જ ઉપયોગ થયો હશે અને અંગ્રેજી સાહિત્યમાં ૨૬ નો.

એ જ રીતે માનવદેહમાં છ ચૈતન્ય કેન્દ્રો છે અને તે કમળના ફૂલ જેવું રૂપ ધરાવે છે. એ છ એ છ કમળરૂપોમાં એક અક્ષર કે ધ્વનિ દરેક પાંખડી સાથે જોડાયેલો છે - દરેક પાંખડીમાં તેનું આરોપણ છે. હાર્મોનિયમના સૂરોની જેમ આ પાંખડીઓ જ્યારે હાલે છે ત્યારે તેમાંથી અમુક એક પ્રકારનો સ્પષ્ટ અવાજ નીકળે છે. બુદ્ધિપૂર્વક જેઓ આ વાતનો વિચાર કરશે તેઓ સંશયમાં પડી જાય એ શકય છે ; પાંખડીઓ હાલે છે એમ કહ્યું તો એને હલાવનાર, એને આંદોલિત કરનાર છે કોણ ? બરાબર છે - જે શક્તિ અને આંદોલિત કરે છે તે છે અનાહતધ્વનિ, સ્વયંભૂ ધ્વનિ, અનન્ય અને અદ્વિતીય ધ્વનિ કે જે ઈચ્છા હોય કે ન હોય છતાં, અને કશા પણ યત્ન વિના પરિઘોષિત થાય છે. એ છે પ્રણવ, દોરીમાં પરોવેલા મણકાની જેમ પ્રત્યેક અક્ષર અને તેમાં આરોપિત ધ્વનિ પ્રણવમાં એકત્ર હોય છે. ' વેદોનો એ પ્રણવ છે ' એ વિધાનનો આવો અર્થ થાય છે. શ્રીકૃષ્ણનો ઉપદેશ એ છે કે તમારે તમારું મન પ્રણવમાં જોડી દેવું જોઈએ, પ્રણવ સાથે એકરૂપ કરી દેવું જોઈએ કે જે સનાતન અને શાશ્વત પ્રાણમંત્ર છે ; પ્રાણ ધ્વનિ છે.

મન જેના સંપર્કમાં આવે તે પ્રતિ ઢળવાની એની સ્વાભાવિક વૃત્તિ હોય છે, એવા આધાર માટે એ ઘણીવાર તીવ્ર ઈચ્છાથી વ્યાકુળ બની જાય છે. એથી તે હંમેશાં આવેશમય અને બેચેન જણાય છે. પણ સતત અભ્યાસ અને કેળવણીને પરિણામે તેને પ્રણવ ભણી વાળી શકાય છે અને તેમાં એકરાગ થવા તેને સમજાવી શકાય છે ; શીખવી શકાય છે. ધ્વનિ પ્રત્યે એ સ્વાભાવિક રીતે જ આકર્ષાય છે. એ કારણે તેની તુલના સર્પ સાથે કરવામાં આવે છે. સર્ષમાં બે દૂષણો હોય છે. એક તો એની વાંકી ચાલ અને બીજું જે એના માર્ગમાં આવે તેને ડંખ મારવાની એની વૃત્તિ. આ જ બે લક્ષણો માનવીમાં પણ છે. એ પણ જે એની નજરે ચડે તે પ્રાપ્ત કરવા ઈચ્છે છે. એની ચાલમાં પણ વક્રતા દેખાઈ આવે છે - કૂટનીતિનો એ

વારંવાર આધાર લે છે. પણ સર્પમાં એક પ્રશંસનીય ગુણ છે. એ ગમે એવો વિષમય કે ભયાનક હોય - જ્યાં મદારીની વાંસળીના સૂર વાગવા માંડે છે ત્યાં સર્પ બીજું સર્વ કંઈ ભૂલી જઈ તેની ફેણ ચડાવી એ સંગીતના મધુર ધ્વનિમાં ડૂબી જઈ ડોલવા માંડે છે. એ જ પ્રમાણે માનવી પણ અભ્યાસ વડે પ્રણવની અગાધ શાંતિમાં તેનું મન પરોવી શકે છે - પોતાને ભૂલી જઈ શકે છે. પરમાત્મસિદ્ધિ અર્થે આ શબ્દોપાસના મુખ્ય સાધન છે કારણ પરમાત્મા વેદમંત્રોનો પ્રાણ ધ્વનિ છે. તે શબ્દરૂપ છે, તેથી જુદો નથી. એ જ કારણે ભગવાન કહે છે કે હું માનવના પૌરુષરૂપ છું. પૌરુષ એટલે જીવનશકિત, માનવીનો પ્રાણ. એ વિના માનવમાં પુરુષત્વ અસંભવિત છે. પૂર્વજન્મોનો બોજ અને બળ ગમે એટલાં હોય. પૌરુષ કે પુરુષત્વમાંથી ઉદભવતાં સાહસબળ અને સિદ્ધિ આગળ એણે નમવું જ પડે છે. આ અદ્રશ્ય શક્તિથી અજ્ઞાત રહી મૂર્ખ માનવી ભાગ્યને દોષ દેતો થઈ જાય છે અને પોતે જેને પ્રારબ્ધ માને છે તેથી ડરીને તેના કહેવાતાં ' અનિવાર્ય ' પરિણામોને દોષ દે છે.

પ્રત્યેક વ્યક્તિએ પુરૂષત્વને જીવન સાથે જોડી દેવાનું છે કારણ તે વિના જીવન જ અશકય બની જાય છે. જીવન એટલે પ્રતિકુળતાનો સામનો, પરિશ્રમ અને પ્રાપ્તિ. પ્રભુએ માનવીનું સર્જન કર્યું છે તે એટલા જ માટે કે તે તેના પુરૂષત્વ વડે જીવનસંગ્રામ ખેલી લે અને વિજયને વરે. માનવીને ભરપૂર ખોરાકનું ભક્ષણ કરનાર, વિશ્વને બોજારૂપ બની રહેનાર, અને ઇન્દ્રિયોના ગુલામ એવા એક પશુ તરીકે ઘડી કાઢવાનો પરમાત્માનો ઉદ્દેશ નથી. પ્રમાદીઓનું ટોળું ઊભું કરવાનો, સખત મજુરીથી ડરી દૂર ભાગતા ડરપોક વિલાસીઓ અને હદ બહાર ખાઈપી ચરબી ચડાવી રાક્ષસી રૂપ ધારણ કરનારાઓનું સર્જન કરવાનું એનું ધ્યેય નથી. માનવી, જીવનમાં પોતાના સર્જનહારની અવગણના કરે, આત્માનું અસ્તિત્વ ન સ્વીકારે અને પોતાની પ્રતિભા અને વિવેકબુદ્ધિનો વ્યય - દુર્વ્યય કરી એક પશુની જેમ ભટકતો ફરે, દિવ્ય ભેટ રૂપ મળેલી શક્તિનો જીવનમાં ઉપયોગ કરી તેને આનંદ માણવા છતાં એ પ્રદાન કરનાર પ્રત્યે અંશમાત્ર કૃતજ્ઞભાવ અનુભવ્યા વિના જીવન વ્યતીત કરે એવા વિચારે કે એટલા જ માટે પ્રભુ માનવીનું સર્જન કરતો નથી.

સ્વાર્થ અને સ્વહિત માટે જેઓ પ્રકૃતિનો ખોટો લાભ ઊઠાવે છે. - ' આ મારું છે, તે પણ મારું છે અને પેલું જે મારાં છે તેઓનું છે ' એવી દ્રષ્ટિ રાખે છે તેઓને પ્રકૃતિ પણ યથાર્થ શિક્ષા કરે છે. જેઓ નીતિનિયમનો ભંગ કરે છે તેઓને ભારે શિક્ષા થાય છે. મુખ્યત્વે આ કારણને લઈને શ્રીકૃષ્ણ અર્જુનને ઉપાસના યા ભક્તિમાર્ગ વિસ્તારથી સમજાવે છે. કારણ ઉપાસના એટલે પ્રકૃતિના માધ્યમ દ્વારા પ્રકૃતિની પર રહેલા પરમાત્માને પહોંચવું તે.

" અર્જુન ! ઘણા લોકો મારી અવિક્ષિપ્ત ભક્તિ કરવા ઉત્સુક બની ગાઢ વનમાં જઈ વસે છે. આ એક પ્રકારનું પાગલપણું છે. હું જાણે જંગલમાં જ વસતો હોઉં એ રીતે જંગલનો આશરો લેવાનું જરૂરી નથી. કોઈ પણ એવું સ્થાન નથી કે જ્યાં હું ન હોઉં. કોઈ પણ એવું રૂપ નથી કે જે મારું ન હોય. હું પંચભૂત રૂપ છું પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને અવકાશ ! એવું કયું સ્થળ શોધી શકાય કે જ્યાં એમાંના એક યા બીજાને અસ્તિત્વ ન હોય. મારી વ્યાપ્તિ અને મારી ઓજસ્વિતાનો અનુભવ કરવા કોઈ

વિશિષ્ટ સ્થાન છે જ નહિ - હું સર્વ કાંઈ છું, સર્વત્ર છું અને સર્વદા હોઉં છું - શાશ્વત છું. અગ્નિની દાહકતા હું પોતે જ છું, પ્રાણીમાત્રનું જીવન ચૈતન્ય હું જ છું. હું એવા બળવાનનું બળ છું કે જે લોભ અને લાલસાથી મુક્ત છે. મારું સ્વરૂપ એવું છે કે જે માનવીને ધાર્મિક સાધન અને સિદ્ધિની પ્રાપ્તિમાં પ્રેરક બની રહે છે.

" હું જેને શક્તિ કહું છું એ શક્તિ છે બુદ્ધિબળ, વિશ્વ અનેકવિધ બળો વિષે જાણે છે : ધનબળ, જે ધન વડે પ્રાપ્ત થાય છે ; વિદ્યાબળ, જે વિદ્વત્તાથી મળે છે ; જનબળ, જે જનતાના સાથ વિષેના ખ્યાલમાંથી ઉદભવે છે ; મનોબળ, જે પોતાના નિશ્ચયબળ - આત્મબળમાંથી જન્મે છે ; દેહબળ, જે માત્ર બાહુબળ છે વગેરે વગેરે. આ સર્વ મારાં જ લેખાય છે કારણ હું પરમેશ્વર છું આ સર્વ પ્રકારના બળ કામ અને રાગથી મુક્ત હોય એટલે માત્ર જરૂરી છે. જો કામ અને રાગ એમાં આવી જાય તો તે દિવ્ય મટી પાશવી બળ થઈ જાય છે ; પછી એ પશુબળ થાય છે અને પશુપતિબળ રહેતું નથી.

" કામ એટલે કશું મેળવવાની એવી તીવ્ર ઈચ્છા કે જે મળવાની કે મેળવવાની કોઈ શક્યતા નહિ હોવા છતાં તે માટેનો મનનો તલસાટ રાગ એટલે અમુક એક ચીજ મારી પાસે હોવી જ જોઈએ એવો ભાવ પછી ભલે આપણને એમ સ્પષ્ટ લાગતું હોય કે એ લાંબો વખત ટકી શકે એમ નથી કારણ આખરે તો તે ચંચળ અને નાશવંત છે. રાગ શબ્દના મૂળમાં રંજનનો ભાવ રહેલો છે. રંજન શબ્દ આનંદદાયક શક્તિનો સૂચક છે. કોઈ પણ પ્રકારનું બળ એ બેમાંના કોઈ પણ એક ભાવથી કલુષિત થયું હોય તો તે દિવ્ય કક્ષાનું અધિકારી બની શકતું નથી.

“ કેટલાંક બળો તેની ધારક વ્યક્તિએ નિયુક્ત કરેલાં તેના સ્થાન કે પદ અનુસાર ઉચ્ચતા કે હીનતા પ્રાપ્ત કરે છે. દાખલા તરીકે ધનદોલત. જો કોઈ દુષ્ટ માનવી ધનવૈભવનો અધિકારી બને તો તે તેનામાં મિથ્યાભિમાન, અહંકાર, ક્રૂરતા અને ધિક્કારની લાગણી જન્માવશે. જો તે કોઈ સજ્જનને હાથ જશે તો તેનો ઉપયોગ દાનધર્મ અને બીજાં સત્કાર્યો પાછળ થશે. દુર્જનો બીજાને ત્રાસ આપવા શારીરિક બળનો ઉપયોગ કરે છે - સજ્જનો બીજાને હાનિથી બચાવવા તેને ઉપયોગમાં લે છે.

અહીં બીજો પણ એક મુદ્દો નોંધવાનો છે. શ્રીકૃષ્ણે કહ્યું કે ક્રોધ અને લોભ જે ધર્મ વિરુદ્ધ ન હોય તો તે પણ દિવ્ય શક્તિના આવિષ્કાર રૂપ જ છે. તો પછી થશે કે એ વાતો વારે વારે કહેવાની જરૂર શું છે - જરૂર એ છે કે પરમાત્મ તત્વના પરા અને અ - પરા સ્વરૂપમાંથી જ સર્વ કાંઈ પેદા થાય છે એ ખરું પણ શ્રેષ્ટભાવ અને લાગણીની અનુભૂતિ માટે માનવીએ ઉચ્ચ ભાવો, ઉચ્ચ સ્વરૂપો અને સિદ્ધ વ્યક્તિઓમાં મારાં સ્વરૂપને જોવાની ટેવ પાડવાની રહે છે. આમ છતાં પણ જે ઉચ્ચ છે તે જ દિવ્યરૂપ છે અને જે ક્ષુલ્લક છે તે નથી એમ માનશો નહિ. એ સાચું નથી ; પાર્થીવ જગતની બધી સાત્વિક, રાજસિક અને તામસિક વૃત્તિઓ, તેના પ્રત્યાઘાત અને ક્ષણિક આવેશ આ બધું પરમાત્માનું જ સર્જન છે. આ વાતનો તર્કશુદ્ધ વિચાર કરશો અને તેમાં રહેલું સત્ય દ્રઢપણે સ્વીકારશો પછી જ એ વિષેની પ્રતીતિ ધીરે ધીરે વિકાસ પામતી જશે.

શ્રીકૃષ્ણ ભગવાને સ્પષ્ટ કર્યું. " આ સૌ કંઈ મારાથી જ ઉદભવ્યું છે, એ સર્વ મારામાં વસે છે પણ યાદ રાખ અર્જુન, એ મને આધારરૂપ નથી, એ સૌથી હું અલિપ્ત છું. " આ વિષયક બે દ્રષ્ટિબિંદુ જાણીતાં છે : જીવાત્માનું દ્રષ્ટિબિંદુ અને પરમાત્માનું. જીવાત્માને સારા નરસા જેવા દ્વૈત અનુભવ થાય છે જ્યારે પરમાત્મા અદ્વૈત છે ; દ્વન્દ્વથી તે પર છે. જ્યારે સર્વકાંઈ પરમાત્મારૂપ છે, જ્યારે પ્રભુ અંતરાત્મારૂપે સૌમાં વસે છે તો પછી શુભ - અશુભ કે સારા નરસાનું સ્થાન રહ્યું જ ક્યાં ?

સામાન્ય માનવીના મનમાં આ વિષે સંશય જાગે એ સંભવિત છે. પ્રભુ કહે છે કે હું સર્વનું આદિ કારણ છું અને શુભઅશુભ સૌ કંઈ મારામાંથી જ ઉદભવ્યું છે પણ સાથે તે એમ પણ કહે છે. કે એ રીતે જે કંઈ સર્જાયું છે, અસ્તિત્વમાં આવ્યું છે તેના પરિણામથી કે તેના દોષોથી તે મુક્ત અને અસ્પૃશ્ય છે. તે કહે છે કે તે બધાં સાથે મને કશો જ સંબંધ નથી અને જેના સર્જન અને ઉદભવ માટે હું જ કારણભૂત છું તેથી હું વિરક્ત અને પર છું.

આ ઉપરથી તમે કદાચ એવું અનુમાન કરશો કે માનવી પણ તેનામાં રહેલા દિવ્ય અંશથી પ્રેરાઈને જે કંઈ શુભ અશુભ કરી બેસે છે તે માટે એ સ્હેજ પણ જવાબદાર નથી, તેનું સાચું સ્વરૂપ અને સ્વભાવ શુભ - અશુભથી ; સારા નરસાથી પર છે, તેના કૃત્યો ગમે એવાં હીન હોય તો પણ તે તેનામાં વસતાં પરમાત્મતત્વ ખૂદ પરમાત્મા પ્રેરિત જ હોય છે કારણ માનવી પોતાનું ગણાવી શકે એવું તો એ કે કૃત્ય હોઈ શકતું નથી. સાચું છે - પણ " હું કશું જ કરતો નથી, મને એક સાધન કે નિમિત્ત બનાવી પરમાત્મા પોતાનો સંકલ્પ સિદ્ધ કરી રહ્યો છે " એવી શ્રદ્ધા પૂર્ણ જ નહિ પણ દ્રઢ, અંતરગમ, ઉડી અને અડગ હોવી જોઈએ ; અહમ્ ભાવનું ક્યાંય નામનિશાન પણ હોવું જોઈએ નહિ. જો એમ હોય તો નિશ્ચિત છે કે એ વ્યક્તિએ જીવનનું સર્વોત્કૃષ્ટ ધ્યેય સિદ્ધ કર્યું છે. તેના પર પ્રભુની અનંત કૃપા વરસી રહી છે એમ કહી શકાય. આ સત્યની પ્રતીતિ થવી જોઈએ -સ્વાનુભવ થવો જોઈએ અને એ જ્ઞાન દ્રઢ થવું જોઈએ. ખરેખર, જેને એવો દ્રઢ વિશ્વાસ છે સર્વ કાંઈ પરમાત્મરૂપ છે, પાર્થિવ જગત સાથે મને કશો જ સંબંધ નથી - કશી લેવાદેવા નથી, હું એ સૌથી પર અને વિશેષ છું - એવી વ્યક્તિ ' સત્ય - જીવી ' છે અને આ મૃત્યુલોકની તેની યાત્રા સાર્થક અને શુભકારક છે.

માત્ર શબ્દો નિરર્થક છે. લાંબો વખત ગોખેલી અમુક શબ્દાવલિ તમે પોપટની માફક બોલ્યે જાવ ; જેમ કે : " સર્વ કંઈ ઈશ્વરરૂપ છે, હું તો માત્ર એક કઠપૂતળી જેવો છું. પ્રભુ દોરીસંચાર કરે છે અને તેની ઈચ્છા અનુસાર હું નૃત્ય કરતો રહું છું. મારું કહી શકાય એવું કશું જ નથી, હું તો માત્ર તેની ઈચ્છા - તેનો સંકલ્પ ફળિભૂત કરવા કામ કરી રહ્યો છું " વગેરે વગેરે. પણ સામાન્ય રીતે તમે શું કરતા હો છો ? જ્યારે કોઇ પ્રશંસનીય કાર્ય સિદ્ધ થાય ત્યારે તમે કહો છો એ મેં કર્યું છે ; જ્યારે કોઈ દોષયુક્ત કાર્ય થઈ જાય ત્યારે તેને તમે પ્રભુઈચ્છા અને પ્રભુ પ્રેરણાના પરિણામરૂપ ગણાવો છો. કીર્તિ, નામના, ઉચ્ચ પદ અને ઉચ્ચ કક્ષા, સત્તા અને અધિકાર, સંપત્તિ અને સમૃદ્ધિ, પ્રાપ્તિ અને સિદ્ધિ તમને મળે છે ત્યારે તમે જગતના ફલક ઉપરથી, તમારું ગળું સૂકાઈ જાય ત્યાં સુધી બૂમાબૂમ કરી પુકારો છો કે એ બધું મેં મારા સ્વપ્રયત્નથી પ્રાપ્ત કર્યું છે, પણ અપકીર્તિ અને પરાજય, દૂષણ અને અન્યાય જેમાંથી પરિણમે છે એમાં

તમારો પણ હાથ છે - ફાળો છે એનો એકરાર કરવાની ઘડી જ્યારે આવે છે ત્યારે તમે સ્હેજ પણ સંકોચ વિના તે વિષેની જવાબદારી પરમાત્મા ઉપર ઢોળી દો છો અને કહો છો - " હું તો માત્ર પ્રભુનો દાસ છું ; માલિક તો પ્રભુ છે, હું તો માત્ર પ્રભુના હાથનું એક હથિયાર છું. " માનવીને આ વલણ અપનાવવાની આજે ટેવ પડી ગઈ છે, નહિ – એ એક આધુનિક ફેશન થઈ પડી છે. ઘડિયાળના લોલકની માફક લોકો " હું " અને ' તે ' ની વચ્ચે અવિરત ઝોલાં ખાયા કરે છે. આ એક મોટી ઠગબાજી છે- પાખંડ છે, અધ્યાત્મને ખાલી ઢોલપીટારો છે.

મન, વાણી અને કાર્યમાં, સર્વ કાંઈ પ્રભુની લીલા છે એવી માન્યતા દ્રઢપણે સ્થાપવી જોઈએ- એ સાચો મુક્તિમાર્ગ છે. અમુક શુભ અને અમુક અશુભ છે એવા ભેદનું મૂળ માનવીની નિર્બળતામાં રહેલું છે, અને પ્રભુને અનુલક્ષીને તેનામાં એનું આરોપણ કરવું એ માટું પાપ છે. ક્યારેક એમ પણ લાગશે કે પ્રભુ પણ આ નિર્બળતાથી મુક્ત નથી પણ એક વાત નક્કી છે કે એવી સ્થિતિ અલ્પજીવી અને ક્ષણિક હશે – વાદળું સૂર્યની ઓજસ્વિતાને ઘડીક આવરી લે એવી ; તેને ચોંટી રહેનાર કલંક નહિ.

ગુણલક્ષણો પરમાત્મતત્વમાંથી ઉદભવતાં હોવા છતાં પરમાત્મા એથી અલિપ્ત, અનાસક્ત છે. અગ્નિમાંથી ધૂમાડો નીકળે છે પણ અગ્નિ પર તેની અસર પડતી નથી ; વાદળો અવકાશમાં આકાર લે છે અને આમતેમ ધૂમતાં રહે છે પણ અવકાશને તેની કશી અસર પહોંચતી નથી. એમ જ સર્વકાંઈ માળાના મણકાની જેમ પરમાત્મા સાથે સંયોજિત છે પણ પરમાત્મા પોતે મુક્ત અને અલિપ્ત છે. વિશ્વ એ જ પરમાત્મતત્વના પાયા ઉપર રચાયું છે - ઊભું છે પણ તેને વિશ્વરૂપ પાયાની કોઈ આવશ્યક્તા નથી.

કાપડનો દાખલો લો. કાપડનો આધાર દોરો છે, સૂત્ર છે, અને સૂત્ર પર તે અવલંબે છે. પણ સૂત્ર કાપડ પર અવલંબિત નથી, તે કાપડથી મુક્ત અને અલિપ્ત છે. ઘડાનો આધાર માટી છે. પણ માટી સ્વતંત્ર છે મુક્ત છે. એમ જ કાપડ સૂત્રયુક્ત છે, ઘડો મૃણમય- માટીમય છે. માટી બ્રહ્મ છે, ઘડો પ્રકૃતિ છે (પ્રકૃતિ એટલે નામરૂપ વૈવિધ્ય ભર્યું વિશ્વ આકૃતિ, આકાર અને નામ. જવા દો, તેની અવગણના કરો તો ઘડો માત્ર માટી જ જણાશે અને તેથી વિશેષ કંઈ જ નહિ, કાપડનું નામ અને આકાર ભૂલી જાઓ, જે મૂળ વસ્તુ કાપડમાં અને કાપડના સમગ્ર રૂપમાં રહે છે તેનું નિરીક્ષણ કરો અને તમને સમજાશે કે એ તો માત્ર સૂત્ર છે -દોરો છે. માટી વિના ઘડો અસંભવિત છે. સૂત્ર વિના - તાણાવાણા વિના વસ્ત્ર અસંભવિત છે. એ જ પ્રમાણે બ્રહ્મ વિના પ્રકૃતિ અસંભવ છે. ' સર્વમાં બ્રહ્મ છે ' એમ કહેવા કરતાં સર્વ કંઈ બ્રહ્મરૂપ છે એમ કહેવું વધારે ઉચિત છે. બ્રહ્મ સર્વભૂત - અંતરાત્મા (પ્રાણીમાત્રનું અંતરતમ સત્ય) છે, એમ માનવા કરતાં બ્રહ્મને સર્વનાઆધાર, સર્વના મૂળતત્વરૂપ તરીકે જોવામાં વિશેષ ભવ્યતા દેખાશે અને તેની અનુભૂતિ થશે. આ અબાધિત સત્ય છે કે જેનો નિષેધ થઈ શકે એમ નથી.

---

# અધ્યાય ૧૩

આ સૃષ્ટિ એક સુંદર ભવન જેવી છે કે જેનો પાયો છે પરમાત્માનું એક દ્રષ્ટિગમ્ય - બાહ્યરૂપ છે, બીજું સત્સ્વરૂપ છે. લોકો મૂળ પાયાની અવગણના કરી છે તેના પર આધારિત છે તે માટે તરસે છે. આધાર વિના આધેયનું અસ્તિત્વ શી રીતે હોઈ શકે એનો વિચાર કરવા તેઓ થોભતા નથી. આ પણ દોષયુક્ત દ્રષ્ટિનું જ એક દ્રષ્ટાંત છે. આ દ્રષ્ટિદોષ દૂર થાય તો સૃષ્ટિકર્તાનું દર્શન ન થઈ શકે. દ્રષ્ટિમાં રહેલી ક્ષતિ નિવારી શકાય ત્યારે વિશ્વના સર્જનહારનું દર્શન અને તેનું જ્ઞાન થઈ શકે છે.

આ વિષે અર્જુને શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો : " દોષયુક્ત દ્રષ્ટિ ખરેખર શું છે ? ભગવાન ! મને એ વિષે વિસ્તારથી કહો. " તેને એ પણ જાણવું હતું કે એ દોષ શેમાંથી જન્મે છે અને શી રીતે વિકાસ પામે છે. હવે અર્જુન એક સામાન્ય વ્યક્તિ નથી. તેને જે કહેવામાં આવે તેનો માથું ધુણાવી સ્વીકાર કરી લે એ કક્ષા એ વટાવી ગયો છે. તેના મનમાં સંશય પેદા થતો લાગે તો શ્રીકૃષ્ણને તુરત જ બોલતા અટકાવવા જેટલી હિંમત એણે કેળવી છે - કહો કે એનામાં હવે એ હિંમત આવી છે, જે વીરતા અને નિશ્ચલતા જોઈએ તે એનામાં સ્પષ્ટ દેખાય છે. શાસ્ત્રજ્ઞાન અનુસાર તથા અનુભવ વડે સિદ્ધ થઈ શકે એવો ઉત્તર શ્રીકૃષ્ણ આપ્યો ત્યાં સુધી તેનો આગ્રહ ચાલુ જ રહ્યો. માટે જ ભગવાન શ્રીકૃષ્ણ ખુશ થઈ હસતાં હસતાં અર્જુનના સર્વ પ્રશ્નોના ઉત્તર તુરત જ આપવા માંડ્યા.

દોષયુક્ત દ્રષ્ટિ વિષે શ્રીકૃષ્ણ નીચે પ્રમાણે ઉત્તર વાળ્યો, " જો અર્જુન ! સાંભળ. આ વિશ્વ અને મારી વચ્ચે માયા કે મોહભાવ સતત ભમ્યા કરે છે. માનવી માટે માયાથી પર થઈને રહેવું એ ઘણું કઠીન કાર્ય છે કારણ માયા પણ મારું જ રૂપ છે. તે એક જ મૂળતત્વમાંથી પેદા થાય છે અને તેને મારાથી – પરમાત્મતત્વથી ભિન્ન ગણાવી શકાય નહિ, એ મારું જ સર્જન છે અને મને આધીન છે. એના વડે મહા પરાક્રમી મહારથીઓને એક ક્ષણમાં ધૂળ ચાટતા કરી શકાય છે. તને કદાચ આશ્ચર્ય થશે કે એને વશ કરવાનું એટલું બધું મુકેલ શા માટે હોવું જોઈએ, અલબત્ત, એ સહેલું નથી જ. જેઓ પૂર્ણપણે અને અંતઃકરણની સાચી ભાવનાથી મારામાં આસક્ત છે, તેઓ જ મારી આ ' માયા ' ઉપર વિજય મેળવી શકે છે. અર્જુન ! એમ ન માનીશ કે માયા ક્યાંક બીજેથી ઉતરી આવેલી કલુષિત અને વિકૃત ભાવના છે. એ તો મનનું એક લક્ષણ છે. મનનો એક વિકાર છે. નામરૂપવાળી વૈવિધ્યભરી અને અનેકવિધ રચનાઓ - સર્જન પ્રત્યે વાળી સત્યરૂપ અને શાશ્વત મૂલ્યો અને પરમાત્મતત્વથી એ તમને વિમુખ બનાવે છે. દેહને પોતાનું વ્યક્તિત્વ માનવાની દેહને દેહી માનવાની ભૂલ કરાવનાર માયા છે. માયા કોઈ એવું તત્વ નથી કે જે પહેલાં હતું અને હવે પછી અદૃશ્ય થશે – નાશ પામશે ; તેમ જ એક કાળે ન હતું પણ પાછળથી આવ્યું અને હવે જતું નથી. સત્ય એ છે કે એ ક્યારેય ન્હોતું, આજે નથી અને હવેથી પણ નહિ હોય.

" માયા તો જેનું, અસ્તિત્વ જ નથી એવી એક કુદરતી સુક્ષ્મતા- અગમ પ્રક્રિયાનું નામ છે. પણ તેનું અસ્તિત્વ ન હોવા છતાં તે દ્રષ્ટિગોચર થાય છે. એ રણપ્રદેશના ઝાંઝવાના જળ જેવું છે - એક

જળવિસ્તાર કે જે ક્યારેય નો'તો અને દેખાય છે ત્યારે પણ નથી. જેને સત્યનું જ્ઞાન છે તે એ હકીક્તરૂપે જોતો નથી - તેને મન એ માત્ર આભાસ છે. જેઓ રણપ્રદેશની એવી વિલક્ષણતાથી અજ્ઞાત છે. તેઓ આ દર્શનથી આકર્ષાય છે. તેઓ એ તરફ દોટ મૂકે છે અને અંતમાં દુ:ખ, અતિશ્રમ, અને નિરાશાના ભોગ બને છે. ઓરડાનો જ અંધકાર જેમ ઓરડાને આવરી લઈ તેને છુપાવતો લાગે છે, પાણીની સપાટી ઉપર ઉગતી સેવાળ જેમ પાણીને આવરી લે છે, આંખનો મોતિયો જેમ દ્રષ્ટિ પર છવાઈ જાય છે તેમ માયા જે કોઈ એને પોષે છે, પંપાળે છે તેને જ વળગી એક આવરણરૂપ બની રહે છે. વ્યક્તિનું સાચું સ્વરૂપ એને લીધે જાણે છવાઈ ગયું હોઈ અદ્રષ્ટ જ રહે છે. ત્રણ ગુણો અને ત્રણ પરમાત્મતત્વો ઉપર એ વર્ચસ્વ જમાવે છે. એટલે કે જેઓ સૌ પોતાને મર્યાદિત અને તૈતરૂપ સમજે છે. નામ, સ્વરૂપ અને વ્યક્તિત્વભાવનું સમર્થન કરે છે તેઓ આ માયાનો શિકાર બને છે. જીવભ્રાંતિ (પોતાને જીવરૂપ ગણવું તે) માંથી એનો ઉદભવ થાય છે. તત્વભ્રાંતિ (પોતાને **तत् त्वम्** તત્વરૂપ સમજવું તે). એનું નિવારણ કરે છે. માયા, તત્વ ઉપર ધૂળની જેમ પથરાઈ જઈ તેને ઢાંકી દે છે ; પણ જેઓને એક વાર તત્વની અનુભૂતિ થઈ હોય તેઓ આગળ તેનું કશું ચાલતું નથી.

" અર્જુન ! તને કદાચ પ્રશ્ન થશે કે જે માયાભાવ સર્વવ્યાપ્ત છે અને જેમાં એનો ઉદભવ થાય છે તેને જ એ હાનિકર્તા છે તો પછી મને એ કલંકરૂપ કેમ થતી નથી કારણ તે પણ મારામાં જ ઉદભવે છે - એનો જન્મદાતા પણ હું જ છું. પણ આ શંકા પાયા વગરની છે. જે સર્વ જગતરૂપ છે એનું કારણ માયા છે એ વાત સાચી પણ તે પરમાત્મતત્વનું કારણ નથી - એટલે કે પરમાત્મભાવ કંઈ માયામાંથી ઉદભવતો નથી. હું પોતે જ માયાનો કોરડે વિંઝનાર શાસક છું. માયારૂપ જગત મારી ઈચ્છા અનુસાર ચાલે છે - વર્તે છે. માટે જે મારામાં આસક્ત છે અને મારા ભાવ- મારી ઈચ્છા પ્રમાણે કર્તવ્ય કર્મ કરે છે તે માયાના પાશમાં, માયાની ઝડપમાં આવતો જ નથી, એવા પરમાત્મતત્વને માનનારાઓનું પ્રભુત્વ પણ માયા સ્વીકારે છે. મોહમાયા ઉપર વિજય પ્રસ્થાપિત કરવાની એક માત્ર રીત છે. વિશ્વપ્રમાણ અને શાશ્વત જ્ઞાનની પ્રાપ્તિ અને તમારાં વિશ્વવ્યાપી સ્વરૂપનો સાચો પરિચય. કારણ કે કંઈ શાશ્વત અને સનાતન છે એમાં તમે જીવનરૂપ મર્યાદાનો ભાવ લઈ આવો છો કે જેને પરિણામે માયાભાવ પેદા થાય છે. ભૂખ અને તૃષા જીવનના લક્ષણો છે. સુખ અને દુ:ખ ; ક્ષણિક આવેશ અને ભ્રમ, જન્મ અને મરણ સૌ શરીરના લક્ષણો છે. તે સૌ અનાત્મ - અનાત્મિક છે, જે શાશ્વત અને સનાતન છે તે આત્માના એ લક્ષણો નથી.

" જે સૃષ્ટિસ્વરૂપ શાશ્વત છે અને જેનો તમારામાં આવિર્ભાવ થયો છે તે મર્યાદિત છે એમ માનવું અને તે અનાત્મિક લક્ષણોને વશ વર્તે છે એમ માનવું એનું જ નામ માયા. પણ યાદ રાખ, જેણે મારું શરણ સ્વીકાર્યું છે તેને અડવાની પણ માયા હિંમત કરી શકતી નથી. એથી ઊલટું જેઓ માયાનું જ ધ્યાન ધરે છે ; માયામાં જ રચ્યાપચ્યા રહે છે તેઓના માર્ગમાં એ કોઈ એક અગાધ મહાસાગર જેવા અંતરાય બની રહે છે ; પણ જેઓ પરમાત્મતત્વના ધ્યાનમાં ડૂબેલા છે તેઓને માટે માયા માધવસ્વરૂપ જ છે. અનંત પરમાત્મતત્વ સાથે એકત્વભાવ વિકસાવીને અથવા તો સંપૂર્ણ શરણાગત - ભાવ કેળવીને જ માયારૂપ અવરોધને પાર કરી શકાય. પહેલો માર્ગ છે જ્ઞાનયોગ, બીજો ભક્તિયેગ.

" પરમાત્માને સર્વસ્વ અર્પણ કરીને માયા ઉપર વિજય પ્રાપ્ત કરવાની, માયાથી છૂટવાની અંતઃપ્રેરણા કંઈ બધી વ્યક્તિઓને થતી નથી. અગણિત જનમજન્માંતર દરમ્યાન જે કંઈ પાપ - પુણ્ય ભેગાં થયાં હોય તે ઉપર એ આધારિત છે. જેઓએ પાપના પોટલાં જ બાંધ્યાં છે તેઓ તો ઈન્દ્રિયોના ક્ષણિક સુખનો જ માર્ગ લેવાના. પશુ અને પક્ષીઓની જેમ તેઓ ખાન - પાન અને ખેલકુદમાં જ આનંદ માણવાના : તેઓ તો એને જ જીવનનો ઉદ્દેશ સમજી પરમાત્મતત્વના કોઈ વિચારને પણ મનમાં પ્રવેશવા દેવાના નથી. તેઓને ગુણવાન અને સદાચારી સજ્જનોનો સંગ કડવો લાગે છે ; સત્કાર્યોથી તેઓ દુર રહે છે ; પ્રભુના સામ્રાજ્યમાંથી નીકળી જઈ તેઓ જાણે બહારવટે ચડ્યાં હોય એવું લાગે છે.

" બીજી તરફ જેઓ પુણ્યશાળી છે તેઓ સદગુણોના, ઉન્નત વિચારોના વિકાસ માટે અને દિવ્યતત્વમાં ધ્યાનમગ્ન રહેવા માટે સર્વદા પ્રયત્નશીલ રહે છે અને તેઓ પરમાત્માનો સાક્ષાત્કાર કરવા હંમેશાં ઉત્કંઠ હોય છે. જીવનયાતના કે કઠીણાઈને લીધે, કે જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર ઈચ્છાને પરિણામે આવા સાધકો પરમાત્મતત્વ – પ્રભુ પ્રત્યે આકર્ષાય છે, અને તેઓ રાહત અને ચેન માટે પ્રભુ તરફ વળે છે એ દર્શાવે છે કે અનેક જન્મોના પૂણ્યફળને પરિણામે જ તેઓ આ ઊર્ધ્વ પંથના યાત્રી બને છે.

" સકામ કર્મનું ગીતાજી સમર્થન કરતાં નથી – પરિણામને લક્ષમાં રાખી જે કર્મ થાય છે ; કર્મફળ ભાવ જેમાં પ્રધાન છે એવું કર્મ ગીતાને સ્વીકાર્ય નથી. માત્ર નિષ્કામ કર્મ - કર્મફળ વિષે સ્હેજ પણ આસક્ત રહ્યા વિના કરેલું કર્મ - તમને મોહમાયાથી અને ભ્રમણાથી મુક્ત કરશે.

હવે અર્થ - ભક્ત એટલે જે તેની યાતના દૂર કરવાના આશયથી પ્રભુભક્તિ તરફ વળે છે તેને વિષે કદાચ સંશય પેદા થાય. એવી વ્યક્તિને ભક્ત ગણી શકાય કે કેમ એવો પણ પ્રશ્ન ઊભો થાય. હવે આ વિશ્વમાં એક પણ એવી વ્યક્તિ નથી કે જેને કશી જ આવશ્યકતા ન હોય - કશાનો જ અભાવ ન હોય. પોતાની જરૂરિયાત સંતોષવા પ્રત્યેક વ્યક્તિ કોઈ ને કોઈ પર આધાર રાખે જ છે, હવે પહેલાં તો આવી પદાર્થવિષયક જરૂરિયાત હોવી કે તેના અભાવનો ભાવ જાગવો એ જ ખોટું છે, અને તેને સંતોષવા કોઈ બીજી વ્યક્તિનું અવલંબન સ્વીકારવું એ એથી યે ખરાબ છે. હવે જે અર્થ - ભક્ત છે તે કોઈ વ્યક્તિ પ્રત્યે નહિ પણ જેનામાં શ્રદ્ધા છે જેને માટે તેને પૂજ્યભાવ છે, એવા પ્રભુ પ્રત્યે વળે છે. એ ભક્ત તેની જરૂરિયાતો સંતોષવા બીજા કોઈને નહિ પણ માત્ર પ્રભુને વિનવે છે. એ સાચું છે કે જરૂરિયાત અને અભાવની લાગણી પેદા થવા દેવી એ ખોટું છે. તો પણ એ અર્થ - ભક્ત, હીન માર્ગ અને સાધનામાં વિશ્વાસ રાખી બેસી રહેવાનું જે અધિક ખોટું ગણાવી શકાય એવું દ્રષ્ટિબિંદુ છે તેથી દૂર રહે છે. આ રીતે એ મહાન છે – ખરું કે નહિ ? તમારે શું જોઈએ છે એ મહત્વનું નથી પણ એની પ્રાપ્તિ માટે તમે કોને આંગણે જાઓ છો – કોની આરાધના કરો છો એ જ્યારે તમને સમજાય છે ત્યારે આ દ્રષ્ટિનું શ્રેષ્ઠત્વ તમને તુરત જ જણાઈ આવશે. પરમાત્મા એ જ અંતિમ લક્ષ્ય છે, એ જ આપણો દાતા છે. માત્ર પ્રભુકૃપા દ્વારા જ સર્વ શ્રેય પ્રાપ્ત થઈ શકે છે એવી શ્રદ્ધા દ્રઢ થાય ત્યારે તમે નિશ્ચિતપણે માની શકો કે એવો અર્થ - ભક્ત ખરેખર પૂજ્ય છે.

ગીતામાં જેનો નિર્દેશ થયો છે એ ત્રણ પ્રકારના ભક્તો - અર્થભક્ત, અર્થ - અર્થી અને જિજ્ઞાસુ પરોક્ષરૂપે પ્રભુને ભજે છે. તેઓના મનોરથો અને લક્ષ્યોની સિદ્ધિ અર્થે તેઓ પ્રભુની સહાય અને તેનો આશરો શોધે છે તેઓ હંમેશાં પ્રાર્થના અને ભક્તિભાવમાં રત હોય છે અને સતત પ્રભુનું સ્મરણ કરતાં હોય છે.

જ્ઞાની - ચોથી કક્ષાના જે ભક્તનો ગીતામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે એક ભક્તિમાં માનનારો છે જ્યારે બીજા અનેક ભક્તિનું અવલંબન ધરાવતા હોય છે. એ બીજા ભક્તો સ્થૂળ પદાર્થ કે જીવન સ્થિતિમાં આસક્ત હોઈ તેના ખ્યાલથી અને તેની પ્રાપ્તિ - અર્થે સાથે પ્રભુનો પણ ખ્યાલ અને તેની ભક્તિમાં ઓતપ્રોત રહે છે. આમ તેઓ માત્ર પ્રભુમાં જ નહિ પણ સ્થૂળ જગતમાં પણ આસક્ત હોય છે. જ્ઞાની એવાં ; ભક્ત છે, કે જે પરમાત્મા સિવાયની, ભગવત તત્વ સિવાયની બીજી કોઈ પણ ચીજ પ્રત્યે દ્રષ્ટિ પણ કરતો નથી. એ બીજું કશું જુએ તો તેમાં સર્વત્ર અને પ્રભુનાં જ દર્શન થાય છે - એ કારણે પ્રભુ કહે છે કે જ્ઞાની અને સૌથી વિશેષ પ્રિય છે. પરમાત્માને આમ તો સૌ સમાન જ છે પણ એ સૌમાં જેઓએ પરમાત્મતત્વનો સ્વાનુભવ કર્યો છે, સાક્ષાત્કાર કર્યો છે તેઓમાં પ્રેમભાવ સ્પષ્ટ, પ્રત્યક્ષ હોઈ સાક્ષાત્ જોઈ - જાણી શકાય અને અનુભવી શકાય એવો હોય છે. આથી એવું અનુમાન થઈ શકે કે જે જ્ઞાની છે તે પરમાત્માની સૌથી નીકટ છે અને તેથી સૌથી વિશેષ પ્રિય છે.

અલબત્ત તમે જ્યારે ઠંડીથી ધૃજતા હો ત્યારે અગ્નિના ધર્મ પ્રમાણે તે તમને ગરમી આપે છે. પણ તમે જો દૂર જ ઊભા રહો અને તેની સમીપ ન જાઓ તો એ તમને ઉષ્ણતા જાળવી રાખવામાં શી રીતે સહાય કરી શકે ? એ જ પ્રમાણે જેઓ આ પાર્થીવ જગતની ઠંડી દૂર કરવા આતુર છે તેઓએ જ્ઞાનરૂપી અગ્નિ - ઉષ્ણતાની શોધમાં કરવું જ રહ્યું કે જે પ્રભુકૃપા દ્વારા જ અને પરમાત્મતત્વના સાન્નિધ્યમાં જ પ્રાપ્ત થાય છે.

પ્રભુપ્રાપ્તિના એમના પ્રયત્નોમાં સાધકો કયારેક પ્રભુને એ ખરેખર છે એ કરતાં અલ્પ - ઓછો ભવ્ય હોવાથી કલ્પના કરી બેસે છે. તેઓને લાગે છે કે પ્રભુ પાપાત્માઓ અને સંતપુરુષો વચ્ચે, સજ્જનો અને દુર્જનો વચ્ચે, જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે ભેદભાવ રાખે છે. પણ આ પ્રકારના અનુમાન પાયા વગરના છે. પરમાત્માં માનવીઓમાં એવા ભેદ સ્વીકારતા જ નથી. જો તે ખરેખર એમ કરે તો તેથી પરિણમતી ક્રોધમય ક્રૂર દ્રષ્ટિને પરિણામે કોઈ પાપાત્મા આ પૃથ્વી પર એક ક્ષણ પણ જીવિત રહી શકે નહિ. પણ સૌ આ જગતમાં જીવે છે - હરેફરે છે કારણ પ્રભુની દ્રષ્ટિમાં એવો ભેદ છે જ નહિ. જે સત્ય છે તે માત્ર જ્ઞાની જ સમજી શકે છે - માત્ર જ્ઞાનીને તે પ્રત્યક્ષ થાય છે. બીજા એથી અજ્ઞાત રહે છે. તેઓ એવી ખોટી ભ્રાંતિનો ભોગ બન્યા હોય છે કે પ્રભુ તો આપણાથી લાખો જોજન દૂર, ક્યાંક અંતરિક્ષમાં વસે છે.

જ્ઞાની માયાથી સર્વથા મુક્ત છે. રજસ, તમન્ અને સત્વ ગુણથી પણ અસ્પૃશ્ય છે. જે જિજ્ઞાસુ - જ્ઞાનાર્થી છે એ જો કે જ્ઞાનીથી થોડો ભિન્ન છે. તે પિતાનો સમય દિવ્ય તત્વની અખંડ સાધના, પવિત્ર કાર્યો અને વિચારોમાં વ્યતીત કરે છે. આગળ જણાવેલા પહેલા બે – અર્થભક્ત અને અર્થ – અર્થી

તેઓને જે ઉન્નત અનુભવ થાય છે, તે અનુસાર તેઓ સત્ અને અસત ઉપર મનન કરે છે અને એ રીતે જિજ્ઞાસુ - જ્ઞાનપ્રાપ્તિ માટે ઉત્કંઠ એવા જ્ઞાનાર્થી બને છે, અને એમ કરતાં કરતાં તેઓ જ્ઞાનીની કક્ષાએ પહોંચે છે અને સિદ્ધ બને છે. આમ શૈર્ય અને દ્રઢ પ્રગતિને પરિણામે અંતિમ ધ્યેય સિદ્ધ થઈ શકે – એક જ કૂદકે એ બની શકતું નથી.

એક દ્રષ્ટાંત વડે આ વાત વધારે સ્પષ્ટ રીતે સમજી શકાશે. જ્ઞાન સીધી ગાડી જેવું છે ; એટલે કે મુસાફરને પોતાના સ્થાને પહોંચવા વચ્ચે કોઈ સ્ટેશને ઉતરી ગાડી બદલવી પડતી નથી. જિજ્ઞાસુ એવો મુસાફર છે કે જે એવા સીધા પહોંચનાર ડબ્બામાં પ્રવાસ કરી રહ્યો છે. તેણે વચ્ચે ઉતરી કોઈ બીજી ગાડીમાં બેસવાનું નથી પણ માર્ગમાં એના ડબ્બાને એક ગાડીથી અલગ કરી બીજીએ જોડવામાં આવે એવું બને – પણ એ તો એક જ બેઠકે પ્રવાસ કરતાં કરતાં એના નિર્ધારિત સ્થાને પહોંચી જાય છે. હવે જે અર્થ – ભક્ત છે તે સામાન્ય ગાડીનો પ્રવાસી છે અને જે ડબ્બામાં કે ગાડીમાં એ બેઠો છે તે તેને અંતિમ સ્થાને સીધી પહોંચાડે એમ ન હોઈ તેણે માર્ગમાં અનેક સ્ટેશનોએ ઉતરવું પડે છે, બીજી ગાડીની પ્રતીક્ષા કરવી પડે છે અને એમ એ ધીમે ધીમે તેના સ્થાને પહોંચી શકે છે. એ એક અત્યંત લાંબો અને કઠીન પ્રવાસ છે. પણ આ બધી મુશ્કેલીઓ હોવા છતાં અર્થ – ભક્ત તેના ધ્યેયને વળગી રહે તો એ તેનો પ્રવાસ સિદ્ધ કરી શકે છે, સફળ બનાવી શકે છે. ધ્યેય સૌ કોઈ સિદ્ધ કરે છે - માત્ર તેની રીત અને ગતિ ભિન્ન ભિન્ન રહે છે. ભગવાને વારંવાર કહ્યું છે કે આ ચારે પ્રકારના ભક્તો મારા આત્મીય જેવા છે એ આશ્ચર્યની વાત નથી. પ્રભુએ એવું સ્પષ્ટ શા માટે કહ્યું હશે ? કારણ તેઓ સર્વ, એક જ મહાન ધ્યેયની સિદ્ધિ માટે પ્રયત્નશીલ છે - નિષ્ઠાવાન છે.

" માટે જે કંઈ અસીમ છે, અનંત છે એની ઉત્કંઠા રાખો. તમારા મનોરથોને, તમારી કામનાને જે અલ્પ છે એમાં સીમિત ન રાખો. જે અલ્પ અને સુલ્લક છે એ માટે અધીરાઈ રાખનારા મહા કંજૂસ છે. જેઓ પ્રભુ પ્રાપ્તિ માટે ઉત્કંઠ છે તેઓ ઉદાર અને વિશાળદિલ છે. " શ્રીકૃષ્ણે કહ્યું.

જ્ઞાનની ભક્તિ કે ઉપાસનાને સહજભક્તિ કે અવિક્ષિપ્ત ભક્તિ તરીકે ઓળખાવવામાં આવી છે. બીજાઓની ભક્તિને ગૌણ ભક્તિ કે પરોક્ષ ભક્તિ ગણાવી શકાય. જ્ઞાની પરમાત્માને પોતાના આત્મારૂપે જ જુએ છે અને જાણે છે. ભક્તિ એટલે અનુરક્તિ – પરમાત્મા પ્રત્યે પ્રેમ કે આસક્તિ - **पूज्येष्वनुराग भक्ति**. પૂજ્ય પ્રત્યે અનુરાગ ભક્તિ જ છે, શ્રીકૃષ્ણે કહ્યું. અનેક જન્મોના પૂણ્યોને પરિણામે જ્ઞાની એ કક્ષા પ્રાપ્ત કરે છે. એ કંઈ એવી સિદ્ધિ કક્ષા નથી કે જે ક્ષણમાં પ્રાપ્ત થઈ શકે, તેમ જ અમુક કિંમતે એ બજારમાં પણ તૈયાર મળતી નથી. એ વેચવા ખરીદવાની ચીજ છે. જ નહિ. અનેક ભવોના આધ્યાત્મિક પ્રયાસનું એ સંચયફળ છે. લોકોની સારવાર માટે કેટલાયે સારા ડૉક્ટરો તૈયાર કરવા જોઈએ એવી એક અપેક્ષા કરવામાં આવે. પણ વર્ષોના અભ્યાસ અને અનુભવ દ્વારા જ એ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપી શકાય. જેઓ પૂરા સજ્જ નથી, સિદ્ધ નથી એવા ડૉક્ટરોની ઇસ્પિતાલોમાં ભરતી કરવામાં આવે તો ઉગારવાને બદલે તેઓ ઉતારવાની પ્રક્રિયા શરૂ કરી દે - રોગ મટાડવાને બદલે જીવન જ મીટાવી દે. એ જ પ્રમાણે, કોઈ એક વ્યક્તિ આજે જ્ઞાની જણાય તો એ ઉત્કૃષ્ટ -ઉચ્ચ

કક્ષાની સિદ્ધિ પાછળ કેટલાં વર્ષોના વર્ષોની અખંડ સાધના હશે એની કલ્પના કરજો. પૂર્વજન્મોના આધ્યાત્મિક વૃત્તિઓ રૂપી સંસ્કાર એના પ્રયાસમાં સાધનામાં સહાયરૂપ થાય છે એ સ્પષ્ટ છે.

હવે તો બધા જ લોકો પોતાને જ્ઞાની તરીકે ઓળખાવે છે. તેઓને કદાચ એ વાતની ખબર ન હોય કે જ્ઞાનીના અમુક નિશ્ચિત લક્ષણો છે. પ્રથમ તો આત્માનુભવ પર આધારિત એનું મંતવ્ય કે **वासुदेवस्सर्वमिदम्** - આ સર્વ વાસુદેવ જ છે, એ એના સાતત્યની પ્રતીતિ કરાવનારું છે. એ આત્માનુભવનો જીવનમાં દ્રઢ વિન્યાસ જ્ઞાનીની સાચી નિશાની છે. અહીં વાસુદેવનો અર્થ વસુદેવનો પુત્ર એવો નથી. એનો અર્થ છે જે પ્રાણીમાત્રમાં - સર્વમાં વસે છે. સર્વને જેણે પોતાનો નિવાસ બનાવ્યો છે. પ્રાણીમાત્રમાં જે પરમાત્માને જુએ છે તે પોતાને જ્ઞાની તરીકે, ઓળખાવવાની યોગ્યતા ધરાવે છે. એ સિવાય, જેઓ પોતાને જ્ઞાની ગણાવે છે તેઓ માત્ર કહેવાના જ્ઞાની છે. તેઓને જ્ઞાનના સાતત્યનો અનુભવ હોતો નથી. એ જ્ઞાન ત્યારે ખરેખર શું છે ? એ એવી સિદ્ધિ છે. કે જે વડે તમે સર્વ કાંઈ જાણી શકો છો એટલું જ નહિ પણ બીજું સર્વ જ્ઞાન તમને અપૂર્ણ અને નિરુપયોગી લાગવા માંડતાં તમે તે ફગાવી દઈ તેથી મુક્ત થઈ શકો છો.

આવી ઉત્કૃષ્ટ કક્ષાએ જ્ઞાની પહોંચે છે. બીજી તરફ જેણે થોડાક શ્લોકો કંઠસ્થ કર્યા હોય, જે અમુક ગ્રંથો વાંચી ગયો હોય કે પાંચ દશ ગોઠિયાઓ સાથે ફલક પર આવી વિદ્વત્તાના અભિમાનમાં આવી જઈ જાદુગર સુત્તરના તેના દડાનું કરે છે એમ લાંબાલચક વાક્યો એક પછી એક ઉખેડતાં ઉખેડતાં, પહેલેથી ગોખી રાખેલું બધું ખાલી કરતો ફરતો હોય એવો કોઈ પણ શખ્સ જ્ઞાની હોવાનો દાવો કરી શકે નહિ. આજકાલ તો આવા સ્વઘોષિત જ્ઞાનીઓ બહુ મોટી સંખ્યામાં ફરતા દેખાય છે. તેઓનો પોશાક ભગવા રંગનો હોય છે પણ હૃદય દાનવભાવ વડે કલુષિત હોય છે. ગમે એમ, પાષાણની કણીમાં રત્નનો ચળકાટ કયાંથી હોય ? બધા જ મણકા મૂલ્યવાન હીરામાણેકમાં ઓછા ખપાવી શકાય છે ? કોઈ એક પત્થરનો ટૂકડો રત્ન છે - રત્ન સમાન છે એમ કોણ કહેશે ? માત્ર અબુધ મૂર્ખ માનવી જ એવી છેતરપિંડીનો ભોગ બનશે, કારણ કે એ બેનો ભેદ સમજતો નથી.

શ્રીકૃષ્ણ ગીતામાં **वासुदेवस्सर्वम्** - એ સર્વોત્કૃષ્ટ મંત્ર વિષે આ સ્પષ્ટતા કરી તે જેઓની ઉત્પત્તિનું એમને પૂર્વજ્ઞાન હતું તે આવા કહેવાતા જ્ઞાનીઓનો પ્રતિકાર કરવાના હેતુથી જ કરી હતી. આ એક જ મંત્ર સારી કે માનવજાતને ઉગારી લેવા સમર્થ છે. એ મંત્ર પરમાત્માની પરોક્ષ ભેટ છે એમ ગણી એનું અને એના મર્મનું એકાગ્ર ચિત્તે ધ્યાન ધરો – મનન કરો. એ જ શ્રેષ્ઠ હિત અને શ્રેષ્ઠ લક્ષ્ય છે. એ છ અક્ષરો માત્ર, માનવજીવન ધન્ય ધન્ય બનાવી શકે છે. એ શબ્દોની શક્તિનું અંતરતમ, અવિરત અનુજ્ઞાન ન થતું હોવા છતાં ઘણા યે એવા છે કે જેઓ પોતાને મહાત્મા, જગદગુરુ, ભગવાન, પરમહંસ, જ્ઞાની, ત્યાગી, આનંદ વગેરે વિવિધ નામોથી ઓળખાવે છે અને આશ્ચર્યની વાત તો એ છે કે એ ખોટા સિક્કા સમાન હોવા છતાં પ્રજાજનોમાં તેઓ સાચા નાણાં તરીકે - સિદ્ધપુરુષો તરીકે – સ્વીકાર પામે છે. આ બધાં વિશેષ નામો કોઈએ એમને આપ્યાં હોતાં નથી. જેઓ એ પોતાના ગણાવે છે તેઓ કાળજીપૂર્વક એની પસંદગી કરી, ભોળી પ્રજાની આંખ આંજી દે એવા ભભકભર્યા રંગીન પોશાક કે

અલંકારની જેમ તેનો અંગીકાર કરી નીકળી પડે છે. તે સાચાં નથી એટલે તેની ભભક પણ બહુ લાંબો વખત ટકતી નથી અને તે ઝાંખી પડી જાય છે. બાહ્યરૂપે તેઓ સન્યાસી ભાસે છે પણ અંતરમાં તેઓ અત્યાસી (વાસના અને તૃષ્ણાથી તડપતા) હોય છે. બહારથી જોતાં તેઓ યોગના પુરસ્કર્તા જણાય છે પણ અંદરથી રોગના સંગ્રહસ્થાન જેવા હોય છે. તેઓના નામની દષ્ટિએ તેઓ આનંદરૂપ છે પણ તેઓનું મન ગલી  ગલીમાં રમતું હોય છે. તેઓના શબ્દો મીઠા મધ જેવા હોય છે પણ કૃત્યો મૂર્ખાઈભર્યા અને ઘણીવાર તો કોઈ વિદૂષકના જેવાં હોય છે. એક ગૃહસ્થી જે તેના જીવનના, ગૃહસ્થાશ્રમના દૈનિક ધર્મ વ્યવહારમાં રત હોય છે તે આવા વેશધારી ત્યાગ અને યોગના નમૂનાઓ કરતાં આધ્યાત્મિક દ્રષ્ટિએ ઘણો મહાન છે.

ભારતીય સંસ્કૃતિની, તેના પ્રાચીન જીવનધર્મની અને તેની નૈતિક પ્રામાણિકતાની અધોગતિનું મુખ્ય કારણ છે. - આવા ધૂતારાઓ દ્વારા થતો દૂષિત ભાવનો સંચાર અને પ્રચાર, પ્રભુમાં આસ્થા પણ એ જ કારણે નબળો પડે છે. તેઓ ત્યાગનો ઉપદેશ દે છે અને ભોગની આશા સેવે છે. તેઓ નીતિધર્મના ભારોભાર વખાણ કરે છે અને ધિક્કારપાત્ર કૃત્યો આચરે છે. આ પ્રકારનું આચરણ ' સન્યાસ ' ના મૂળમાં જ ઘા કરનારું હોઈ તેઓ અનિવાર્યપણે જ સર્વનાશને માર્ગે પ્રયાણ કરી રહ્યા હોય છે. જ્યાં વચન અને કર્મનો સમન્વય નથી ત્યાં સત્યનું નામનિશાન પણ અસંભવિત છે.

ગૃહસ્થાશ્રમીઓ ઘણે અંશે સત્યને વળગી રહેનારા હોય છે. તેઓમાં ઘણા એવા હોય છે કે જેઓ તિરસ્કારભાવથી પર છે, શુદ્ધ નિષ્કલંક હૃદય ધરાવે છે અને નીતિ અને સદાચારને માર્ગે ચાલતા હોય છે પણ આપણે જોઈએ છીએ કે ત્યાગી અને યોગીઓ તરીકે આમથી તેમ કૂચ કરનારાઓમાં ઘણા એવા હોય છે કે જેઓ અનેક પ્રકારના ધિક્કારભાવથી પ્રચૂર અને અનેક વાસનાવૃત્તિના પ્રકટ રૂપ જેવા જણાઈ આવે છે. આવી હીન વૃત્તિઓના ગર્તમાં તેઓ સપડાઈ જાય છે. અહમ્ ભાવ, ઈર્ષા, પ્રદર્શનવાદ, એ બધું સાધકના સર્વ પ્રયત્નો ધુળમાં મેળવી દે છે. આથી સાધકો અને ભક્તોએ સતત જાગૃત રહેવું અત્યંત આવશ્યક છે. હીન પ્રકારના લક્ષણો, હીન વૃત્તિઓ વગેરેથી એમણે સર્વદા દૂર રહેવું જોઈએ અને પ્રભુની ભવ્યતાના ધ્યાનમાં વધુને વધુ ઊંડા ઊતરી તેના વિકાસ માટે નૈતિક ધર્મનું પાલન કરી પ્રભુપ્રાપ્તિની નિર્ભેળ દિવ્ય શાંતિ અર્થે આતુરતા અને અધીરાઈપૂર્વક સતત પ્રયત્ન કરવો જોઈએ. એ પછી આ દિવ્ય શાંતિની પ્રાપ્તિનો લાભ માનવજાતને આપવો જોઈએ. એ જ રીતે વિશ્વશાંતિ અને વિશ્વસમૃદ્ધિની શુભ શરૂઆત થઈ શકશે.

શ્રીકૃષ્ણે જ્યારે કહ્યું કે વિશ્વ જ્ઞાનીઓની ભવ્યતા અને પુણ્યપ્રકાશથી ઝળકી ઊઠશે ત્યારે તેઓ આવા સાચા જ્ઞાનીની જ વાત કરી રહ્યા હતા. જ્ઞાનહીન માનવી પ્રકાશહીન મહેલાત જેવો છે.

# અધ્યાય ૧૪

**નહિ જ્ઞાનેન સદૃશમ્** - જ્ઞાનની સમાનતા કરી શકે એવું કશું છે જ નહિ, એ જ્ઞાન શું છે ? જે તમને આ સંસારસાગર પાર કરવા શક્તિમાન બનાવે છે તે. અલબત્ત એના પ્રકાર છે : એક છે વિષયજ્ઞાન *(Objective knowledge)* બીજું છે અભેદજ્ઞાન *(Integral knowledge)*.

પહેલું જ્ઞાન જગતવિષયક છે ; બીજું જ્ઞાન છે આત્મા અને બ્રહ્મતત્વના સમસ્વરૂપનું કે જેને અભેદ અથવા પૂર્ણ તરીકે ઓળખવામાં આવે છે. આ જ્ઞાન બુદ્ધિજન્ય કે બુદ્ધિ પર આધારિત નથી ; એ બુદ્ધિથી પર છે એટલું જ નહિ પણ એનું સ્વરૂપ એવું છે કે એ બુદ્ધિની પ્રવૃત્તિ વિષે પણ જાણે છે અને તેની પ્રક્રિયા તે જોયા કરે છે. માયાવી જગત જેને આપણે સત્યસ્વરૂપ સમજી ચાલીએ છીએ એ ભ્રમણાનું એ ખંડન કરે છે, માનવીના હૃદયમાંથી તે નિર્મળ કરે છે અને વ્યક્તિ પોતે અને બીજું સર્વ કાંઈ બ્રહ્મસ્વરૂપ જ છે એ સત્ય પ્રત્યક્ષ કરે છે – સ્પષ્ટ કરે છે. એથી એને સાચું કે સમ્યક જ્ઞાન કે સમીપ જ્ઞાન કહેવામાં આવ્યું છે.

માનવી બે માર્ગે આ અભેદજ્ઞાન પ્રાપ્ત કરી શકે ; એક માર્ગ અંતર્મુખ, બીજો બહિર્મુખ છે. બહિર્મુખ સાધના એટલે નિષ્કામ કર્મ, એટલે કે પરિણામ પ્રત્યે આસક્ત રહ્યા વિના પ્રવૃત્ત રહેવું અને એ પ્રવૃત્તિ પ્રભુને અંજલિરૂપ માની ચાલવું તે. અંતર્મુખ માર્ગ છે ધ્યાન, સાધના અને સમાધિનો. વૈદિક પરિભાષામાં એને નિદિધ્યાસન કહેવામાં આવે છે. ધ્યાનપૂર્વક શ્રવણ કરવું અને જે કંઈ સાંભળ્યું હોય તે પર મનન કરવું એટલે કે શ્રવણ અને મનન એ નીદિધ્યાસન કે અંતર ધ્યાન મનની એકાગ્રતાના પાયારૂપ છે. એ વિના ધ્યાન સિદ્ધ કરવું અશક્ય છે.

આત્મસંયમનો આ જ અર્થ છે – ઈન્દ્રિયો ઉપરનો વિજય, વાસનાયુક્ત બહિર્મુખ જીવન પ્રત્યે અનાસક્તિ, બાહ્યરૂપ જગતમાંથી મનને વાળી લઈ તેને અંતમુર્ખ કરવું તે. માનવજીવનનું આ જ ધ્યેય છે પરમાત્માને ઓળખો, પરમાત્મતત્વની સિદ્ધિ- મોક્ષપ્રાપ્તિ. માનવીને પ્રાપ્ત અમરત્વના અમૂલ્ય વારસારૂપ અધિકારને બરાબર સમજવાની અને અનુભવવાની ખાસ આવશ્યક્તા છે ; એ અમરત્વ સિદ્ધ કરવું જ રહ્યું. એ ફરીથી પ્રાપ્ત કરવું જ રહ્યું. નામ અને રૂપના બંધનોથી મનને સર્વથા મુક્ત કરવું જ જોઈએ. એ બંધનો સ્વપ્નવત છે. તે વિકારી અને ક્ષણજીવી છે. જીવાત્માના તે મૌલિક કે કુદરતી લક્ષણો નથી. માનવીને વિશુદ્ધ અને દિવ્ય શાંતિસ્વરૂપ તરીકે ઓળખવો એ સાચું જ્ઞાન છે. એ દિવ્ય શાંતિતત્વ ભૂતકાળમાંથી વર્તમાનમાં અને ભવિષ્યમાં અનંત રહી વિલસતું રહે છે. ટૂંક સમય માટે દુઃખમુક્ત રહી જીવવું કે એવો અનુભવ કરવો અને થોડા સમય માટે આનંદમગ્ન રહેવું એ કંઈ મોક્ષ કે મુક્તિના સાચાં ચિહ્નો નથી. શ્રીકૃષ્ણ અર્જુનને કહ્યું, “ તું જો આવી અખંડ, વિશુદ્ધ અને નિર્મળ દિવ્ય શાંતિ માટે ઝંખતો હોય તો તારે તારું મન મારી સાથે જોડી દેવું પડશે. તારે મારામાં જ આસક્ત રહેવું પડશે. ”

" અર્જુન ! મારામાં આસક્ત રહી, મનનાં વૃદ્ધત્વ અને નિર્બળતાથી પોતાને મુક્ત કરવા આધ્યાત્મિક સાધનામાં પ્રવૃત્ત થાય છે તે બ્રહ્મ, કર્મ અને આત્મા વિષે સર્વ કાંઈ જાણી શકે છે. હું આધિભૂત, આધિ દેવ અને આધિયજ્ઞ સ્વરૂપ છું અને જો એ લક્ષ્યમાં રાખી મારી ભક્તિ કરવામાં આવે તો એ ભક્ત મનના તરંગો ઉપર સંપૂર્ણ કાબુ મેળવી મનની સમતુલા જાળવી અને વિકસાવી શકે છે. એ ઉપરાંત એવો ભક્ત મને સ્હેજ પણ વિસર્યા વિના અંતકાળ સુધી મારું ધ્યાન ધરે છે. એટલું પણ મને પ્રાપ્ત કરવા પૂરતું છે – એટલે કે એ કારણે તે મારી સાથે એકરૂપ બની રહે છે મારામાં ખોવાઈ જાય છે.

" અર્જુન ! પ્રત્યેક વ્યક્તિ વૃદ્ધત્વ અને મૃત્યુને ટાળવા ઈચ્છે છે. એ અંગે ચિંતાતુર રહેવું એ મનુષ્ય માટે સ્વાભાવિક હશે. પણ એવી ચિંતાનો અર્થ શું ? દરેકના વ્યવહાર અને વર્તન તેના ઉદ્દેશને અનુરૂપ અને અનુકૂળ હોવાં જોઈએ. જે માનવીની ભક્તિ નિષ્ઠાયુક્ત હોય અને જો તે સાચા દિલથી ઈશ્વરમાં શ્રદ્ધા રાખી તેનું શરણ સ્વીકારે તો દુઃખના વાદળ હઠી જઈ પ્રભુકૃપારૂપ પ્રકાશ કિરણો તેનું જીવન અજવાળી મૂકશે. એથી ઊલટું માનવી જો જગતની સ્થૂળ વસ્તુ અને તેના વૈભવમાં સર્વ કાંઈ જોઈ તેને સત્ય માનીને ચાલશે તો એથી પરિણમતાં દુઃખનો અંત જ નહિ આવે ; અને પ્રભુ વિના બીજું કોઈ તે નિવારી પણ નહિ શકે. જે માયાભાવ – મોહમાયાનો સ્વામી છે તેની, સ્વપ્નસૃષ્ટિનો જે સર્જક છે તેની સેવા કરો – તેનામાં આસક્ત રહો : સ્વપ્નમાં નહિ, મોહમાયાની આસક્તિમાં નિરાશા સિવાય બીજું શું મળવાનું હતું ? એ માર્ગે સાચા આનંદની પ્રાપ્તિ શી રીતે થવાની હતી ? અને દુઃખથી મુક્ત બની આનંદ અને પ્રસન્નતાની અનુભૂતિ ન કરી શકાય તો મુક્તિ - મોક્ષની પ્રાપ્તિની તો વાત જ ક્યાં રહી ! ” શ્રીકૃષ્ણ સ્પષ્ટતા કરી.

અહીં અર્જુને પ્રશ્ન કર્યો, “ ભગવાન ! શું એવા માનવી આપને પ્રાપ્ત ન કરી શકે ? આપના પ્રેમના અધિકારી ન જ બની શકે ? તમે કહો છો કે તમારી કૃપા અર્થે માનવીએ દુઃખમુક્ત બનવું જોઈએ, દુઃખના ભાવથી પર બની રહેવું જોઈએ. હવે, એ દુઃખનું મૂળ ક્યાં છે ? એને શી રીતે વશ કરવું ? એ શેમાંથી ઉદભવે છે ? એના ઉદભવ અને વિકાસક્રમ વિષે જાણ્યા વિના માનવી તેને મહાત કરવાનો પ્રયત્ન શી રીતે કરી શકે ? માનવીના મનમાં આ દુઃખની લાગણી, આ વિશાદ શાથી ઉત્પન્ન થાય છે તે મને સમજાવો ? "

" અર્જુન ! સાંભળ. સર્વ પ્રકારના વિશાદનું મૂળ છે અજ્ઞાન. હવે તું મને પ્રશ્ન કરીશ કે અજ્ઞાનનું મૂળ શેમાં છે ? હું તને એ વિષે કહીશ. એ છે તમારો શરીરસ્વરૂપ, દેહરૂપ સાથેનો એકત્વભાવ. તમે દેહરૂપ છો એ ભ્રમ આ સાચાં જ્ઞાનની પ્રાપ્તિથી જ નિવારી શકાય. અંધકાર દૂર કરવા પ્રકાશ જોઈએ – તમે એને ધમકાવી ડરાવી કે વિરોધ અને આજીજી - પ્રાર્થના કરીને પણ દૂર કરી શકતા નથી, ગમે એવો પ્રયત્ન કરશો, પ્રકાશ વિના અંધકાર દૂર કરી શકાશે નહિ, એ જ પ્રમાણે અજ્ઞાન દૂર થાય એવા વિચાર માત્રથી, ભાવ માત્રથી તે નિવારી શકાતું નથી. આ અજ્ઞાનનું સ્વરૂપ અને તેનું વૈવિધ્ય તમને સમજાશે ત્યાં જ સત્ય પ્રકટ થશે અને વિશાદ દૂર થશે, અદ્રશ્ય થશે. અજ્ઞાન દૂર થતાં દુઃખ, વિશાદ, નિરાશા બધું અદ્રશ્ય થાય છે. માટે તારું મન મારી સાથે જોડી દે, અને સાચાં જ્ઞાનરૂપ પ્રકાશની સહાયથી વિશાદહીન

જીવનમાર્ગે આગળ વધતો જા " શ્રીકૃષ્ણ જવાબ આપ્યો.

તુર્ત જ અર્જુને વચમાં પૂછયું, “ શ્રીકૃષ્ણ ! અત્યાર સુધી તમે કયા કયા માર્ગે અમે તમારી સમીપ પહોંચી શકીએ તેની વાતો કરતા હતા. હવે અંતમાં તમે આવો તોપગોળો ફેંકો તો હું એનો મર્મ સમજી જ શી રીતે શકું ? પ્રાથમિક તૈયારી રૂપે એનો સામનો કરવા જેટલી શક્તિનું પણ તમે પ્રદાન ન કર્યું. માટે કૃપા કરી વધુ સ્પષ્ટતા અને વિસ્તારથી આ સત્ય - જ્ઞાનની વાત મને સમજાવો કે જેથી હું તમારું કથન યથાર્થ સમજી શકું અને તમારી કૃપાનો અધિકારી બની શકું.

શ્રીકૃષ્ણે ઉત્તર વાળ્યો “ મારા પ્રિય સખા ! ધ્યાનપૂર્વક સાંભળ. તમે બ્રહ્મ આધ્યાત્મ, અધિભૂત, અધિ દેવ અને અધિયજ્ઞનો મર્મ એક વાર સ્પષ્ટ સમજી લેશો તો મારી લીલા અને તેનું રહસ્ય બરાબર સમજી શકશો. મને એ પણ કહેવા દો. જે કોઈ મારી લીલા બરાબર સમજે છે તે મને પ્રાપ્ત કરે છે.

" અર્જુન બોલી ઉઠયો, “ તો હે ભગવાન ! એમાં પ્રથમ બ્રહ્મ વિષે મને વિસ્તારથી કહો. "

" અર્જુન ! **अक्षरम् - ब्रह्म - परमम्** "...બહ્મને અક્ષર - પરમ અક્ષર ગણવામાં આવેલ છે, અક્ષર એટલે જેનો ક્ષય નથી તે - અવિનાશી, બ્રહ્મ શબ્દનો અર્થ વિશાળ એવો થાય છે. તને પ્રશ્ન થશે વિશાળ એટલે કેટલો વિશાળ. એનો જવાબ છે તમે જેને વિશાળ કહો છો એથી પણ જે વિશાળ છે તે. ‘ અક્ષર ' શબ્દનો બીજો અર્થ પણ છે. એ અર્થ છે સર્વવ્યાપ્ત - તને હવે સમજાયું હશે કે બ્રહ્મ માત્ર ‘ અક્ષર ' નથી. એ પરં મરમ્ છે. એનો શો અર્થ થાય ? એનો અર્થ છે એ પ્રકારનો “ અક્ષર ' કે જે સ્થળ અને સમયથી અને બુદ્ધિજ્ઞાનથી પર છે ; તે કોઈ પણ એક કે અનેક વર્ગ કક્ષાએ સ્પષ્ટરૂપે જાણી શકાય એવો નથી. એમાં કદી ક્ષતિ આવતી નથી એટલું જ નહિ પણ તે અનંત છે. એથી એ **परं अक्षरम्**, સર્વ શ્રેષ્ઠ, અવિનાશી અને અવર્ણનીય છે.

" માનવજાતનું ધ્યેય એ બ્રહ્મને પ્રાપ્ત કરવાનું છે ; “ અક્ષર ' અને ' બટ્સ ' એક જ પરમાત્મતત્વનો નિર્દેશ કરે છે. એક જ સત્યના સગુણ અને નિર્ગુણ એવાં બે લક્ષણો પ્રતિ તે આપણાં ધ્યાન ખેંચે છે, કારણ અક્ષરનો અર્થ ધ્વનિસૂચક પ્રતીક એટલે કે પ્રણવ ૐ એવો પણ થાય છે. એટલા જ માટે ૐકારને અક્ષર પર બ્રહ્મ યોગ કહેવામાં આવ્યો છે. બ્રહ્મના બે વિશેષણો પરમ અને અક્ષર, અક્ષર પ્રણવ તેમજ માયાનો સૂચક છે. એમજ માયા પણ પ્રણવમાં સંયુક્ત છે, આ પ્રમાણે આ બન્ને સવિશેષ, વિશિષ્ટ ગુણયુક્ત છે. પણ બ્રહ્મ નિર્વિશેષ, ગુણાતીત, વિશુદ્ધ પવિત્ર સ્વરૂપ છે. જેને આ જ્ઞાન થાય છે તે મને પ્રાપ્ત કરે છે.

" હવે બીજી વાત પ્રત્યેક વ્યક્તિમાં ' હું ' ના રૂપે બ્રહ્મ વસે છે. જે ' હું ' કહેવાય છે એ દેહરૂપની આસપાસ હરેક ફરતું હોય છે - એ રૂપમાં જ જાણે રત હોય છે. શરીરનો પ્રત્યેક અવયવ અને શરીરયંત્રની પ્રત્યેક કર્મેન્દ્રિય એક એક મુખ્ય કાર્ય બજાવતી હોય છે. દરેક ઈન્દ્રિય બાહ્ય જગત સાથે સંપર્કમાં આવે છે અને તેની જે કંઈ છાપ પડે છે તે વિષે જાણ કરે છે, પણ એ બધું ઈન્દ્રિયો સાથે સંબંધ ધરાવતું હોવા છતાં એ બધામાં અને બધાની આસપાસ હું પદનો ભાવ મધ્યવર્તી હોઈ પ્રકટ અને પ્રધાન

હોય છે. એ ' હું ' સાથેના સંબંધનું ખંડન થાય તો સર્વકાંઈ નિર્જીવ અને શુષ્ક બની રહે છે.

જ્યારે હુંપદ ભાવરૂપ શક્તિ વૃત્તિઓને પ્રવૃત્ત કરે છે ત્યારે સર્વ ઈન્દ્રિયો પોતપોતાના કર્મ કરતી રહે છે. એ આધ્યાત્મ શક્તિ છે ; ભગીરથ પ્રયત્ન વિના એને ઓળખવી કઠીન છે. જો તમે અત્યંત તીવ્ર વિવેક બુદ્ધિ કેળવો તો એ વડે તેનો યત્કિંત ખ્યાલ આવી શકે. **ब्रह्मम्** એ **तत्** રૂપ છે. **अध्यात्वम्** એ **त्वम्** સ્વરૂપ છે. એ વધુ સ્પષ્ટતાથી સમજવા આ બંને સ્વરૂપ દર્શન અને ગુણદર્શન, રૂપ અને પદાર્થતત્વની દ્રષ્ટિએ વિચાર કર. બ્રહ્મ રૂપ છે. આધ્યાત્મ તત્વ છે. " શ્રીકૃષ્ણ કહ્યું.

આ વિષય ઉપર થોડો વિચાર કરીએ. શાસ્ત્રોમાં બ્રહ્મને **सत् - चित् - आनन्द** રૂપ ગણ્યો છે. સાચું ને ? વેદાંતની પરિભાષામાં એ રીતે એનું નિર્દેશન - વર્ણન કરવામાં આવ્યું છે. પછી એ **अस्तिभाति - प्रियम्** તરીકે પણ વર્ણવાયો છે. શું આ બે એક જ છે ? કે પછી એનો જુદો જુદો અર્થ થાય છે ? સત એટલે જે ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં- સર્વ કાળે અક્ષર રહે છે. **अस्ति** શબ્દનો પણ એ જ અર્થ છે. **चित्** એટલે જે સર્વ કાંઈ પ્રતિ સચેત છે, જાગૃત છે. અને **भाति** શબ્દનો પણ એ જ અર્થ થાય છે. **आनंद** એટલે પ્રસન્નતાનું અનંત ઝરણું, **प्रियम्** નો એ જ અર્થ છે. આ ત્રણ વૃત્તિ પ્રત્યેક માનવીમાં મળી આવે છે – માનવીમાં શું, હરેક પશુ અને પક્ષીમાં.

એમાં પ્રથમ **सत्** નો વિચાર કરીએ કે જેથી એનો સ્પષ્ટ ખ્યાલ આવે. દેહ નાશવંત છે, વહેલો મોડો એનો ક્ષય નિશ્ચિત છે. પ્રત્યેક વ્યક્તિ આટલું તો જાણે છે, આ સામાન્ય હકીકતથી કોઈ જ અજ્ઞાત નથી. તેમ છતાં દરેકને મૃત્યુનો ડર લાગે છે. કોઈ પણ વ્યક્તિ મૃત્યુને આવકારતી કે તે માટે આતુર બનતી જાણી નથી. મૃત્યુ અનિવાર્ય છે. એક દિવસ તમારે એને ભેટવાનું જ છે. પછી ભલે ને તમે તેને વધાવી ને લો કે તેને ટાળવાનો પ્રયત્ન કરો. જે જન્મે છે તે એક દિન મૃત્યુને વશ થવાનું જ છે ; છતાં મરવું કોઈને પસંદ નથી.

આ વિરોધાભાસ સમજવાની ચાવી શેમાં રહેલી છે ? જુઓ - મૃત્યુને જે વધાવી લેતું નથી તે શું ? જે મૃત્યુને ભેટે છે, તેને શરણ જાય છે - તે શું છે ? જે પ્રયાણ કરી જાય છે તે શું છે અને જે રહે છે તે શું છે ? એનો ઉત્તર છે : દેહનું મૃત્યુ થાય છે, દેહ પડે છે. જેનું મૃત્યુ નથી થતું તે છે આત્મા. તમે એવી ભ્રમણામાં ફસાઈ જાઓ છો કે તમે - તમારો આત્મા મૃત્યુને વશ થાય છે. આત્માને જન્મ - મરણ સાથે કશી જ લેવાદેવા નથી. શરીર મૃત્યુને ભેટે છે – અનુભવે છે ; આત્મા જે નિત્ય, સત્ય અને નિર્મળ ; શાશ્વત, સત્ય અને પવિત્ર છે તે કદી મરતો નથી. તમે આત્મસ્વરૂપ છો અને તમને મરવું ગમતું નથી. એટલે કે તમે **सत्** સ્વરૂપ છો, સત્યરૂપ તમારું લક્ષણ છે. આત્મા અમરતત્વનું સંતાન છે, દેહનું નહિ. આત્મા **सत्** છે, સત્ય છે. શરીર નહિ.

તમે સત્ય છો, આત્મ સ્વરૂપ છો કે જે સ્વરૂપને મૃત્યુ સ્પર્શી પણ શકતું નથી. પ્રત્યેક દેહદ્રષ્ટિમાં આત્મા વસે છે અને એથી જીવમાત્રને શાશ્વત, અચલ અસ્તિત્વના ભાગરૂપે સત્યની એ અમર શક્તિનો સ્પષ્ટ અનુભવ થાય છે. આ હકીકત છે અને એમાં ભૂલ થવાનો કોઈ સંભવ નથી.

હવે બીજી વાત લો : **चित्** - એ શક્તિ કે જે તમને સર્વ કાંઈ જાણવા પ્રેરે છે. દરેક વ્યક્તિ તેની જાગૃતિના સીમાપ્રદેશમાં સ્પષ્ટ દેખાઈ આવતી કોઈ પણ ચીજ વિષે જાણવા આતુર હોય છે, તે પ્રશ્ન કરે છે : આ શું છે ? એ શી રીતે બને છે, ઉદભવે છે ? આ જ્ઞાન મેળવવામાં અંતે સફળ થનારા ઘણા ઓછા હોય છે. કેટલાકમાં જિજ્ઞાસા હશે તો સિદ્ધિ અર્થે જરૂરી ખંત અને સ્થિર બુદ્ધિ નહિ હોય, પણ ખરું જોતાં એથી કશો મોટો ભેદ પેદા થતો નથી. આવશ્યક્તા છે જિજ્ઞાસાની, ઉત્કંઠાની.

તમે બજારમાં કે કોઈ પ્રદર્શનમાં જાઓ ત્યારે એકાદ નાના બાળકને સાથે લઈ જાઓ અને જુઓ. તમે જોશો કે એ બાળક બેય બાજુએ ગોઠવેલી વિવિધ ચીજો તરફ માત્ર નજર ફેંકતું ચાલી જતું નથી. તમારો હાથ પકડી ચાલી જતું એ બાળક આ શું છે ? તે શું છે ? એવા અનેક પ્રશ્નોની ઝડી વરસાવશે ; અવિરત પ્રશ્નો કરતું રહેશે. તેમાં એવી ચીજો આવી જશે કે જેની એને જરૂરિયાત ન હોય કે જે વિષે એ પોતે કશું સમજી શકે એમ ન હોય, તેમ છતાં પ્રશ્નોનો પ્રવાહ સૂકાશે નહિ, તેના પ્રશ્નોનો અંત આવશે નહિ.

જ્ઞાનની ભૂખ જ્ઞાનપિપાસાના આ રહસ્યનો સ્હેજ વિચાર કરો. એમાં ચિત્તશક્તિનો આવિર્ભાવ વર્તાય છે. આસપાસના વિશ્વની અવગણના કરવાનો, તે પ્રતિ દુર્લક્ષ સેવવાનો એનો સ્વભાવ જ નથી. જ્ઞાનસીદ્ધિ ના થાય ત્યાં સુધી એ જંપશે નહિ ; એથી એ જ્ઞાનપિપાસા પ્રશ્નોના અનંત પ્રવાહના રૂપમાં વ્યક્ત થાય છે. ચિત્તશક્તિ સ્વયં પ્રકાશિત છે અને તેથી શિથિલ અને જડ પદાર્થોને પણ પ્રકાશિત કરવાની, તેમાં રૂપ અને અર્થનું આરોપણ કરવાની એ ક્ષમતા ધરાવે છે. એથી જ માનવીમાં આ ગુણ પ્રકાશી ઊઠતો હોય છે અને બીજી અનેક ચીજો તેના સ્પષ્ટ સ્વરૂપમાં એ જોઈ શકે છે. માનવીમાં ચિત્તશકિત - બુદ્ધિપ્રતિભા છે એ દર્શાવવા આટલી વાત પૂરતી છે.

હવે ત્રીજું : **आनंदम्**. બીજાઓના પ્રત્સાહન વિના પશુપક્ષી પણ આનંદ માટે ઉત્સુક હોય છે. પ્રસન્નતા મેળવવા તેઓ શક્ય એટલા બધા પ્રયત્નો કરે છે. તેમાં કોઈ પણ દુઃખ કે યાતનાની ઈચ્છા કરતું નથી. જ્યારે દુઃખ અને વેદના અનિવાર્ય બની જાય છે ત્યારે તેમાંથી છૂટવા તેઓ સર્વ કાંઈ કરી છૂટે છે.

માનવી માટે તો આથી વિશેષ કાંઈ કહેવાનું રહેતું નથી, જરૂરી પણ નથી. એ તો એના સર્વ કાર્ય અને પ્રવૃત્તિમાં સર્વદા અખંડ આનંદની જ અપેક્ષા રાખતો હોય છે. જીવનના કોઈ પણ સમયે, ક્યાંય પણ, કોઈ પણ તબક્કે એ દુઃખની આશા કરતો નથી. એ જે ભક્તિ કરે છે, ભજનકિર્તન કરે છે, યાત્રા કરે છે કે કર્મકાંડ કરે છે કે આધ્યાત્મિક ગુણવત્તા માટે દાનધર્મ કરે છે એ સૌ દ્વારા એ પોતા માટે જ નહિ, તેના બાળબચ્ચાં માટે પણ સુખશાંતિ અને આનંદવૈભવ અર્થે પ્રાર્થના જ કરતો હોય છે. શા માટે ? આની કંઈ હદ ? કંઈ સીમા ? અરે ! માનવીને દેહની કંઈ બીમારી આવે અને ડૉક્ટર એનો રોગ મટાડવાની અને તેને ફરીથી સાજોમાજો કરી દેવા દવા લખી આપે ત્યારે પણ માનવી ઈચ્છે છે કે એ દવા મીઠી, મધુર અને સ્વાદિષ્ટ હોય.

આ પ્રકારની વાસનાનું મૂળ શેમાં છે ? એ છે માનવીના મૂળભૂત સુખ - સ્વભાવમાં. સુખચેન એ એના વ્યક્તિત્વનું મુખ્ય લક્ષણ છે. જે દેહમાં એ વસે છે એની સ્થૂળતા માનવીનું સ્વરૂપ લક્ષણ નથી. એ

તો આત્મા છે - આત્મસ્વરૂપ છે. આનંદ આત્માનો સ્વભાવ છે. તેથી જ્યારે તમે ખુશ, આનંદી જણાઓ છો, ત્યારે કોઈને તેનું આશ્ચર્ય થતું નથી, તમારાં સુખ વિષે જાણવા તેઓને કોઈ મોટી ઉત્કંઠા થતી નથી કારણ કે તમારે માટે સ્વાભાવિક છે. આશ્ચર્ય ક્યારે થાય છે કે જ્યારે પહેલાં જે કંઈ ન હતું તે એકાએક નજરે ચડે છે ત્યારે. જે તમે દિનપ્રતિદિન જોતા હો છો તેવી ચીજ કે તેવા દ્રશ્યો ઉત્સુકતા જગાડતાં નથી. કે જ્યારે કંઈક અસ્વાભાવિક બને છે કે દ્રષ્ટિગોચર થાય છે ત્યારે તે વિષે જાણવા આપણે આતુર અને ઉત્સુક બનીએ છીએ.

આ એક દ્રષ્ટાંત જુઓ. એક બાળક પારણામાં સૂતું છે, તે ઘંટડીનો રણકાર સાંભળી કે કોઈ રમકડું નિહાળી અગર તો તેને આનંદમગ્ન કરી દે એવા કોઈ ભાવાનુભવને વશ તે આનંદથી હસી રહે છે. આ વિષે કોઈને પણ કશી ફીકર - ચિંતા થતી નથી કે આશ્ચર્ય થતું નથી. આને પરિણામે કોઈના મનની શાંતિમાં વિક્ષેપ પડતો નથી. હવે આ જે બાળક હસતું રમતું હતું તેને ચીસ પાડી, એકાએક રડી ઊઠવા દો - જે કોઈ એ સાંભળશે તે બધાં દોટ મૂકી એના પારણા આગળ પહોંચી જશે અને આ શોરબકોરના કારણ માટે તેની પથારી અને ઓછાડ વગેરેમાં અત્યંત વ્યાકુળતા અને અધીરાઈથી શોધાશોધ કરી મૂકશે. બાળકોનો જેઓને અનુભવ છે તેઓ સૌ આ જાણે છે. બાળક આનંદમાં શા માટે હતું એનું કારણ જાણવા કોઈ આતુર ન હતું, એની કોઈને ચિંતા ન હતી. જ્યારે એ રૂદન કરવા લાગ્યું ત્યારે બધાં એનું કારણ શોધવા નીકળી પડ્યાં, શા માટે ? કારણ આનંદ કે પ્રસન્નતા બાળક માટે સ્વાભાવિક છે, દુઃખ - વેદના અસ્વાભાવિક છે તેના અંતરતમ સ્વરૂપની વિરુદ્ધ છે.

પણ આટલું બસ નથી. એથી વિશેષ કંઈક છે. સામાન્ય જીવનના અનુભવમાંથી એક બીજું દ્રષ્ટાંત લઈએ. તમારો કોઈ મિત્ર કે સંબંધી ખુશી આનંદમાં હોય, સુખસંપત્તિ ભોગવી રહ્યો હોય ત્યારે તું અલ્યા આટલા ખુશી આનંદમાં છે એ શાથી, એમ તેને પૂછવાની કોઈ તકલીફ લેતું નથી ; સૌ તે પ્રત્યે દુર્લક્ષ કરે છે અને તેને વિષે એવા પ્રશ્નો પૂછી તેને પજવતા નથી. પણ તેના પર જ્યારે દુઃખ આવી પડે છે અને તે સુખચેન ખોઈ બેસે છે ત્યારે તમને ચિંતા થાય છે અને તમે તેને પણ કંઈનું કંઈ પૂછી, સમજાવી, શિખામણ આપી અકળાવી મૂકો છો. કેમ ? કારણ સુખ અને આનંદ માનવી માટે સ્વાભાવિક છે, ઈચ્છનીય છે, એમાં આશ્ચર્યજનક કશું જ નથી. કારણ ' આત્મા ' નો એ સ્વભાવ છે અને દરેક વ્યક્તિ પોતે ' આત્મા ' છે, આત્મસ્વરૂપ છે. એથી જ પ્રત્યેક માનવી અનંત સુખ અને આનંદની પ્રાપ્તિ ઝંખે છે.

આ ત્રણે સત્, ચિત અને આનંદ આપણે દરેક વ્યક્તિમાં તેના અસ્તિત્વના મૂળભૂત આધારરૂપ, તેના સત્ય સ્વરૂપ તરીકે નિહાળીએ છીએ. એટલે કે પ્રભુ પોતે જીવાત્મારૂપે, એક વ્યક્તિના લેબાશમાં પોતાનો પાઠ ભજવે છે. શ્રીકૃષ્ણ આ ગૂઢ અર્થ અર્જુનને વિસ્તારથી સમજાવ્યો કે જેથી બ્રહ્મ અને આધ્યાત્મનો સંબંધ એટલે કે બન્નેની પરમાત્મતત્વ સાથેની એકરૂપતા તે બરાબર સમજી શકે. !

પછી અર્જુને પ્રાર્થના કરી કે ત્રીજો સિદ્ધાંત - કર્મનો સિદ્ધાંત મને સંપૂર્ણપણે સમજાવો. શ્રીકૃષ્ણ તો એ માટે તત્પર જ હતા. તેમણે આરંભ કર્યો, " અર્જુન ! પ્રાણી સર્જન, પોષણ અને વિસર્જન માટે જે મર્યાદા - વિધિવિધાન છે તે છે કર્મ. ચેતન કે ચલાયમાન, જડ અને અચલ સૌ કંઈ જીવનના અંશરૂપ જ

છે, અરે ! સર્જનનો નિરધાર કરવાનું કાર્ય ખુદ કર્મ છે અને તે સૌ પ્રથમ કાર્યકારણ બની રહે છે. જે સર્વત્ર અને સર્વમાં ચૈતન્ય સ્ફૂરે છે - આ સમસ્ત સૃષ્ટિ અને તેમાંની સર્વ પ્રવૃત્તિ, હલનચલન અને આવેશઆવેગ મૂળ કર્મના - મારા સંકલ્પના સીધાં પરિણામરૂપ છે, અને જ્યાં સુધી મારો સંકલ્પ ચાલુ રહેશે ત્યાં સુધી કર્મનો પ્રવાહ અખંડ વહેતો જ રહેશે. હું જ્યાં સુધી એવું ન ધારું ત્યાં સુધી એ અટકશે નહિ, એમાં કોઈ વિક્ષેપ આવશે નહિ, એ પ્રવાહ કદી સૂકાશે નહિ. તારે તો માત્ર એ પ્રવાહમાં, એ પૂરમાં ભળી જવાનું છે ; એ ઘોડા પૂરમાં તારું સ્થાન માત્ર એક નાના ઝરણા કે પાણીની સપાટી ઉપરની નાની નાની લહેરી કે બહુ તો એક મોજાં જેવું ક્ષુલ્લક છે. મારા સંકલ્પને પરિણામે હરેક કર્મ આકાર લે છે - ઉદભવે છે અને એથી મારા સંકલ્પ અનુસાર થયેલ કર્મ મારા જ એક અંશરૂપ બની જાય છે.

# અધ્યાય ૧૫

" કર્મ મારો સ્વભાવ છે ; હું કર્મના રૂપમાં પ્રગટ થાઉં છું " શ્રીકૃષ્ણ અર્જુનને ગંભીર આંચકો આપતાં કહ્યું. તેમણે સ્પષ્ટ કહ્યું કે સૌ કર્મો દિવ્યરૂપ છે એટલું જ નહિ પણ મારા પરમાત્મતત્વરૂપ છે. " બ્રહ્મ કે વિશ્વવ્યાપક આત્મતત્વ, વ્યક્તિ અને કર્મ એ ત્રણે હું જ પોતે છું એટલું તું સમજો તો પૂરતું છે. એ જ્ઞાનને પરિણામે નિર્ભયપણાનો અને મુક્તિનો અનુભવ થશે, બસ, એ પછી તારે બીજાં કશાની જ ચિંતા કરવાની રહેતી નથી. " શ્રીકૃષ્ણ જાણે આ વાતની ચર્ચા અહીં સમાપ્ત કરવા ઈચ્છતા હોય એ રીતે બોલ્યા. શ્રીકૃષ્ણ એમનો રથ શત્રુઓની હરોળ ભેદી આગળ વધે એ માટે આતુર હતા એ સ્પષ્ટ હતું. કારણ સમય ઝડપથી વહી જતો હતો.

પણ અર્જુન જડસુની જેમ વળગી રહ્યો હતો, તેના મનોભાવ કંઈક જુદા જ હતા. સામાન્ય માનવી તો શ્રીકૃષ્ણ સાથે આવી લાંબી ચર્ચામાં પણ ન ઉતરે. શ્રીકૃષ્ણ જ્યારે કહે છે, " એ સિવાય બીજી કશી જ ચિંતા ન કર " ત્યારે કોઈને પણ ચિંતા કરવાનું કારણ રહેવું ન જોઈએ. પણ શ્રીકૃષ્ણ માટે અર્જુન સાચો પ્રશ્નકાર હતો અને અર્જુન માટે શ્રીકૃષ્ણ સાચા ગુરુ હતા- એક છે નર, બીજો નારાયણ, અને એ હકીકતમાં જ એ સંવાદની યોગ્યતા, રસ અને મૂલ્ય રહેલાં છે.

અર્જુન એની વાત આ તબક્કે પડતી મૂકવા તૈયાર ન હતો. શ્રીકૃષ્ણ કરાવેલી પ્રતીતિ અને આપેલી ખાતરી એને સ્વીકાર્ય ન હતી. તેણે વિનંતી કરી, " ભગવાન ! મને બાકીના ત્રણ સિદ્ધાંતો વિષે પણ કહો અને મને સંશયના ગૂંચળાંમાંથી મુક્ત કરો. " " અંધકાર દૂર કરી તમારું સાચું સ્વરૂપ મને પ્રત્યક્ષ કરી બતાવો " તેણે આગ્રહપૂર્વક કહ્યું. આ સાંભળી શ્રીકૃષ્ણ કંઈક પીગળ્યા. તેમણે વહાલથી અર્જુનની પીઠ થાબડી અને ઉત્તર આપ્યો, " તું શોક ન કર, હું તને બધું જ કહીશ. મેં જે અધિભૂત વિષે કહ્યું હતું તે કંઈ એવો જટીલ કોયડો નથી. સર્વ કોઈ સમજી શકે એવી એ વાત છે. જેનો વ્યય અને વિનાશ નિશ્ચિત છે, જેને નામ અને રૂપ છે એ સર્વ કાંઈ અધિભૂત કહેવાય છે. - આધિભૌતિક કહેવાય છે. "

બીજા શબ્દોમાં કહીએ તો – અધિભૂત એ અ - પરા પ્રકૃતિ છે ; અહીં ત્યાં અને સર્વત્ર જે સ્થૂળ સ્વરૂપે દેખાય છે તે સર્વનો અધિભૂતમાં સમાવેશ થાય છે – તે સર્વ નાશવંત છે અને આમ છતાં તે મારાથી ભિન્ન નથી " શ્રીકૃષ્ણ હેતુપૂર્વક અહીં અટક્યા. એમણે વધુ સ્પષ્ટતા ન કરી !

પ્રભુની – પરમાત્માની લીલા પરમાત્મા જ જાણે છે. બીજું કોઈ એનો અર્થ કે ઉદ્દેશ સમજી શક્યું નથી. એની લીલાને સ્પષ્ટ કરી બતાવવાનો કે સમજાવવાનો પ્રયત્ન કરવો એ એક નિષ્ફળ પ્રયાસ છે.

" તે મારાથી ભિન્ન નથી ! " એ શબ્દોએ અર્જુનને આશ્ચર્યથી દિમૂઢ કરી દીધો. તેનું મસ્તિષ્ક (મન) સંશય ભાવથી ભારે થઈ ગયું. તેની પ્રજ્ઞા જાણે શંકાના વાદળોથી આવૃત્ત બની ગઈ ; તેના મનમાં શંકાના વાદળ છવાઈ ગયાં અને તેની શ્રદ્ધા ડગમગવા લાગી. અનેક સંશયો સંકલિત થઈ તેના મનને એક પછી એક ભયાનક રીતે ઘેરી વળવા લાગ્યા. આ પીડાનો તે શાથી ભોગ બન્યો ? આ વ્યાકુળતાનું સાચું કારણ

શું હતું ?

કારણ હતું ભગવાન શ્રીકૃષ્ણના વિરોધાભાસી વિધાનો. " હું સત્ - ચિત્ - આનંદ સ્વરૂપ છું ; હું મૃત્યુ, વ્યય અને વિનાશથી પર છું " એમ કહ્યા પછી શ્રીકૃષ્ણ સર્વનાશક એકરાર કર્યો કે હું શ્રીકૃષ્ણ) ક્ષણભંગુર, અલ્પજીવી અને વિનાશક દેહરૂપ પણ છું ! અર્જુનની સર્વ મૂંઝવણ માટે આ વિલક્ષણ વિધાન જવાબદાર હતું. આ પ્રકારના વિરોધાભાસી ઉદગારોને પરિણામે કોઈ પણ દ્વિધાયુક્ત મનોદશાનો ભોગ બને એ સ્વાભાવિક છે. અર્જુનની આ દશા જોઈ શ્રીકૃષ્ણ હસવા લાગ્યા.

આમ છતાં અર્જુનનો સંશય દૂર કરવા શ્રીકૃષ્ણ તુરત જ તત્પર થયા કારણ અર્જુનના ધર્મસંકટનું મૂળ શેમાં છે તે એ જાણતા હતા અને ઝાઝો વિલંબ થાય એવું એ ઈચ્છતા ન હતા. " અર્જુન ! તું આમ હતાશ શાથી થાય છે ? હું ક્ષણભંગૂર દેહરૂપ પણ છું એ મારું કથન તારા માનવામાં નથી આવતું ખરુંને ? એથી તું મૂંઝવણમાં પડી ગયો એમ જ ને ? સામાન્ય માનવી આ સાંભળી અકળાઈ ઊઠે, આંચકો અનુભવે એવું બને. તેઓ પ્રથમ દ્રષ્ટિએ એ વિચારનો સ્વીકાર નહિ કરે કારણ વિરોધાભાસી જણાતાં બે વિધાનોમાં એ સમન્વય જોઈ શકતો નથી. એટલે એનો પ્રત્યાઘાત સમજી શકાય એવો છે. તે સમજવાનો પ્રયત્ન કર. આ દેહ જે ક્ષણભંગુર અને પરિવર્તનને આધીન છે તે મારી સાથે સંયોજિત છે, કારણ મારા મૂળ રૂપ – મૂળ તત્વમાંથી એનો ઉદભવ થયો છે. મારા વિના દેહ પણ અસંભવિત છે. એ સૌ - પ્રથમ ક્યાંથી ઉદભવ્યો એ તું જાણશે ત્યારે તે સર્વ કાંઈ સ્પષ્ટ સમજી શકશે. એ રહસ્ય જે વડે સ્પષ્ટ સમજાય છે તે દેહની ઉત્પત્તિની વાત ધ્યાનપૂર્વક સાંભળ. માતા - પિતા જે ખોરાક લે છે – અન્ન આરોગે છે તે મૂળરૂપે દેહની ઉત્પત્તિનો આધાર છે, દેહરૂપનું તેમાંથી સર્જન અને પોષણ થાય છે એ તો સાચું ને ? હવે એ અન્ન ક્યાંથી આવ્યું ? માટી - પદાર્થ તત્વમાંથી. અનાજ અને બીજી પેદાશ જે ભૂમિમાંથી પેદા થઈ છે. અને ભૂમિ - પૃથ્વીતત્વ કયાંથી આવ્યું ? એ જળતત્વમાંથી પેદા થયું. એની પાર જોઈએ તો સમજાશે કે જળતત્વ અગ્નિતત્વમાંથી, અગ્નિ વાયુમાંથી, વાયુ અવકાશમાંથી અને અવકાશ માયાતત્વમાંથી – પરમાત્મતત્વમાંથી આવ્યું કે જે માયા મારા આવરણરૂપ - મારાં બાહ્ય વેશવિધાનરૂપ છે.

મારું આવરણ જે સંકલ્પથી સિદ્ધ કરી મેં ઓઢી લીધું તે અવકાશ કહેવાયું, અવકાશ વાયુમાં પરિવર્તિત થયું, વાયુ અગ્નિમાં, અગ્નિ જળમાં અને જળ પૃથ્વીમાં પરિવર્તન પામ્યું કે જેમાંથી અનાજ પેદા થયું, જેના ભક્ષણના પરિણામરૂપે દેહનું સર્જન થયું. આમ દેહ પણ મારું જ સ્વરૂપ છે એ સ્પષ્ટ છે. એ વાતમાં સંશયને સ્થાન જ ક્યાં છે ?

" માટે મેં આગળ કહ્યું તે અનુસાર હું જેમ બ્રહ્મ, અધ્યાત્મ અને કર્મસ્વરૂપ છું તેમ અધિભૂતરૂપે પણ છું. કારણ અને કાર્ય એકરૂપ જ છે. હું અદિકારણરૂપ છું અને સાથે તેના પરિણામરૂપ પણ છું. હું પરમાત્મા છું અને બાકી સર્વ કોઈ અધિદૈવરૂપ છે. પ્રત્યેક સ્થૂળ દેહરૂપમાં હિરણ્યગર્ભરૂપ દિવ્ય તત્વ વ્યાપ્ત છે. ઈન્દ્રિયો જેમ માનવીને સહાયરૂપ બને છે તેમ અધિદૈવો હિરણ્યગર્ભને - દિવ્ય તત્વને સહાયરૂપ બને છે, સજીવન રાખે છે.

" તને કદાચ થશે - આ અધિદૈવનું પ્રયોજન છે ? એ શો ભાગ ભજવે છે ? એ એવી અંતરતમ દિવ્ય શક્તિ છે કે જે દૈવી લક્ષ્ય કે ધ્યેયની સિદ્ધિમાં સહાયભૂત થાય છે. આપણે જોઈએ, શી રીતે ? નેત્રપ્રભા સૂર્યદેવને આભારી છે ; કર્ણની શ્રવણક્રિયા ચતુર્વિધ દેવદેવીનો પ્રતાપ છે અને બાહુબળ ઈન્દ્રદેવ પ્રેરિત છે. આ અને બીજાં પ્રમુખ શક્તિસ્વરૂપો એ હિરણ્યગર્ભનું આંતરબળ છે, પ્રેરક બળ છે. સાધક ગમે એવો મહાન હોય અને ગમે એવી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો હોય પણ માત્ર હિરણ્યગર્ભ એટલે કે પોતામાં વસતાં દિવ્ય તત્વ દ્વારા જ એ સર્વશ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે. હિરણ્યગર્ભ એ પરમાત્મતત્વ જ છે અને એમાં અને દિવ્ય તત્વમાં કશો જ ભેદ નથી. અર્જુન ! તને સમજાય છે ને ? હું જેટલો ' અધિભૂત (આધિભૌતિક) છું, એટલો જ અધિદૈવ **"अधिदैवम्"** છું અને એ બે જેવો જ બ્રહ્મ, અધ્યાત્મ અને કર્મસ્વરૂપ છું. એ સર્વ રૂપો પૂર્ણતઃ દિવ્યરૂપ છે.

" હવે બીજું સ્વરૂપ, ધનમ્ - **अधियज्ञम्,** એ પણ હું જ છું. અનેકવિધ કર્મોના પરિણામરૂપ આનંદ અને શોકનો ભાવાનુભવ કરાવનાર અને તેને અંતરગમ્ય કરનાર શકિત તે છે અધિયજ્ઞતત્વ. એ તત્વ ધારક પ્રાણીમાત્રને પ્રાપ્ત, પાંચે ઇન્દ્રિયોના ધર્મ - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની અનુભૂતિ કરનાર હું જ છું. હું કર્મનું ઉત્તરદાયિત્વ ધરાવનાર માત્ર કર્તા નથી, ભોક્તા પણ છું કે જે અર્થે, જેને માટે કર્મવિધિ અને કર્મની આખી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આમ એ કર્મનું ફળ પણ હું ભોગવું છું. આ રીતે હું દાતા છું અને દાન લેનાર ભોક્તા પણ છું. "

શ્રીકૃષ્ણ પોતે અધિયજ્ઞરૂપ છે એ સત્ય, અર્જુનને સમજાવવામાં તો સફળ થયા પણ સામાન્ય બુદ્ધિ ધરાવનાર સૌ કોઈ એનું તાત્પર્ય ન સમજી શકે એ બનવાયોગ છે. માટે જીવનમાંથી જ આપણે થોડાં દ્રષ્ટાંતો લઈશું તો સરળતા થશે. જ્યારે તમને ઠંડો પવન જોઈએ છે ત્યારે તમે પંખો ચલાવો છો ; જ્યારે તમારે રસોઈ બનાવવાની હોય છે ત્યારે તમો ચૂલો સળગાવો છો, જ્યારે તમારે મોટી માનવમેદનીને સંબોધીને બોલવાનું આવે છે ત્યારે તમે ધ્વનિવર્ધક યંત્રો ગોઠવી તેનો ઉપયોગ કરો છો. તમારે કંઈ છાપવું હોય તો તમે છાપવાના યંત્રનો આશરો લો છો - બટન દબાવી તે ચાલુ કરી દો છો. આ બધાંનો જુદી જુદી પ્રક્રિયા તરીકે વિચાર કરશો તો સમજાશે કે તેઓને એકબીજા સાથે કશો જ સંબંધ નથી. પ્રકાશ અને હવા, ઉષ્ણતા અને ધ્વનિ એકમેકથી સાવ ભિન્ન છે, પણ એ સર્વનો કર્તા - પ્રેરક એક જ છે - તે છે વિદ્યુતપ્રવાહ.એના બાહ્ય અને પ્રત્યક્ષ સ્વરૂપ જુદાં જુદાં ભલે હોય પણ એ સૌના કારણરૂપ મૂળ ઉત્તેજક તત્વ - અદ્રશ્ય શક્તિ તો એક જ છે.

વિદ્યુતના પ્રવાહની જેમ જ પરમાત્મતત્વ સર્વ પ્રકારના સાધનો અને પ્રવૃત્તિના પ્રેરક બળ તરીકે કામ કરતું હોય છે અને એ સર્વ પ્રવૃત્તિના પરિણામરૂપ બદલો આપતું રહે છે. સર્વ કર્મફળ એ પ્રેરક બળ જ અપાવતું હોય છે. વિદ્યુતના પ્રવાહ જેવું એ ' સર્વભૂતાંતરાત્મા ' માં વસતું અને સર્વને પ્રવૃત્ત કરતું એક જ આંતરબળ છે. પરમાત્મા સર્વ કર્મોનો પ્રેરક અને જ્ઞાતા હોઈ તેને અધિયજ્ઞ કહેવામાં આવે છે.

" સાતમું આવે છે ધ્વનિતત્વ - પ્રણવ. એ પ્રાણમંત્રનો મૃત્યુષણે ઉચ્ચાર થાય તો પરિણામે આત્મા ખૂદ અક્ષરબ્રહ્મ સાથે એકાકાર થઈ મુક્ત થઈ જાય છે. " જ્યારે શ્રીકૃષ્ણ આમ કહ્યું ત્યારે અર્જુને તુર્તજ

તેમને પ્રાર્થના કરી કે કૃપા કરી આ મને સ્પષ્ટ સમજાવો કે જેથી હું એનો મર્મ બરાબર ગ્રહણ કરી શકું. શ્રીકૃષ્ણ ખુશીથી અર્જુનની વિનંતી માન્ય રાખી. મૃત્યુ સમય ' એ કંઈ ' ભવિષ્યમાં આવી મળનાર કોઈ એક સમય નથી એનો અર્થ છે ; " આ જ ઘડી ; આ જ ક્ષણ. " કઈ ક્ષણ આપણા મૃત્યુની ઘડી બની રહેનાર છે એ કોઈ જાણે છે ? આ જ ક્ષણ એ " મૃત્યુની ઘડી " બની જાય એમ પણ બને. માટે પ્રત્યેક ક્ષણને ' છેલ્લી ઘડી ' માનીને જ ચાલવું. અને એટલે પ્રત્યેક ક્ષણને પ્રણવ - પ્રાણમંત્રથી, મુક્તિદાયક ૐકારથી ભરી દેવી એ શ્રેષ્ઠ ધર્મ છે. મૃત્યુ સમયે માનવીના મનમાં જે વિચાર કે ભાવ પ્રધાન હોય તે અનુસાર એનું મૃત્યુત્તર ભાગ્ય સ્વરૂપ લે છે. એ વિચાર કે ભાવનાના પાયા ઉપર પુનર્જન્મનું ઘડતર થાય છે. જે કોઈ એ ક્ષણે મારું સ્મરણ કરે છે તે મારી દિવ્યતાને અને મને પ્રાપ્ત કરે છે. માટે માનવીના પ્રત્યેક કર્મ, પ્રત્યેક પ્રવૃત્તિ કે પરિશ્રમ, પ્રત્યેક સાધના પાછળ એ ભાગ્યવિધાયક ક્ષણને પવિત્ર કરવાનો, તેને સદા પવિત્ર રાખવાનો જ ઉદ્દેશ હોવો જોઈએ. જીવનકાળ એવા અભ્યાસ અને સાધનામાં વીતવો જોઈએ કે જેથી એ, " છેલ્લી ઘડી ' એ પરમાત્મા કે પ્રણવનો વિચાર આપણા મનમાં પ્રધાન હોય, હોય ને હોય જ.

" જેનો ત્યાગ કરવાનો છે એ છે દેહ, આ હાડમાંસનું માળખું. જે પ્રાપ્ત કરવાનું છે તે છે પરબ્રહ્મ - સર્વવ્યાપ્ત પરમતત્વ. તમારા દેહમાં - દેહ પાછળ તમારું સાચું સ્વરૂપ છુપાયેલું છે કે જે અત્યાજ્ય. અવિનાશી, અમર સત્ય અને નિત્ય છે. એ સત્ સ્વરૂપ " આત્મા " તરીકે ઓળખાય છે અને તે પરમાત્મા જ છે. આત્મા અને પરમાત્મા એક જ છે. તમે એ આત્મા - પરમાત્મા છો અને એટલે જ તમે એનો ત્યાગ કરી શકતા નથી. દેહત્યાગ, વર્ષો સુધી જેમાં વસ્યા હોય એવાં ઘરનો ત્યાગ કરવા બરાબર અને જન્મ એ નવાં ગૃહમાં પ્રવેશ કરવા બરાબર છે. આ બન્ને પાર્થીવ કક્ષાના કર્મ છે અને આત્મા ઉપર તેની કશી જ અસર પહોંચતી નથી. અર્જુન ! આત્મા પ્રવેશતો નથી કે બહાર પ્રસ્થાન કરતો નથી. જેઓ દેહતત્વની ભૂલભૂલામણીમાં ફસાયા છે તેઓ કદી આત્મદર્શન કરી શકતા નથી. દેહતત્વ ક્ષય અને મૃત્યુને વશ છે. આથી જે છ તત્વો વિષે મેં પહેલાં કહ્યું તે કરતાં પણ વિશેષ પ્રણવ - મુક્તિદાયક પ્રાણતત્વને સમજી લેવાની જરૂર છે. જીવનના અનેક વર્ષોનો એના સંગ્રહ માટે ઉપયોગ કરવાનો છે કે જેથી દેહત્યાગની ઘડી સમીપ આવે ત્યારે મન પ્રણવ સાથે અક્ષરબ્રહ્મ સાથે સહજ રીતે સંયોજિત થઈ જાય. જેવો ખોરાક તમે લો તેવા ઓડકાર તમને આવે છે ; જ્યારે પેલી છેલ્લી ઘડી ' ના તમારા વિચારો- તમારી મનોવૃત્તિ તમે કેવો ખોરાક લઈ વર્ષોના વર્ષો જીવ્યા તેનો નિર્દેશ કરે છે.

" તમારી સદગતિ તમારી સાધનાને અનુરૂપ હોય છે. અભ્યાસ અનુસાર ઉત્કર્ષ. જ્યારે દેહ છોડવાનો પ્રસંગ આવે ત્યારે પવિત્ર વિચારોમાં મનને પરોવવાની આવશ્યકતા પ્રત્યે સતત જાગૃત રહે. એનો અર્થ એ કે તમારા જીવનની પ્રત્યેક ક્ષણે પવિત્ર વિચારો અને વિશુદ્ધ ભાવોમાં તરબોળ રહો ; કારણ પ્રત્યેક ક્ષણ આપણી " અંતિમ ક્ષણ " બની શકે છે.

અર્જુને પૂછ્યું, " ભગવાન ! માનવી જીવનની અંતિમ પળે પવિત્ર વિચાર સેવવાની અપેક્ષા કરે તો શું તેણે અત્યારથી એ માટે પ્રયત્ન કરવો ? આપણે એ જ ક્ષણે એમ ન કરી શકીએ ? ". પ્રભુ એનો સંશય

સમજી ગયા અને તેમણે ઉત્તર આપ્યો, “ તારી બુધ્ધિ તો સાવ બુઠ્ઠી થઈ ગઈ જણાય છે ! તું પવિત્ર વિચારોનો વિકાસ અત્યારથી જ સાધવાની આવશ્યકતા સ્વીકારવા આનાકાની કરી રહ્યો છે - કેવું આશ્ચર્ય ! અર્જુન ! મનને અભ્યાસયોગ દ્વારા એ રીતે કેળવવું પડે છે. એને એવી ટેવ પાડવાની હોય છે. પરમાત્માના વિચારમાં ચિત્ત એકાગ્ર કરી બીજા વિચારોથી દૂર રહેવાની અને કેળવણી આપવાની છે. તો જ તમે પરમપુરુષ - પરમતત્વ પ્રાપ્ત કરી શકો. તમારા મનને તમે પદ્ધતિસર અભ્યાસમાં જોડી યોગ્ય રીતે ન કેળવો તો મૃત્યુની ઘડી આવે ત્યારે એ પરમપુરુષના વિચારમાં લીન નહિ થાય - અને તેને એનું મરણ પણ નહિ થાય. !

" તું મને પૂછીશ - કારણ શું ? તારો પોતાનો જ વિચાર કર. જે યુદ્ધ થવાનું છે તેમાં રહે ચડવાના અને યુદ્ધનો સામનો કરવાના શસ્ત્રાસ્ત્રોને તું ઉપયોગ કરી શકીશ કારણ તે વર્ષો સુધી એને શી રીતે વાપરવાં એની કેળવણી લીધી છે, ખરું ને ? છેલ્લી ઘડીએ કોઈ પણ પ્રકારની તૈયારી વિના શું તું એ હથિયારોનો પૂરા આત્મવિશ્વાસથી ઉપયોગ કરી શકત ખરો ? એ કદી પણ શક્ય બની શકે ખરું ? ક્ષત્રિયને યુદ્ધના મેદાનમાં હથિયાર વિંઝવાનો ક્યારેય પણ પ્રસંગ આવનાર છે એવી અપેક્ષાને પરિણામે બાળપણથી તેને શસ્ત્ર વાપરવાની કળા શીખવવામાં આવે છે કે જેથી કટોકટીનો સમય જ્યારે આવે ત્યારે એ તેનો ધર્મ બજાવવા તત્પર અને સજ્જ હોય.

એ જ પ્રમાણે માનવીના જીવનમાં બીજું કશું ભલે ન આવે પણ મૃત્યુને ભેટવાનું તો નિશ્ચિત જ છે. માટે પ્રત્યેક વ્યક્તિને એ સમયે જે મનોભાવ અને વિચારો સૌથી વિશેષ હિતકારક નીવડે એવા હોય તે વડે સજ્જ રહેવાની કેળવણી આપવી જોઈએ. એમ ન થાય તો જીવન વ્યર્થ અને નિરર્થક બની રહે છે. જે વ્યક્તિ આ પ્રકારની આંતરસિદ્ધિ માટે તૈયાર નથી તેણે એના ભાગ્યમાં જે કંઈ આવી પડે એ ભોગવ્યે જ છૂટકો છે. કોઈ પણ યોદ્ધો પરાજય માટે રણાંગણમાં ઝૂકાવતો નથી. અને એ જ રીતે કોઈ પણ વ્યક્તિ સ્વેચ્છાએ અધ : પતન સ્વીકારતી નથી ; પ્રત્યેકને ઉત્કર્ષની જ ઈચ્છા હોય છે. માટે જે પરિણામ તમારે માટે સર્વથા હિતકારક છે તે માટે પ્રયત્ન કરવો એ ડહાપણનો માર્ગ નથી શું ? આ કારણે, પ્રત્યેક માનવીએ તેની અંતઘડીએ પ્રણવ પરમાત્મનામનો જ વિચાર નિશ્ચિત બનાવવા પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ અને એ માટે ઘટતાં પગલાં લેવા જોઈએ. જે પરમાત્મનામમાં લીન બની મૃત્યુને વધાવી લે છે તે મને પ્રાપ્ત કરે છે ", શ્રીકૃષ્ણે કહ્યું.

શ્રીમદ્ ભગવત ગીતાનો આ સમગ્ર સાર છે, કારણ પ્રત્યેક વ્યક્તિના કાર્યોનું ધ્યેય ઉચ્ચતમ ઉત્કર્ષ સાધવાનું જ હોય છે - હોવું જોઈએ. એ જ ભાવનાથી પ્રેરાઈ તે પ્રાર્થના, જપ, ધ્યાન, અર્ચના અને તપ વગેરેમાં પ્રવૃત્ત થાય છે. જેઓને આ સાધનામાં શ્રદ્ધા છે તે સર્વેએ અંતિમ ધ્યેય સતત દ્રષ્ટિ સમક્ષ રાખવું જરૂરી છે.

શ્રીકૃષ્ણે કહ્યું કે ૐ અથવા પ્રણવનું મૃત્યુ સમયે સ્મરણ થવું જોઈએ.આ સંબંધી કેટલીક વાતોની સ્પષ્ટતા કરવી આવશ્યક છે કારણ ઘણા એવી, દલીલ કરે છે કે “ પ્રણવ ” એવો મંત્ર છે કે જેનો પુનરોચ્ચાર - ઘોષ માત્ર થોડા માટે જ છે અને બાકીના બીજાને એનો આશરો લેવાનો અધિકાર નથી.

આ સત્ય નથી. જેઓ સત્ય સમજ્યા નથી તેઓ આવા નિર્ણય પર આવી તેને માન્યતા આપે છે. ધર્મના ખોટા ખ્યાલમાં આ માન્યતાનું મૂળ રહેલું છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ' આ વર્ગ ' કે તે વર્ગ ' ની વાત આવતી નથી. શ્રીકૃષ્ણ કહે છે, જે કોઈ " - તેઓની વ્યાખ્યા આપ્યા વિના કે અમુક વર્ગ યા જાતિની મર્યાદાના ઉલ્લેખ વિના, એ તો એમ પણ નથી કહેતા કે ' કોણ એને યોગ્ય છે અને કોણ યોગ્ય નથી ', ' કોણ અધિકૃત છે અને કોણ અધિકૃત નથી. માત્ર પ્રણવના ધ્યાન વિષે એમણે એટલું કહ્યું છે કે માત્ર એનું સ્મરણ કે રટણ કરવાનો કશો અર્થ નથી, અને એમાં કેટલીક પ્રાથમિક કેળવણી જરૂરી છે. દા.ત. ઈન્દ્રિયોનો સંયમ, મનની એકાગ્રતા વગેરે.

જો મન એક અને બીજા વિચાર વચ્ચે ઝોલાં ખાતું હોય, તો માત્ર ૐ, ૐ નો ગળામાંથી નીકળતો અવાજ શી રીતે લાભદાયક બની શકે ? માત્ર ધ્વનિ, મુક્તિની પ્રાપ્તિમાં સહાયભૂત થશે નહિ. ઇન્દ્રિયોને વશ રાખવી જ પડે એટલું જ નહિ પણ તેનું અસ્તિત્વ જ જાણે મીટાવી દેવું પડે, વિચારોને એકાગ્ર કરવા પડે અને તે સાથે પરમાત્મતત્વની ભવ્યતાના ધ્યાનમાં લીન થઈ જવાય અને તેની અનુભૂતિ થાય એ કક્ષાએ પહોંચવું જ પડે. એ કારણે જ ભગવાન એવો બોધ આપે છે. કે જન્મથી મૃત્યુ પર્યત માનવીએ સત્યની ખોજમાં સતત લાગી રહેવું જોઈએ. એને બદલે તમે જો છેલ્લી ઘડી સુધી સાધના મુલતવી રાખો તો તમારી સ્થિતિ પરીક્ષા ખંડમાં પ્રવેશતાં પહેલાં પાઠ્યપુસ્તકના પાના પહેલી જ વાર ઉથલાવનાર વિદ્યાર્થી જેવી થશે. વિદ્યાર્થીને એમ લાગે કે હજુ તો આખું વર્ષ પડ્યું છે અને શિક્ષક પાસેથી તેમજ પુસ્તકો અને ઉપયોગી નોંધમાંથી કશું પણ શીખવા પ્રત્યે બેદરકાર રહે તો પરીક્ષાખંડમાં પ્રવેશતાં પહેલાં સવારમાં ગમે એટલો વહેલો ઊઠી એ પુસ્તક લઈને બેસે તો એના ભેજામાં શું ઉતરી શકવાનું હતું ? એથી તો એની નિરાશા ઊલટી વધી જશે. તેણે માત્ર પ્રમાદક્ષેત્રે જ પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું છે એમ કહેવાય.

તમે ઘરના બગીચામાં બીજ વાવો કે તુરત જ એના ઝાડના ફળની આશા રાખી શકો નહિ, એ સિદ્ધ કરવા માટે તમારે ઝાડને લાંબા સમય પર્યત કાળજીપૂર્વક ઉછેરવું પડે છે. એ જ રીતે જે કંઈ સફળ પરિણામની આશા તમે સેવતા હો તે માટે કાળજીપૂર્વકનો અખંડ અને તૈયારીરૂપ અભ્યાસ આવશ્યક છે. કોઈ પણ વ્યક્તિ દ્રઢતા અને સતત જાગૃતિ વિના કોઈ પણ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકે નહિ.

સાધકોએ હંમેશાં આ વાતનો ખ્યાલ રાખવો જોઈએ. " જન્મ કેવો હશે " એ કરતાં " મરીશું કેમ " એ પ્રત્યે ધ્યાન વાળવું જોઈએ અને એવી ઉત્સુકતા સેવવી જોઈએ. કારણ મૃત્યુ કેવું હશે એ ઉપર જન્મનો આધાર રહે છે. મૃત્યુ પહેલાં આવે છે અને જન્મ મૃત્યુને અનુસરે છે. લોકો માનતા હોય છે કે માનવી મરવા ખાતર જન્મે છે અને તે મૃત્યુ પામે છે. કે જેથી તે ફરી જન્મ ધારણ કરી શકે. પણ આ ખોટું છે, તમે જન્મ ધરો છો તે એ માટે કે તમારે ફરીથી જન્મ ન લેવો પડે ; તમે મૃત્યુ પામો છો તે એ માટે કે ફરીથી તમારે મરવાનું ન આવે. એનો અર્થ એવો કે જે માનવી મૃત્યુ પામે છે તેણે એ રીતે કરવું જોઈએ કે જેથી એણે ફરી જન્મ લેવો ન પડે. એક વાર મૃત્યુ થાય પછી તમારે ફરી મૃત્યુને ભેટવા જન્મ ધારણ કરવાપણું ન રહેવું જોઈએ. જન્મે તેને માટે મૃત્યુ અનિવાર્ય છે. તો જન્મ ટાળો અને મૃત્યુ પણ ટાળો.

સાધકનું આ ધ્યેય હોવું જોઈએ.

સાધકે હિતકારક જન્મની આકાંક્ષા ન રાખતાં હિતકારક મૃત્યુની અપેક્ષા કરવી જોઈએ. તમને કદાચ સારાં કુટુંબમાં, કે દરેક રીતે અનુકૂળ સંજોગોમાં જન્મ પ્રાપ્ત થાય પણ એ પછીના તમારા કર્મો સદગતિ અપાવનારાં ન પણ નીવડે, માટે મોત સુધારવાનું ધ્યેય રાખ્યું હોય તો ફરી જન્મ લઈ ફરી વાર મૃત્યુને વરવાનો વિકટ પ્રશ્ન નીવારી શકાય.

પ્રત્યેક માનવીએ જીવનનો અંત સતત દ્રષ્ટિ સમક્ષ રાખી ચાલવું જોઈએ. એ અંતસમય ખરેખર શુભકારક બને એ માટે સારા અને શુદ્ધ વિચારો અને કર્મની ટેવ પાડો. હેતુપૂર્વક મનને એ રીતે કેળવો. એવા સાર્થક અંતની પ્રાપ્તિ એ પ્રભુકૃપા પ્રાપ્ત કર્યાનું અબાધિત ચિહ્ન છે.

---

# અધ્યાય ૧૬

સામાન્ય માનવી અંતિમ ક્ષણે - મૃત્યુ સમયે ' માધવ ' ના ધ્યાનમાં તેનું મન સ્થિર કરી શક્તો નથી. એ માટે લાંબા ગાળાની કેળવણીની જરૂર હોય છે અને જેને પૂર્વ સંસ્કાર કહેવાય છે એવી અમુક સિદ્ધિઓ પ્રથમથી પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. મન શિસ્ત અને સંયમની ચોક્કસ પ્રક્રિયામાંથી પસાર થયું હોવું જ જોઈએ ; તે યોગયુક્ત એટલે કે યોગભાવમાં સંલગ્ન હોવું જોઈએ, પણ એટલું પૂરતું નથી. બીજા સર્વ વિચારો ક્ષુલ્લક અને હીન જ નહિ પણ ઘાતક ગણી દૂર કરવા જોઈએ. આમ સર્વ પદાર્થો પ્રત્યેનો અણગમો અને ધૃણા વધતાં અને બળવાન થતાં જાય એ જરૂરી છે. આટલું જો થઈ શકે તે અંતિમ ક્ષણે મનમાં માધવનો વિચાર અવશ્ય ઉદભવશે એટલું જ નહિ સ્થિર બની રહેશે.

માટે ' મન ' એ મહત્વની વસ્તુ છે, જ્યારે મનમાં સડો પેદા થાય છે ત્યારે તે સર્વમાં સમગ્ર જીવનમાં ફેલાઈ જાય છે. માનવી, જે દિશામાં એનું મન એને ખેંચી જાય એ દિશામાં, જેટલી ઝડપે એ દોડતું હોય એટલી જ ઝડપે, ભાગતો ફરે છે. મનને કેળવવા અને તેને એક પ્રાણીની જેમ પાળવા, સારી ટેવો અને શિસ્તમય જીવનપદ્ધતિ કેળવવાં જ પડે છે. આથી સાધના દરમ્યાન વિવિધ કક્ષાએ મનનાં ઊંડાણમાં પરમાત્માનું શી રીતે ધ્યાન ધરવું અને કેવા ભાવ અને લાગણીમય સંવેદનામાં લીન બની રહેવું તેનું શ્રીકૃષ્ણ વર્ણન કરવું શરુ કર્યું.

" અજુર્ન ! લોકો જુદી જુદી ત્રણ રીતે મને વર્ણવે છે. (૧) નિર્ગુણ નિરાકાર તરીકે (૨) સગુણ નિરાકાર તરીકે અને (3) સગુણ સાકાર તરીકે. હું પહેલાં તને સગુણ નિરાકાર વિષે કહીશ અને એ સ્વરૂપમાં પરમાત્માનું શી રીતે ચિંતન કરવું અને કયા રૂપમાં એમનું ધ્યાન ધરવું તે સમજાવીશ. સાંભળ, આ પ્રકારમાં પરમાત્માને કવિ, પુરાણ, અનુશાસિત, ચૈતન્ય કરતાં પણ આધાર અને પોષક, સૂર્ય પ્રભારૂપ ઓજસ્વિતાધારી મુખમુદ્રાવાળા, અજ્ઞાન અને અંધકારથી પર એવા અદ્રશ્ય સ્વરૂપધારી તરીકે વર્ણવવામાં આવ્યા છે. "

અહીં અર્જુને શ્રીકૃષ્ણને બોલતા અટકાવી પૂછ્યું, " ભગવાન ! તમે કહ્યું કે તે કવિ છે ! મૃત્યુલોકના સામાન્ય માનવીઓમાં પણ અનેક કવિઓ હોય છે. તો તમે ખુદ પરમાત્માને કવિ તરીકે ઓળખાવી તેની નિંદા નથી કરી રહ્યા શું ? કે પછી એમને કવિ તરીકે ઓળખાવવામાં કંઈ જુદો અર્થ રહેલો છે ? સાચું શું છે તે મને કહો. શ્રીકૃષ્ણે કહ્યું, " કવિનો અર્થ માત્ર કાવ્યરચના કરનાર એટલો જ નથી થતો. કવિ એટલે એવી વ્યક્તિ કે જે ભૂત, વર્તમાન અને ભવિષ્ય વિષે જાણે છે - જે દ્રષ્ટા છે અને આમ એ વર્ણનમાં પરમાત્માનું જ વર્ણન છે. એ સર્વકાંઈ જાણે છે ; જુએ છે. આમ ' કવિ ' માં સર્વજ્ઞ ક્રાંતદર્શી એટલે કે જે આગળનું પગથિયું જુએ છે, એ અર્થ સમાયેલો છે. પરમાત્મા – પરમ તત્વ જ પ્રત્યેક હ્રદયમાં ગતિશીલ હોય છે અને ડગલે ને પગલે પરિવર્તન સર્જાવતું રહે છે. ' કવિ ' સર્વસર્જનનો પ્રેરક છે - તેનું પ્રેરક તત્વ છે, મૂળ તત્વ છે. તે કવિ છે અને આ સર્વકાંઈ તેની કાવ્યરચના છે. " અર્જુને આગળ પૂછ્યું, " ભગવાન ! તમે એમ પણ કહ્યું કે તે " પુરાણમાં છે એટલે - પ્રાચીન છે. એનો મર્મ પણ મને સમજાવો. " શ્રીકૃષ્ણ

ઉત્તર વાળ્યો, " અલ્બત્ત, પરમાત્મા સૌથી- સર્વથી વધારે પ્રાચીન છે, પણ એ જેટલો પ્રાચીન છે એટલો જ આધુનિક પણ છે. એ સનાતન છે, તે કાળ અને તેના પ્રારંભથી એ પર છે ; તે નૂતન પણ છે ક્ષણે ક્ષણે એ નૌતમ વર્તાય છે." પુરાણ " એટલે **पूरा नक्तिमति** - પ્રથમથી જ નૂતન, અને ભૂત અને ભવિષ્યની પ્રત્યેક ક્ષણે જેમાં નાવીન્ય દેખાય છે તે. "

" આ અનુશાસિત ' શબ્દ શું છે ? " - સ્વતંત્ર, સ્વાયત્ત – આધિપત્ય ધરાવનાર. એ સર્વના ધર્મ - ફરજ - કાર્ય વિષયક નિયમન કરે છે, પંચ તત્વો તેની આજ્ઞા અને આદેશોનું જ પાલન કરી રહ્યાં હોય છે. તેણે સ્થાપેલી મર્યાદાનું તેઓ ઊલ્લંઘન કરી શક્તા નથી. દુન્યવી નિયમ માનવીનો કાનૂન જેમાં કદી કંઈ ન કરી શકે તે છે આંતરવિશ્વની - અંતરની ક્રિયા - પ્રક્રિયા જે એના અકળ નિયમનને આધીન છે અને એ એક અબાધિત સત્ય છે. મનોરાજ્યનો એ વિધાયક છે, શાસક છે.

" ચોથો શબ્દ તમે જે વાપર્યો તે હતો અતિસૂક્ષ્મ ચૈતન્યરૂપ. "

" સૂક્ષ્મ, ચેતનમય... ? તને થયું હશે કે અતિસૂક્ષ્મ એવા અણુસ્વરૂપની આ વાત છે. ના, અતિસૂક્ષ્મ ચૈતન્યરૂપનો અર્થ છે નિર્ગુણ, ગુણરહિત - કંઈક એવું કે આંખ, કાન અને બીજી ઈન્દ્રિયોની સહાયથી જેનું માપ કાઢી શકાય નહિ, જેનું સ્વરૂપ ઓળખી શકાય નહિ. ગુણલક્ષણોનો જેમ વિલય થતો જાય તેમ ચૈતન્ય વિકસતું જાય. જેમ ગુણલક્ષણો વધારે તેમ ચૈતન્ય ઓછું ; ચાંચલ્ય કે ચાપલ્ય ઓછું. "

આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પંચતત્વોના પાંચ લક્ષણો છે : શબ્દ, સ્પર્શ. રૂપ, રસ અને ગંધ. પૃથ્વીમાં એ પાંચે લક્ષણો છે. જળ – પાણીના ચાર ગુણ છે ; અગ્નિના ત્રણ જ છે : રૂપ, સ્પર્શ અને શબ્દ ; વાયુના સ્પર્શ અને શબ્દ એમ બે જ ગુણો છે, અને આકાશમાં એક જ ગુણ છે - શબ્દ. એનો અર્થ એક કે બીજા કરતાં વધારે ચૈતન્યરૂપ છે અને અવકાશ એમાં સૌ પ્રથમ આવે છે.

" અને આ તો સ્પષ્ટ જ છે. પૃથ્વી જડ રૂપ હોઈ સ્થિર છે ; પાણી એથી વિશેષ ચેતનમય હોઈ તે વહે છે તેમાં ચંચળતા છે. અગ્નિ એથી પણ વિશેષ ચૈતન્યરૂપ હોઈ તે ઊર્ધ્વમાન - ઉપર જનાર - છે. વાયુ જે એથી પણ વધારે ચૈતન્યગતિ ધરાવે છે તે સર્વ દિશાએ હરીફરી શકે છે. આકાશને ફક્ત એક જ ગુણ છે. શબ્દ : તેને નથી સ્પર્શ, નથી રૂપ, નથી સ્વાદ કે નથી ગંધ. પરમાત્મા જે આ પંચતત્વોથી પણ પર છે. તેને તો આ પાંચ લક્ષણોમાંનું એક પણ નથી. તે અતિસુક્ષ્મ ચૈતન્યરૂપ છે. તે સર્વસ્વ અને સર્વવ્યાપ્ત છે. ગુણ વસ્તુને વજનદાર - જડ બનાવે છે. પરમાત્માને એ કશાનો બોજ નથી માટે તે સર્વ કાંઈ કરતાં વધારે ચૈતન્યરૂપ છે – અને અદ્રશ્ય છે, અસૂક્ષ્માત્યસૂક્ષ્મરૂપ છે.

" હવે બીજું વર્ણનાત્મક વિધાન : સર્વાધાર. એનો વિચાર કરવામાં આધાર અને આધેય એ બેના સ્વરૂપ અને સંબંધનો વિચાર કરવાનો છે. સર્વસર્જન - આંખથી જોઈ શકાય, કાનથી સાંભળી શકાય એ સર્વ કાંઈ ' આધેય ' છે એટલે કે આધારિત છે – અને એ સર્વ કાંઈ પંચતત્વોનું બનેલું છે, તેમાંથી સર્જાયું છે. આમ પંચતત્વ ' આધેય ' બની રહે છે અને તે બ્રહ્મ જે આધાર છે તે ઉપર આધારિત છે.

બ્રહ્મ એક માત્ર આધાર છે, એ કોઈ પણ બીજાં તત્વ પર આધારિત નથી કારણ બીજા કોઈ આધારનું અસ્તિત્વ જ નથી. અને તેથી તે સર્વાધાર છે - સર્વનું મૂળતત્વ છે અને સર્વ તે પર નિર્ભર છે.

" છઠ્ઠાં લક્ષણ વિષે પણ હું સ્પષ્ટતા કરીશ. '**अचिन्तय रुप**' : જેનું સ્વરૂપ અચિત્રાત્મક છે. એવું સ્વરૂપ કે જેની યથાર્થ કલ્પના કે આકારદર્શન - રેખાચિત્ર અશક્ય બની રહે છે. એનું કારણ એ છે કે એ મનથી પર છે. અને કલ્પના કે રેખાચિત્રનું સર્જન એ માનસિક પ્રવૃત્તિ છે. આમ એનું રૂપ અચિંત્ય છે એટલે કે કલ્પનાતીત છે. તું કદાચ આ સ્વીકારવા આનાકાની કરશે. પણ સમજી લે કે, ' મન ' પદાર્થતત્વ છે – તે અપ્રવૃત્ત હોઈ શકે તે ગતિહીન છે. એ ચંચળ છે. એ સાચું પણ તેથી તે ગતિશીલ કે ચૈતન્ય સભર છે એમ નથી. પણ બ્રહ્મ, પરમાત્મા એ વિશુદ્ધ ચૈતન્યરૂપ છે. તે શાશ્વત, સનાતન અને અવિનાશી છે. મન અને બ્રહ્મ બે ધ્રુવ સમાન છે. એક છે ચંચળ, અસ્થિર અને બીજુ દ્રઢ અને સ્થિર. બંને વચ્ચે કશો જ સંબંધ નથી. એક મૃત્યુને આધીન છે, બીજું શાશ્વત છે. ગતિહીન અને ગતીશીલ એકમેકથી ભિન્ન અને અલિપ્ત છે.

" તારા મનમાં કદાચ પ્રશ્ન થશે કે આ સંજોગોમાં સાધકે શું કરવું ? સાધકે હતાશ થવાનું કોઈ કારણ નથી. પરમાત્માને તે અચિત્રાત્મક, ચૈતન્યરૂપ તરીકે જુએ તો એટલું બસ છે. આ અને આ પ્રકારના વિચારો ઉપર મનન કરો અને તેનું ફળ તમને આપોઆપ પ્રાપ્ત થઈ રહ્યાનો તમને અનુભવ થશે. સાધકે પ્રથમ એટલું જાણી લેવાની જરૂર છે કે વિચાર - મનનની શી રીતો અપનાવવી.

આ તબક્કે અર્જુને શ્રીકૃષ્ણને વિનંતી કરી, " ભગવાન, હવે ઉતાવળ કરો. વખત ઝડપથી વહી રહ્યો છે. આ સમરાંગણની મધ્યમાં કોઈ નિર્ણય પર આવ્યા વિના કે જવાબદારી માથે લીધા વિના આમ સ્થિર બેસી રહી શકાય નહિ. યુદ્ધરૂપી રાક્ષસ જાણે આપણને ભરખી લેવા તેનું વિકરાળ હોં વકાસી આપણી સન્મુખ ઊભો છે. તમારી જે કંઈ સૂચનાઓ હોય એનું અણિશુદ્ધ પાલન કરવા હું તૈયાર છું હવે માત્ર વિલંબ ન થવો જોઈએ. માટે મને ' સગુણ – નિરાકાર ' જે બ્રહ્મનું સાતમું લક્ષણ દર્શાવ્યું છે તે વિષે બને એટલું ત્વરિત સ્પષ્ટીકરણ કરી બતાવો. "

" હા, સાતમું છે **आतित्यवर्णम्** : સૂર્યપ્રભારૂપ ઓજસ્વિતા જેની મુખમુદ્રા છે. એનો અર્થ છે : તે સૂર્ય સ્વરૂપ સ્વયં પ્રકાશિત છે. તે સ્વતંત્ર છે. જે વડે એ પ્રકાશિત છે તે પ્રકાશનો એ ધારક અને પ્રસારક છે. તે જ સૂર્ય પ્રભા છે. સૂર્યને તે પ્રકાશિત કરે છે અને તેથી તે આદિત્ય કહેવાયો છે. હું તને આઠમા ગુણધર્મ વિષે પણ કહી જ નાખું - **तमसः परस्तात्** - અંધકારથી પર. તે અંધકારનો અજ્ઞાનનો સાક્ષી માત્ર છે ; કારણ ' પર ' એટલે સાક્ષી- માત્ર જોનાર, તેના સ્પર્શ કે પરિણામનો ભોગ બનનાર નહિ, અને તને ખબર છે ? અજ્ઞાન જેવો ઘોર અને ભયાનક કોઈ અંધકાર નથી. આ અજ્ઞાનનો બીજો અર્થ છે ' માયા ' અને માટે **तमसः परस्तात्** એટલે માયાથી પર - માયાતીત.

" અર્જુન ! એક પળ તારી આંખો બંધ કર. તું શું અનુભવે છે ? – સંપૂર્ણ અંધકાર, ખરું ને ? એ અંધકાર છે એમ તેં શી રીતે જાણ્યું ? તું અંધકાર જોઈ તો શકતો નથી – તારી આંખો તો બંધ છે. તો

પછી ત્યાં અંધકાર છે એમ તું શી રીતે કહે છે ? અહીં બેનું અસ્તિત્વ છે, એક અંધકાર, બીજું અંધકારને જોનાર. જો તું પોતે જ અંધકાર હો તો તે અંધકારને શી રીતે જોઈ શકે વાર ? પણ ના, તું જોનાર, દર્શનકાર છે અને તેથી તું અંધકાર નથી. જે દેખાય છે તે છે અંધકાર ; તું તેનો જોનારો છે- તું સાક્ષી છે.

" હવે બીજી એક હકીકતનો વિચાર કર. માનવી અનેક વાર પોતાને અજ્ઞાની, અબૂધ તરીકે ઓળખાવે છે. પણ જો તે ખરેખર એવો અબૂધ કે વિવેકહીન હોય તો તેને પોતાના અજ્ઞાનનું શી રીતે ભાન થાય છે ? એ જ્ઞાન એને ક્યાંથી મળ્યું ? એ જ્ઞાન એનામાં ક્યારે પ્રવેશ્ય ? અને શી રીતે ?

" અ - જ્ઞાન, જે દેખાય છે, તે છે ; જોનાર છે જ્ઞાન. તું અજ્ઞાનનું દ્રશ્ય જોનાર છે - દ્રષ્ટા છે. આજ રીતે ઉપર વર્ણવેલાં આઠ તત્વરૂપો વિષે મનન કરવાનું છે. પરમાત્માના સ્વરૂપનું એ જ સાચું ધ્યાન - સાચી સાધના છે.

અર્જુન અહીં પૂછે છે, “ ભગવાન, માત્ર આ પ્રકારનું ધ્યાન પૂરતું છે કે પછી એના અનુસંધાનમાં બીજું કંઈ કરવાનું રહે છે ? "

“ અલ્બત્ત, નિયમિત આ ધ્યાન કરતા હો ત્યારે એ જોવું અત્યંત જરૂરી છે કે મન તેમાં જ એકાગ્ર હોય. વિવિધ વિષયો પાછળ એ ભમતું રહેવું ન જોઈએ. તે પેલાં એક મહદતત્વમાં જે પ્રેમ અને ભક્તિભાવથી લીન રહેવું જોઈએ. સામાન્ય રીતે માનવીનો પ્રેમ સાધારણ કક્ષાની અને ક્ષણિક એવી ચીજોમાં ચોંટી રહે છે અને પરિણામે માનવી નાસિપાસ બની નિરાશામાં અટવાતો રહે છે. આથી એવી ચીજોમાંથી પ્રેમભાવને ખેંચી લઈ તેને પરમાત્માના વિચારમાં કેન્દ્રિત કરવાનો છે. "

" હું તને ટૂંકમાં ભક્તિ શું છે અને તે શેમાં રહેલી છે તે વિષે કહીશ, સાંભળ ! ભક્તિ એટલે વ્યક્તિની સર્વ માનસિક પ્રવૃત્તિનું તેના આરાધ્યની – એટલે કે જેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું હોય તેની સાથે સંપૂર્ણ એકાકાર.

અહીં અર્જુને ભગવાનને અટકાવ્યા અને પૂછ્યું, “ અરે, પણ એ શકય જ શી રીતે બને ? ” અર્જુન ! એ શકય છે. ઈન્દ્રિયો વશ કરો, મનને તેના અસ્તિત્વને જેટલું બને એટલું ભૂંસી નાખો. અને અંતરનું શુદ્ધીકરણ કરો, શીર્ષની ટોચ પર્યત ઉકૃષ્ટ ભાવોનું ઊર્ધ્વિકરણ કરો, વ્યક્તિને આત્મિક સત્યની પ્રતીતિ થાય એ જુઓ અને જે ક્ષણે પ્રાણ શરીરનો ત્યાગ કરે ત્યારે ધ્યાનનું એકમાત્ર સ્થાનબિંદુ પ્રણવ- પ્રણવ - ૐ ને ૐ જ રહે એટલું કરો- એ સિદ્ધ કરનાર મને આવી મળે છે અને મારામાં સમાઈ જાય છે. એની માનસિક ક્રિયાપ્રક્રિયા મારી જ પ્રવૃત્તિ બની રહે છે. " શ્રીકૃષ્ણે કહ્યું.

વાચકોએ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને જે કંઈ કહ્યું એ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. ભગવાને ઇન્દ્રિયનિગ્રહ વિષે કહ્યું, તેના નાશ વિષે નહિ. સંયમ એટલે પ્રભુત્વ - સ્વાધિકાર. વ્યક્તિની ઈચ્છાને આધીન, તેને આજ્ઞાંકિત. નાશ એટલે ક્રિયાશીલતાનો અંત, સંપૂર્ણ નિષ્ક્રિયતા. ભગવાને બધી ઈન્દ્રિયો વિષે કહ્યું છે – એક કે બે નહિ. માનવીએ પ્રત્યેક ઈન્દ્રિયને પોતાને વશ રાખવી જોઈએ અને જે હેતુ માટે

તેનું નિર્માણ થયું છે તે સાધ્ય કરવાનો આવે ત્યારે તેનો યથાયોગ્ય ઉપયોગ કરવો જોઈએ. માનવીને ઈંદ્રિયો છે એટલા ખાતર તેને મુક્ત વિહાર માટે છૂટી મૂકી દેવી જોઈએ નહિ. જે તેમનું કાર્ય છે એ તેમની પાસે અવશ્ય લો પણ તમારા વ્યક્તિત્વ ઉપર અધિકાર જમાવી તમારો વિનાશ સર્જવા જેટલી છૂટ એમને કદી નહિ આપો. તેમને સખ્તપણે નીતિનિયમ અનુસાર પોતપોતાની મર્યાદામાં રહી કાર્ય કરવા દો. પરમ શક્તિમાન પરમાત્માનો એ જ હેતુ છે.

બીજી પણ એક વાત છે. તમારે વિવેકવિચાર દ્વારા એ શોધી કાઢવું જોઈએ કે તમે ખરેખર શી રીતે - કયે માર્ગે અંતરની વિશાળતા કેળવી શક્યો અને તે સાથે એ પણ વિચારો કે અશાંતિ શાથી પેદા થશે. પછી પહેલાંને નિશ્ચલપણે વળગી રહો અને બીજાંનો ત્યાગ કરો. એમ ન કરશો તો અસ્થિર મગજના વાનરની જેમ તમે આડાઅવળા માર્ગે ભટકતા રહેશો અને તમે ગૂચવાડામાં જ આમતેમ અટવાતા રહેશો. આજે અનેક સ્ત્રી - પુરુષો જે આપત્તિ અને અસંતોષનો ભોગ બની રહ્યાં છે એ શા કારણે ? ઈન્દ્રિયોનો જે અયોગ્ય અને અનિચ્છનીય ઉપયોગ થાય છે તે એ માટે કારણભૂત છે.

તમારા ઘરના પ્રત્યેક દ્વારથી ઘરમાં પ્રવેશનાર લાયક અને ગુણવાન લોકો કોણ છે તે તમારે નક્કી કરી તે વિષે બરાબર ધ્યાન રાખવું જોઈએ. જેઓને અમુક એક બારણેથી આવવાનું છે તેઓએ બીજાં કોઈ દ્વારનો ઉપયોગ ન કરવો જોઈએ. અને જો તેઓ એમ કરશે અને તમે તે વિષે ઉદાસીન રહેશો તો તે ઘરમાં અસંતોષ, અનિશ્ચિતપણું અને અવ્યવસ્થા જ જોવા મળશે. ખોટી દિશાએથી અનધિકૃત તત્વો પ્રવેશી ચૂકે પછી તેઓ સાથે બાથંબાથી કરવા કરતાં બહેતર છે કે એવી અવ્યવસ્થા વિષે પ્રથમથી સાવચેત રહી તે અટકાવવી. એવો અઘટીત પ્રવેશ એકાદ વખત આપણે જવા દઈએ પણ તેનું પુનરાવર્તન ન થાય એની તો તમારે પૂરતી કાળજી લેવી જ જોઈએ. એ જો કે ઉત્તમ રીત નથી છતાં સારી છે.

ફરીથી અર્જુનના મનમાં સંશય પેદા થતો જણાયો. જો ઈંદ્રિઓનો સંપૂર્ણ નિગ્રહ કરવામાં આવે તો કોઈ પણ ક્ષણે નું ઉચ્ચારણ શી રીતે થઈ શકે ? શ્રીકૃષ્ણ એ સમજી ગયાં. તેમણે પોતે જ એનો રદિયો આપવા માંડયો, “ અર્જુન ! ॐ નો ઉચ્ચાર તમારા મનગગનમાં કરવાનો છે - ઈન્દ્રિય સંચાલિત અંગરૂપી મ્હોંથી નહિ ! " બીજા એક સંશયના નિવારણ અર્થે અર્જુને પ્રશ્ન કર્યો, “ તમે કહ્યું, **जपतोनास्ति पातकम्** - જે જપધ્યાન કરે છે તે પાપથી મુક્ત રહે છે, પણ જપ જો માનવીને પાપયુક્ત જીવનથી ઉગારી લે તો પછી મોક્ષનું શું ? સ્પષ્ટ છે કે જપ મોક્ષની પ્રાપ્તિ કરાવવા અસમર્થ છે ; જપ વડે માનવી પરમાત્માનું મૂર્ત સ્વરૂપ ઘડી શકે નહિ અને તેની કલ્પના કે દર્શનમાં એકાકાર થઈ શકે નહિ.

અર્જુને જ્યારે આ સંશય ઉપસ્થિત કર્યો ત્યારે ભગવાનને આનંદ થયો. “ પાર્થ ! તારો પ્રશ્ન ઘણો મહવનો છે. પણ મને એટલું કહી દેવા દે કે મોક્ષને બીજા પદાર્થો કે સિદ્ધિઓથી છુટું પાડી તે માટે પ્રયત્ન કરવાનો હોતો નથી. ૐકાર યથાર્થ રીતે થાય અને તેનો એટલે કે પરમતત્વ - પરમાત્માનો મર્મ સમજી તે ઉપર ધ્યાન કેન્દ્રિત થાય તો તમે પરમાત્માને પ્રાપ્ત કરી શકો છો બીજા શબ્દોમાં કહીએ તો તમે મોક્ષ મુક્તિ સિદ્ધ કરી છે. ” અર્જુન એના મુદ્દાને વળગી રહ્યો અને તેણે પૂછ્યું, “ ભગવાન ! જપ વડે બન્ને

પરિણામો સિદ્ધ કરવાં એ શક્ય છે ખરું ? એમ કહેવું એ તમારે માટે તો સહેલું છે પણ જપ અને ધ્યાનનો માર્ગ જ્યારે અપનાવીએ ત્યારે મુશ્કેલી શરૂ થાય છે."

શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, " આ જ હેતુથી મેં શરૂઆતમાં અભ્યાસયોગ અને તેની મહા વિષે કહ્યું હતું. અડગ અભ્યાસ વડે તમે બન્ને પરિણામો સિદ્ધ કરી શકો છો ; પાપવૃત્તિથી મુક્તિ અને મોક્ષ. સંભવ છે કે તને અભ્યાસનું મહત્વ સમજાયું ન હોય. કેવો મૂર્ખ લાગે છે તું. અર્જુન ! અરે, તને એ નથી સમજાતું કે અભ્યાસને પરિણામે એક મૂક અને અબુધ પ્રાણી કેવાં મુશ્કેલ કાર્યો સિદ્ધ કરે છે ? આ તારા રથને જોડેલા ઘોડાઓ તરફ જો, આ હાથીઓની હરોળ તરફ જો ; તેઓ યુધ્ધક્ષેત્રે એવી સહાય આપે છે કે જે બુધ્ધિ જેવું શ્રેષ્ઠ લક્ષણ ધરાવનાર માનવી આપી શક્તો નથી. એ બધું શી રીતે શક્ય બન્યું તેનો વિચાર કર. અરણ્યમાં વસતા આ હાથીઓને આ યુદ્ધની તાલીમ ક્યાંથી મળી ? અરણ્યમાં જ એ મળેલી કે ? અગર તું શું એમ માને છે કે રણાંગણમાં યુધ્ધ ખેલવું એ એમનો સ્વભાવ જ છે ? ના, ના. તેઓની આ કુશળતા અભ્યાસના મૂલ્ય અને મહાની સાબિતી છે.

એ જ રીતે શૈર્યથી મનને ઈન્દ્રિયોમાંથી બહાર ખેંચવાનો અભ્યાસ કરો. પછી તેમાં એવું કૌશલ્ય આવશે કે જે તમને બંધનમાંથી મુક્ત કરશે. મને ફરી કહેવા દે કે જેઓ મૃત્યુ ક્ષણે - અંતિમ શ્વાસની ઘડીએ પ્રણવ - ૐકારનું રટણ કરે છે તેઓ પરમાત્માને પ્રાપ્ત કરે છે - પરમ તત્વ સિધ્ધ કરે છે. " શ્રીકૃષ્ણ ભારપૂર્વક કહ્યું.

અર્જુને હિંમત કરી બીજો પ્રશ્ન પૂછ્યો, " ભગવાન ! એ સારી વાત છે કે જેમાં અંતિમ ક્ષણે પ્રણવનું ઉચ્ચારણ કરે છે તેઓ પરમાત્માને પ્રાપ્ત કરે છે - પરમાત્મા સાથે એકરૂપ થઈ જાય છે - પણ જેઓ એ નથી કરી શકતા તેઓનું શું ? તેઓની સંખ્યા અનેકગણી વધારે હશે એ નિશ્ચિત છે. તેઓને મુક્તિની - મોક્ષની કોઈ તક ખરી ? સર્વશક્તિમાન પ્રભુના દરબારમાં શું ફક્ત થોડાં જ એ આનંદના અધિકારી બને છે ? જેઓ દુઃખી અને દરિદ્ર છે એ માટે ત્યાં કંઈ જ વ્યવસ્થા નથી ? તેઓ ક્યાં જાય છે, તેઓને ક્યાં પ્રવેશ મળે છે તે મને કહો. "

" અર્જુન ! ધ્યાન રાખ. તું એક મોટી ભૂલની ભીંસમાં સપડાઈ રહ્યો છે. પરમાત્મા નિર્બળ અને બળવાન, કે ઉચ્ચ અને નીચનો ભેદ સમજતાં નથી. એના દરબારમાં એવો ભેદભાવ દર્શાવવામાં આવતો નથી, પરમાત્માની દ્રષ્ટિ એવા ભાવથી કદી ઝાંખી પડતી નથી, છવાઈ જતી નથી. સૌ કોઈ તેની કૃપાને પાત્ર છે. સૌ કોઈને તેના દરબારમાં પ્રવેશવાનો હક્ક છે. તેના દ્વાર સર્વદા ખુલ્લાં જ હોય છે. ત્યાં કોઈને પણ પ્રવેશતાં અટકાવવા ચોકીદાર ઊભા હોતા નથી. કોઈને રોકવામાં આવતો નથી ; કોઈને આમંત્રણ હોતું નથી. સૌ કોઈને પ્રવેશની છૂટ છે. કોઈ પ્રવેશદ્વાર પાસે જ ન આવે તો કોણ શું કરી શકે ? જેઓને ઉષ્ણતા જોઈએ છે તેઓએ સગડીની ઠીક ઠીક સમીપ જઈ ત્યાં બેસવું પડે છે. જેઓ દૂર જ ઊભા રહે છે તેઓ તો માત્ર સગડીના અગ્નિને સળગતો જોઈ ત્યાં અગ્નિ છે એટલું જાણી શકે. દૂર ઊભેલો એવો કોઈ માનવી જો કહે કે પેલા અગ્નિમાં ઉષ્ણતા નથી તો એવા માનવીને તું શું કહીશ ? ખરેખર, તેનું મગજ ઠેકાણે નથી એમ તું નહિ કહે ?

પ્રભુના સાક્ષાત્કાર માટે જેઓ ઉત્સુક છે જેઓ સૌ પ્રભુના દરબારમાં પ્રવેશવાની ઈચ્છા ધરાવે છે અને તેઓની એ ઈચ્છા ફલિત થાય એ માટે નિરંતર પ્રયત્ન કરે છે તેઓ સૌને પ્રવેશની છૂટ છે અને તેઓ સૌ માટે ત્યાં સ્થાન છે- પૂરતી વ્યવસ્થા છે. હાં, પ્રત્યેક વ્યક્તિ જીવનની અંતિમ ક્ષણે ' પ્રણવ ' નો ઉચ્ચાર કે મનમાં તેનું રટણ ન કરી શકે. તેથી જ એમ કહ્યું છે કે પ્રભુનું નિરંતર નામસ્મરણ એવી શક્તિ સર્જે છે કે જેને પરિણામે પ્રભુને તમારા યોગક્ષેમનો ભાર - અહીં અને પરલોકમાં પણ - વહન કરવાની સહજ રીતે જ ભાવના થાય છે. અલ્બત્ત, એ પણ દીર્ઘકાળ પર્યંત અને નિયમિત કરવાની આવશ્યતા છે. સાધના વડે સર્વ કાંઈ સિદ્ધ થાય છે સ્થિર અને કઠીન સાધના.

# અધ્યાય ૧૭

" જે કોઈ મારા સિવાયના બીજા કોઈ વિચારમાં રત નથી ; જે મારું જ સતત સ્મરણ કર્યા કરે છે તે મસ્તિષ્કને ઊર્ધ્વ માર્ગે આત્માનો ત્યાગ કરશે – અંતિમ શ્વાસ લઈ સભાનાવસ્થામાં મૃત્યુને વરશે, અને તે મને પ્રાપ્ત કરશે. તે જેટલો મારી સમીપ છે તેટલો જ હું તેની સમીપ છું. પ્રિય અર્જુન ! જે મને કદી ભૂલતો નથી અને હું શી રીતે ભૂલી શકું, ભલા ? મને કહેવા દે કે વિસ્મરણ એ માનવીય નિર્બળતા છે – તે પરમાત્માનું લક્ષણ નથી. યોગ, તપ કે જ્ઞાન કશું જ આવશ્યક નથી. મન કે શરીરની નબળાઈને પરિણામે તમે એમાંનું કશું જ ન કરો અથવા તમે સશક્ત હોવા છતાં તમને એ સિદ્ધ કરવાની ભાવના ન થાય એનું કશું જ મહત્વ નથી અને એથી કશો જ ફેર પડતો નથી. હું યોગ કે તપનો આગ્રહી નથી. હું માત્ર એટલું ઈચ્છું છું કે તમારું મન મારામાં મગ્ન હોય, મારાં ધ્યાનમાં સ્થિર હોય. તમારું મન મને સોંપી દો, મને તે અર્પણ કરી દો – બસ આથી વધારે હું કશું જ માગતો નથી. "

" જો સાધક પરમાત્માને આટલું સમર્પણ કરવાની ચેષ્ટા ન કરી શકે તો એની સાધના શું સિદ્ધ કરી શકે એ હું જાણતો નથી ; અથવા કહો કે એ વિષે મને શંકા છે. જો તમે એવો દાવો કરતા હો કે તમે જરૂરી મનોબળ ધરાવતા નથી તે હું પૂછું છું કે, નિરર્થક આદર્શોને કુટુંબ કીર્તિ અને સંપત્તિની મિથ્યા સૃષ્ટિને વળગી રહેવાનું મનોબળ તમને ક્યાંથી પ્રાપ્ત થાય છે ? એજ મનોબળ શું તમે પેલા સર્વોત્કૃષ્ઠ સમર્પણભાવની સિદ્ધિ અર્થે ઉપયોગમાં ન લઈ શકે ? વિષયુક્ત આનંદ માટે માનવી પોતાનું સર્વ કાંઈ ન્યોછાવર કરવા તત્પર થઈ જાય છે પણ તેના વિચારો અને ભાવો પરમાત્મા પ્રત્યે વાળવાનું તેને કહેવામાં આવે છે ત્યારે તે અકળાઈ ઊઠે છે અને જાણે તેને માથે આકાશ તૂટી પડ્યું હોય તેમ વર્તે છે. તેને મોક્ષ બજારમાંથી ખરીદી શકાય એવી કોઈ શાકભાજી જેવું સસ્તું જણાય છે. આમ સરળતાથી બંધનમાંથી છટકી જવાનો માર્ગ એ શોધતો હોય છે ! તે એટલો ઉત્સુક કે પ્રવૃત્ત બનતો નથી પણ છતાં આધ્યાત્મિક ક્ષેત્રે ઘણું ઘણું પ્રાપ્ત કરવાની તે સતત ઈચ્છા કરતો હોય છે. તે તપ કરતાં **તમસ્** વધારે ડૂબેલો રહે છે પણ તે ઈચ્છા તો માત્ર તપ જે ફળ આપી શકે તેની જ કરતો હોય છે.

જેઓ ફળ પ્રાપ્તિની સાચી ઈચ્છા ધરાવે છે તેઓએ પ્રથમ તો સર્વ અવરોધો, પ્રલોભનો, શંકાકુશંકા અને હતાશા પર વિજય મેળવવાનો છે, અને પછી પ્રભુના ધ્યાનમાં પરમતત્વના સતત ધ્યાનમાં મગ્ન રહેવાનું છે. પછી પરમાત્મા દુર રહેશે નહિ ; સાધકને તે સમકક્ષાએ સ્થાપશે અને ત્યારે સાધક કહેશે અને અનુભવશે : **अहं ब्रह्मास्मि** - હું એ તું જ છે ; તું હું જ છું ; આપણે એક છીએ. આમ સાધક આ એકત્વભાવનું અવિરત ધ્યાન ધરતો થઈ જશે. આ કહેવાય છે અનન્યભાવ. "

અર્જુને પૂછ્યું, " તમે કહો છો કે આ અનન્યભાવ, આ અનન્ય ભક્તિ એ સાવ સહેલી વાત છે અને એ માટે કોઈ મોટી તકલીફ ઊઠાવવાનું જરૂરી નથી ; તમે એમ પણ કહો છો કે જેઓએ એ સિદ્ધ કરી છે તેઓને તમે સહજ પણે પ્રાપ્ત છો ! હવે એ રીતે તમને પ્રાપ્ત કરવામાં એવો મોટો ખરો લાભ શો ?"

આ સાંભળી શ્રીકૃષ્ણ હસ્યા અને ઉત્તર વાળ્યો : " અર્જુન ! એથી મોટો લાભ જ કયો છે ? એ ધર્મવિજય નાશવંત માનવીને ' મહાત્મા ' નું બિરૂદ અપાવે છે. તું કદાચ આગળ પૂછીશ કે એમ મહાત્મા બનવાનો શો લાભ ? સાંભળ. સામાન્ય માનવી કરતાં મહાત્મા અનેકગણો શ્રેષ્ઠ છે. માનવી - જીવાત્મા શરીરમાં સ્થિર થઈને બેઠો હોય છે, તે પાણીની એક લહર જેવો દેહ - શ્વાસરૂપ છે. તેથી તે આનંદ અને યાતનામાં અટવાતો રહે છે, એવી પ્રત્યેક અનુભૂતિ સાથે ક્યાં તો એ ઉપર તરી આવે છે કે ક્યાં તો પછડાટ ખાતો જણાઈ આવે છે. શાંતિ અને તુફાનના ગજગ્રાહ વચ્ચે અનેક આઘાતો અનુભવતો એ આમતેમ આળોટતો રહે છે.

મહાત્મા આવા કોઈ પણ દ્વૈતભાવ કે અનુભવથી મુક્ત હોય છે. તે પાણીની અમુક એક લહર જેવો નથી. કોઈ એક સ્વરૂપ સાથેના સંબંધથી એણે પોતાની જાતને મુક્ત કરી દીધી હોય છે, અને તેનું જીવન સર્વવ્યાપ્ત, શાશ્વત, અપરિવર્તનશીલ બ્રહ્મભાવરૂપ અને નહિ કે જીવભાવરૂપ હોય છે. તે જાણે છે કે આત્માનું સ્વરૂપ મર્યાદિત નથી. તે સર્વવ્યાપક હોવાની તેને અનુભૂતિ થાય છે, **તમસ્** અને **રજસ્** ની અસરથી પણ તે મુક્ત છે ; તે નીરસ નથી તેમ તૃષ્ણાનો માર્યો ભટકતો પણ નથી, આસક્તિ કે ધિક્કારભાવથી અલિપ્ત તે પરમ પવિત્ર ચૈતન્યરૂપ છે. આજના યુગમાં પોતાને એ રીતે ઓળખાવનારાઓમાં અનેક અંતરની એ પરમ શુદ્ધિ ધરાવતા હોતા નથી. તેઓનું ચિત્ત મલિન ભાવો અને વિચારોથી કલંકિત હોય છે. જે અંતરથી પવિત્ર છે તે જન્મ - મરણના બંધનથી મુક્ત છે. તેઓને ફરીથી જન્મ ધારણ કરવો પડતો નથી. તમે ગમે એવાં અને ગમે એટલાં મહાન કાર્યો કર્યા હોય, આધ્યાત્મિક ક્ષેત્રે તમારું સ્થાન ગમે એટલું ઊંચું હોય, ગમે એવાં ભવ્ય સ્વર્ગ ની દુનિયામાં તમે વસતા હો, પણ ચિત્તની – અંતરની એ પવિત્રતા અને શુદ્ધિની પ્રાપ્તિ વિના, જન્મમરણના ફેરામાંથી તમે ઉગરી શકતા નથી. જેઓ સર્વદા એ બ્રહ્મભાવમાં રમમાણ હોય છે તેઓ જ સનાતન અને શાશ્વત એવા મને પ્રાપ્ત કરી શકે છે, અને મારામાં સમાઈ જઈ જીવનચક્રથી અળગા થઈ મુક્ત થઈ જાય છે. "

આ સાંભળી જે બીજો એક પ્રશ્ન અર્જુનને અકળાવી રહ્યો હતો તે તેણે રજૂ કર્યો. “ જો એમ હોય તો ઉપનિષદો પોકારીને કહે છે કે જેને સ્વર્ગ – બ્રહ્મલોકની પ્રાપ્તિ થઈ છે તેણે ફરી જન્મ લેવાનો રહેતો નથી એ શા માટે ? આ જન્મમરણના ચક્રમાંથી ખરેખર કોણ મુક્ત થાય છે તે કૃપા કરી મને સ્પષ્ટ સમજાવો. "

" અર્જુન ! ઉપનિષદમાં બે પ્રકારની મુક્તિ વિષે ઉલ્લેખ છે : સદયો- મુક્તિ યા સદગતિ અને ક્રમમુક્તિ. સદયોમુક્તિને કૈવલ્યમુક્તિ પણ કહેવામાં આવે છે. એની પ્રાપ્તિ માટે કોઈએ પણ સ્વર્ગ પ્રાપ્તિની ઈચ્છા કરવાની જરૂર રહેતી નથી. એ કૈવલ્યમુક્તિ તો તત્ક્ષણ ત્યાં જ - એક સ્થાને જ પ્રાપ્ત થાય છે. એક એક પગથિયું આગળ વધતાં અંતે ત્યાં પહોંચાય એવું હોતું નથી. આ રીતે સિદ્ધ કરેલી મુક્તિ સર્વ કાળ માટે હોઈ તે કોઈ છીનવી શકતું નથી. બાકીની બીજા પ્રકારની મુક્તિ પરિવર્તનશીલ છે. જ્યારે મૂળ સિદ્ધિની માત્રા ક્ષિણ થતી જાય છે, ત્યારે અંતે સ્વર્ગનો અધિકાર લુપ્ત થાય છે અને મૃત્યુલોકના ફેરા નવેસરથી શરૂ થાય છે. આ કક્ષાના આત્મા પરમતત્વ સાથે એકરૂપ થઈ તેમાં સમાઈ

જતા નથી - તે એવી યોગ્યતા ધરાવતા નથી. જેઓ કૈવલ્યધામના, નિર્વિકલ્પ નિર્વાણસ્થિતિના અધિકારી બની શકે છે તેઓ જ માત્ર સર્વવ્યાપ્ત શાશ્વત પરમાત્મતત્વ સાથે એકરૂપ થઈ તેમાં સમાઈ જાય છે. "

અર્જુને સંશય વ્યક્ત કર્યો, " એનો અર્થ એ થયો કે જે આત્મા કૈવલ્ય - મોક્ષ પ્રાપ્ત કરે છે તે વિનાશ પામે છે, કે પછી લય અને નાશ એ બેમાં કંઈ તફાવત છે ?

" ના ", અર્જુન ! " લય એ નાશ નથી. જ્યારે કશું અદ્રશ્ય થાય છે ત્યારે લય થયો કહેવાય છે. "

અર્જુન કહે છે : " પણ કોઈ વસ્તુનો નાશ થાય છે ત્યારે તે અદ્રશ્ય જ થાય છે ને ? પછી આપણે તે જોઈ શકીએ છીએ ? "

પણ કોઈ ચીજ દ્રષ્ટિથી દૂર થાય, અગોચર થાય એટલાથી તમે એનો વિનાશ થયો છે એમ શી રીતે કહી શકો ? ના, સાકર કે સબરસનો ગોળો પાણીમાં મૂકો. તે અદ્રશ્ય થાય છે. તમે એને જોઈ શકતા નથી તો શું તેનો નાશ થયો છે એમ તમે કહેશો ? કે વિલય થયો છે એમ કહેશો ? સ્વાદ બતાવશે કે તેનું અસ્તિત્વ છે ; તેના સ્વરૂપનો વિલય થયો છે પણ તેના ગુણ વડે તે વિદ્યમાન છે. જીવ પણ બ્રહ્મમાં એ જ રીતે લય પામે છે. તેનો વિનાશ થતો જ નથી. જીવ આત્માનો એ રીતે લય ન થાય તો બને છે એવું કે તે સ્વર્ગ અને મૃત્યુલોક વચ્ચે ઝોલાં ખાતો રહે છે ; ફરતો રહે છે. સ્વર્ગ માણવાની થોડીઘણી યોગ્યતા પૂરી થતાં મોક્ષપ્રાપ્તિ અર્થે આગળ પ્રયત્ન કરવા તે ફરી મૃત્યુલોકમાં અવતરે છે. "

અર્જુનનો સંશય હજુ દૂર થયો ન હતો. તેણે પૂછયું, " હે કૃષ્ણ તમે કહો છો કે સપ્તસ્વર્ગ - સર્વોત્કૃષ્ટ બ્રહ્મલોકની પ્રાપ્તિ પણ માનવીને જન્મ - મરણના બંધનમાંથી મુક્ત કરી શકતી નથી તે હવે મોક્ષપ્રાપ્તિનો રાજમાર્ગ કયો બાકી રહ્યો તે કહેશો ? શું તમે એમ કહેવા માગો છો કે જેઓ સ્વર્ગ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે, તપશ્ચર્યા કરે છે, કષ્ટ વેઠે છે તેઓએ એટલું કરીને સંતોષ માની બેસી રહેવાનું છે ? "

શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો, " પાર્થ ! આ સર્વ સ્વર્ગલોકને પેલે પાર એવું દિવ્યલોક, દિવ્યધામ રહેલું છે કે જ્યાંથી નીચે આવવાનું રહેતું નથી. એ દિવ્યધામ પહોંચવાના અનેક માર્ગો છે. એ માર્ગોથી અજ્ઞાત, એ દિવ્યલોકના આનંદથી અજ્ઞાત માનવી એવા અન્ય માર્ગોનો આશરો લે છે કે જે ક્યાં તો ભૂલાવામાં નાંખી દે એવા વાંકાચૂકા હોય છે અથવા તો સીધા, સરળ અને સુખદાયક હોય છે. કયો માર્ગ સાચો અને કયો ખોટો એ સમજવાની વિવેકબુધ્ધિ તે ધરાવતો નથી.

" હું તને કહી જ દઉં : માનવજાત આજે ચાર જુદા જુદા માર્ગો અપનાવે છે. (૧) કર્માતીત, એટલે કે, કર્મથી અલિપ્ત, કર્મથી પર, (૨) નિષ્કામ કર્મ, ફળની ઈચ્છા વિનાનું કર્મ, કર્મના પરિણામની ભાવનાથી પણ જે કર્મ અલિપ્ત છે (૩) સકામ કર્મ. કર્મના ફળ અને આનંદ લૂંટવાની આકાંક્ષાપ્રેરિત કર્મ, અને (૪) કર્મભ્રષ્ટ.ભ્રષ્ટ કર્મ કે જે સંયમ કે સીમાને જાણતું નથી.

" જેઓ કર્માતીત છે તે જીવનમુક્ત છે, જ્ઞાનરૂપ અગ્નિમાં એઓના સર્વ કર્મો બળીને ભસ્મ થઈ

ગયાં હોય છે, અને જે જ્ઞાન એમને પ્રાપ્ત થયું હોય છે તેમાં એઓની સર્વ વૃત્તિઓનો, કામનાનો, કર્મની સર્વ ઈચ્છાનો આદળ થઈ ગયો હોય છે. વિધિ - વિધાન અને નિષેધની તેઓને કોઈ આવશ્યક્તા નથી. દાન, ધર્મ કે ધર્મમય જીવન અને કઠીન તપશ્ચર્યા જેવી સાધના પણ તેઓને આવશ્યક નથી. તેઓ જે કંઈ કરશે, અનુભવશે કે વિચારશે તે સાહજિક રીતે જ દિવ્ય, પવિત્ર અને સત્યુક્ત હોઈ સમગ્ર માનવજાત માટે શુભકારક અને લાભદાયી નીવડશે. જે ભૂમિ પર તેઓના પગલાં પડે છે તે ભૂમિ પવિત્ર થઈ જાય છે, જે શબ્દ એઓના મુખમાંથી નીકળે છે તે બ્રહ્મવાક્ય કે વેદવાણી બની રહે છે. તેઓના અંતિમ શ્વાસ પછી મૃત્યુ થતાં તેઓએ સ્વર્ગલોક ભણી પ્રયાણ કરવું પડતું નથી. તેઓ તો તત્પણ સમસ્ત બ્રહ્મમાં ભળી જાય છે, પરબહ્મમાં વિલીન થઈ જાય છે. કૈવલ્યમુક્તિ, બ્રહ્મપ્રાપ્તિ કે સદયોમુક્તિ સિદ્ધ કરનાર જીવોનો મેં ઉલ્લેખ કર્યો તે આ વર્ગના આત્માઓ છે.

હવે બીજો વર્ગ : નિષ્કામ કર્મના ઉપાસકો. મુક્તિમાર્ગના એઓ સચેત પ્રવાસીઓ છે અને મોક્ષપ્રાપ્તિ માટે કૃતનિશ્ચયી છે. એઓ મુમુક્ષુ કહેવાય છે. પ્રત્યેક કર્મ પ્રભુપ્રાપ્તિના માર્ગનું એક પગથિયું છે એવી નિષ્ઠાથી તેઓ કર્મ કરે છે, આથી તેઓના હાથે કદી ય કશું ખરાબ કે અનિરછનીય થવું અસંભવ છે, તેઓ પરિણામનો વિચાર કરતા નથી, અને સૌ તેઓ પ્રભુ ઉપર છોડી છે. તેઓ દુન્યવી આશયોથી પ્રેરાઈ પ્રવૃત્ત થતા નથી તેમ સ્વર્ગ સુખની તૃષ્ણામાં પણ તણાતા નથી. તેઓનો એકમાત્ર ઉદ્દેશ છે ; મૃત્યુલોકના બંધનથી મુક્તિ. તેઓની શ્રદ્ધા અને સાધનાની દ્રઢતાના પ્રમાણમાં તેઓ પ્રભુકૃપાના અધિકારી બને છે.

ત્રીજો વર્ગ છે જે સકામ કર્મમાં માને છે. એઓ ફળપ્રાપ્તિની ઇચ્છાને વશ રહી સર્વ કર્મ કરે છે. ફળપ્રાપ્તિનું ધ્યેય એમની દ્રષ્ટિ સમક્ષ હોવાથી તેઓ માત્ર એવા કર્મોમાં પ્રવૃત્ત રહે છે કે જે શાસ્ત્રમાન્ય હોય. તેઓ બાધ્ય કે પાપકર્મ કદી આચરતા નથી. પ્રત્યેક કર્મ એ કેવું ગુણદાયક નીવડે છે, કેવું સુખ પ્રદાન કરનારું નીવડે છે અને સ્વર્ગ પ્રાપ્તિના ધ્યેયમાં કેવું સહાયભૂત નીવડે છે તેનો વિચાર કરી તેઓ તેમાં પ્રવૃત્ત થાય છે. આવા માનવી જ્યારે મૃત્યુલોકની વિદાય લે છે ત્યારે, તેઓએ જેની પ્રાપ્તિ માટે સતત પ્રયાસ કર્યો હોય છે એવાં અપાર્થિવ વિશ્વમાં- પરલોક, સ્વર્ગલોકમાં પ્રવેશ કરે છે અને તેઓની યોગ્યતાનુસાર, સિદ્ધિ અનુસાર જેટલો સમય ત્યાં ગાળવા અધિકૃત બન્યા હોય છે તે પૂર્ણ થતાં ફરી મૃત્યુલોકમાં અવતરે છે.

ચોથા વર્ગના લોકો કોઈપણ આચારસંહિતાને આધીન રહી વર્તતા નથી હોતા. તેઓ કોઈ સિદ્ધાંત કે આદર્શનું બંધન સમજતા નથી અને ગુણ - અવગુણ, સત્ય - અસત્ય કે યોગ્ય - અયોગ્યના ભેદમાં તેઓ માનતા નથી. તેઓને નથી નર્કની બીક, નથી સ્વર્ગની કલ્પના, નથી દાનવનો ડર, નથી દેવ પ્રત્યેનો પૂજ્યભાવ, નથી શાસ્ત્રો માટે કોઈ માન કે નથી કોઈ ધર્મદ્રષ્ટિ ! માનવરૂપધારી પશુઓ તરીકે તેઓને વર્ણવી શકાય, અર્થાત્ એ જ તેઓનું સાચું સ્વરૂપ છે. માનવજાતનો મોટા ભાગ આ અભાગી વર્ગમાં સમાવિષ્ટ છે. તેઓ ક્ષણિક ખુશી, ક્ષણજીવી સુખ, અલ્પજીવી આનંદ અને ક્ષણભંગુર સુખદ કાળ માટે વલખાં મારે છે. તેઓને માનવી જેવું દેહરૂપ ધરાવનાર વાનર તરીકે ઓળખાવવા એ પણ

મોટી ભૂલ છે, કારણ વાનર એક ડાળીથી બીજી ડાળીએ, એક ઝાડથી બીજા ઝાડે કુદતો રહે છે. ભાવાર્થ એ કે વાનર બીજી ડાળી કે ઝાડ પર કૂદતાં પહેલાં સ્થાનથી છુટો પડે છે, મુક્ત થાય છે. પણ માનવી તો કીડા જેવો છે. એક પાંદડેથી બીજે પાંદડે જતાં પહેલાં એ કીડો તેના આગળના પગ નવા પાંદડા પર બરાબર ગોઠવે છે અને ત્યાર પછી જ એના પાછલા પગ જે પાંદડા ઉપર માંડ્યા હોય છે ત્યાંથી ધીમેથી ઊઠાવી તે છુટા કરે છે.

એનો અર્થ એ છે કે માનવી – આ જીવનના તેના કૃત્યો વડે તેનો નવો જન્મ - પુનર્જન્મ કેવો હશે, ક્યાં હશે તે પોતે જ નિશ્ચિત કરે છે. નવું સ્થાન તેને માટે તૈયાર જ છે, તેના આગલા અવયવો ત્યાં પહોંચી પણ ગયા છે. અરે ! એ નિશ્ચિત થાય પછી જ તે આ જીવન, આ વિશ્વ ઉપરની તેની પોતાની પકડથી મુક્ત થાય છે ! આ કક્ષાના માનવી જન્મમરણના અવિરત ચાલતાં ચક્રમાં ફરતા જ રહે છે, ફરતા જ રહે છે. અર્જુન ! જન્મ અને મૃત્યુની ઘડી એવી સુભગ હોવી જોઈએ કે જેથી જ્ઞાનમય જીવન અને સાર્થક મૃત્યુ આવી મળે. દ્રષ્ટાંત તરીકે યોગીઓ એવી સુભગ ક્ષણે જ દેહત્યાગ કરે છે. એટલે જ કહેવાય છે કે : " જ્યાં માંગલ્ય છે ત્યાં મૃત્યુ તેનું સાક્ષી બની રહે છે. " મૃત્યુક્રિયા માટે શુભ ઘડી જોવી પડે છે.

અર્જુને પૂછયું, “ હે શ્રીકૃષ્ણ ! જન્મમરણના ચક્રમાંથી મુક્ત થઈ જવાય એ રીતે દેહ મૃત્યુને અર્પણ કરવો હોય તો એ મૃત્યુશરણ કયારે સ્વીકારવું જોઈએ એ કહો અને સાથે એ પણ કહો કે એ માટે કયો સમય ટાળવો જોઈએ. " શ્રીકૃષ્ણ જવાબ આપ્યો, “ પાર્થ ! તારો પ્રશ્ન ખૂબજ સમયોચિત અને તાકીદનો છે. ક્યારેક તો તું તારી બુદ્ધિના ચમકારામાં મને આંજી દે છે અને મને ઘણો આનંદ થાય છે. જ્યારે કયારેક તારાં અજ્ઞાન પર મને હસવું આવે છે. તારાં અહમ્ - ભાવે અને આસક્તિ આ ગુંચવાડો પેદા કરે છે. એ દૂર કરી દે. હવે તારો પ્રશ્ન જોઇએ.

નિષ્કામ કર્મના જે યોગીઓ છે તેઓ ઉત્તરાયણના છ મહિનાઓમાં શુક્લપક્ષના કોઈ શુભ દિવસે તેજકાળમાં - એટલે કે પ્રકાશ હોય એવા દિવસના સમયમાં દેહ છોડે છે. તેઓની પ્રથમ સ્થિતિ અગ્નિરૂપ છે, આથી તેઓનો માર્ગ દેવયાન કહેવાય છે અથવા અગ્નિનું બીજું નામ **अर्चि** ઉપરથી તે **अर्चिरादिमार्ग** કહેવાય છે. આવા યોગીઓ પ્રકાશમાંથી ઉદભવી, પ્રકાશમાં વિહાર કરી પ્રકાશમાં વિલીન થાય છે. તેઓ બ્રહ્મમાં મળી જાય છે અને ફરી અવતરતા નથી.

“ સકામ કર્મ કરનારા યોગીઓ દક્ષિણાયનના છ માસ દરમ્યાન કૃષ્ણપક્ષમાં ધૂમમય વાતાવરણમાં એટલે કે રાત્રિના અંધકારમાં મૃત્યુ પામે છે. ધૂમમાર્ગે થઈ તેઓ સ્વર્ગે સીધાવે છે અને જે આનંદની પ્રાપ્તિ માટે તેઓ કર્યરત રહી જેટલે અંશે એ માટે અધિકૃત બન્યા હોય તે પ્રમાણમાં તેનો ઉપભોગ કરી, બધું પૂરું થતાં ફરી નવો જન્મ ધરી મૃત્યુલોકમાં પ્રવેશે છે.

" આ બન્ને વર્ગના માનવીઓ યોગી કહેવાય છે, જ્યાં સુધી સાધકો અને પ્રવૃત્તિપ્રિય પ્રાગતિક વ્યક્તિઓનું અસ્તિત્વ છે ત્યાં સુધી વિશ્વમાં આવા યોગીઓ રહેશે.

" અહીં એક શંકા કદાચ ઉદભવે ; શુક્લ પક્ષ શુભ અને કૃષ્ણ પક્ષ અશુભ ગણાયો તે શાથી ? જેઓ પ્રકાશમાં નહિ અને અંધકારમાં પણ નહિ - રાત્રે નહિ અને દિવસે પણ નહિ એવા સમયે મૃત્યુ પામે છે તેઓનું શું થાય છે ? આ સંશય તર્કશુદ્ધ છે અને પ્રત્યેક વ્યક્તિને એ વિષે સ્પષ્ટતા મેળવવાનો અધિકાર છે.

" હવે પ્રથમ શુક્લ પક્ષનો અર્થ સમજવો જોઈએ. એ અર્ધમાસ દરમ્યાન ચન્દ્રની કળા દિવસે દિવસે ખીલતી જાય છે, પણ ચન્દ્રકળાને માનવી અને તેના મૃત્યુ સાથે શો સંબંધ છે ? ચન્દ્ર માનવીના મનનું પ્રતીક છે. **चन्द्रमा मनसो जातः** - ચન્દ્રમા મનનો જન્મદાતા છે. આમ પ્રકાશમય શુક્લપક્ષ દિવ્ય જ્ઞાનવિદ્યામાં મનની આધ્યાત્મિક પ્રગતિનો નિર્દેશક છે. પૂર્ણ કળાએ ખીલેલો ચન્દ્ર એ સિદ્ધિની પૂર્ણતાનો સૂચક છે. સ્થૂળ દેહના સંદર્ભમાં અવકાશમાં દેખાતો ચન્દ્ર અને મનની દ્રષ્ટિએ માનસપ્રવર્તક પ્રતીકરૂપ સોમદેવ ! પોતાની દિવ્યતાની ઉત્તરોત્તર વિકાસ પામતી પ્રતિતીને પરિણામે વિકાસ પામતી મનની ભવ્યતા એ છે ' શુકલપક્ષ ' શબ્દનો અર્થ.

" અને ઉત્તરાયણ શું છે ? એ વિષેનો સંશય પણ દૂર કર. પ્રત્યેક વિધિનો અર્થ સમજી પૂજાપાઠ કરવામાં આવે, પ્રત્યેક વિધાનમાં નિર્દેશાયેલો મર્મ સમજી સાધના થાય તો પરિણામે વધુ અસરકારક રીતે ચિત્તશુદ્ધિ થાય છે અને સંશયના બંધન ઢીલાં પડતાં જાય છે.

" ઉત્તરાયણ એવો સમય છે કે જ્યારે સમસ્ત અવકાશ સંપૂર્ણ સ્વચ્છ અને પ્રકાશિત હોય છે અને ક્યાંય પણ વાદળાં કે ધુમ્મસની નિશાની પણ દેખાતી નથી, અને ભભકભર્યું રવિતેજ સર્વત્ર ફેલાઈ જતું હોય છે. આ શબ્દાર્થ છે પણ તે ઉપરાંત એનો બીજો સુક્ષ્મ અર્થ પણ થાય છે. અંતર આપણું અવકાશ છે. જે સૂર્ય ત્યાં પ્રકાશે છે તે બુદ્ધિ પ્રતિભારૂપ પ્રકાશ છે. એ ઉરગગનમાં અજ્ઞાનના વાદળો, અહંભાવરૂપી ધુમ્મસ અને આસક્તિરૂપ સાંયકાળ ફેલાઈ જાય છે ત્યારે તે બુદ્ધિપ્રતિભારૂપ રવિતેજને આવરી લે છે અને પરિણામે સર્વ કાંઈ ઝાંખુ દેખાય છે અને તેનું સાચું સ્વરૂપ એળખવામાં આપણે ભૂલ કરી બેસીએ છીએ. ઉરગગનનું ઉત્તરાયણ એટલે અણિશુદ્ધ અંતર કે જ્યાં બુદ્ધિપ્રભારૂપી સૂર્ય પૂર્ણ તેજ વડે પ્રકાશી રહે છે. તે ' જ્ઞાનભાસ્કર ' શબ્દ વિષે સાંભળ્યું હશે. ભાસ્કર એટલે સૂર્ય - જ્ઞાનનો સૂર્ય. જ્ઞાન અને બુદ્ધિના વિચાર સાથે રવિતેજનો વિચાર સર્વદા સંકલિત રહ્યો છે. જ્ઞાનરૂપી રવિ તેજની આભા સ્વચ્છ અંતરમાં ફેલાઈ ગઈ હોય એવી અનન્ય ક્ષણે માનવી દેહત્યાગ કરે છે ત્યારે તે પુનર્જન્મના બંધનથી અવશ્ય મુક્ત થાય છે. એ અગ્નિનો પ્રકાશનો માર્ગ – **अचिंरादि पथः** - ગ્રહણ કરે છે અને પરબ્રહ્મમાં મળી જાય છે, વિલીન થાય છે.

જેઓ વર્ષના બીજા અર્ધ ભાગમાં એટલે દક્ષિણયનના કાળમાં મૃત્યુ પામે છે તેઓને ભાગ્યવસાત્ ઊલટાં પરિણામોનો ભોગ બનવું પડે છે. એવે સમયે અંતર ઘનવાદળ અને ધૂમાવરણથી છવાઈ ગયું હોય છે. સૂર્ય પર આવરણ છવાઈ ગયું હોઈ તેના પ્રકાશની આભાનો આભાસ પણ વર્તાતો નથી. કૃષ્ણ પક્ષમાં ચંદ્રકળામાં દિવસે દિવસે ક્ષતિ આવતી જાય છે જે પરમાત્મભાવની ક્ષતિને પરિણામે ક્રમે ક્રમે આપણાં અંતરના વિશુદ્ધ અજવાળામાં આવતી ઓટના પ્રતીકરૂપ છે. અમાવાસ્યાની રાત્રિ

કાજળ - ઘેરા અંધકારમાં છુપાઈ જાય છે અને સર્વ પ્રકારની આધ્યાત્મિક વૃત્તિઓ જાણે પરાજિત થઈ પલાયન થઈ જાય છે. અજ્ઞાનરૂપી ગાઢ આવરણ મનને ખૂણે ખૂણે છવાઈ જાય છે. આ છે " કૃષ્ણપક્ષ ' નો સાચો અર્થ. જેઓ આવી અશુભ ઘડીએ પ્રયાણ કરે છે તેઓને અશુભ પરિણામો જ ભોગવવાના આવે છે. "

---

# અધ્યાય ૧૮

ઉત્તરાયણ માર્ગ પવિત્ર જ્ઞાનના ઓજસથી પ્રકાશિત હોઈ તેને શુક્લ માર્ગ કે ઉજ્જવળ પથ તરીકે નવાજવામાં આવ્યો છે. દક્ષિણાયન માર્ગ તમન્ અને અજ્ઞાન વડે અંધકારમય હોઈ તેને કૃષ્ણ માર્ગ કહેવામાં આવ્યો છે. જેઓ ઉત્તરાયણ દરમ્યાન દેહત્યાગ કરી જીવનનો અંતિમ પ્રવાસ આદરે છે તેઓ શુક્લ - ઉજ્જવળ માર્ગે પ્રયાણ કરે છે અને મુક્તિ કે મોક્ષની કક્ષાએ પહોંચે છે કે જે માયાથી પર છે, જે સાચા બ્રહ્માનંદનું ધામ જ નહિ પણ ઉગમસ્થાન છે અને જ્યાંથી આ દેહધારી જીવાત્માઓના નામ - રૂપધારી વિશ્વમાં પાછા આવવાનું રહેતું નથી. જેઓ દક્ષિણાયનના કાળ દરમ્યાન દેહત્યાગ કરે છે તેઓ પ્રકાશહીન કૃષ્ણ માર્ગે જાય છે અને જે જીવનમરણને આધીન છે એ દેહરૂપે તેઓએ ફરી જન્મ ધારણ કરવો પડે છે.

" ઉત્તરાયણ શબ્દ માત્ર એ કાળને ઉદ્દેશીને જ વપરાય છે એવું નથી ; વધારે તો એ મનની અવસ્થા સૂચવે છે. આત્મજ્ઞાન અને તેની ભવ્યતા અને ઓજસ્વિતાની અવસ્થામાં જેઓ દેહ છોડે છે તેઓ ઉત્તરાયણને માર્ગે પ્રસ્થાન કરે છે અને જેઓ પોતાના આત્મિક સાતત્ય વિષેની અજ્ઞાનતામાં રહી મૃત્યુને વશ થાય છે તેઓ દક્ષિણાયનના અંધકારમય માર્ગે પ્રવાસ કરે છે.

" ગુણતત્વોમાં સત્વગુણ શુદ્ધ અને પ્રતિભાયુક્ત હોય છે અને તમોગુણ ઝાંખો અને અંધકારસૂચક હોઈ, બંન્નેને શ્વેત અને કાળા એવા રંગભેદના સંદર્ભમાં ઓળખાવવામાં આવે છે. ઈડા અને પિંગળા નામની બે સુક્ષ્મ નાડીઓ છે. ઈડા સુશુમ્ણાની ડાબી તરફ અને પિંગળા જમણી તરફ, ઈડાનાડીમાર્ગ ચન્દ્રલક્ષી છે અને પિંગળાનાડીમાર્ગ સૂર્યલક્ષી છે. યોગીઓ ચન્દ્રલક્ષી માર્ગે અને અન્ય સર્વે સૂર્યલક્ષી માર્ગે જનારા છે. અદ્રશ્ય એવી આ બીજી એક લીલા છે.

" જે જન્મે છે એ પ્રત્યેકનો અંત છે મૃત્યુ, સંયોગ વિયોગ ભણી જ દોરતો રહે છે. જેનું સર્જન થાય છે એનું વિસર્જન થવાનું જ છે. કુદરતી નિયમ છે કે જન્મ મૃત્યુમાં પરિણમે છે અને મૃત્યુ નવજન્મને માર્ગે દોરી જાય છે. જ્યાં આગમન નથી અને પ્રયાણ નથી એ છે સર્વવ્યાપી બ્રહ્મ. સર્વવ્યાપ્ત બ્રહ્મનું દર્શન એ સ્વયં સંપૂર્ણ છે. બ્રહ્મ સર્વત્ર અને સર્વગ્રાહી હોય તો એ પછી બીજું કયું એવું સ્થાન રહે કે જ્યાંથી આગમન અને જ્યાંના પ્રયાણની શક્યતા સંભવી શકે ?

" આ અનન્ય કક્ષા સર્વને ઉપલબ્ધ થઈ શકે કે નહિ, કે સૌ કોઈ આ આત્મવિજય સિદ્ધ કરી શકે કે કેમ એવી શંકાને કોઈ સ્થાન નથી, એમ પણ નથી કે એ માટે કોઈ ખાસ અસામાન્ય પ્રયાસ કે અનન્ય સદભાગ્ય કે એવું જ પૂર્વયોજિત કાર્ય આવશ્યક હોય. પરમાત્મામાં મન નિરંતર - નિરંતર રમણ કરતું રહે એટલું બસ છે ; પરમાત્માનું અવિરત ધ્યાન પૂરતું છે. એથી મન વિશુદ્ધ થશે અને તેને ઘેરી વળતું માયાનું આવરણ દૂર થશે અને એમાં જ " મોક્ષ " સમાયેલું છે કારણ મોક્ષ મોહ - ક્ષય વિના બીજું શું છે ? એથી વિશેષ શું છે ? જેને આ ' મોહ - ક્ષય ' સિદ્ધ છે તેણે બ્રહ્મત્વ પ્રાપ્ત કર્યું છે. બ્રહ્મકક્ષા સિદ્ધ કરી છે, પછી ભલે એનું મૃત્યુ ગમે એ રીતે થાય. આવો માનવી સાચા અર્થ માં ' જ્ઞાની ' કહેવાય છે.

અર્જુને અહીં પ્રશ્ન કર્યો, ' હે કૃષ્ણ ! તમે જેને જ્ઞાન કહો છો એનો અર્થ મને કંઈ બરાબર સમજાતો નથી, શ્રવણ કરી ગુરુ પાસેથી મેળવેલું જ્ઞાન તે એ જ્ઞાન છે કે પછી શાસ્ત્રોના અભ્યાસ અને સંશોધન દ્વારા મેળવેલા જ્ઞાનની અથવા બહોળા અનુભવસિદ્ધ જ્ઞાનની તમે વાત કરો છો ? આમાંથી ક્યું માનવીને બંધનથી મુક્ત કરે છે ? "

શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, " તેં અત્યારે ગણાવેલાં વિવિધ પ્રકારના માનવીને આધ્યાત્મિક વિકાસમાં એક યા બીજે તબક્કે ઉપયોગી થાય છે. પણ એમાંના એકેને માર્ગે તે જન્મમરણના ફેરામાંથી મુક્ત થઈ શકતો નથી. જે જ્ઞાનની તમે પોતે અનુભૂતિ કરો તે અનુભવજ્ઞાન જ તમને મુક્તિ અપાવી શકે છે, માત્ર તે જ તમને બંધનમુક્ત થવામાં સહાયભૂત થઈ શકે છે. ગુરુ એ કાર્યમાં થોડે અંશે સહાયરૂપ થઈ શકે પણ તે તમને તમારાં સાચાં સ્વરૂપનું દર્શન કરાવી શકે નહિ. એ તો તમે અને માત્ર તમે જ કરી શકો, તે ઉપરાંત તમારે ઈર્ષા જેવા અવગુણોથી સંપૂર્ણ મુક્ત રહેવાનું છે. ત્યારે જ તમે પૂર્વજ્ઞાની - સર્વજ્ઞાનસંપન્ન તરીકે ઓળખાઈ શકો. જેને આ પ્રકારના જ્ઞાનમાં શ્રદ્ધા છે, જે એ સંપાદન કરવા કૃતનિશ્ચય છે અને જેને એ પ્રાપ્ત કરવાની લગની લાગી છે એવો જ ભક્ત મને ઓળખી શકે છે, જાણી શકે છે.

" ઈર્ષાથી તે પર હોવો જોઈએ, તે સાથે તે અંતરથી પ્રામાણિક અને તેની શ્રદ્ધામાં અડગ હોવો જોઈએ. નાનામાં નાના કાર્યની સિદ્ધિ માટે પ્રામાણિક, સાચા દિલનો પ્રયત્ન આવશ્યક છે, માત્ર માનવી જ નહિ, સાફલ્ય માટે - સિદ્ધિ માટે પશુ અને પક્ષી, જંતુ અને જીવાણુ સૌએ નિષ્ઠાયુક્ત રહેવું જરૂરી છે, તમારામાં જો શ્રદ્ધા ન હોય, નિષ્ઠા ન હોય તો એવાં શ્રદ્ધાહીન કાર્યનું ફળ તમને મળી શકતું નથી.

અર્જુન ! મારું સ્થાન એક સાક્ષીનું છે. આ પ્રકૃતિનું, પંચતત્વોના સમન્વયને પરિણામે જે આ પ્રપંચનું સર્જન થયું છે, આ સર્વ સ્થાયી અને અસ્થાયી પદાર્થોની રચના થઈ છે એ બધું મારે લીધે છે, મને આભારી છે. હું આદિકારણ રૂપ છું અને આ પ્રપંચલીલા જે અનેક સ્વરૂપો ધારણ કરતી જણાય છે એ મારે લીધે જ છે. જે મુખ મને સર્વોચ્ચ આદર્શ અને લક્ષ્ય તરીકે તેમજ જેના સંકલ્પવિધાનનું તેઓએ પાલન કરવાનું છે એવા સર્વ તત્વસૃષ્ટિના નિયામક તરીકે ઓળખાતા નથી તેઓ મને માત્ર એક સામાન્ય માનવી સમજે છે. કેટલાક માનવીઓ જેઓ ખરેખર મહાન છે તેઓ મને બ્રહ્મરૂપ ગણી ભકિતભાવપૂર્વક મારું ધ્યાન ધરે છે, કેટલાક બીજા વિવિધ નામો અને વિવિધ સ્વરૂપોનું મારામાં આરોપણ કરી મને ભજે છે જ્યારે કેટલાક મને જ્ઞાનયજ્ઞ અને આત્મયજ્ઞ દ્વારા પૂજે છે.

" નામ ગમે તે હોય, પૂજાવિધિ અને ભક્તિ ગમે એ સ્વરૂપનાં હોય - હું તે સ્વીકારું છું કારણ એ સર્વનું લક્ષ્ય હું જ છું. હું જ તે એક છું, મારા સિવાય બીજું કોઈ છે જ નહિ. મારાં અનેક નામો અને સ્વરૂપો હોવાથી પરિણામે હું પોતે જ પૂજાપાઠ અને ભક્તિનો વિષય બની રહું છું. એટલું જ નહિ હું જ સર્વ કર્મ ફળરૂપ છું, ફળ આપનાર હું છું - મૂળતત્વ, પ્રેરક અને પ્રવર્તક હું જ છું. સર્વના પુનઃસ્મરણ અને પુનરાવર્તનની જરૂર જ કયાં છે ? પ્રત્યેક પદાર્થ અને જીવનના ઉદભવ, અસ્તિત્વ અને અસ્ત પાછળ રહેલું પ્રેરક બળ તે હું જ છું હું અજાત અને અમૃત આદિકરણ છું.

" હું પરમતત્વરૂપ આદિકારણ છું એવું જ્ઞાન એજ મોક્ષ છે. એ મોક્ષની પ્રાપ્તિ કરનાર જીવનયુક્ત હોવા છતાં જીવનમુક્ત છે. આથી જે જીવનમુક્ત થવા કે એ  સિદ્ધ કરવા ઝંખે છે તેણે કેટલીક સાદી આચાર પ્રક્રિયા સિદ્ધ કરવાની હોય છે.બીજા શબ્દોમાં કહીએ તો તેણે દેહ પ્રત્યેની - આસક્તિમાંથી પોતાનું મન સંપૂર્ણપણે મુક્ત કરવાનું, વાળી લેવાનું રહે છે.

આ સાંભળી અર્જુને વચ્ચે જ પ્રશ્ન કર્યો. " શ્રીકૃષ્ણ ! તમે સંપૂર્ણ અનાસક્તિમય સાધનાને ' સાદી આચારપ્રક્રિયા ' કહો છો ? એ શું એટલું સહેલું અને સરળ છે ? સિદ્ધ તપસ્વીઓને, યોગીઓને પણ એ કઠીન લાગે છે અને તમો જાણે સાધારણ વાત કરતા હો એ રીતે મારા જેવાને તેની ભલામણ કરો છો ! એ કોઈ સીધી સાદી પ્રવૃત્તિ હોય એ રીતે તમો એની રજૂઆત કરી રહ્યા છો ; પણ હકીકતમાં એ એક અત્યંત - મુશ્કેલ કાર્ય છે. એક પછી એક આ પ્રકારના સૂચનો રજૂ કરી કુંક મારી મારી કરડતા ઉંદરની જેમ તમે મારી કસોટી કરી રહ્યા હો એવું મને લાગે છે હું ક્યારેય પણ એ કક્ષાએ પહોંચી શકવાનો હતો ? શું મને એ મુક્તિ, એ મોક્ષ પ્રાપ્ત થઈ શકે ? મને તો કોઈ આશા નથી. " આમ કહી અર્જુન હતાશ થઈ બેસી ગયો.

શ્રીકૃષ્ણ જોઈ રહ્યા હતા કે અર્જુન પળે પળ હિંમત હારતો જાય છે. તેઓ તેની નજીક ગયા અને તેનામાં ઉત્સાહ પ્રેરતા હોય એ રીતે તેની પીઠ થાબડી તેમણે કહ્યું, ' અર્જુન ! આમાં અકળાઈ ઊઠવાની કશી જ જરૂર નથી. કોઈ શ્રદ્ધા વિષે સાંભળે એટલાથી એનામાં શ્રદ્ધા દ્રઢ થઈ જતી નથી. તર્કશુધ્ધ દ્રષ્ટિએ એનો વિચાર કરવો જોઈએ ; ત્યારબાદ સમજાશે કે એ આચાર ધર્મની સિદ્ધિ ધારીએ એટલી મુશ્કેલ નથી. સંપૂર્ણ અનાસક્ત બનવા માટે માથા પર વાળના ઝૂલ્લાં ઊગાડવાની જરૂર નથી હોતી, તેમ ભગવો ઝભ્ભો ધારણ કરવાની કે કઠીન તપશ્ચર્યા વડે શરીરને સખ્ત શિક્ષાનો ભોગ બનાવવાની પણ જરૂર નથી હોતી. કશી પણ ઈચ્છા કે તૃષ્ણા વિના પ્રત્યેક કાર્ય પ્રભુને અંજલિરૂપ ગણી કરશો તો એટલું ઘણું છે. મુક્તિ - મોક્ષપ્રાપ્તિનું આ રહસ્ય છે.

" એ રીતે સર્વ કાર્ય કરવાં એ કંઈ મુશ્કેલ નથી. વ્યક્તિએ નિષ્ઠા અને દ્રઢ શ્રદ્ધા કેળવી હોય એટલું જ જરૂરી છે. અને આ તો પ્રત્યેક પ્રવૃત્તિમાં જરૂરી હોઈ તું સમજી શકીશ કે આધ્યાત્મિક પ્રવૃત્તિમાં તે અનિવાર્યપણે આવશ્યક છે.

" મારા ભક્તોમાં જે પોતાનું પ્રત્યેક કાર્ય બીજો કોઈ પણ વિચાર કર્યા વિના મને સમર્પિત કરે છે, જે કોઈ મારું ધ્યાન ધરે છે, મારી સેવા - પૂજા કરે છે, મારું સતત સ્મરણ કરે છે અને આ લોકમાં અને પરલોકમાં હું સર્વકાંઈ પૂરું પાડું છું અને સર્વદા તેની સાથે જ રહું છું એમ નિશ્ચિત માનજે. તેના યોગક્ષેમનો બોજો હું ઊપાડી લઉં છું. સાંભળ્યું અર્જુન ? " શ્રીકૃષ્ણ હતાશ થઈ ગયેલા અર્જુનને હિંમત આપતાં ફરીથી તેની પીઠ થાબડી કહ્યું.

ભક્તની ક્ષેમકુશળતાની ભગવાન બાંહેધરી લે છે એ શબ્દોમાંથી ઘણી ગેરસમજ ઊભી થઈ છે. બીજાનું તો ઠીક પણ મહાન પંડિતો પણ એનો મર્મ સમજવા - સમજાવવામાં નિષ્ફળ રહ્યા છે. ગીતાના

ભાષ્યકારો આ વિધાનનો અનેક રીતે પ્રચાર કરે છે.

ગીતાને સજીવન દેહરૂપ ગણીએ તો આ પવિત્ર વચન તેની નાભિરૂપ છે. વિષ્ણુની નાભિમાંથી બ્રહ્માએ જન્મ લીધો ; જેઓ બ્રહ્મજ્ઞાનના પિપાસુ છે તેઓ માટે આ લોક તે જ્ઞાનનો જ્યાં વાસ છે એવું નાભિસ્થાન છે. જો આ શ્લોક પ્રમાણે વ્યવહારમાં આચરણ થાય તો સમગ્ર ગીતાજીનો મર્મ સમજી શકાય.

આ શ્લોક વિષે અનેક રસપ્રદ વાતો પ્રચલિત છે. હું તને એક દ્રષ્ટાંત આપું. એક મહારાજાની ઉપસ્થિતિમાં એક વિદ્વાન પંડિત વ્યાખ્યાન આપી રહ્યા હતા. એમાં આ શ્લોક આવ્યો.

**अनन्याश्चिन्तयन्तो माम्**
**ये जनाः पर्युपासते**
**तेषां नित्याभियुक्तानाम्**
**योगक्षेमं वहाम्यहम् ।।**

પંડિતજી અત્યંત ઉત્સાહપૂર્વક આ શ્લોકના વિવિધ સંદર્ભમાં થતા વિવિધ અર્થો સમજાવી રહ્યા હતા, પણ ત્યાં તો મહારાજાએ માથું હલાવતાં કહ્યું, " આ એનો સાચો અર્થ નથી. " પંડિતજીએ જે જે અર્થો આપ્યા તે પ્રત્યેકની સચ્ચાઈ અને યોગ્યતા પ્રત્યે મહારાજાએ વાંધો ઉઠાવવાનું ચાલુ જ રાખ્યું. અનેક મહારાજાઓના દરબારમાં આ પંડિતજીએ માનપાન અને નામના પ્રાપ્ત કર્યા હતાં અને તેમને મોટાં મોટાં બિરુદથી નવાજી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આવા મોટા દરબારમાં મહારાજાએ શ્લોકનો એમણે આપેલો અર્થ ખોટો ગણાવી તેની અવગણના કરી ત્યારે તેમને કાળજામાં કોઈએ ખંજર હલાવી દીધું હોય એમ લાગ્યું. આ ભયાનક અપમાનથી તેઓ બેચેન અને વ્યાકુળ બની ગયા. પણ પછી પોતાની તમામ હિંમત ભેગી કરી તેમણે ફરી પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું અને પોતાની તમામ વિદ્વત્તાનો ઉપયોગ કરી ' યોગ ' અને ' ક્ષેમ ' એ બે શબ્દોના વિવિધ અર્થો ઉપર તેમની અદભુત વન્દ્રત્વશક્તિના દોર છૂટા મૂકી દઈ બોલવા માંડ્યું. મહારાજાને કશું જ માન્ય ન હતું. તેમણે હુકમ કર્યો, " આ શ્લોકનો અર્થ શોધી કાઢી તે બરાબર સમજી લઈ આવતી કાલે મને મળજો. " આમ કહી મહારાજા એમના સિંહાસન પરથી ઊભા થઈ ગયા અને અંદરના ખંડમાં ચાલી ગયા.

પંડિતજી જે થોડી ઘણી હિંમત રહી હતી તે પણ હવે ગુમાવી બેઠા. ચિંતાના ભારથી તે વ્યગ્ર બની ગયા, અપમાનના ખ્યાલ માત્રથી તેમના પગ લથડવા લાગ્યા, તેઓ ઘરે પહોંચ્યા અને ગીતાનું પુસ્તક એક બાજુએ રાખી પથારીમાં ઢળી પડ્યા.

આથી આશ્ચર્ય અનુભવતાં તેમના પત્નીએ પૂછયું, “ તમે રાજમહેલથી દુઃખદ અવસ્થામાં આજે આવી રહ્યા છો એમ શાથી ? એવું તે શું બન્યું છે ? ચિંતાતુર બની એમના પત્ની પ્રશ્નોની ઝડી વરસાવ્યે જતાં હતાં એટલે ન છૂટકે જે કંઈ બન્યું હતું તે બધું તેમણે કહી સંભળાવ્યું. જે અપમાનો એમના ઉપર લાદવામાં આવ્યા અને અંતમાં મહારાજાએ જે હુકમ કરી એમને વિદાય કર્યા વગેરે બધું એમણે પત્નીને કહ્યું. જે કંઇ બન્યું હતું એની વાત પત્નીએ શાંતિથી ધ્યાનપૂર્વક સાંભળી લીધી અને સમગ્ર પ્રસંગ ઉપર ખૂબ ઊંડો વિચાર કરી એ બોલ્યા, “ હા, એ સાચું છે. મહારાજાએ જે કહ્યું એ યોગ્ય જ છે, એ શ્લોકનું તમે જે વિવરણ આપ્યું એ સાચું નથી ; પછી મહારાજા તે શી રીતે માન્ય રાખે ? વાંક તમારો જ છે. ” આ શબ્દો સાંભળી પંડિતજી એકદમ ગુસ્સામાં આવી જેની પૂછડી એકાએક સખત ભારથી દબાઈ ગઈ હોય એવા સર્પની જેમ પથારીમાંથી ઊભા થઈ ગયા, “ મૂર્ણ સ્ત્રી ! તને કંઈ ભાન છે ? બુદ્ધિમાં હું તારાથી ઉતરતો છું એમ ? તું આખો વખત રસોડામાં રાંધવા અને પીરસવામાં રોકાયેલી રહે છે અને તું મારાથી વધારે જ્ઞાનસંપન્ન હોવાનો દાવો કરે છે ? તારું મોઢું બંધ કર અને મારી પાસેથી દૂર થા ” તેમણે જાણે ગર્જના કરી.

પણ પત્ની ત્યાંથી ખસ્યાં નહિ. તેમણે જવાબ આપ્યો, “ પતિદેવ ! તમે સત્યના નિવેદન માત્રથી આવો ક્રોધ શા માટે કરો છો ? તમે પોતે જ એ શ્લોકનું ફરી એકવાર રટણ કરો અને પછી તેના મર્મ વિષે ધ્યાનથી વિચારો. આમ કરશો ત્યાં જ તમને એનો સાચો અર્થ સમજાઈ જશે. " આવી નમ્ર વાણીને પરિણામે પત્ની પતિનું મન શાંત કરવામાં સફળ થયાં.

હવે પંડિતજી શ્લોકનો પ્રત્યેક શબ્દ એક પછી એક લઈ તેનો અર્થ તારવવા લાગ્યા. - अनन्याश्चिन्तयन्तो माम् - ધૈર્ય અને દ્રઢતાથી તેમણે એના જુદા જુદા અર્થોનું મોટેથી પારાયણ કરવા માંડયું. ત્યાં એમના પત્ની વચ્ચે પડ્યાં અને બાલ્યાં, “ માત્ર શબ્દોના અર્થ જાણી તેનો છાપરે ચડી પોકાર કરવાથી શું વળવાનું હતું ? મહારાજા પાસે તમે ગયા ત્યારે તમે શા ઉદ્દેશથી ગયા હતા તે મને કહો ; તમારો આશય શું હતો ? " આ સાંભળી પંડિતજી તો ઉકળી ઊઠ્યા. “ મારે આ ઘર ચલાવવું કે નહિ ? કુટુંબનું પોષણ કરવું કે નહિ ? તારા અને કુટુંબના બીજા સભ્યોના ખોરાકપાણી, કપડાં - લત્તા વગેરેનો ખર્ચનો પ્રબંધ મારે શી રીતે કરવો ? મહારાજા પાસે જવાનો મારો બીજો ઉદ્દેશ શું હોય ? એ સિવાય મારે એમનું બીજુ શું કામ હોય ? ” પંડિતજીએ ઘાટો પાડી કહ્યું.

પછી એમના પત્નીએ જવાબમાં કહ્યું. “ શ્રીકૃષ્ણ આ શ્લોકમાં જે કંઈ કહ્યું છે એનો મર્મ સમજ્યા હોત તો મહારાજા પાસે જવાની તમને ઈચ્છા સરખી ન થાત ! બીજા કશાનો જ વિચાર કર્યા વિના પ્રભુભજન થાય, ભક્ત તેનું શરણું સ્વીકારી મનમાં નિરંતર તેનું ધ્યાન ધરે તો પ્રભુ આ શ્લોકમાં કહે છે કે એવા ભક્તને પ્રભુ પોતે સર્વ કાંઈ મેળવી આપે છે. તમે આ ત્રણમાંનું એકે કર્યું નથી. તમે તો મહારાજા પાસે જાઓ છો અને માનો છો કે મહારાજા તમને સર્વ કાંઈ આપશે ! આ બાબતમાં તમે આ શ્લોકના અર્થથી વિપરીત એવું આચરણ કર્યું છે એમ કહેવાય ; અને એ જ કારણે મહારાજાએ શ્લોકના તમે આપેલા અર્થનો સ્વીકાર કર્યો નથી એ સ્પષ્ટ છે. ”

આ સાંભળી નામાંકિત વિદ્વાન તો ઘડીભર ઠરી ગયા. પોતાના શબ્દાર્થને વાગોળતાં વાગોળતાં તેમને પોતાની ભૂલ સમજાઈ. તે બીજે દિવસે રાજમહેલે ન ગયા અને ઘરે રહી કૃષ્ણભક્તિમાં - પ્રભુસ્મરણમાં ડૂબી ગયા. જ્યારે મહારાજાએ પૂછ્યું કે પંડિતજી કેમ નથી આવ્યા ત્યારે તેમના દરબારીઓએ કહ્યું કે તેઓ ઘરેથી નીકળ્યા નથી અને આજે નીકળવાના નથી એવી ખબર છે. મહારાજાએ એમને બોલાવવા સંદેશ વાહક મોકલ્યો પણ પંડિતજીએ આવવાની ના પાડી. તેમણે કહેવડાવ્યું, " મારે કોઈ પાસે જવાની આવશ્યકતા નથી ; મારો કૃષ્ણ મને જોઈએ એ બધું પૂરું પાડશે. એ સ્વયં મારા યોગક્ષેમની જવાબદારીનો ભાર ઊપાડી લેશે. માત્ર શબ્દોના વિવિધ અર્થ જાણવાની આતુરતામાં અટવાતા રહી હું આજ સુધી આ સત્ય ન્હોતો સમજ્યો અને એ કારણે જ મારે અપમાનના ભોગ બનવું પડ્યું. તેનું શરણ સ્વીકારી જો હું તેને નિરંતર ભજતો રહીશ તો મારી સૌ જરૂરિયાત તે પૂરી પાડશે એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. "

જ્યારે સંદેશવાહકે જઈને રાજાને આ વાત કહી ત્યારે મહારાજા પંડિતજીના નિવાસસ્થાન તરફ ચાલી નીકળ્યા. ત્યાં જઈ તેઓ પંડિતજીના પગમાં નમી પડ્યા અને બોલ્યા, " તમે આજે તમારા પોતાના આચરણ દ્વારા ગઈ કાલે તમે સમજાવેલા શ્લોકનો મર્મ સમજાવી રહ્યા છો એ બદલ હું તમારો અત્યંત આભારી છું. આમ મહારાજાએ પંડિતજીને એ શિખવ્યું કે આધ્યાત્મિક સત્યનો ગમે એવો પ્રચાર અનુભવસિદ્ધ ન હોય, આચારપ્રમાણ ન હોય તો તે માત્ર ખોટો દેખાવ, બાહ્ય ચળકાટ જ છે.

આજે પણ અનેક વિદ્વાનો ગીતા વિષે પ્રવચનો અને પ્રચાર કરતા ફરે છે ; પણ ગીતાના સિદ્ધાંતો તેઓએ જીવનમાં ઉતાર્યા નથી હોતા. નિરુપયોગી પિષ્ટપેષણમાં, પુસ્તકમાં જે કંઈ છે તેનો માત્ર શબ્દાર્થ આપવાની મર્યાદિત પ્રવૃત્તિમાં તેઓ રચ્યાપચ્યા રહે છે. ગીતાના અમૂલ્ય બોધને આચરણમાં સિવાય તેનો પ્રચાર કરવાનું કાર્ય હાથ ધરવું એ પવિત્ર ધર્મગ્રંથનું અપમાન કરવા બરાબર જ નહિ પણ તેના ધ્યેયનું ખંડન કરી તે નષ્ટ કરવા બરાબર છે. તેઓ ગીતાને પ્રાણ સમાન ગણાવી, સર્વશ્રેષ્ઠ ધર્મગ્રંથ તરીકે ઓળખાવી અને સ્વયં ભગવાનના મુખેથી ઉદભવી હોઈ પરમપવિત્ર પ્રસાદરૂપ છે એમ કહી તેનું બહુમાન કરે છે, પણ દુઃખની વાત છે કે એ બધું શબ્દોમાં જ સીમિત રહી જાય છે.

એ ગ્રંથ માટે તેઓ એવો પૂજ્યભાવ દર્શાવે છે કે તેના નામના ઉચ્ચાર માત્રથી તેઓની આંખો અશ્રુથી ઉભરાઈ જાય છે. તેઓ તેને શિરે ચડાવે છે, આંખને અડાડે છે અને પોતાના ઘરના મંદિરમાં તે સ્થાપી ગર્જનાયુક્ત અને નાટકીય ભક્તિભાવનું પ્રદર્શન કરી તેની પૂજા કરે છે. બધું સન્માન, પૂજા અર્ચન વગેરે, માત્ર છાપેલા કાગળને, પુસ્તકને સમર્પિત થાય છે !

જો તેઓને પ્રભુની વાણી માટે પૂજ્યભાવ હોત, ગ્રંથના શબ્દોમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોત તો તેઓએ એ બધું જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો હોત. પણ ના, તેઓ એવો કોઈ પ્રયાસ આદરતા નથી, તેઓને એના મર્મનો અંશમાત્ર અનુભવ નથી. તેઓને એ અનુભૂતિ થઈ હોત તો તેઓમાંથી કોઈ પણ એ અનુભૂતિનો પૈસા માટે પ્રચાર ન જ કરત. તેઓને ભગવત કૃપા સિવાય બીજાં કશાની જ ખેવના નહિ હોત.

ગીતાપ્રચારને પોતાનું જીવનકાર્ય ગણાવનારા લાખો પ્રચારકોમાં એક પણ એવો નહિ હોય કે જે માત્ર ભગવંત કૃપાની જ ઈચ્છા સેવતો હોય. ના ; જો તેઓના દિલમાં એવી લગની હોય તો તેઓ (ધનપ્રાપ્તિનો) સંપત્તિનો વિચાર પણ કરે ખરા ?

# અધ્યાય ૧૯

ગીતાનો પ્રચાર કરનારા પ્રવક્તાઓ આજે અનેકગણા વધી ગયા છે, અને પરિણામે તેના સાચા અર્થથી વેગળા એવા એટલા બધા વિવિધલક્ષી અર્થો ઉદભવ્યા અને પ્રચલિત થયા છે કે ગીતાનું સાચું માહાભ્ય તે સર્વેમાં જાણે ક્યાંય અટવાઈ ગયું છે, છૂપાઈ ગયું છે. પોતાની મનોવૃત્તિ અને ચારિત્ર અનુસાર ભાષ્યકાર અર્થ કરતો હોય છે. એકવાર અમુક એક મત ઘડાય પછી તેને મળતાં દાખલા દલીલો વડે તેને યોગ્ય સ્વરૂપ આપી બીજા સર્વ મતમતાંતરો – અસત્ય પૂરવાર કરવાનો તે પ્રયત્ન કરે છે. ત્યાર બાદ ખાસ કંઈ કરવાનું રહેતું નથી. પ્રત્યેક અવસરે તે એ બધાંનું પોપટની જેમ પારાયણ કરી જાય છે અને ગીતાને તેના બોધ અને રહસ્યને જીવનમાં ઉતારવાનો, વ્યવહારમાં આચરવાનો પ્રયાસ સરખો પણ થતો નથી. આવી વ્યક્તિઓ મહાન ગીતાપ્રચારક હોવાનો દંભ કરે છે અને અનેક પ્રમાણપત્રો અને વિશેષ નામોના ભારથી જાણે દબાઈ જતા હોય એ રીતે ફરતા રહે છે. આ પ્રકારની આત્મવંચના દ્વારા તેઓ પોતાનો સર્વનાશ નોતરે છે એટલું જ નહિ પણ શ્રોતાભક્તોને – જનસમાજને ગીતામાં જે આત્મશ્રદ્ધા હોય છે તેને હાનિ પહોંચાડે છે – તે ડગમગાવી મૂકે છે.

પ્રભુના પ્રત્યેક વચનનું જીવનવ્યવહારમાં રૂપાંતર થવું જોઈએ.વચન જીવન બની રહેવું જોઈએ. પ્રભુની વાણી પોતાની કીર્તિગાથા રચવા માટે શ્રોતાવર્ગ ના કાનમાં ફૂંકવા અર્થે નથી ; પણ સમય એવો બદલાઈ ગયો છે કે આજે એ ધર્મવચનોનો પ્રશંસા અને પ્રસિદ્ધિના હેતુથી દુરુપયોગ થઈ રહ્યો છે. સમાજનો જે વર્ગ આ પ્રચારકોના વ્યાખ્યાનો સાંભળે છે તે પણ એ વક્તાઓનાં પ્રમાણ અને યોગ્યતાના પ્રશ્ન પરત્વે ઉદાસીન રહે છે – બેદરકાર રહે છે. ગીતાના ગુણગાન કરી તેને ઉચ્ચત્તમ સ્થાન આપનાર એ વક્તાઓ તેમાં રહેલાં દિવ્ય અમૃતની મીઠાશથી પરિચિત છે કે નથી તે જાણવાની તેઓ પરવા કરતા નથી. એઓના વચન અને કર્મમાં ઉત્તર - દક્ષિણનું અંતર હોય છે પણ બીજાઓને - શ્રોતાવર્ગને તો તેઓ ગીતાના દિવ્ય બોધ પ્રમાણે ચાલવા શિખામણ આપે છે. શિષ્યોને એ જોતાં વાર નથી લાગતી કે ગુરુજી પોતે તો જીવનમાં એમના નીતિબોધ અનુસાર ચાલતા નથી....અરે *!* લાખોમાં એક પણ એવું સહજપણે નજરમાં આવતું નથી.

કેટલાક એવા છે કે જેઓ સમગ્ર ગીતા પોતાને અથ થી ઇતિ સુધી - શરૂઆતથી અંત સુધી - મોઢે હોવાની બડાઈ મારતા હોય છે. તેઓ અભિમાનપૂર્વક કહેતા હોય છે કે તમારે ગીતાનો કોઈ પણ શ્લોક સાંભળવો હોય તો માત્ર અધ્યાય અને શ્લોકની ક્રમ સંખ્યા આપો – તમને અહીં અને આ ક્ષણે જ એ શ્લોક ગાઈ સંભળાવું, અગર તમે ગીતાનું કોઈ એક વચન માત્ર આપો તો જે અધ્યાય અને શ્લોકમાં એ આવતું હોય તે બતાવી આપે. આવી વિદ્વતાનું જ્યારે પ્રદર્શન થાય છે ત્યારે મને હસવું આવે છે. બીચારી જીભ *!* જીવનમાં કશું જ ઉતરતું ન હોય, અંતરમાં કશું જ સમાતું ન હોઈ એણે કેટકેટલું વજન ઉપાડવું પડે છે *!* અરે *!* એક ગ્રામોફોન રેકોર્ડ પણ આ તો કરી શકે. બન્નેનો લાભ તો સરખો જ થયો ને *!* બધા શ્લોકો ગોખી મારી વળી તે યાદ રાખવા કરતાં માત્ર એક શ્લોક જીવનમાં વીણી લેવો. તેનો મર્મ જીવનમાં ઉતારવો એ વધારે લાભકારક છે. અર્જુને શ્રીકૃષ્ણનું પ્રત્યેક વચન આચરણ દ્વારા સત્ય

પૂરવાર કર્યું. તેની ભાવનિષ્ઠાને પરિણામે શ્રીકૃષ્ણની કૃપાનો તે અધિકારી બન્યો.

ગીતાના એક વચનનો – એક જ વચનનો જીવનમાં અમલ કરવામાં આવે તો એમાં જે રોમાંચની અનુભૂતિ થાય છે તેથી આજના અત્યંત વિદ્વાન ગણાતા પંડિતો પણ અજ્ઞાત છે એ સ્થિતિ દયાજનક છે. આ પછી, આપણે અશિક્ષિત અને અજ્ઞાન વર્ગનું તો કહેવું જ શું ? ટૂંકમાં ગીતાના કેટલાક નામાંકિત પ્રવર્તકો પણ તેના દિવ્ય સંદેશથી વિરુદ્ધ આચરણ કરી તેની સાથે ચેડાં કરી રહ્યા છે - રમત કરી રહ્યા છે. પ્રભુના એ અનન્ય ગીતમાં પોતાનો એક સૂર ઉમેરી કહેવાતો પ્રત્યેક વિદ્વાન તેની વિદ્વત્તાની વિશિષ્ઠતા દર્શાવવાનો અથવા તેની માનીતી વિચારધારા પ્રચલિત કરવાનો પ્રયત્ન કરે છે. એ વિષેના એક દ્રષ્ટાંતનો આપણે વિચાર કરીએ. ગીતાના છઠ્ઠા અધ્યાયનો દશમો શ્લોક કહે છે કે ' પરિગ્રહ ' એ મોટું પાપ છે.

હવે જેઓ ગીતાને પ્રમાણસંહિતા તરીકે સ્વીકારે છે તેઓએ એ અનુસાર વર્તવું જોઈએ અને પરિગ્રહ ' થી દૂર રહેવું જોઈએ, ખરું ને ? ' પરિગ્રહ ' એટલે ગ્રહણ કરવું તે – લેવું તે ; પછી ભલે તે દેહના આધાર માટે હોય કે ધર્મના રક્ષણ માટે હોય ! પણ આ પ્રચારકોમાંના ૯૯ ટકા તો કંઈ ને કંઈ લેતા જ હોય છે. પરિગ્રહનો નિષેધ સર્વગ્રાહી છે : એમાં સંજોગવસાત ફેરફાર છૂટછાટ કે અપવાદને સ્થાન જ નથી. આમ છતાં ગીતાયજ્ઞો માટે આરતીપૂજનના રૂપમાં ગીતાપ્રચારક સંઘના ખર્ચને બહાને કે ગુરુદક્ષિણા રૂપે કંઈ ને કંઈ ફાળો ઉઘરાવવામાં આવે છે. નાટક - સિનેમા જેવા મનોરંજનના ક્ષેત્રે ટીકીટોનું વેચાણ થાય તેમ જ ધાર્મિક સંભાષણો આ રીતે વેચવામાં આવે છે. જેઓ આ કરે છે તેઓને શ્રીકૃષ્ણના વચનનાં તલમાત્ર શ્રદ્ધા નથી. તેઓમાં એવી શ્રદ્ધા હોય તો તેઓનું વર્તન આવું વિરોધાભાસી હોઈ શકે જ નહિ, આમ કરવું ખોટું છે એવી પ્રતીતિ તેઓને થઈ હોત તો તેઓ એમ કરવા કદી લલચાયા ન હોત. તેઓ શ્લોકનો અર્થ સમજાવે છે અને માને છે કે તેમની ફરજ પૂરી થઈ. એમનાજ પ્રતિપાદિત અર્થ માં રહેલી શિખામણ અનુસાર ચાલવાની કોઈ જરૂરિયાત તેમને જણાતી નથી. વર્તમાન યુગની આ બલિહારી છે કારણ એ યુગ છે દંભ અને પાખંડનો. જે જનગણ આ પ્રકારના ગીતા પ્રચાર જુએ છે તેઓ પહેલાં તો પ્રચારકમાં જે કંઈ શ્રદ્ધા હોય તે ગુમાવી બેસે છે અને પછી ખૂદ ગીતામાં રહેલી એમની શ્રદ્ધા એઓ ખોઈ બેસે છે. અંતમાં એમની પ્રસિદ્ધિ માત્ર ઠાઠમાઠ અને મિથ્યાભિમાનમાં મર્યાદિત રહી જાય છે.

આમ જે પૂજ્યભાવ ગીતા માગી લે છે, જે સન્માનને એ યોગ્ય છે તે એના શિક્ષણમાં દેખાતાં નથી. હજારો લોકો જ્યારે ગીતા, રામાયણ, ભાગવત, મહાભારત જેવા પવિત્ર ધર્મગ્રંથો જુએ છે ત્યારે તેઓ શિશ નમાવી ઊભા રહી જાય છે, તે ઉપાડી તે વડે આંખને સ્પર્શ કરે છે, અને ક્ષણ બે ક્ષણ તેઓના શિર પર ધરી રાખે છે. ઘરના મંદિરમાં તેઓ તેનું વિશિષ્ઠ સ્થાને પ્રસ્થાપન કરે છે અને ભક્તિભાવપૂર્વક થોડાં પુષ્પો તે ઉપર રાખી આંખો બંધ કરી અશ્રુધારા વહાવતાં તેની સન્મુખ બેસે છે અને અંતમાં એ ગ્રંથોને દંડવત પ્રણામ કરી મનમાં અત્યંત સંતોષ અનુભવતા ઊભા થાય છે. આ બધો પૂજ્યભાવ પેલી કાગળની થોકડીઓ પૂરતો છે પુસ્તકમાં સંકલિત સાહિત્ય માટે, જે વિષયોનું તેમાં આલેખન છે તે માટે નહિ.

જે શિરે ચડાવવાનું છે તે કાગળનો બોજ નહિ પણ તેમાં જે સંદેશ આપવામાં આવ્યો છે તે. માથા ઉપર કંઈ જ રાખવાનું નથી, જે રાખવાનું છે તે માથાની અંદર- મસ્તિષ્કમાં રાખવાનું છે. ગ્રંથના વિષયનું મહત્વ સમજો, ખૂદ ગ્રંથની શું કિંમત ! ગ્રંથના કદ પ્રત્યે નહિ પણ તેમાં જે જ્ઞાન સમાયું છે તે પ્રત્યે પૂજ્યભાવ કેળવો. ઘરના મંદિરમાં નહિ પણ તમારા અંતરમાં તેનું પ્રસ્થાપન કરો. આમ થશે તો જ ગીતાના માહાત્મયનું દ્રઢતાથી સદાકાળ અને સહજપણે પાલન થતું રહેશે. બાહ્ય આડંબરયુક્ત ભક્તિ વડે મનને અહમ્ ભાવ અને એવાં બીજાં દૂષણોથી મુક્ત કરી વિશુદ્ધ કરી શકાવાનું નથી. ગીતાના સંદેશનો અંતરમાં પ્રવેશ થવો જોઈએ ; પછી જીવનમાં તેનો અમલ કરો અને એમાં જે આનંદની, દિવ્ય આનંદની અનુભૂતિ થાય છે તેનો આસ્વાદ માણો. ગીતાનું સન્માન અને તેની પૂજા કરવાનો આ એક જ માર્ગ છે.

સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ વાનગી તમે માથે ચડાવશો, કે આંખે અડાડશો કે તેની સામે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી લાંબા થઈ જશો તો એ રીતે શું તમારી ભૂખ સંતોષાશે ? શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પણ એમ જ છે. ભક્તિ, જ્ઞાન, કર્મ અને વૈરાગ્યરૂપ મિષ્ઠ પદાર્થોની બનેલી ગીતા એક સ્વાદિષ્ટ વાનગી છે. તે ખાઓ, તેનું પાન કરો. એક કોળિયો તો ઘણો થશે. પાકે છે એટલું બધું અનાજ ક્ષુધાતુર માનવી ખાઈ જતો નથી, એક મૂઠી ચોખા એને માટે પૂરતા છે. ગોદાવરી સૂકાઈ જાય ત્યાં સુધી તરસ્યા માનવીએ પાણી પીધા કરવાનું હોતું નથી. પાણીનો એક પ્યાલો બસ છે.

જેને પ્રભુની ભૂખ છે તેણે સમગ્ર ગીતા ઓગાળી જવાની જરૂર નથી. માત્ર એક શ્લોકનો યથાર્થ અમલ કરીને એ ભૂખ સંતોષી શકાય છે. દિવાસળીની પેટીમાં ઘણી સળીઓ હોય છે. તમારે અગ્નિ ચેતાવવો હોય તો એક જ સળી સળગાવવાની જરૂર છે ; પછી ધ્યાન અને ખંતથી તમે એ નાની સરખી જ્યોતમાંથી જોઈએ એવો ભડકો કરી શકો છો અને તેની ઉષ્માનો યથાર્થ લાભ લઈ શકો છો. ગીતાની પેટીમાં એવી ૭૦૦ સળીઓ છે. પ્રત્યેક સળી વડે તમે જ્ઞાનની જ્યોત જગાવી શકો છો. અનુભવશિલા પર એકનો જ પ્રહાર કરી તે ચેતાવો - એટલું બસ થશે.

આત્મસિદ્ધિ માટે ગીતાનો આ પ્રમાણે ઉપયોગ કરવાનો છે, એ પવિત્ર કાર્ય માટે જ એની રચના થઈ છે. તેનો દુરૂપયોગ કરવો એ મહાન ભૂલ છે -એ એક અનિષ્ટ છે. કીર્તિ અને સંપત્તિ માટે, નામ અને પ્રદર્શન માટે એનો ઉપયોગ કરવો એ અહમ્ ભાવના લક્ષણો છે ; એ અપવિત્ર અને પાપમુક્ત કર્મો છે. ગ્રંથમાંથી સુગંધ ખેંચી તેની અનુભૂતિ કરાવવી એમાં વિદ્વત્તાની કસોટી છે. જ્ઞાનરૂપ સુગંધ એ ગ્રંથનો અર્ક છે, મસ્તકનું પુસ્તકમાં પરિવર્તન કરવાનું છોડી દો ; મસ્તિષ્કને પુસ્તકનું રૂપ ન આપો.

પાષાણમાં પ્રભુના દર્શન કરો પણ પ્રભુનું પાષાણમાં પરિવર્તન ન કરો. આવી જ્ઞાનદ્રષ્ટિ અત્યંત ઈચ્છનીય છે. પાષાણમાં – પાષાણની મૂર્તિમાં દિવ્યતાના દર્શન થવાં જોઈએ ; તેમાં ખૂબ પરમાત્મા બિરાજમાન છે એવો અનુભવ થવો જોઈએ, કારણ એ સત્ય છે. સમગ્ર સૃષ્ટિની માનવ જાતને પ્રભુએ જે અમૂલ્ય ભેટ આપી છે તે છે દ્રષ્ટિ - જ્ઞાનદ્રષ્ટિ. સાગરના મોજાં પર મોતીના લૂમખાં તરતા નથી હોતા. તમને જો એ મોતીની ઝંખના હોય તો સાગરને તળિયે રહેલી પ્રશાંત ગુફાઓમાં ડૂબકી મારવી પડશે.

આ મહાન રાષ્ટ્રની જનતાએ યુગયુગથી પ્રભુની એ જ રીતે શોધ કરી છે અને એ આપણી એક વિશિષ્ટતા છે.

ધર્મનીતિ ધર્મ વ્યવહાર ગણદેહના અવયવો રૂપ છે ; જ્ઞાનપ્રાપ્તિ- પરમાત્મસિદ્ધિ હૃદયસ્થાન છે. આમ ધર્મ અને જ્ઞાન વડે જ માનવી સંપૂર્ણ છે એ સનાતન સત્યથી પ્રેરાઈ ભારતની જનતાએ હંમેશાં આગેકુચ કરી છે અને પોતાનાં જીવન અને સંસ્કૃતિને ઉગારી લીધાં છે. ભારતના સંતાનો બાહ્ય ચળકાટના, બહાર દેખાતાં સુશોભનોના કે સ્થૂળ સમૃદ્ધિમાં નજરે પડતા વૈભવવિલાસના ગુલામ નથી. તેઓ મૂળ રૂપે અંતર્મુખ રહી જાણે દિવ્યચક્ષુ વડે મૂળ તત્વરૂપ આત્માની શોધ કરે છે અને જીવનમાં અનાસક્તિ કેળવે છે. આવી ભવ્યસ્વરૂપ ભારતની પ્રજા આજે કોણ જાણે કેમ કંઈક અંશે સ્થૂળ સમૃદ્ધિ અને બાહ્ય આડંબરની દિશામાં જોઈ રહેતી જાણે ભૂલી પડી છે. એ સાંપ્રત પ્રવાહાધીન અલ્પકાલીન ઘટના છતાં અત્યંત દુ:ખકારક એવી એક કરુણતા છે.

જેઓ સંપત્તિ એકઠી કરવાના આશયથી ગીતાનો પ્રચાર કરતા ફરે છે તેઓ એમ કરી પ્રભુને નજીકમાં કયાંય ફરકવા દેતા નથી. અબત્ત, તેઓની એ પ્રવૃત્તિના બચાવમાં તેઓ અનેક પ્રમાણો રજૂ કરશે પણ જેને ગીતામાં સંપૂર્ણ અને સાચી શ્રદ્ધા છે, જે ગીતાના જ્ઞાનબોધનો સાચો ઉપાસક છે તે કદી તેઓનો બચાવ સ્વીકારશે નહિ.

ગીતા કહેવામાં આવી છે ધર્મપ્રવર્તન માટે - ધનપ્રવર્તન માટે નહિ. તે જે કંઈ શુભ (**शिवम्**) છે તેના વિકાસ અર્થે ઉપયોગી નીવડે એ જોવાનું છે, નહિ કે સ્થળ વિકાસ અર્થે. કૃષ્ણમંદિર કે રામમંદિરને નામે કે ગીતામંદિરને નામે પૈસા ભેગા કરવાની પ્રવૃત્તિ પરમાત્મામાં રહેલી લોકોની શ્રદ્ધામાં ન્યૂનતા આણવાના બીજાં એક કારણરૂપ બની રહે છે. જે પરમાત્મા સર્વવ્યાપી અને સર્વગ્રાહી છે તેને માટે એક જુદું નિવાસસ્થાન તૈયાર કરવાનો વિચાર કરવો એ કેવું બેહુદું છે ! શ્રીકૃષ્ણને કે ગીતાને પધરાવવાનું કોઈ યોગ્ય મંદિર હોય તો તે તમારું અંતર છે. એક શાશ્વત સત્યને સ્થાપવા, અવિનાશી પ્રભુને પધરાવવા સમય જતાં જે અવશ્ય ભાંગી ખંડિયેર થઈ જવાનું છે એવું કૃત્રિમ ચણતર ઊભું કરવું એ સમજમાં આવતું નથી – કંઈ બંધ બેસતો નથી. એ બરાબર છે કે અમુક એક કક્ષાએ પહોંચીએ ત્યાં સુધી આવી વાતો જરૂરી હોય પણ તેમાંયે જે પ્રાચીન મંદિરો અસ્તિત્વમાં છે તેનો સર્વશ્રેષ્ઠ ઉપાયોગ કરવો એ વધારે સારું છે. જૂના મંદિરો તોડી નવાં બાંધવા એ ગાયને મારી તેના ચામડાના બનાવેલાં પગરખાંનું દાન કરવા બરાબર છે. પ્રાચીન મંદિરોનું સમારકામ કરી, સુશોભન કરી વિશ્વહિતના કાર્યને વેગ આપી શકાય - નવાં મંદિરો ઊભાં કરીને નહિ. પ્રાચીનકાળમાં દેવદેવીઓનું પ્રસ્થાપ શાસ્ત્રમાન્ય વિધિવિધાન અનુસાર કરવામાં આવતું અને એથી પ્રાચીન મંદિરો સાચે જ વધુ પવિત્ર છે. આ ભૂમિ વર્તમાન યુગમાં જે થોડી ઘણી સુખ શાંતિનો આનંદ માણે છે તે આ પ્રાચીન મંદિરોમાંથી વહી રહેતી અલૌકિક શક્તિનો પ્રતાપ છે.

આત્મોદ્ધારના અને સામાજિક ઉન્નતિના રહસ્યની શોધમાં ઋષિમુનિઓ વિશ્વથી વિભક્ત થઈ, પહાડપર્વતમાં રઝડતાં અને તપશ્ચર્યા કરતાં એ એના શરીર સુદ્ધાં ગાળી નાંખતા અને અનેકવિધ આપત્તિઓ સ્વેચ્છાએ સહન કરતા. તેઓ જીવનની એવી આચારસંહિતા આપતા ગયા છે કે જે સાદી

અને જીવનવ્યવહારમાં તેનો અમલ થઈ શકે એવી છે. તેની પણ આજે અવગણના થઈ રહી છે, અથવા તેનો અવળો અર્થ કરવામાં આવે છે. નવા નિયમો અને ધોરણો એ ઉપર લાદવામાં આવતાં હોઈ એ અમૂલ્ય ભેટ જાણે નીચે દબાઈ ગઈ છે.

જ્યારે વડીલો, ગુરુઓ અને પંડિતો આચારની એ નવી રીતો અપનાવતા હોય ત્યારે ભારત ધર્મ ક્ષેત્ર, યોગક્ષેત્ર અને ત્યાગક્ષેત્ર હોવાની માન્યતા શી રીતે દ્રઢ રહી શકે ? આદર્શોની આ અધોગતિ જ દર્શાવે છે કે જે ભૂમિ એક દિવસ તેના બાળબચ્ચાંને ભરપૂર સંતોષ આપનાર પોષકમાત અન્નપૂર્ણા ગણાતી તેને આજે ખોરાક માટે વિલાપ કરવો પડે છે. એક દિવસ એવો હતો કે જ્યારે પહાડની પ્રત્યેક ખીણમાંથી, પ્રત્યેક ગુફામાંથી, પ્રત્યેક મંદિરમાંથી અને પ્રત્યેક પવિત્ર નદીને તીરેથી **शिवोहम्** - હું શિવ છું ' નો સાદ ગાજી ઊઠતો અને સૌને એવી પવિત્ર અનુભૂતિ થતી, ત્યાં આજે ' **शवोहम् शवोहम्** - હું મરવા વાંકે જીવી રહ્યો છું, મરી જ ગયો છું નો પોકાર ઊઠી રહ્યો છે.

આ પુણ્યભૂમિનો પ્રાચીન આનંદવૈભવ અટવાઈ ગયો છે ; પ્રજાનું માનસ સદા ચિંતાથી વ્યગ્ર રહે છે ; એ સ્વાર્થ સાધનાનું રણમેદાન બની ગઈ છે અને ખોટા ઠાઠ પાછળ ભમતી થઈ ગઈ છે. આ વૃત્તિઓનો પ્રતિકાર કરવા માટે જેઓએ સાધનાનો આનંદ માણી તેમાં અને તે દ્વારા સાફલ્ય અને સાર્થક્યનો અનુભવ કર્યો છે તેઓ દ્વારા આધ્યાત્મિક જ્ઞાનના પ્રચારનું કાર્ય થાય એ અત્યંત જરૂરી બન્યું છે. પ્રત્યેક ભારતવાસીએ - નિરક્ષરથી માંડી પરમહંસ, પરમજ્ઞાની સુધી દરેકે આ જરૂરિયાત સમજી લેવી જોઈએ. સર્વેએ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રદ્ધા કેળવી તેને પ્રમાણયુક્ત દિવ્યવાણી - પ્રભુને સ્વમુખે ગવાયેલી વેદવાણી – ગણીને ચાલવું જોઈએ.

પ્રભુએ વચન આપ્યું છે : " **योगक्षेम् वहाम्यहम्** " આ લોક અને પરલોકમાં હું તારી ક્ષેમકુશળતાનો ભાર ઉપાડી લઈશ. આ મહાકાર્ય તેમણે સ્વેચ્છાએ સ્વીકાર્યું છે. પણ મૃત્યુને આધીન માનવી અને અન્ય સાધકોએ એનો લાભ ઊઠાવવો હોય તો તેઓએ નીતિબદ્ધ જીવન જીવવું જોઈએ છે અને જે નીતિનિયમો ઠરાવવામાં આવ્યા છે તેનું બરાબર પાલન કરવાનું હોય છે. તેઓને જ્યારે એમ લાગે કે આથી કોઈ સહાયતા મળતી નથી તો તેઓએ પોતાની જીવનપદ્ધતિનો પૂર્ણતઃ વિચાર કરી એ શોધી કાઢવાનું રહે છે કે ધર્મયુક્ત જીવન જીવવા અંગેનાં પ્રભુની આજ્ઞા અને આદેશોનું તેઓએ કેટલે અંશે પાલન કર્યું છે. બને છે એવું કે તેઓ આ આત્મકસોટીમાં સફળ થતા નથી. તેઓ ભૂત અને ભવિષ્યનો વિચાર કરતા નથી ; અમુક એક ક્ષણના દુઃખનું મૂળ તેઓની ભૂતકાળની બેદરકારીમાં અને ભવિષ્યના અજ્ઞાનમાં રહેલું છે એ સમજ્યા વિના તે સામે તેઓ ફરિયાદ કરતા જ રહે છે અને જીવનની આ રીત તેઓની યાતનાનું મૂળ બની રહે છે.

પ્રભુએ આપેલી ખાતરી સામે એ જ શ્લોકમાં શરત મૂકેલી છે : **अनन्याश्चिन्तयन्तो माम् ये जनाः पर्युपासते**– તેનું સ્મરણ સતત જાળવી રાખવાનું છે. **योगक्षेम् वहाम्यहम्** એ અંતિમ ફળ છે એ શરતના ઉન્નત પરિણામ રૂપ છે. પ્રભુ જે આધાર આપે છે એ શરીરયંત્રના મસ્તકને સ્થાને છે ; પણ મસ્તક શરીરના અવયવોથી અલિપ્ત રહી - સ્વતંત્ર રહી કામ કરી શકે ખરું ? ડોક, સ્કંધ અને શરીરના બીજા

અવયવોને ભૂલી મસ્તકને ઝકડી તેને વળગી રહેવું એ લોખંડની તિજોરી ચોરાઈ ગયા પછી તેની ચાવીમાં શ્રદ્ધા રાખી તેને ઝકડી રાખવા બરાબર છે. ખજાનો ચોરાઈ ગયા પછી ચાવીનો શું ઉપયોગ ?

પ્રભુએ આપેલા વચનની સિદ્ધિ કે પરિપૂર્ણતા માટે આ શરતો છે : **अनन्यचिन्त** અને **उपासन**, બીજા કશા પણ વિચારરૂપ વિક્ષેપ વિનાનું પ્રભુનું ચિંતન અને દ્રઢ ભક્તિ, જો ધ્યાન અખંડ ન હોય, મુક્ત ભાવે પ્રભુનું શરણ સ્વીકારી ભક્તિ ન થતી હોય તો તે એટલે પરમાત્મા તમારો કોઈ બોજ ઉપાડતો નથી એવી ફરિયાદનો બચાવ શી રીતે થઈ શકે ? એને શી રીતે ન્યાયી ગણાવી શકાય ?

તમે બીજાઓને શરણે જાઓ છો ; તમે બીજાની પ્રશંસા કરી તેની મહા વધારો છો ; આમ તમે બીજાઓના જ વિચારમાં, ચિંતનમાં ડૂબેલા રહો છો. તમે સેવાપૂજા બીજાની કરો છો અને બદલા માટે પ્રભુને પકડો છો ! આને **अनन्य चिन्त** - અવિભાજ્ય ભક્તિ કે અવિભાજ્ય વફાદારી શી રીતે ગણાવી શકાય ? કોઈ રાજાનો નોકર હોય તો તેની ફરજ છે કે તેણે રાજાની અનન્ય ભાવથી હૃદયપૂર્વક સેવા કરવી જોઈએ. તે સેવા રાજાની કરે પણ પ્રેમ માત્ર તેના કુટુંબીજનો પ્રત્યે જ રાખે તો એને અચલ વફાદારી કહી શકાય નહિ. જેઓ પ્રત્યે તમને પ્રેમ હોય તેની સેવા કરો અને જેની તમે સેવા કરો તેઓ પ્રત્યે પ્રેમ રાખો. આ છે શરણાગતિનું રહસ્ય. વ્યાસમુનિએ ગીતારૂપ સુંદર માળાની રચના કરી અને તેમાં આ શ્લોકને રત્નનું સ્થાન આપ્યું. એ રત્ન એમણે હિરામાણેકના એ હારની મધ્યમાં ગૂંથી લીધું છે.

યોગ અને ક્ષેમ પ્રભુના એ શબ્દોનો અર્થ અહીં શું થાય છે ? યોગ : ઈચ્છનીય એવી સિદ્ધિ ; અને **ક્ષેમ** એવી પ્રાપ્તિની જાળવણી. તેનું રક્ષણ. જે નીતિધર્મની સહાયથી તમે એ જાળવી રાખી શકો તે છે **अनन्य चिन्त** - માત્ર પરમાત્માનું ચિંતન, ધ્યાન. એ વડે પ્રથમ ચિત્તશુદ્ધિ થાય છે અને તમે એક સાચા ભક્ત બની રહો છો. ભક્તનો પરિચય મેળવવો સહેલો છે. તે પ્રભુની જ વાત કરે છે, તે પ્રભુના જ ગુણગાન કરે છે, તે માત્ર ઈશ્વરને જ જુએ છે, તે પ્રભુને સાથે રાખી જ કામ કરે છે અને ફુરસદનો સમય તે પ્રભુની ઉપાસનામાં ગાળે છે.

આ પ્રકારના સાધકો - ભક્તોને યજ્ઞ કરાવવાની જરૂર નથી હોતી. દાનધર્મના કીર્તિદાયક કાર્યોમાં પ્રવૃત્ત રહેવાનું તેઓ માટે જરૂરી નથી અને તેઓને એક પવિત્ર ધામથી બીજે જતા આવતા રહેવાની આવશ્યક્તા નથી. આવી તકનો એઓને લાભ ન મળે તો એથી તેઓએ નિરાશ શા માટે થવું અને પ્રભુએ અમને આવો અવસર અને સાધનસામગ્રી ન આપ્યાં એવી ફરિયાદ શા માટે કરવી ? એ ભક્ત આ બધાંનો આગ્રહ રાખતો નથી અને એવી કોઈ ઝંખના સેવતો નથી. તમારા મનમાં જે કંઈ સ્ફૂરે તે સાધના વડે પવિત્ર કરી, પ્રભુને ચરણે ધરો ; પ્રભુ એ બધાંનો સ્વીકાર કરી પ્રસન્ન થાય છે. જેને સત્કર્મ કહેવાય છે એમાં તમે ઝંપલાવો પણ જો મન શુદ્ધ નહિ હોય - પ્રભુના વિચારરૂપ ઢોળ મનનાં એ પાત્રને ચઢાવ્યો નહિ હોય, તો તે સર્વ વિષયુક્ત બની જશે. પાત્ર સ્વચ્છ અને શુદ્ધ હોવા વિષે પ્રભુ અત્યંત આગ્રહી છે.

મૂઠ્ઠીભર શેકેલા ચોખા કુચેલાએ શુદ્ધ અને પ્રભુને ભેટ ધર્યા એથી એમને કેટલો આનંદ થયો હતો તેનો વિચાર કરો. મહાભારત અને પુરાણોમાં ભક્ત વિદુર અને દ્રૌપદીને જે અનુભવ થયાનું વર્ણન છે તે અવશ્ય વાંચજો. તેઓએ પ્રભુને શું આપ્યું હતું ? ભક્ત વિદુરે એમને માત્ર એક પ્યાલો કાંજી પીરસી હતી ; દ્રૌપદી પાસે તો પર્ણનો એક નાનો ટુકડો જ આપવા માટે બાકી હતો. ઉપલક દ્રષ્ટિએ જોઈએ તો એ ચીજોની કશી જ કિંમત નથી - અરે બજારમાં એનો અડધો પૈસો પણ ન ઉપજે, પણ એના બદલામાં પ્રભુએ શું શું આપ્યું તેનો ખ્યાલ કરો ! તે ભેટમાં આવેલી ચીજ વસ્તુની કિંમત કાઢવા બેસતો નથી. તે તો એ કાર્ય પાછળની ભાવનાનો કયાસ કાઢતો હોય છે. માટે પ્રભુકૃપાની પ્રાપ્તિ માટે પ્રથમ ભાવશુદ્ધિ અને હ્રદયની નિર્મળતા સિદ્ધ કરો.

# અધ્યાય ૨૦

ગીતા સ્પષ્ટ કહે છે કે માનસ (મનરૂપી) સરોવરમાં ફૂલતું હૃદય પૂષ્પ - હૃદય કમળ જે સર્વ પ્રકારની અશુદ્ધિથી મુક્ત હોઈ પરમ પવિત્ર છે તે જ માત્ર પ્રભુને ચરણે ધરવા યોગ્ય છે. એટલે જ શ્રીકૃષ્ણ અર્જુનને કહ્યું " મારા પ્રિય બંધુ ! તું જે કંઈ પ્રવૃત્તિ કરે, જે કંઈ દાનધર્મ કરે, ભોજન કરે એ સર્વ કંઈ મને અર્પિત છે એવી ભાવનાથી, મને અંજલિરૂપ છે એવી ભાવનાથી પ્રેરાઈને કર ; પ્રભુ પ્રત્યેના સમર્પણભાવથી પ્રેરાઈને કર. માત્ર એ જ કર્મો મને સ્પર્શે છે – પહોંચે છે. કોઈ પણ એક નામનો હું આગ્રહ રાખતો નથી. બધાં નામો મારાં જ છે. મારે કોઈ શત્રુ નથી તેમ નથી કોઈ મિત્ર, હું માત્ર અસ્પૃશ્ય સાક્ષી છું - દ્રષ્ટા છું. જેઓ મારી સેવામાં પ્રવૃત્ત રહે છે. તેઓ સાથે હું વસું અને એ સેવાનો આનંદ માણું છું. "

આ શબ્દોએ અર્જુનના મનમાં સંશય પેદા કર્યો. તેણે પૂછ્યું, " શ્રીકૃષ્ણ ! તમે કહો છો કે તમે કશો ભેદભાવ ગણતા નથી, તમારે કોઈ શત્રુ નથી અને કોઈ મિત્ર પણ નથી. તો પછી વિશ્વમાં કેટલાક સુખી છે તો કેટલાક દુઃખી, કેટલાક મન અને શરીર વડે શક્તિશાળી છે તો કેટલાક નિર્બળ છે, કેટલાક ધનવાન છે તો કેટલાક નિર્ધન - એમ શા માટે ? આ બધી અસમાનતાનું કારણ શું ? જ્યારે તમે પોતે એવા કોઈ ભેદભાવથી પર છો તો સૌ સમાન સ્થિતિમાં રહે એમ તમે કેમ ઈચ્છતા નથી ; તમારે માટે એમ કરવું અશક્ય શા માટે હોવું જોઈએ ? વાસ્તવિક્તા જોતાં તમે સૌ પ્રત્યે નિષ્પક્ષભાવ રાખો છો એમ માની શકાતું નથી.

અર્જુનને અકળાવતો આ સંશયભાવ જોઈ પ્રભુ હસ્યા : " હું જે સત્ય છે એ જ કહું છું. તારી સંમતિ કે વિરોધનો પૂર્વ વિચાર કરી તે અનુસાર હું મારી વાત ઉપજાવી કે ગોઠવી કાઢતો નથી. હું કહું એ તે માન્ય રાખે છે ત્યારે હું આનંદમાં આવી જતો નથી અને તું તે સ્વીકારતો નથી ત્યારે હું નિરાશ થતો નથી. સૌમાં હું સમાનરૂપે વસું છું, પણ મારામાં સૌ સમાનરૂપે નથી. મેં જોયું હશે કે શિયાળાની ઋતુમાં વૃદ્ધ સ્ત્રીપુરુષો રાતે સગડી સળગાવી તેની આસપાસ બેસે સગડીની નજીક બેઠાં હોય છે તેને જ સગડીના અગ્નિની ઉષ્માનો લાભ મળે છે. અને જેઓ ઘણે દૂર બેઠા હોય છે તેઓને ભાગ તો ઠંડી સાથે અંધકાર પણ હોય છે. જો લોકો દૂર રહે અને પછી ફરિયાદ કરે કે અમને તો અંધારું લાગે છે અને ગરમી પણ મળતી નથી તો એ પેલી સગડીના અગ્નિનો પક્ષપાત છે એમ કહી શકાય ખરું ? અગ્નિ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ સાથે ભિન્ન ભિન્ન રીતે વર્તે છે એમ કહેવાનો કશો અર્થ જ નથી.

" દિવ્ય દ્રષ્ટિની ભવ્યતાનું પણ આવું જ છે -દિવ્ય દ્રષ્ટિરૂપી પ્રકાશની તમને ખેવના હોય તો તેની સમીપ જઈ સમીપ રહેવું પડે છે. પ્રત્યેકને સમાન અધિકાર છે અને એ પ્રકાશને વધુ ને વધુ પ્રજ્વલિત કરી અધિકતર ઉષ્મા અને ઓજસ્વિતાનો તે લાભ લઈ શકે છે. અગ્નિ પોતે તો નિરપેક્ષ છે, સમદર્શી છે. અસમાનતા ક્યાં આવે છે ? - તેને વધુ ને વધુ પ્રજ્વલિત કરી તેનો લાભ ઊઠાવવામાં. હું એવા પ્રકાશરૂપ છું અને હું સ્હેજપણ પક્ષપાત કે ભેદભાવ ગણતો નથી. મારી અનુભૂતિ દ્વારા દૈવી શાંતિની અનુભૂતિ

અને પ્રાપ્તિ માટે પ્રત્યેકને સમાન તક જ નહિ પણ સમાન અધિકાર પણ છે. ભેદભાવ અને અસમાનતાનો અનુભવ સાધકોની પોતાની ક્ષતિઓને આભારી છે, તેમાં મારાં કોઈ દૂષણો- પ્રતિબિંબિત થતાં નથી. "

શ્રીકૃષ્ણની પ્રેમસભર વાણીની, એમની કૃપાવર્ષાની તમે નોંધ લીધી ? એમના શબ્દો કેટલા સાચા છે. ખરેખર, લોકો પોતાની ક્ષતિઓ સમજવાનો પ્રયત્ન કરતા નથી, જ્યારે બીજાના દોષ તેઓ શોધતા ફરતા હોય છે. જો પરમાત્મા પોતે ક્ષતિસ્વરૂપ કે દોષપૂર્ણ હોય તો વિશ્વનું અસ્તિત્વ ટકી જ શી રીતે શકે ? પ્રભુ તો સૌને સમાન દ્રષ્ટિએ જુએ છે, એમનું અંતર સૌને પ્રેમથી આવરી લે છે ; અને વિશ્વમાં જે રહી સહી શાંતિ અને સમૃદ્ધિ નજરે ચડે છે તે એક માત્ર કારણના પરિણામરૂપ છે. ડૉક્ટર દર્દીને આશ્વાસન આપવા ખાતર કહે કે તાવ નથી પણ થર્મોમિટર ખોટું બતાવશે ખરું ? એમ જ પરમાત્મા માનવીના અંતરની લાગણી જાણે છે અને તે અનુસાર અને બરાબર તે અનુસાર જ વર્તે છે. એ કદી ખોટું કરતો નથી તેમ કદી એને છેતરી શકાતો નથી. દુનિયા તો માત્ર બાહ્ય આડંબર જુએ છે અને તે અનુસાર ચાલે છે. નદીના પ્રવાહમાં ઉતરો તો સમજાય કે પાણી કેટલાં ઊંડાં છે. તમારે સ્વાદની પરીક્ષા કરવી હોય તો થોડું પણ ખાવું પડે છે. પાણીમાં ઉતર્યા વિના અને સ્વાદ જાણ્યા વિના, જ્યારે પાણીના ઊંડાણ અને સ્વાદ વિષે લોકો પોતાના મંતવ્યો રજુ કરે ત્યારે તેઓના વચન શી રીતે સત્ય માની શકાય ? જો પ્રભુ પોતે પક્ષપાતી હોત તો વૃંદાવનની એક એક ગોપીને સાયુજ્યની અણમોલ અને દિવ્ય શાંતિરૂપ ભેટ શી રીતે આપી શક્યા હોત ? એમ હોત તો શબરીએ ચાખેલાં એઠાં બોર એમણે આરોગ્યાં હોત ? એવું હોત તો જનક એક બ્રહ્મજ્ઞાની બની શકત ? અંત્યજ સાધુ નંદને પ્રભુના ભવ્ય દર્શન થઈ શક્યાં હોત ? પ્રહલાદ અને વિભિષણ પ્રભુ સમીપ પહોંચી શક્યા હોત ? હનુમાનને રામચન્દ્રના સંદેશાવાહકનું પદ પ્રાપ્ત થયું હોત ? વાલ્મિકી મહાપુરાણ રામાયણની રચના કરી શક્યા હોત ? આ સર્વ દ્રષ્ટાંતોમાં પ્રભુના પક્ષપાત કે દ્રષ્ટિભેદની ક્યાંય ઝાંખી પણ થાય છે ખરી ? કે પછી પરમાત્મા એ પ્રકારની હીન વૃત્તિથી પર છે એ વાતનું એ સમર્થન કરે છે ? આ દ્રષ્ટાંતો છે પ્રભુની પ્રેમદ્રષ્ટિના, તેના સર્વ સમાન દયાભાવના.

"**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु**" પ્રભુના આ આદેશનો એક જ અર્થ છે અને તે એ કે – તમારું મન મારા વિચારમાં સ્થિર કરો, મારી પ્રત્યે સાચો ભક્તિભાવ કેળવો, તમારાં વચન, વિચાર, વર્તન સર્વ કાંઈ મને અર્પણ કરી મારાં ચરણમાં પ્રણિપાત કરો અને મારી પ્રત્યે અતૂટ અને અખંડ પ્રેમ રાખો – આ એમનો આદેશ છે. આમ કહી પ્રભુએ દર્શાવી આપ્યું છે કે મને કશાની વિશેષમાં વિશેષ ઈચ્છા હોય તો તે છે વિશુદ્ધ મન અને વિશુદ્ધ - પવિત્ર પ્રેમની.

માનવતત્વમાં માથાબોળ ડૂબેલા રહી તમે માધવતત્વ પ્રાપ્ત કરી શકો નહિ, માધવતત્વ - માધવતા સિદ્ધ કરવા પ્રથમ તમારે માધવતત્વ પ્રાપ્ત કરવાનું રહે છે. અંધકાર જોવો હોય તો અંધકારની શોધ કરી તેની સમીપ જવું પડે છે અને એ જ પ્રમાણે તમારે પ્રકાશ જોવો હોય તો પ્રકાશ હોય ત્યાંથી તે મેળવવો પડે. બુદ્ધિપ્રતિભા સમજવા પ્રથમ તમે બુદ્ધિશાળી હો એ આવશ્યક છે. જો તમે અવિરત દુન્યવી અને માનવીય પ્રવૃત્તિમાં જ રત હો તો દિવ્યતા શી રીતે સિદ્ધ કરી શકવાના હતા ? દિવ્યરૂપ

બનવા તમારે દિવ્યતાનું સતત સ્મરણ કરવું આવશ્યક છે, દિવ્યભાવયુક્ત કર્મ અને આચાર તમારે માટે સાહજિક બની રહેવાં જોઈએ. એ એક જ ઉદ્દેશને અનુલક્ષી તમારી મનોદશા, આસપાસનું જગત અને તમારી ભાવના એ સૌનો સમન્વય સાધવાનું અત્યંત જરૂરી છે. એ બની શકે તો જ દિવ્યતાનો સિદ્ધાંત પૂર્ણતઃ સમજી તેનો મર્મ ગ્રહણ કરી શકાય.

આ પાયારૂપ સત્યના અનુસંધાનમાં શ્રીકૃષ્ણે આગળ કહ્યું, " અર્જુન ! જેઓ જ્ઞાની છે તેઓ દેવદેવીઓ - દિવ્ય વિભૂતિઓથી પણ મહાન છે અને એ દેવાત્માઓ સામાન્ય માનવીથી ચડિયાતા છે. પણ આ જ્ઞાનીઓ પણ પરમાત્મતત્વનો મર્મ સમજવા અશક્તિમાન નીવડ્યા છે, તો પછી તારા જેવો એક સામાન્ય માનવી તો એ સહેલાઈથી શી રીતે સમજી શકે ? " આ ચતુરાઈભર્યા ફટકાથી અર્જુન શરમનો માર્યો માથું ઝુકાવી નીચું જોઈ રહ્યો. તે બોલ્યો, “ શ્રીકૃષ્ણ, તમે કહો છો તે યોગ્ય જ છે ; હું કબુલ કરું છું. હે શ્રી કૃષ્ણ ! ગમે એવી પ્રતિભાશાળી વ્યક્તિ પણ તમારો પાર પામી શકે એમ નથી. તમારું વૈવિધ્યરૂપ, સર્પાકારરૂપ અનંત અને અગમ્ય છે. મને હવે પ્રતીતિ થઈ ચૂકી છે – તમે વિશ્વસ્વરૂપ, મહત્તત્વનો જ આવિષ્કાર છો.

હું હવે નિઃસંશય માનું છું કે તમે આ સમસ્ત સૃષ્ટિના સર્જનહાર છો, તેના ધારક અને પોષક પરિબળરૂપ છો અને વિશ્વની ઉત્ક્રાંતિ અને આંતરપ્રવર્તનના નિયામક છો. તમે સૃષ્ટિ, સ્થિતિ અને લય એ ત્રણે અવસ્થાના સર્વશક્તિમાન વિધાતા છો. તમે સ્વમુખે મને આ સમજાવ્યું એ માટે હું સદા આપનો આભારી રહી કૃતજ્ઞતા અનુભવતો રહીશ. આ દિવ્ય જ્ઞાનદાન માટે મને આપે ઈષ્ટ ગણ્યો એ વિચાર માત્રથી મારું અંતર અનન્ય આનંદથી ઉભરાય છે.

" જે સૃષ્ટિનું આપે સર્જન કર્યું તેમાં આપ કયા સ્વરૂપે વસો છો અને વિચરો છો તે ન કહો ? તમારી પાસે એ વિષે સાંભળવા હું અત્યંત ઉત્સુક છું અને મારું જીવન વધારે ઈષ્ટ અને ઉપયોગી બનાવવા માગું છું. તમારાં વિવિધ સ્વરૂપોમાં કયાંનું મારે ધ્યાન ધરવું ? કૃપા કરી મને એ વિષે કહો કે જેથી તે અનુસાર સાધના કરી હું મારી જાતને ઉગારી લઈ શકું, મુક્ત કરી શકું. " અર્જુને વિનંતી કરી.

શ્રીકૃષ્ણે હસીને જવાબ આપ્યો, “ આ પ્રશ્ન તો સાવ સામાન્ય અને સહેલો છે. તેને થયું હશે કે ઉત્તર મળી જાય તો વહેલો પાર આવે ! ભલે, તે પ્રશ્ન કર્યો જ છે તો હું ઉત્તર આપીશ, સાંભળ. પ્રત્યેક વ્યક્તિના હૃદય કમળમાં વસનારો હું અંતરાત્મા છું. આમ અંતરાત્મા તરીકે પ્રત્યેક વ્યક્તિમાં વસનારો હું તારો પરમાત્મા છું એમ માની અને એ પાયારૂપ સત્ય સતત લક્ષમાં રાખી તે જીવનમાં પ્રવૃત્ત રહેશે તો એટલું જ તારે માટે પૂરતું ધ્યાન ’ બની રહેશે – પૂરતી સાધના બની રહેશે. આ શ્રદ્ધા ચલિત ન થાય અને તેનો અનાદર કરી ત્યાગ ન થઈ જાય એ ખાસ જોવું. એ શ્રદ્ધા દ્રઢ કરી જીવનમાં ઉતારવી, જીવનકાર્યોમાં વાણી અને વિચારમાં તે ગૂંથી લેવી. આમ થશે એટલે હું તું જ છું અને તું હું છું એવી એકરૂપતાનો – એકત્વભાવનો અનુભવ થશે.

પંચભૂતો : પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પણ મારાં જ સ્વરૂપો છે. હું સૂર્ય ચન્દ્ર અને તારાગણોમાં ચૈતન્યરૂપે વસું છું. મહા પ્રલય જ્યારે આવે છે ત્યારે હું વિનાશક બળરૂપે ઉપસ્થિત થાઉં છું અને એ પછી પુનઃનિર્માણ કરનાર શક્તિ પણ હું જ છું. હું સૂક્ષ્મમાં સૂક્ષ્મથી માંડી વિશાળમાં વિશાળ સ્વરૂપ ધરાવનાર છું. હું ભૂત, વર્તમાન અને ભવિષ્ય છું. માનવી અને પ્રકૃતિનું જેમાંથી સર્જન થયું જેમાંથી એ સાકાર થયાં એ ત્રણે સ્થાનો અને ત્રણે ગુણો મારું જ સ્વરૂપ છે. જેમાં હું ન હોઉં એવો કોઈ પણ પદાર્થ હસ્તિ ધરાવતો નથી, અને જે મારું ન હોય એવું કોઈ નામ નથી. શરીરના કોઈ પણ ભાગમાં વહેતું લોહી એક જ છે ; એમજ સર્વત્ર વિચરતું દિવ્યત્વ એક જ અને અદ્વૈત છે. "

અર્જુને હાથ જોડ્યા અને શ્રીકૃષ્ણને નમસ્કાર કરી પૂછ્યું, " હે શ્રીકૃષ્ણ ! સમસ્ત સૃષ્ટિસર્જન તમારું જ સ્વરૂપ છે, ખરુંને ? જ્ઞાન, વૈભવ, બળ, શક્તિ, પ્રકાશ એ સર્વ આપની ભવ્યતાના અવિષ્કારરૂપ છે એમ કહેવું સારું છે ને ? તો મારાં જીવનની એક ઈચ્છા તૃપ્ત કરવાની પવિત્ર તક મને ન આપો ? વિશ્વરૂપ તરીકે, સૃષ્ટિસર્જન તરીકે. ખુદ સર્જનરૂપ તરીકે આપના દર્શન કરવાની મારી ઈચ્છા છે. મારી આટલી વિનંતી સ્વીકારો ; આપના ચરણમાં મારી આ પ્રાર્થના છે. "

અર્જુનની અંતરયાતના જોઈ શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો, " અર્જુન ! હું તને અવશ્ય સંતુષ્ઠ કરીશ. પણ તારાં આ ચર્મચક્ષુ એ ભવ્યતા જોઈ શકવા સમર્થ નથી. જે મર્યાદિત દ્રષ્ટિ, માત્ર આ પ્રકૃતિને જ જોઈ શકે છે તે વિશ્વરૂપનું દર્શન કરી શકતી નથી. આથી હું તને દિવ્યચક્ષુ પ્રદાન કરું છું. હવે જો ! " આટલું કહી શ્રીકૃષ્ણ અર્જુન સમક્ષ દિવ્યસર્જન રૂપે પ્રકટ થયા. કેવો મહાન ઉપકાર ભાવ ! કેવી મહાન અનુભૂતિ !

આ સ્થળે સાધકોએ એક મહત્વના મુદ્દા વિષે સચેત રહેવાનું છે. વેદો, ધર્મશાસ્ત્રો અને પુરાણો ઉપરાંત જેઓને આ વિષયનું આલેખન કરવાનો અને તે ઉપર વક્તવ્ય આપવાનો અધિકાર છે એવા અનેક વિદ્વાનો અને સંતો પરમાત્માને સર્વવ્યાપી, ' સર્વભૂતાન્તરાત્મા ' એટલે કે સર્વત્ર રહેલા અને સર્વમાં વસતા આંતરતત્વ તરીકે ઓળખાવે છે. એ આધારે કેટલાક દલીલ કરે છે કે, " જો પરમાત્મા એમ સર્વત્ર સર્વમાં વ્યાપ્ત હોય તો દરેક વ્યક્તિ એમને કેમ નિહાળી શકતી નથી ? " આ પ્રકારના સર્વ પ્રશ્નોનો એક જ જવાબ છે : પંચભૂતના બનેલાં તમારાં ચર્મચક્ષુ પંચભૂતની પાર શી રીતે જોઈ શકે ? શું જોઈ શકે ?

જે પદાર્થ પ્રકાશનું પરિવર્તન કરતો નથી તેને કશું જ પ્રકાશિત કરી શકે નહિ. અગ્નિશિખા પોતે જ પ્રકાશમય છે અને તે આસપાસ પ્રકાશ ફેલાવે છે. એમ જ પરમાત્મા સ્વયંપ્રકાશ છે ; તે સર્વને પ્રકાશમય કરે છે, તે પ્રકૃતિથી પર છે કે જે માત્ર તેની ભવ્યતાનું આવિષ્કરણ છે. માટે પરમાત્મા માત્ર જ્ઞાનરૂપી ચક્ષુ વડે જ જોઈ શકાય છે, અને એ જ્ઞાનરૂપી પ્રકાશ પ્રભુકૃપા થાય તો જ પ્રાપ્ત થઈ શકે છે. આથી પ્રભુભક્તિ એ સાધનાનો અગત્યનો અંશ છે. જે પોતાને પૂર્ણરૂપે જોઈ જાણી શક્તો નથી તે બીજાને કદાપી જાણી શકે નહિ, એટલું જ નહિ પણ પોતાથી અળગું એવું કશું જ એ જોઈ શકતો નથી. એવી સાધના આદરો કે પરિણામે પ્રભુકૃપા પ્રાપ્ત થાય. એ કૃપાને પરિણામે જ્ઞાનનેત્ર - જ્ઞાનચક્ષુ કે દિવ્ય

ચક્ષની પ્રાપ્તિ થશે, ભક્તિમાર્ગે પ્રભુની સમીપ સહેલાઈથી પહોંચી શકાય છે. પરમાત્મરૂપ વિશ્વના અને વિશ્વરૂપ પરમાત્માના દર્શનની અનુભૂતિ થતાં અર્જુનની આંખો આનંદના અશ્રુથી ઉભરાઈ ગઈ. " હે સર્વશક્તિમાન પ્રભુ, આ શું ! સર્વ દેવતાઓ, સર્જનહાર બ્રહ્મા, સર્વ સંતો અને તપસ્વીઓ સર્વ અને વિવિધ પ્રાણસૃષ્ટિ, સ્થિત અને ગતિમાન પદાર્થ સૃષ્ટિ ઓહ એ પ્રત્યેકને હું જોઈ રહ્યો છું. હું આપના રુદ્ર છતાં ભવ્ય મુખની ગુહામાં ભવ્ય પ્રકાશપૂંજો ઉદભવતા અને દૂર દૂર પથરાઈ જતા જોઉં છું - હું સર્વદર્શન કરી રહ્યો છું. આ ભયજનક સ્વરૂપનો મર્મ અને ઉદ્દેશ સમજવાની પ્રભુ ! મને અપાર ઉત્કંઠા છે. " અર્જુને આશ્ચર્ય અનુભવતાં કહ્યું.

" અર્જુન ! તેં જોયું ? હવે તને સમજાય છે કે હું સર્વ કર્મ, પ્રાણ અને પદાર્થનો સર્જક, ધારક અને વિનાશક છું ? તું પોતે આ સમરાંગણમાં કોઈને બચાવી શકે એમ નથી કે સંહારી શકે એમ નથી એ વાતની પ્રતીતિ તને હવે થાય છે ખરી ? તું કોઈને મારવા શક્તિમાન નથી તેમ તેઓ સ્વયંને મૃત્યુને વરવા શક્તિમાન નથી. જીવન અને મૃત્યુ બંને મારા સંકલ્પ અનુસાર ઘટનારૂપે આવી મળે છે. હું સૃષ્ટિનો ભાર સ્વેચ્છાએ ધારણ કરું છું. એ બોજનો હું જ સર્જક છું અને હું જ કાળક્રમે તેથી મુક્ત થાઉં છું. " વ્હાલથી અર્જુનની પીઠ થાબડતાં અને તેના દિવ્યતાયુક્ત ઉશ્કેરાટ અને આવેશને શાંત કરતાં શ્રીકૃષ્ણ મૃદુ શબ્દોમાં આ સર્વ અર્જુનને સમજાવ્યું.

પરમાત્મા નિષ્ઠાયુક્ત ભક્તિભાવથી પ્રભાવિત થઈ તેના ભક્તોને આશ્વાસન અને હિંમત આપવા ઉતરી આવે છે એનું આ પ્રસંગ એક સુંદર ઉદાહરણ છે. વિચાર કરો ! જે અર્જુન અત્યાર સુધી અત્યંત ક્ષોભ અને હતાશા અનુભવતો હતો તેને એક સામાન્ય માનવીની કક્ષાએ દિવ્યત્વના દર્શન થતાં જ તે ભિષ્મ, દ્રોણ અને કર્ણ જેવા વીર યોધ્ધાઓનો અને યુદ્ધવિદ્યામાં પ્રાવીણ્ય ધરાવતા એ મહારથીઓનો સામનો કરી તેઓને શી રીતે મહાત કરી શક્યો ? તેઓ મહાત થયા અર્જુનસંચારિત પ્રભુની સંકલ્પ - શક્તિથી.

અર્જુને આંસુ લૂછી, હાથ જોડી શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી : " હે પ્રભુ હું એ વિશ્વરૂપ જોઈ રહ્યો છું કે જે વિષે મેં પહેલાં કદી સાંભળ્યું ન્હોતું કે જેનો મને સ્વપ્ન પણ ખ્યાલ ન હતો. એ સ્વરૂપ સત્ય હકીકત છે એની મને હવે પ્રતીતિ થઈ રહી છે. પેલી ભવ્ય પ્રકાશ વેરતી ભયાનક અગ્નિશાખાઓ મને દઝાડી રહી છે અને એ પ્રજ્વલિત પ્રકાશ પૂંજની ઉષ્ણતાથી મારાં ગાત્રો જાણે ઓગળી જતાં લાગે છે. મારી પ્રાર્થના છે કે ફરી એક વાર આપનું મધુર હાસ્ય વેરતા મારી સમક્ષ પ્રકટ થાઓ. આ ભયાનક દર્શન હું હવે વધુ સમય જોઈ શકું એમ નથી. હે જગદ્ પિતા ! આપનું મૂળ સ્વરૂપ ફરી ધારણ કરો ; આ દ્રશ્ય મારાથી હવે જોવાય એમ નથી. " અર્જુને નમ્ર ભાવે વિનંતિ કરી.

પ્રભુકૃપા તો અર્જુનને પ્રાપ્ત હતી જ. પ્રભુ સંમત થયા. તેમણે કહ્યું, " અર્જુન ! તેં હમણાં જ મારું એવું વિશ્વવ્યાપક રૂપ જોયું છે કે જેનું દર્શન ગમે એવા ગહન વેદાભ્યાસ કે વિદ્વત્તા, સંત મહાત્માઓના ગમે એવાં વિધિવિધાન, કર્મકાંડ કે આકરી તપશ્ચર્યાને પરિણામે પણ પ્રાપ્ત થઈ શકે નહિ. અનન્ય ભક્તિભાવથી જે ભક્ત મને ભજે છે અને મારામાં આસક્ત છે તે જ માત્ર એ સિદ્ધ કરી શકે છે. એવા

ભક્તો સર્વત્ર માત્ર પરમાત્માને જ જોતા હોય છે. એઓની ભક્તિમાં કદીય વિક્ષેપ આવતો નથી અને એઓને સર્વમાં પરમાત્માના જ દર્શન થાય છે. તેઓ જે કંઈ કરે છે. તેને પ્રભુ પ્રત્યેની ભક્તિ સમજીને જ કરે છે. તેઓની નજરમાં બીજું કશું જ આવતું નથી, તેઓના મનમાં બીજો કોઈ વિચાર પ્રવેશતો નથી અને તેઓને હાથે પ્રભુ અર્થ સિવાયનું બીજું કોઈ કાર્ય થતું નથી. સર્વદા અને સર્વત્ર તેઓ મારું જ સ્વરૂપ નિહાળે છે. તેઓ મારા જ નામનું રટણ કરતા હોય છે, તેઓની લાગણી મારા પ્રત્યેની અને મારે વિષેની જ હોય છે અને તેઓ માત્ર મારે ખાતર જ પ્રવૃત્ત રહે છે. અર્જુન ! આવા ભક્તો એ જ્ઞાનદ્રષ્ટિ પ્રાપ્ત કરી શકે છે. હું પણ એ જ માગું છું અનન્ય ભક્તિ.

અર્જુને સ્હેજ સ્મિત કરતાં સંકોચસહિત પૂછ્યું, " હે પ્રભુ ! આપ દ્રઢ અને એકલક્ષી ભક્તિભાવથી આનંદ અનુભવો છો એ હું સમજ્યો છું. પણ આપ આપની સાકાર સ્વરૂપ ભક્તિથી કે પછી નિરાકારરૂપ ભક્તિથી પ્રસન્ન થાઓ છો ? આપને સાકાર ઉપાસના પસંદ છે કે નિરાકાર ઉપાસના ? એમાંની કઈ ભક્તિ આપને વધારે પ્રેમવશ કરનારી છે અને આપની કૃપાદ્રષ્ટિની પ્રાપ્તિમાં વધારે સહાયભૂત થાય છે ? સાધક માટે કયા પ્રકારની ભક્તિ વધારે સરળ અને આપને વધારે રૂચિકર હોય છે એ કૃપા કરી મને કહો. "

આ પ્રશ્ન સાંભળી શ્રીકૃષ્ણને આનંદ થયો. તેમણે કહ્યું, " અર્જુન ! હું એ બેમાં કશો ભેદભાવ ગણાતો નથી. જો મન મારામાં રત હોય અને પ્રત્યેક કર્મ, વચન અને વિચાર નિષ્ઠાયુક્ત હોય, તેમાં દ્રઢ શ્રદ્ધા પ્રતિબિંબિત થતી હોય તો મને ગમે એ સ્વરૂપે ભજવામાં આવે મને એથી પ્રસન્નતા જ થાય છે. " - અર્જુને શ્રીકૃષ્ણને અટકાવી પ્રશ્ન કર્યો, " શ્રીકૃષ્ણ ! શું અંતરની પવિત્રતા અને અડગ શ્રદ્ધા પૂરતાં છે ? સ્ત્રી કે પુરુષ જાતિ, વર્ણવ્યવસ્થા અનુસાર આપણું સ્થાન કે જીવનની વિવિધ અવસ્થાઓ સાફલ્યપ્રાપ્તિમાં અવરોધરૂપ નીવડતાં નથી ? " શ્રીકૃષ્ણ અર્જુનને ઠપકો આપતા હોય તેમ કહ્યું, " તને અત્યાર સુધી જે અનુપમ અનુભવો થયા તે પછી પણ તું આવા પ્રશ્નો કરે છે એથી મને આશ્ચર્ય થાય છે. તને એટલું નથી સમજાતું કે જેઓએ પોતાનું મન પરમાત્માના જ વિચારમાં સ્થિર કર્યું છે, જેઓએ મારો સંપૂર્ણ આશરો લીધો છે – એટલે કે જે સત્યસ્વરૂપ, શાશ્વત અને શુદ્ધ છે એનું મને મૂર્ત સ્વરૂપ ગણી - જેઓ એ વિચારમાં પોતાના મનથી નિરંતર લીન રહે છે તેઓમાં દેહ ભ્રાંતિનો અંશ પણ હોતો નથી. તેઓ પોતાને, પોતાના સ્વત્વને કદી દેહ સાથે એકરૂપ ગણતા નથી. જો તેઓ જાતિ, જ્ઞાતિ કે જીવનની કક્ષા પ્રત્યે જાગૃત હોય અને અહંકાર કે કાયરતા જેવા ભાવોને આધારે જીવતા હોય તો એ દર્શાવે છે કે તેઓના મનમાં પ્રભુ પ્રત્યે શરણાગતભાવ જાગ્યો નથી. જેઓ દેહ પ્રત્યેની આસક્તિથી મુક્ત બન્યા છે તેઓને જ્ઞાતિ કે પોતાના સ્થાનનો વિચાર બાધક નીવડતો નથી.

આશ્રમધર્મ અને વર્ણધર્મ (ચાર જ્ઞાતિઓ અને જીવનની ચાર અવસ્થા – વિદ્યાર્થી. ગૃહસ્થી, સન્યાસી અને સંત માટે કરાવવામાં આવેલી આચારસંહિતા) કોઈ રીતે પણ મનને પ્રભુ સાથે જોડવામાં, તેને દોષમુક્ત કરવામાં કે પોતાના સર્વ કર્મ, વાણી અને વિચાર દ્વારા પ્રભુભક્તિ સિદ્ધ કરવામાં અને તેને દ્રઢ બનાવવામાં અંતરાયરૂપ નીવડતાં નથી. જેઓ દેહને સત્ય માની વિશ્વને પણ શાશ્વતસ્વરૂપ મૂળતત્વ

માની ચાલે છે તેઓ જ સ્ત્રી - પુરુષના જાતિભેદ, જ્ઞાતિભેદ, સ્થાનભેદ કે જીવનની કક્ષાભેદ વગેરે વિચારોનો ભોગ બનતા હોય છે.

અહીં અર્જુન બોલ્યો, " શ્રીકૃષ્ણ ! જેઓ દેહભ્રાંતિના શિકાર બન્યા હોય છે અને પોતાને માત્ર દેહરૂપ જ સમજે છે એઓ માટે આ નિર્ગુણ નિરાકારનું ધ્યાન ધરવાનું કાર્ય શું મુશ્કેલ નથી ? સામાન્ય માનવીની સમજમાં આવે એવી મૂર્ત સ્વરૂપ પ્રભુની ભક્તિ વડે મનની અને અંતરતમ ચૈતન્યભાવની શુદ્ધિ સિદ્ધ થઈ શકે ખરી ? કૃપા કરી મને સમજાવો. "

# અધ્યાય ૨૧

અર્જુન ! લોકો સમજે છે કે પરમાત્માની મૂર્તિમાં તેના શક્તિરૂપ લક્ષણોનું આરોપણ કરી તેની પૂજા કરવી એ પૂરતું છે. આ પ્રકારની સાધના થોડે અંશે સહાયભૂત નીવડે છે ; માનવીને થોડા સમય માટે સાચે માર્ગે દોરી જશે અને પછી તેને એકલો મૂકી દેશે. માત્ર આટલું કરવાથી, મુક્તિ કે મોક્ષ માટે જે પ્રભુકૃપા જોઈએ તે મળતી નથી. જે મોક્ષપ્રાપ્તિ ઈચ્છે છે તેણે પ્રથમ તો દેહ પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવાનો હોય છે. એ સિવાય આત્મિક કક્ષાએ પહોંચવું અશક્ય છે. દેહ પ્રત્યેના સમભાવમાં અજ્ઞાન જ પ્રદર્શિત થાય છે. આત્મા પ્રકૃતિથી ભિન્ન છે એવું જ્ઞાન થવું અત્યંત આવશ્યક છે કારણ એ પછી જ આગળ પ્રગતિ થઈ શકે.

" ધ્યાન અને તપના બળથી પ્રકૃતિના વિવિધ પદાર્થો પ્રત્યેનો મોહભાવ, જે મૂળરૂપે અસત્ય છે તે નષ્ટ કરવો જોઈએ. એ મોહ દૂર થાય છે ત્યારે માનવી મુક્ત થાય છે - જેમ નાળિયેર સૂકાઈ જતાં કોપરાનો ભાગ બહારના રેસાઓ અને અંદરના કોચલાથી છૂટો થઈ જાય છે તેમ. એ શુષ્ક નાળિયેરની વાટી કદી બગડતી નથી - સડતી નથી તેમ તેમાંથી બીજી નાળિયેરી પણ ઉગાડી શકાતી નથી. એ જ પ્રમાણે મૂક્ત માનવીને જન્મમરણ હોતાં નથી, એટલે કે એની મુક્તિ થઈ છે, અને મોક્ષ મળ્યું છે. જીવનમાં નાળિયેરની એ વાટી જેવું પરિવર્તન આણવું એ કક્ષાને જીવનમુક્ત - જીવન દરમ્યાન મુક્તિ તરીકે ઓળખાવવામાં આવે છે.

" જીવનમુક્તિની પ્રાપ્તિ માટે પરમાત્મતત્વનું નિર્ગુણ અને નિરાકાર તરીકે ધ્યાન કરવું જરૂરનું છે. જે કોઈ માટે એ મુશ્કેલ અને પોતાની શક્તિથી પર હોય તે બીજી રીતે સાધના કરી શકે છે. સર્વ પ્રકારની પૂજાવિધિ, ભક્તિ, વેદિક કર્મકાંડ અને બીજાં વ્રત અને અંતર ધ્યાન એના સર્વ ફળસહિત મને અર્પણ કરી દો. મને જ અંતિમ લક્ષ્ય ગણી વર્તે તો પરિણામે સર્વ પ્રવૃત્તિ માત્ર પ્રવૃત્તિ નહિ પણ ભક્તિ બની રહે. મને મારામાં સ્થિર કરી મારું સતત ધ્યાન ધરશો તો હું તમને મારી કૃપાને પાત્ર ગણી આ પરિવર્તનશીલ સંસારસાગરની પાર દોરી જઈશ, અને એમ તમારું ધ્યેય સિદ્ધ કરી આપીશ. અર્જુન ! મારામાં મન સતત સ્થિર રાખવું એ કામ સહેલું નથી. પ્રત્યેક વ્યક્તિને એમાં સફળતા મળતી નથી. ગમે એવો લાંબો અભ્યાસ હોય તો પણ મનને બીજા પદાર્થો કે વિચારો પ્રત્યે વળતું અટકાવી મારા ધ્યાનમાં સ્થિર રાખવું ઘણું મુશ્કેલ છે.

" તું કદાચ પ્રશ્ન કરીશ કે બીજો કોઈ માર્ગ નથી ? હજીય હું કહું છું - હા, છે. જેઓ મને પ્રિય એવાં કર્મક્ષેત્રે પ્રવૃત્ત રહેવા હમેશાં ઉત્સુક છે, તેઓ પણ આત્મિક ચૈતન્યભાવમાં મગ્ન રહી મુક્તિ મેળવી શકે છે. પ્રાર્થના, નામ - સ્મરણ, આત્મતત્વની ભવ્યતાના ગુણગાન – ભજનસંકિર્તન પૂજાપાઠ વગેરે દ્વારા ભૂતકાળના પાપ ધોઈ શકાય છે, તૃષ્ણા અને કામના દૂર કરી અંતઃકરણનું શુદ્ધીકરણ થઈ શકે છે અને પછી અંધકારનું આવરણ દૂર કરનારા જ્ઞાનરૂપી પ્રકાશકિરણો પથરાવા માંડે છે. "

વાચકોએ આ મુદ્દા ઉપર મનન કરવું અત્યંત આવશ્યક છે કારણ સર્વગ્રાહી દ્રષ્ટિએ ગુણાવગુણનો વિચાર કરીને જ મહત્વના નિર્ણય પર આવી શકાય છે. દ્રષ્ટાંત તરીકે લૌકિક અર્થમાં ભક્તિ અને પ્રભુનિર્દેશિત ભક્તિ એ બેમાં રહેલા ભેદનો વિચાર કરો. સામાન્ય કે લૌકિક અર્થમાં ભક્તિ એટલે પરમાત્મા પ્રત્યેની સાચી અને નિષ્ઠાયુક્ત ભક્તિપૂજા. પણ એ ઉપરાંત એમાં ઘણો ઊંડો અર્થ રહેલો છે.

પ્રભુભક્તિ એ ધ્યેયસિદ્ધિ એટલે મોક્ષપ્રાપ્તિ અર્થે કરવાની એક કઠિન અભ્યાસ પ્રક્રિયા છે. સાધકે નિષ્ઠાપૂર્ણ ભક્તિભાવ સિદ્ધ કરી ત્યાં અટકી જવાનું નથી ; તેના દિલમાં પ્રભુ પ્રત્યે જે પ્રેમ અને ભક્તિભાવ છે તે પ્રત્યે એટલા સજાગ ન રહેતાં પરમાત્મા જે પ્રેમ અને કૃપા તેની ઉપર વરસાવે છે તેમાં તેણે મગ્ન રહેવું જોઈએ. તેનું કયું આચરણ, કયું કર્મ - પરમાત્માને સૌથી વધુ પ્રિય થશે અને પ્રભુને આનંદકારક લાગશે તે સમજી અને જાણી લેવા તેણે સર્વદા ઉત્સુક રહેવું જોઈએ. એનું સંશોધન કરતા રહો, એની જ ઝંખના સેવો અને જે વડે એ હેતુ સિદ્ધ થઈ શકે એમ હોય તેવાં કાર્યોમાં પ્રવૃત્ત રહો, એ સિદ્ધિમાં સહાયરૂપ થાય એવાં કાર્યો કરતા રહો - એ જ સાચી ભકિત છે.

પણ લોકો સામાન્ય રીતે ભકિતનો આ આદર્શ અપનાવતા નથી, અને એ આદર્શના મર્મ વિષે વિચારતા નથી. ભક્તને પોતાને પ્રભુ પ્રત્યે જે પ્રેમ છે કે હોવો જોઈએ એ ઉપર જ તે લક્ષ કેન્દ્રિત કરતો હોય છે અને એમ કરવામાં તેઓ જે ધર્મ અને કર્મ પ્રભુને સ્વીકાર્ય અને પ્રિય હોય છે તે પ્રત્યે એટલું ધ્યાન આપતા નથી. એટલે જ શ્રીકૃષ્ણ કહે છે, " જે કર્મ પ્રભુને પ્રિય છે તે ભક્તની કામના સિદ્ધ કરનાર કર્મ કરતાં ઘણું શ્રેયકર છે – ચડિયાતું છે, ભક્ત જે કંઈ કરે, વિચારે, જે કંઈ યોજે કે જેનું અવલોકન કરે – નીરિક્ષણ કરે તે સર્વ કાંઈ પ્રભુકૃપારૂપ અમૂલ્ય જ નહિ પણ અલૌકિક ફળપ્રાપ્તિ કરાવનાર નીવડવું જોઈએ. ભક્ત પોતાની ઈચ્છાને આધીન રહી કર્મયુક્ત ન રહેતાં ઈશ્વરાધીન રહી, પ્રભુના સંકલ્પને આધીન રહી કર્મમાં રત રહેવું જોઈએ. પ્રભુની આજ્ઞા અને વેદોક્ત આદેશોના પ્રમાણને અનુલક્ષી ભક્ત પોતાની પ્રત્યેક ઈચ્છા અને ભાવનાનું પરીક્ષણ કરવું જોઈએ.

ગીતા સ્પષ્ટ કરે છે કે માનવીને પ્રભુ પ્રત્યે ઊંડો ભક્તિભાવ હોય પણ જીવન વ્યવહારમાં તે પ્રભુના આદેશોની અવગણના કરી ચાલતો હોય તો તે ભક્ત જ ન કહેવાય. સંતો અને ઋષિમુનિઓને જેનું જ્ઞાન થયું છે એવા એ પ્રભુના આદેશો શાસ્ત્રોક્ત ધર્માચાર તરીકે પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે : **भक्तिमान् यः मे प्रियः** - એમાં ' ભક્તિમાન'નો આ જ અર્થ થાય છે : પ્રભુના આદેશો અપનાવી ધર્માચાર કરનાર.

એ સાથે ભક્ત જે કંઈ કરે એ વિષે એને એમ ન થવું જોઈએ કે આ મમ કર્મ -મારું કરેલું કર્મ છે. શ્રીકૃષ્ણ કહે છે કે **इश्वरिय कर्म** - પ્રત્યેક કર્મને પરમાત્મા અર્થે જ નહિ પણ પરમાત્માકર્મ તરીકે જ લેખવું જોઈએ. સામાન્ય રીતે લોકો માને છે કે અમુક કાર્યો તેઓના પોતાના છે અને બીજા પરમાત્મકર્મો છે. સાચા ભક્તનું આ લક્ષણ નથી. જો સર્વ કર્મોને પરમાત્મ કર્મો – પ્રભુના જ કર્મો ગણવામાં આવે તો તે અહંકાર કે મમત્વભાવથી કલંકિત થશે નહિ.

સાચી ભક્તિ એવું ધર્મ જ્ઞાન છે કે જે અહમ્ ભાવ અને હું અને મારું ' એવાં મમત્વની મર્યાદાને દૂર કરે છે. એટલે જ જેઓ જ્ઞાની છે તેઓ ભક્તને પ્રભુથી અવિભક્ત - જેને પ્રભુથી જુદો કરી શકાય નહિ - એવા જીવાત્મા તરીકે ઓળખાવે છે. સર્વ કાળે અને સર્વ સંજોગોમાં આપણા કાર્યો અને આપણી લાગણી પ્રભુ પ્રેરિત અને પ્રભુમય જ છે એવી સ્પષ્ટ અનુભૂતિ આપણને થવી જોઈએ. એને બદલે તમે દુઃખ અને ચિંતાથી વ્યગ્ર બની જાઓ ત્યારે પ્રભુને આજીજી કરો કે હે પ્રભુ મને બચાવી લે, આ દુઃખમાંથી મને ઉગારી લે, અને એ દૂર થતાં તમે દુન્યવી આશા - આકાંક્ષાના ભોગ બની ફરી પાછા એના એ સ્થળલક્ષી વ્યવહારક્ષેત્રમાં ઝંપલાવો તો એ નિંદનીય છે - અક્ષમ્ય છે.

ગીતાનો આ જ બોધપાઠ છે. એક તાકીદના ઉપાય તરીકે પ્રભુભક્તિ કરવાનો અર્થ જ નથી. જ્યારે જીભ રોગયુક્ત બની જાય અને ખોરાક ભાવે નહિ ત્યારે એ દર્દી તીખાં - તમતમતાં અથાણાં માંગે છે. એ જ પ્રમાણે જ્યારે દુઃખના વાદળ ઘેરાય છે ત્યારે માનવી પ્રભુને યાદ કરે છે. આ પ્રકારની પ્રાયોગિક ભક્તિ આજે સર્વત્ર ફેલાઈ ગઈ છે - કદાચ વર્તમાન યુગના આધારરૂપ બની ગયેલા પાખંડ અને ખુલ્લા ઢોંગનું એ પરિણામ હોય. દુઃખની વાત તો એ છે કે મહાન ગણાતા સાધકો અને ભક્તો જે પરમાત્માને પોતાનું સર્વસ્વ ગણે છે અને તેને ખાતર સંસારમાં સર્વસ્વનો ત્યાગ કરી બેઠા છે તેમાં પણ પ્રભુ પ્રત્યેની પોતાની ભક્તિનાં સામર્થ્યનું પ્રદર્શન કરવાની વૃત્તિરૂપ પોકળ ભક્તિભાવ દેખાઈ આવે છે. ઘણા તો ભક્તિનો બુરખા - પડદા તરીકે ઉપયોગ કરે છે. યાત્રાએ જતાં કે વડીલો અને મહાત્મા સમક્ષ હાજર થતાં કે મંદીરે દર્શને જતાં ભક્તિરૂપ એ બુરખા ચઢાવે છે અને જ્યાં ઘરે આવ્યા કે તે પડદાને અને તે સાથે પ્રભુ પ્રત્યેના પૂજ્યભાવના સર્વ વિચારો અને ભાવોને દૂર ફગાવી દે છે.

આ બધું માત્ર પ્રદર્શનાત્મક ખેલ જેવું છે. ભક્તિ તો અડગ અને સ્વયંસંપૂર્ણ હોવી જોઈએ. ભક્તિ એટલે સર્વદા અને સર્વ સ્થિતિમાં પરમાત્માના વિચારમાં મનને સ્થિર રાખવું, પ્રસ્થાપિત રાખવું તે. ઘણા ભારપૂર્વક કહે છે કે અમે અમારાં સર્વ કાર્યો દેવને પ્રભુને અર્પણ કરીએ છીએ - દેવને અંજલિરૂપ ગણી કરીએ છીએ પણ તેઓનો વ્યવહાર બતાવી આપે છે કે એ બધાં દેહને જ અર્પણ કરવામાં આવતાં હોય છે. પોતાના કાર્યો પ્રભુને અર્પણ કરવાને બદલે તેઓ પોતાને જ અર્પણ કરે છે – પોતાના દેહને કે જેને તેઓ અજ્ઞાનને પરિણામે પોતાનું સાચું સ્વરૂપ સમજે છે. તે પોકાર કરી કહે છે કે આ કૃષ્ણાર્પણ કરું છું ' પણ હકીકતમાં તે કૃષ્ણને નહિ પણ પોતાના પુત્રને અર્પણ કરી રહ્યા હોય છે. તેઓ કહે છે, " આ રામને અર્પણ છે " પણ તેઓની મનોવૃત્તિ બતાવે છે કે તેઓ એમ કરી પોતાના રાગ (આસક્તિ) ને પોષતા હોય છે. આવાં કાર્યોને સમર્પણ કે અંજલિ જેવા શબ્દો વડે શી રીતે નવાજી શકાય ?

સમર્પણભાવ તો દેહ, મન અને વાણી બધાંને પ્રેરણાદાયક થાય છે. તમારી વાણી તમારાં મનને ખટકે એવી હોય અને તમારા મનોભાવનો કાર્યમાં અંતઃકરણપૂર્વક અમલ ન થાય, એ મનોભાવ કાર્યમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત ન થાય તો એ માત્ર પાખંડ છે - નખશિખ ઢોંગ છે. કર્તા અને કર્મણા એ સર્વ પરમાત્મા જ છે એવી પ્રતીતિ કેળવો : વૈભવ, પત્ની અને બાળકોમાં આસક્ત ન રહેતાં સર્વદા

પરમતત્વના વિચારમાં મગ્ન રહો- પરમાત્માની સેવનામાં કૃતકૃત્યતા માનો.

તમારું મન જેમાં આસક્ત રહે છે તેમાં અને ત્યાં તમારી ભક્તિ પણ અટકી જાય છે - સ્થિર થઈ જાય છે. ભક્તિ ગંગાજળ જેવી પવિત્ર છે અને કર્મ યમુનાના જળ જેવું છે, અને જ્ઞાન એ સરસ્વતિ છે કે જે એ બંનેને તળિયે ગુપ્ત રીતે વહેતાં વહેતાં એઓમાં એકરૂપ થઈ પોતાને ધન્ય અને પવિત્ર કરે છે. આ ત્રણેના જે સંગમ છે તે ત્રિવેણી કહેવાય છે. એનો મર્મ એ છે કે મન અદ્રશ્ય થાય છે - મટી જાય છે ; ત્રણે ગુણો એકરૂપ ધારણ કરે છે અને પરિણામે અહંકારનો વિનાશ થાય છે – તેનું અસ્તિત્વ મટી જાય છે.

ઘણા એવા છે કે જેઓ આ મૂળભૂત સત્યોથી અજ્ઞાત છે. તેઓ દિવસમાં બે વાર સ્નાન કરે છે, સવાર, બપોર અને સાંજ પૂજાપાઠ કરે છે, ઘરના મંદીરમાં સ્થાપેલાં દેવદેવીઓને ભજે છે, કપાળે, હાથ અને છાતીએ વિભૂતિ કે ચંદનના લપેડા કરે છે, ચહેરા પર કેસરી અને ગેરૂઆ રંગના ચાંદલા ચોડે છે, ગળે મણકા અને રૂદ્રાક્ષની માળાઓ લટકાવે છે અને એક મંદિરેથી બીજે મંદિરે અને એક ગુરુજન પાસેથી બીજા પાસે જતા આવતા ભટક્યા કરે છે. તેઓ પવિત્ર દેવસ્થાનોની પ્રદક્ષિણા કરતા રહે છે. તેમાં અનેક વ્યાખ્યાનો, પૌરાણિક કથા - આખ્યાનો અને ધર્મશાસ્ત્રોના વાચન થતાં હોય ત્યાં અવશ્ય હાજરી આપે છે. આવી વ્યક્તિઓ માટે આપણે બહુ બહુ તો એટલું કહી શકીએ કે તેઓ સપ્રવૃત્તિમાં સમય ગાળે છે, તેઓ ભક્તો છે એમ કહી શકાય નહિ.

ભક્તિને વેશ અને વાણી સાથે કશી લેવા દેવા નથી. વસ્ત્રવિધાન અને વક્તવ્યની ધાર્મિકતાને આધારે કોઈને પ્રભુનો ભક્ત કહી શકાય નહિ. ભક્તિ એ આંતરિક ભાવ અને લાગણીની વાત છે અને નહિ કે બાહ્ય આચરણ અને વ્યવહારની, ધૂમાડો હોય તો આપણે અનુમાન કરી શકીએ કે ત્યાં અગ્નિ છે. એ વાત સાચી છે કે ધુમાડાનો કોઈ પ્રકાર એવો નથી કે જે અગ્નિમાંથી ઉદભવતો ન હોય, પણ કેટલાક એવા પ્રકારના અગ્નિ છે કે જેમાંથી ધુમાડો નીકળતો નથી. એ શક્ય છે કે કેટલાંક કાર્યો લાગણી વિના, લાગણીના આવિર્ભાવ વિના થતાં હોય ; આપણે એમ ન કહી શકીએ કે સર્વ પ્રકારની લાગણી બાહ્યાચરણમાં દેખાવી જ જોઈએ. બાહ્ય દેખાવ અને ભપકો ન હોય ત્યાં પણ સહૃદય અને પ્રામાણિક લાગણી હોઈ શકે છે. વિશુદ્ધ ભાવના એ મહત્વની વસ્તુ છે. જે કોઈને પ્રગતિની આકાંક્ષા હોય તે તેમાં માત્ર ભપકાયુક્ત બાહ્ય પ્રવૃત્તિ અવરોધરૂપ જ નીવડશે એ નિશ્ચિત છે.

જે પ્રશ્ન અર્જુને કર્યો હતો તેના પરિણામરૂપ ઉપર પ્રમાણે વિસ્તારપૂર્ણ ઉત્તર શ્રીકૃષ્ણ આપ્યો. તેમણે આગળ કહ્યું : અલબત્ત ભક્તો બે પ્રકારના હોય છે – સગુણ અને નિર્ગુણ ભક્ત ; સાકાર અને નિરાકારને ભજનારા ભક્તો. આર્થ (દુઃખી) અર્થાર્થી (ક) અને જિજ્ઞાસુ (જ્ઞાનની ઈચ્છા કરનાર) ભક્તોમાં સર્વ નામસ્વરૂપ અને મૂર્ત સ્વરૂપ પરમાત્માના ઉપાસકો હોય છે, જેમ પ્રત્યેક શુભ કાર્યમાં પહેલાં જમણો પગ ઉપાડવાનું ઉચિત માનવામાં આવે છે તેમ મોક્ષપ્રાપ્તિમાં પણ પ્રથમ નિર્ગુણભક્તિરૂપ જમણા પગથી આરંભ કરવો ઈષ્ટ છે. એ સર્વ શુભકારક અને શુકનિયાળ છે. કહેવાનો અર્થ એ કે નિરાકાર બ્રહ્મની સાધના દ્વારા જ જ્ઞાનરૂપ પ્રકાશની પ્રાપ્તિ થઈ શકે છે. હવે આ

બંને ભક્તિ પ્રકારોનું પોતપોતાનું મૂલ્ય છે, અને બંનેની અનિવાર્ય આવશ્યક્તા છે. વ્યક્તિ કે સાધક એક પગ બહાર અને એક અંદર અને એક જ સ્થાને ક્યાં સુધી રાખી શકે ? માનો કે એ શક્ય છે તો યે તેનો ઉપયોગ શો ? માટે સાધના અર્થે સગુણ ભક્તિનું અવલંબન રાખી નિર્ગુણ ભકિતને આપણું ધ્યેય કે લક્ષ્ય બનાવવાનું છે.

તમે ક્યાં તો સમસ્ત સૃષ્ટિને - વિશ્વને પરમાત્મારૂપ કે વિશ્વેશ્વરરૂપ ગણો અગર તો તમે વિશ્વ અને વિશ્વેશ્વરને એકમેકથી ભિન્ન ગણો. સત્ય તો એ છે કે બંને એક જ છે, તમે વસ્ત્રને તાણાવાણાને રૂપે અથવા તાણાવાણાને વસ્ત્રરૂપે જુઓ એવું જ આ પણ છે. તમને જ્ઞાન થાય કે ન થાય, તાણાવાણા એ વસ્ત્ર જ છે અને વસ્ત્ર એ તાણાવાણાનું જ રૂપ છે.

સૂત્ર અને વસ્ત્રને ભિન્ન તરીકે જોવાં, એ થઈ સગુણ ઉપાસના - નામ અને રૂપધારી પરમાત્માની ભક્તિ. સૂત્રને વસ્ત્રમાં સમાવિષ્ટ જોવું અને વસ્ત્રને સૂત્રના સંગ્રહરૂપે જોવું અને એમ બન્નેને એક અને અદ્વૈત રૂપ તરીકે જોવાં એ છે નિર્ગુણ તત્વોપાસના.

ભક્તિ કોઈ એવી ચીજ નથી કે જેની ક્યાંય બહારથી આયાત થઈ શકે ; બીજું કોઈ આપી શકે એવી એ ચીજ નથી. એ જમીનમાં ઉગતી નથી તેમ આકાશમાંથી વરસતી નથી, એ સ્વયં વ્યક્તિમાંથી જ જાગે છે. અને ભાવરૂપે વહે છે : એ પ્રભુ પ્રત્યેનો નિઃસ્વાર્થ, નિષ્કામ પ્રેમભાવ છે. માનવહૃદયમાં જે પ્રેમભાવ ભર્યો છે તેનો પ્રવાહ ગમે એમ વિવિધ અને વિરૂદ્ધ દિશાઓમાં વહેવો ન જોઈએ પણ તે પરમાત્મા પ્રતિ સ્થિર અને અખંડ વહેતો રહેવો જોઈએ. એનું જ નામ ભક્તિ. પ્રત્યેક જીવાત્મામાં - પશુ કે પક્ષી, જીવ કે જંતુ સર્વમાં દરેકને અનુરૂપ એવો પ્રેમભાવ રહેલો છે કે જે તેમને જીવનપ્રેરક નીવડે છે. ટૂંકમાં જીવન પ્રેમ છે ; પ્રેમ એ જ જીવન છે.

જીવસૃષ્ટિના પ્રત્યેક વર્ગને વિવિધલક્ષી પ્રેમદ્રષ્ટિ હોય છે. બચ્ચાં પ્રત્યે, જન્મદાતા પ્રત્યે, પોતાના અને સલામતિ વિષે, ખોરાક અને પાણી પ્રત્યે, રમતગમત પ્રત્યે વગેરે. આવા પ્રત્યેક પ્રકારના પ્રેમભાવ કે આસક્તિને, જે પદાર્થ કે ક્ષેત્રમાં એ સ્થિર હોય તેને અનુરૂપ વિશિષ્ઠ નામથી તેને ઓળખવામાં આવે છે. બાળબચ્ચાં પ્રત્યેના પ્રેમભાવને વાત્સલ્ય કહેવામાં આવે છે, કમભાગી લોકો પ્રત્યેના પ્રેમને આદ્રતા, સમક્ષ પ્રત્યે સમભાવ કે બંધુભાવ ; પદાર્થ કે સ્થાન પ્રત્યેના ભાવને ક્યારેક સંમોહ તો ક્યારેક સન્મિત્રભાવ ગણવામાં આવે છે. વડીલો, ગુરુઓ અને માતાપિતા પ્રત્યેનો પ્રેમભાવ પૂજ્યભાવ અને નમ્રતાનું રૂપ લે છે.

પણ ' ભક્તિ ' જ એવો એક શબ્દ છે કે જે પ્રભુ પ્રત્યેના પ્રેમભાવના સંદર્ભમાં વપરાય છે. જ્યારે આ પ્રેમભાવનું પવિત્ર વારિ અનેક દિશાઓ અને વહેણોમાં અનેક લક્ષ્યસ્થાનો પ્રતિ વહેવા માંડે છે ત્યારે તે દુઃખદાયક થાય છે. કારણ તે ક્ષણિક અને નાશવંત ચીજવસ્તુઓમાં સ્થિર થઈ તેમાં પૂરાઈ રહે છે.

એમ ન કરતાં પ્રેમભાવ એકલક્ષી બનાવી તેના પ્રવાહને પ્રભુકૃપારૂપ સાગર પ્રતિ વહેવા દો ; એ સાધનાનું નામ છે ભક્તિ. સંસારના ખારા જળપ્રદેશમાં જીવન શા માટે બરબાદ કરવું ? એ કરતાં

પ્રભુકૃપાના અસીમ સાગરને પહોંચવા યત્ન કરો. એ રીતે આત્મસિદ્ધિને માર્ગે તમને સ - ચિ - આનંદની પ્રાપ્તિ થાય છે. દિવ્ય શાંતિયુક્ત એ કેવી પૂર્ણ અને પવિત્ર સિદ્ધિ છે !

ગોપિકાઓએ સતત પ્રયત્નશીલ રહી આ સાધના સિદ્ધ કરી. ગમે એ સ્થિતિમાં તેની પ્રત્યેક ક્ષણનું પ્રત્યેક વિચાર, વાણી અને કર્મનું શ્રીકૃષ્ણના ચરણકમળમાં સમર્પણ થતું. એ જ કારણે ગોપીઓને ' યોગી ' કહેવામાં આવી છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં ગોપીઓને યોગી કહી સંબોધે છે ત્યારે તેઓએ પ્રાપ્ત કરેલી આધ્યાત્મિક સિદ્ધિના પ્રમાણની આપણે સ્હેજે કલ્પના કરી શકીએ.

# અધ્યાય ૨૨

શ્રીકૃષ્ણે આપેલા ઉત્તરોને આધારે અર્જુને આગળ પ્રશ્નો કરવાનું ચાલુ રાખ્યું. “ સગુણસ્વરૂપ પરમાત્માના ભક્તના લક્ષણો તમે વર્ણવ્યાં. એવાં ગુણ - લક્ષણ ધરાવનારને યોગી તરીકે ઓળખાવી શકાય એમ તમે કહ્યું. આ બધું મને જાણવા મળ્યું એથી મને ઘણો આનંદ થાય છે, પણ... સગુણ બ્રહ્મને ભજનાર ભક્ત જેમ અમુક લક્ષણો ધરાવે છે તેમ જ નિર્ગુણ - નિરાકાર બ્રહ્મના ભક્તોના પણ એવાં વિશિષ્ટ લક્ષણો હોવાં જોઈએ કે જેને પરિણામે તેઓનું સ્વરૂપ ઓળખી શકાય - ખરું કે નહિ ? તેઓ વિષે પણ હું જાણવા ઈચ્છું છું તો કૃપા કરી મને કહો. ”

આ સાંભળી નયનમનોહર નંદકુમારે જવાબ આપ્યો, " અર્જુન ! નિર્ગુણ બ્રહ્મને ભજનારાઓએ ઈન્દ્રિયોનો સંપૂર્ણ સંયમ સિદ્ધ કરવો પડે છે. બીજું તેઓની આસપાસના સંજોગોની કશી જ અસર તેઓને થવી ન જોઈએ. ત્રીજું તેઓએ જેઓ દુઃખી અને પીડિત છે તેઓનો સહારો બની રહેવું જોઈએ. અક્ષર બ્રહ્મની ઉપાસના કરનારાઓનું આ સ્વરૂપ છે અને એ લક્ષણોમાં તેઓનો પરિચય થાય છે.

વાચકો કદાચ માનશે અને ખુશ થશે કે સગુણ અને નિર્ગુણ બ્રહ્મને ભજનારાઓના ગુણભાવ તો સરખા જ છે. શ્રીકૃષ્ણનો ઉત્તર સાંભળી અર્જુનનું દિલ આનંદથી નાચી ઊઠ્યું. તે બોલી ઊઠ્યો, ‘ હવે મને આ મુદ્દો બરાબર સમજાઈ ગયો છે. પણ મારે શી રીતે આગળ વધવું, પ્રભુ કૃપાની પ્રાપ્તિ અર્થે મારે ખરેખર શું કરવું એટલે મને સમજાવો અને તે શ્રીકૃષ્ણના ચરણમાં નમી પડયો, નારાયણે નર (અર્જુન) નો હાથ ઝાલી ઊભો કર્યો અને તેને કહ્યું, “ અર્જુન ! તારે હવે એ બે પ્રકારના ભક્તોમાં કોઈના પણ ગુણભાવ પ્રાપ્ત કરવાની આવશ્યકતા નથી. એ સહેલાઈથી સિદ્ધ થઈ શકે એમ નથી. આ બે કરતાં પણ સહેલો એવો માર્ગ હું તને બતાવીશ. એ માર્ગે તને મારી કૃપા અવશ્ય પ્રાપ્ત થશે.

“ એ માર્ગ છે - તારાં મન - બુદ્ધિ મારામાં સ્થિર કર. એ જો તને મૂશ્કેલ લાગે અને એમ કરવામાં તું સફળ ન થાય તો તારા અહમ્ ભાવનો સંપૂર્ણ ત્યાગ કરી, તે નિર્મૂળ કરી, સદંતર ભૂસી નાંખી નીતિમય અને પવિત્ર પ્રવૃત્તિમાં લાગી જા. જો આ પણ તને મુશ્કેલ લાગે તો તારાં સર્વ કર્મના પરિણામો અને ફળપ્રાપ્તિ પ્રત્યેની આસક્તિથી મુક્ત થઈ જા. એ સૌ મને અર્પણ કૃષ્ણાર્પણ કરી દે. તારા કર્મો મારાં ચરણમાં સમર્પણ કરવાં એ માત્ર શાબ્દિક ઔપચારિક્તા નથી. એ સૌ તું વાણી, વિચાર અને કર્મ દ્વારા સંપૂર્ણ નિર્લેપભાવે કરી રહ્યો છે એ વાતનું ખાસ ધ્યાન રહેવું જોઈએ - **मनो (वाक्कया) कर्म** કહેવાય છે તેમ.

" આ પણ તારી શક્તિ બહારની વાત છે એમ મને લાગે છે ? બોલ, તો પછી હું તને એના અનુસંગી પરિણામની વાત કરું. " આટલું કહી શ્રીકૃષ્ણ શાંત થઈ બેસી ગયા.

એક વાતનું બરાબર ધ્યાન રાખજો. પ્રભુકૃપાની ઈચ્છા કરનાર સાધકે માત્ર કર્મ જ વિચાર કરવાનો છે. તેના હિતકર કે અહિતકર પરિણામનો નહિ. એથી જ ગોપાલ કહે છે કે જ્ઞાન અભ્યાસથી

ચડિયાતું છે, ધ્યાન જ્ઞાનથી અને કર્મફળની આસક્તિનો ત્યાગ ધ્યાનથી ચડિયાતો છે. શ્રીકૃષ્ણ કહે છે કે આ પ્રકારની અનાસકિતને પરિણામે શાંતિની પ્રાપ્તિ થશે.

" ભક્તિ અને દ્વેષ અગ્નિ અને જળ સમાન છે ; ભક્તિભાવ અને દ્વેષભાવ કદી સાથે રહી શકે નહિ. જેઓ દુઃખ અને આનંદ, સ્નેહ અને ધૃણા તથા ભલા અને બુરામાં કશો ભેદ જોતા નથી તેઓ મને પ્રિય છે, કોઈ પણ સ્વરૂપમાં અને ઓછામાં ઓછી માત્રામાં, જેના દિલમાં જ દ્રેષ વસે છે તે કદી ભક્ત બની શકે નહિ. ભક્તને એવી પ્રતીતિ થવી જોઈએ કે આ સર્વ કાંઈ વાસુદેવરૂપ છે – **वासुदेवस्सर्वमिदम्** - એનો અર્થ એવો કે આપણે પોતે આત્મઅંશરૂપે સર્વત્ર અને સર્વમાં છીએ ; આ સત્ય સમજાય, વ્યવહારમાં તેનો અમલ થાય અને અંતરમાં તેની અનુભૂતિ થાય એ આવશ્યક છે. અન્યનો તિરસ્કાર એ પોતાનો જ તિરસ્કાર છે, અન્યની નિંદા એ પોતાની જ નિંદા છે અને અન્યના દોષ જોવા પોતાના દોષ જોવા બરાબર છે એવો ભાવ સહજપણે જાગવો જોઈએ " શ્રીકૃષ્ણ સમજાવ્યું.

વાચકોને, સંભવ છે કે અહીં એક મુદ્દા વિષે સંશય પેદા થાય. અન્ય પ્રત્યેના દ્વેષભાવના અભાવ માત્રને પરિણામે સાધકના દિલમાં **वासुदेवस्सर्वमिदम्** એ સત્યના જ્ઞાનરૂપ પ્રકાશનો ઉદય થઈ શકે ખરો ? ના, દ્વેષ વગેરેના અભાવ માત્રથી અંતરાત્માનું જ્ઞાન અને તેને ઓળખ્યાનો આનંદ પ્રાપ્ત થઈ શક્તાં નથી. એટલાથી પ્રભુકૃપા સાધી શકાતી નથી.

મજુરો ખેતરમાં કામ કરી અનાજ પકવે છે. તેના કાર્ય પ્રકારનું દ્રષ્ટાંત જુઓ. એનો તમે ધ્યાનપૂર્વક વિચાર કરશો તો તરત જ સત્ય પ્રત્યક્ષ થશે અને તમારો ભ્રમ અદ્રશ્ય થશે. બીજ વાવવા પહેલાં એ મજૂરો જમીન સાફ કરી, નકામી વનસ્પતિ અને બીજા સૂકાં મૂળિયાં વગેરે ખોદી કાઢી તે ચોખ્ખી કરે છે. પણ અનાજ પકવી પાક લણવો હોય તો એટલું પૂરતું નથી. એ જમીન ખેડવી પડે છે અને પાણીનું બધે સારી રીતે અને પૂરતા પ્રમાણમાં સીંચન થઈ શકે એ માટે પાળ બાંધી તેના ભાગ કરી વાવણી કરવામાં આવે છે. એ પછી અનાજના છોડનું રક્ષણ અને તેની માવજત યોગ્ય રીતે થાય તો પાક લણવાની ઘડી આવે છે અને અનાજ ભેગું કરી ઘરના કોઠારમાં ભરી શકાય છે.

એ જ પ્રમાણે દિલમાંથી આસક્તિ, દ્વેષભાવ, ઈર્ષા, અહંકાર વગેરે કાંટાળા ઝાંખરાં નિર્મૂળ કરી ફેંકી દેવાં પડે છે અને હૃદયક્ષેત્રને સત્યરૂપી હળ વડે ખેડવું પડે છે. પછી તેમાં આનંદના છોડ રોપી ધ્યાન, અભ્યાસ અને શ્રદ્ધા વડે એ નાજુક છોડના વિકાસ અને વૃદ્ધિના કાર્યમાં લક્ષ કેન્દ્રિત થાય તો એવા નિષ્ઠાયુકત યત્નને પરિણામે આનંદ- આનંદના ભરપૂર પાક વડે દિલના કોઠારો ભરાઈ જશે- ઉભરાઈ જશે.

દિલમાંથી દ્વેષભાવ દૂર કરવા માત્રથી આનંદની પ્રાપ્તિ થશે જ એવું નથી. એ સાથે પ્રેમભાવ પણ વિકસાવવાનો અને વિસ્તારવાનો છે. એટલે કે દ્વેષભાવ નિર્મૂળ કરી તેને સ્થાને પ્રેમભાવના બીજ વાવો, જો દ્વેષભાવના અભાવથી જ ભક્તિ સિદ્ધ થતી હોય તો - ટેકરી અને કીડિયારુ, વૃક્ષ અને વડવાઈ, પંક અને પર્વત - એઓને શેના પ્રત્યે દ્વેષભાવ છે ? તેઓને કહ્યું અપ્રિય હોય એવું નથી પણ એથી તેઓમાં

ભક્તિભાવ છે એમ આપણે કહીએ છીએ ખરા ? આપણે એમ નથી કહેતા કારણ એ અયુક્ત છે. ભક્તનું દિલ પ્રથમ તો દ્વેષભાવથી મુક્ત અને પ્રેમસભર હોવું જોઈએ. એ ઉપરાંત દુઃખી અને પીડિતોની સેવાના રૂપમાં તેનો પ્રેમ વર્તાઈ આવવો જોઈએ.

" અર્જુન આ બધું ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. પછી તેણે પૂછયું, શ્રીકૃષ્ણ ! આ ત્રણ શું પૂરતાં છે ? કે પછી બીજા આદર્શો પણ છે કે જેનો જીવનવ્યવહારમાં અમલ કરવો આવશ્યક છે ? કૃપા કરી મને કહો. " શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો, " માત્ર બીજ વાવવામાં કે છોડ રોપવામાં બધું આવી જતું નથી. ખેતરમાં પાણી સીંચવું પડે છે અને તેમાં ખાતર પણ નાંખવું પડે છે. દ્વેષભાવ દૂર કરી પ્રેમના બીજ વાવવાં એ પહેલું પગથિયું ચડ્યા બરાબર થયું. જ્યાં અંકુરો દેખાય કે **निर्मैकार** અને **निरहंकार** ના ભાવો જાગૃત થવા જોઈએ. એ જ પાણીનું સિંચન અને ખાતર છે. આનંદનો બહોળો પાક લણવો હોય તો એ માટે આ બે અત્યંત આવશ્યક છે.

" એનો અર્થ એવો કે તમારે " તું " અને " મારું " એવી મમતાની લાગણીથી વિરક્ત બની જવાનું છે. એ બન્ને ભિન્ન નથી, એકબીજામાંથી જ એ ઉદભવે છે અને બન્ને અજ્ઞાનમાંથી મૂળભૂત સત્યના અજ્ઞાનમાંથી જન્મે છે. તમે એકવાર મમત્વભાવથી મુકત થયા કે પછી હું અને મારું જેવા ભાવ તમને પજવશે નહિ, કારણ એનું અસ્તિત્વ જ નહિ રહે. એટલે જ ભકિતનો ઉપાસક **सततं संतुष्टि**- સર્વદા સંતુષ્ઠ હોય એ અનિવાર્ય ગણવામાં આવ્યું છે. આનો શું અર્થ થાય ? એમાં એવો નિર્દેશ છે કે ગમે એવી પરિસ્થિતિમાં - તંદુરસ્તી કે બીમારી, ખોટ કે લાભ, દુઃખ કે આનંદ વગેરે સર્વ સંજોગોમાં ભક્ત સંતોષ જ માણવો જોઈએ. ઈચ્છા તૃપ્ત થાય કે ન થાય તેના મનની સમતુલા અને સ્થિરતા ચલિત થવી જોઈએ નહિ. "

" પોતાના નિશ્ચિત માર્ગમાં સ્ટેજ પણ અવરોધ આવે તો મન તેની સમતુલા ખોઈ બેસે છે. એ એટલું બધું ચંચળ છે કે વાત ન પૂછો. અરે, કોફી સમયસર ન આવે, અઠવાડિયામાં બે ચિત્રો *(Pictures)* જોવા ન મળે, સવારસાંજ કલાકો સુધી રેડિયો આગળ ટૂંટિયું વાળી બેસી રહેવામાં વિક્ષેપ આવી પડે વગેરે નાની નાની વાતોનો લાભ ન મળે અને મનનાં ક્રમમાં દખલ થાય તો તમે અસંતોષથી અકળાઈ ઊઠો છો. સંતોષ એ મનની એવી સ્થિતિ છે જેમાં ઈચ્છા ફળિભૂત થાય કે ન થાય, ધાર્યા પ્રમાણે કશું બને કે ન બને વગેરેની મન પર કંઈ અસર થતી નથી. ઉશ્કેરાટ કે હતાશા જેવા ભાવને જેમાં સ્થાન જ ન હોય એવું એ મન અવિક્ષિપ્ત અને દ્રઢ હોવું જોઈએ. "

અર્જુને પૂછ્યું, " હે પ્રભુ ! તમે અનેકવાર પ્રકૃતિ અને પુરુષનો ઉલ્લેખ કર્યો છે. પ્રકૃતિ ખરેખર શું છે, એનાં શા લક્ષણો છે અને એનું સાચું સ્વરૂપ શું છે તે જાણવા હું આતુર છું. " શ્રીકૃષ્ણ સહેલાઈથી સમજાય એ રીતે ઉત્તર આપ્યો, " અર્જુન ! પ્રકૃતિનું એક બીજું પણ નામ છે ; અને તે છે ક્ષેત્ર. પ્રકૃતિ એટલે પ્રપંચ કે પંચભૂતનો સમૂહ - તેની કૃતિ. હવે આ પ્રપંચ કે પ્રકૃતિના બે રૂપો છે. એક છે જડ અને બીજું ચૈતન્ય. એનો અર્થ એવો કરવાનો છે કે એક દ્રશ્ય છે, બીજું દ્રષ્ટા દર્શનકાર છે. જોનાર કે જાણકાર માં છે, જેનું દર્શન કે જ્ઞાન થાય છે તે છે રૂમ્. ટૂંકમાં ' હું ' અને ' આ ' - એ છે પ્રકૃતિ.

પ્રકૃતિ કે નિસર્ગ વિવિધ ગુણલક્ષણના સરવાળારૂપ છે. ત્રણે ગુણો **તમસ્** (ભ્રમ) **રજસ્** (શોક) અને **સત્વ** (આનંદ) એ પ્રકૃતિના લક્ષણો છે. એ ગુણોનો સમન્વય અને સક્રાંતિ એ જ પ્રકૃતિ છે. એ જ લક્ષણો કર્તા અને ભોક્તાના પણ છે. "

અર્જુનની આગળ પ્રશ્ન પૂછવાની ઇચ્છા જોઈ શ્રીકૃષ્ણે કહ્યું, " વ્હાલા બંધુ ! હજુ તારે આ વિષે કંઈ પૂછવું છે ? " આ તક ઝડપી લઈ અર્જુને તેનો પ્રશ્ન રજૂ કર્યો. " શ્રીકૃષ્ણ ! તમે પ્રકૃતિતત્વ કુદરતના નિયમ - વિષે તો સમજાવ્યું. હવે પુરુષ એટલે શું એ જાણવા હું ઉસુક છું - એના લક્ષણો શાં છે ? એનું સ્વરૂપ કેવું છે ?

" અર્જુન ! " શ્રીકૃષ્ણે કહ્યું, " તું એને પુરુષ કહે, ક્ષેત્રજ્ઞ કહે કે શેય કહે એ બધું સરખું જ છે. ક્ષેત્રજ્ઞ એ ક્ષેત્ર કે સ્થળવિસ્તારનો જ્ઞાતા છે. જેનું જ્ઞાન થાય છે તે શેય છે. પુરુષ જીવ છે – ચૈતન્ય છે, પ્રકૃતિ દેહ છે. પુરુષ દેહધારી - દેહને, દેહરૂપને જાણનાર વ્યક્તિ છે. દેહના અનેક નામો છે. અને તે દરેકમાં મહત્વનો અર્થ રહેલો છે. એ શરીર છે કારણ તે ક્ષિણ થતું રહે છે ; એ દેહ છે કારણ અગ્નિમાં તે ભસ્મ થઈ જાય છે. જે દેહમાં ચૈતન્યનો સંચાર કરે છે અને તેની મર્યાદાઓ વિષે જાણી જાય છે તે છે જીવ કે આત્મા. "

આ જવાબ સાંભળી અર્જુનના મનમાં આશંકા પેદા થઈ અને તેણે નવા પ્રશ્નો પૂછવાનું શરું કર્યું, " શ્રીકૃષ્ણ ! આ ક્ષણે ક્ષણે ક્ષિણ થતું નાશવંત શરીર ક્ષેત્ર શી રીતે કહેવાયું ? " અર્જુન ખરેખર ચતુર શ્રોતા હતો. શ્રીકૃષ્ણ અત્યંત શાંતિપૂર્વક તેને સમજાવ્યું – " વિવિધ પ્રકારના હિતકારક કર્તવ્યમાં પ્રવૃત્ત રહી આ શરીર દ્વારા જ મહત્તા સિદ્ધ કરી શકાય છે ; જ્ઞાન કે સર્વગ્રાહી દ્રષ્ટિની પ્રાપ્તિમાં શરીર વાહનરૂપ બને છે, આખરે તો આ શરીર જ તમને મુક્તિને માર્ગે દોરી જાય છે. શરીર આ પ્રકારની મહાન સિદ્ધિઓ ધારણ કરનાર ભંડારરૂપ છે અને એથી જ એને ક્ષેત્ર કહેવામાં આવ્યું છે. ક્ષેત્રનો અર્થ બખ્તર પણ થાય છે કારણ તે જીવીને આપત્તિ સામે રક્ષણ કરે છે. બીજો અર્થ છે ભૂમિ કે ખેતર અને તે અત્યંત મહત્ત્વનો છે. ખેતરમાં વાવેલાં બીજ કે રોપેલા છોડની ગુણવત્તા ઉપર પરિપાકનો આધાર છે. શરીર એ ખેતર છે તે ધારણ કરનાર જીવી ક્ષેત્રપાલક છે ખેતર અને પાક બન્નેનાં રક્ષક. ધર્મકાર્યોરૂપ બીજ વાવવામાં આવે તો સુખ અને આનંદનો પાક લણી શકાય. પાપકર્મોરૂપ બીજ વાવીએ તો શોક અને ચિંતાનો પાક લણ આવે. જ્ઞાનબીજનું વાવેતર થાય તો જન્મમરણના બંધનથી મુક્તિરૂપ એટલે કે મોક્ષરૂપ ફળપ્રાપ્તિ થાય.

જેમ ખેતરમાં કામ કરનારાં મજુરો એમના ખેતરની લાક્ષણિકતા વિષે જાણતાં હોય છે તેમ જ ક્ષેત્રજ્ઞ અથવા જીવીએ તેના દેહની લાક્ષણિકતા અને ગુણધર્મો વિષે જાણવું જોઈએ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બે શબ્દોમાં ભેદ તો એક ' જ્ઞ ' નો જ છે ને ? એ ' જ્ઞ ' એટલે જ્ઞાન – જે જાણે છે તે - જ્ઞાતા. આથી જે ક્ષેત્ર અથવા દેહ વિષે જાણે છે - તેના ઉત્તમ ગુણો અને ક્ષતિઓનું જેને જ્ઞાન છે તે છે ક્ષેત્રજ્ઞ. જેને એવું કશું જ્ઞાન નથી અને જે જડ અને સ્થૂળ પદાર્થરૂપ છે તે છે ક્ષેત્ર.

અર્જુન પૂછે છે, " શ્રીકૃષ્ણ ! પણ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેની હસ્તિ વિષે જાણીને શો લાભ ? " શ્રીકૃષ્ણ હસી પડ્યા, તેમણે કહ્યું, " આથી વિશેષ મુર્ખાઈભર્યો પ્રશ્ન કોઈ હોઈ શકે ખરો ? ક્ષેત્રના ગુણધર્મ વિશે ઝીણવટથી તપાસ કરી તેનું જ્ઞાન મેળવી શકાય તો માનવી તેનું દુઃખ નિવારી શકે છે અને ક્ષેત્રજ્ઞનાં સ્વરૂપનું જ્ઞાન થતાં આનંદ અને ચિત્તશાંતિ પ્રાપ્ત થાય છે.આ દિવ્ય શાંતિયુક્ત આનંદને પણ " મોક્ષ ' તરીકે ઓળખાવવામાં આવે છે. "

આટલું કહી શ્રીકૃષ્ણ શાંત થઈ ગયા. પણ અર્જુન જે સાત્વિક અને હીન વૃત્તિઓ સામે નિરંતર સંગ્રામ ખેલતી સમસ્ત માનવજાતનો પ્રતિનિધિ છે તેણે શ્રીકૃષ્ણને ધક્કા મારી આગળ વધવાની ફરજ પાડી. " શ્રીકૃષ્ણ ! દુઃખનું નિવારણ અને દિવ્ય શાંતિની પ્રાપ્તિ એ બન્નેની અનુભૂતિ કરનારા એ કોણ છે ? એ જીવી છે કે દેહ ? કૃપા કરી સ્પષ્ટતા કરો. "

શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, " અર્જુન ! ક્ષેત્ર અથવા દેહ તમસ, રજસ, સત્વ એ ત્રણે ગુણો સાથે સંબંધ ધરાવે છે. આથી જીવી જ્યારે દેહ સાથે સંપર્કમાં હોય અને પોતાને દેહ સાથે એકાકાર કરી દે ત્યારે તે શોક અને આનંદની અનુભૂતિ કરી રહ્યો છે એવી કલ્પના કરે છે, જે ખરેખર તો પેલા ગુણતત્વોનું પરિણામ છે. પુરુષ કે ક્ષેત્રજ્ઞને એ ગુણો સાથે કોઈ સીધો સંબંધ નથી. એ તો માત્ર સાક્ષી છે. જ્યારે લોખંડ અગ્નિના સંપર્કમાં આવે અને અગ્નિરૂપ થઈ જાય ત્યારે તેમાંથી લાલચોળ ગરમ પ્રવાહી ઝરે છે. પણ એ લાલચોળ પ્રવાહી લોખંડ નથી, અગ્નિ છે. પ્રકૃતિ સાથેના સંબંધને પરિણામે પુરુષ કર્તા છે અને ભોક્તા પણ છે એવો ભાસ થાય છે.

આથી દેહ, જે ગુણભાવનું માત્ર વાહન છે તે ધારણ કરનાર જીવી શોક અને આનંદ અનુભવી રહ્યો છે એમ માનવું યોગ્ય નથી. જમીનના ગુણો બીજને જીવંત રાખી વૃક્ષ રૂપે તેનો વિકાસ કરે છે તેમ તેને નિર્જીવ પણ બનાવી મૂકે છે. આ બન્ને સ્થિતિ જમીનમાં રહેલા ગુણોને આભારી છે. એ જ પ્રમાણે દેહનિવાસી જીવતત્વ પ્રફુલ્લિત થઈ તેનો બ્રહ્મતત્વમાં વિકાસ થાય છે. અને દેહ એ પ્રકૃતિતત્વ છે એ તો તું જાણે છે. વૃક્ષ ફૂલે, ફળે એ માટે જેમ તેને ખાતર અને પાણીની જરૂર છે તેમ આત્મજ્ઞાનના વિકાસ માટે સત્ય, શાંતિ, સમ અને દમની આવશ્યકતા છે. પ્રકૃતિના ત્રણ ગુણલક્ષણો તેને – પ્રકૃતિને વિવિધ સ્વરૂપ ધારણ કરવા શકિતમાન બનાવે છે.

" આજ વાતનું ધ્યાનથી મનન કર અને આ સમગ્ર પ્રશ્ન તને સ્પષ્ટ સમજાઈ જશે. માનવી એક ક્ષણે સુખી તો બીજી ક્ષણે દુઃખી ; એક ક્ષણે ભયભિત તો બીજીએ શૂરવીર. આમ કેમ ? પેલા ગુણતત્વો એને એવાં રૂપો આપે છે. એમ તું નથી માનતો ? તો પછી આ પરિવર્તનો શાથી થાય છે એનો શો જવાબ છે ? એ ગુણતત્વો અને ગુણતત્વો જ માનવીનું આ રીતે એક સ્થિતિમાંથી બીજીમાં રૂપાંતર કરતાં હોય છે.

સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણો જેનામાં સરખા પ્રમાણમાં હોય એવી વ્યક્તિમાં કશું પરિવર્તન સંભવિત નથી. અને એવું કદી બનતું જ નથી ; વ્યક્તિમાં એ ગુણો ઓછા - વધતા પ્રમાણમાં

જ જોવા મળે છે. જેનામાં એકનું પ્રાધાન્ય હોય અને બીજા બે સુસુપ્ત હોય તો પ્રકૃતિ એવી વ્યક્તિને અનેક રૂપો ધારણ કરવા – અનેક રૂપે પ્રસ્તુત થવા શક્તિમાન બનાવે છે. એ ત્રણ ગુણો માનવસ્વભાવના ત્રણ સ્વરૂપોનો નિર્દેશ કરે છે. રજોગુણ દ્રશ્યમાન એવાં સ્થૂળ જગતના પદાર્થોનો આનંદ માણવાની ઈચ્છા અને આતુરતા પેદા કરનાર આસક્તિભાવ છે ; એ સ્થૂળ અને સ્વર્ગીય આનંદની કામના જગાડી તેનો ઉત્તેજક બને છે. તમોગુણ કદી સત્યનો પાર પામી શક્તો નથી એટલે તેનામાં વિવેકબુદ્ધિ હોતી નથી અને તે મહદઅંશે જે અસત્ય છે તેને સત્ય માની બેસે છે. તમો ગુણપ્રધાન માનવી બેદરકારી અને ભૂલનો ભોગ બનતો રહે છે. એ ગુણતત્વ મુક્તિને બદલે બંધનરૂપ નીવડે છે. સત્વગુણ દુઃખ - શોકના કારણો ઉપર પ્રભુત્વ ધરાવે છે, અને માનવીને સાચા આનંદ અને સુખચેનના માર્ગ તરફ વાળવામાં પ્રેરણાત્મક બની રહે છે. આ બધું જોતાં આ ત્રણેથી અલિપ્ત એકલક્ષી દ્રષ્ટિ એ પવિત્રતા અને દ્રઢતા માટે પાયારૂપ છે.

દીવાની ચિમની (કાચ) સાફ હશે તો તે ઉજ્જવળ પ્રકાશ આપશે. અનેકરંગી કાચ રાખો, પ્રકાશ ઝાંખો આવશે. એથી ઉલટું દીવો માટીના કોઈ વાસણમાં મૂકશો તો લગભગ હતો એવો જ અંધકાર ચાલુ રહેશે. દીવો તો એક જ છે પણ એને ધારણ કરનાર એ દીવાની અભિવ્યક્તિને અસર કરે છે તેને અવરોધક કે સહાયક નીવડે છે. સત્વગુણ સ્વચ્છ કાચમાં ઝળહળ પ્રકાશતા દીવા સમાન છે. રજોગુણ વિવિધરંગી કાચ સમાન છે કે જેમાંથી આવતો પ્રકાશ ઝાંખો અને દુબળો હોય છે. તમોગુણ પેલાં માટીના વાસણ સમાન છે કે જેમાં રાખેલો દીવો સર્વથા નિરુપયોગી બની રહે છે.

સત્વગુણ આત્મજ્ઞાન છે ; ઝાળથી ચીમનીનો કાચ અમુક અંશે કાળો પડી જાય અને પ્રકાશ ઝાંખો આવે એ રજોગુણના પરિણામ બરાબર છે. આ ઉપરાંત રજોગુણની અસર સીધી અને સ્થિર ન રહેતાં જાણે ઉત્તેજિત થઈ આમતેમ નર્તન કરતી દીવાની જ્યોત જેવી સ્થિતિ સમાન છે. અને તમોગુણ તો જ્ઞાનરૂપ પ્રકાશ જે માનવીનું સાચું સ્વરૂપ છે તેનું સંપૂર્ણ શમન - સંપૂર્ણ નિષેધરૂપ છે.

# અધ્યાય ૨૩

સત્વ, રજસ અને તમસ એ ત્રણે ગુણોના સમન્વય, વિવિધ પ્રકારના સંમિશ્રણ તથાં રૂપાંતર થતાં રહે છે અને તે આ સર્વસર્જન, વિશ્વરૂપ કે પ્રકૃતિ તરીકે આવિષ્કાર પામે છે - પ્રકટ થાય છે. આથી પ્રકૃતિ પરિવર્તનશીલ છે, એ શાશ્વત નથી અને એટલે સત્ય પણ નથી. પણ આત્મા ચૈતન્ય, ઓજસ અને તેજરૂપ છે અને એટલે તેનું રૂપાંતર થતું નથી અને તે કદી કલંકિત થતો નથી. દેહ પ્રકૃતિ છે, બુદ્ધિ અને માનસ પણ પ્રકૃતિ છે અને એ કારણે એક યા બીજા ગુણના પ્રમાણમાં તેઓમાં ભિન્નતા અને ભેદ દેખાય છે.

સત્વગુણ દ્રઢ, પવિત્ર, નિઃસ્વાર્થ અને પ્રકાશરૂપ છે, આથી જેઓમાં સત્વગુણ પ્રધાન છે તેઓને કોઈ કામના કે કોઈ ચીજનો અભાવ જણાતો નથી. આત્મજ્ઞાન માટે તેઓ પૂરેપૂરી યોગ્યતા ધરાવે છે. જેઓમાં રજોગુણ પ્રધાન છે તેઓ અહમ્ ભાવ પોષક કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. જનસેવાની તેઓ ઈચ્છા ધરાવતા હશે પણ એ ઈચ્છા તેઓમાં સિદ્ધિનું અભિમાન જન્માવી અંતમાં કીર્તિ કે નામના મેળવવાની ઝંખના પેદા કરશે. તેઓ અન્યોના હિત સાથે પોતાના હિતની પણ એટલી જ દરકાર કરતા થઈ જશે. જેઓ તમોગુણી છે તેઓ તો અજ્ઞાનના અંધકારમાં ઘેરાઈ ગયા છે. સાચું જૂઠું સમજ્યા વિના તેઓ માત્ર આમતેમ ફાંફાં મારતા રહે છે.

પરમ સત્યની સિદ્ધિ જે માનવીને મુક્ત કરી સમગ્ર અને શાશ્વત સૃષ્ટિતત્વ સાથે એકરૂપ કરી દે છે તે માટે આ ત્રણ ગુણો પૈકી કોઈ પણ એક ઉપયોગી થતો નથી. માનવી પ્રકૃતિમય હોવાથી તે પ્રકૃતિસર્જક ત્રણે ગુણોનો આનંદ માણી રહ્યો છે એમ માને છે, પણ આ એક ભ્રમ છે. એ ભ્રમણા દૂર કરવા પ્રકૃતિનું કે ક્ષેત્રનું સ્વરૂપ અને તેના લક્ષણોનો અભ્યાસ કરવાનું આવશ્યક બની રહે છે. સાધક જે પ્રારંભ કક્ષાએ છે તેને માટે જ્ઞાન અને જ્ઞાની શું છે એ સમજવું અત્યંત જરૂરી છે. પણ જ્ઞાનીએ આ ગુણો પરત્વે વધારે ધ્યાન આપવાનું હોય છે. જે સત્યસ્વરૂપ છે તેનું જ જ્ઞાન શક્ય છે અને એ જ જ્ઞાન સર્વ સર્જન સૃષ્ટિની દિવ્યતાની અનુભૂતિ બની રહે છે.

અર્જુને આ બધું ધ્યાનપૂર્વક સાંભળ્યું અને અંતે તેણે પૂછ્યું, " હે પ્રભુ ! જ્ઞાનીમાં કયા ગુણો હોવા જોઈએ ? " શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો, પાર્થ ! જ્ઞાનીમાં વીસ (૨૦) ગુણો બહોળા પ્રમાણમાં હોવા જોઈએ. તું કદાચ પૂછીશ કે એ કયા કયા. સાંભળ, હું તને એ ગણાવીશ પણ એ ઉપરથી તું એમ ન માની લેતો કે એ બધા હોય એટલે ધ્યેય સિદ્ધ થઈ જાય છે. ધ્યેય છે અમરત્વ કે અમૃતત્વ અને તે માત્ર બ્રહ્મસાક્ષાત્કાર- સર્વવ્યાપ્ત બ્રહ્મની અનુભૂતિ - દ્વારા જ સિદ્ધ થઈ શકે છે. જયારે પૂર્ણ જ્ઞાન થાય છે ત્યારે જ્ઞાનીનું જ્ઞાનમાં રૂપાંતર થઈ જાય છે.

" આ અંતિમ સિદ્ધિ માટે સાધકે સદગુણોની સહાયથી પોતાનું શુદ્ધીકરણ કરવું પડે છે. એ પછી જ્ઞાનનો અનુભવ થવા માંડે છે અને આત્મસિદ્ધિ શક્ય બને છે. હું પ્રથમ તને એ સાધના વિષે કહીશ. પ્રથમ સદગુણ - સદાચાર, પછી સિદ્ધિ. કેવો ભવ્ય માર્ગ ! જીવનને સદાચારી અને નીતિમય બનાવવાનું

છોડી ' બ્રહ્મ ' ની શોધમાં નીકળી પડવું એ તેલ, વાટ કે દીવા વિના ' જ્યોત પ્રકટાવવાની ઈચ્છા કરવા બરાબર છે. આ ત્રણ જો મેળવી શકાય તો જ તમે દીવો સળગાવી પ્રકાશ પ્રકટ કરી શકો. એવું જ બ્રહ્મજ્ઞાન કે બ્રહ્મ પ્રાપ્તિનું પણ છે. "

અહીં સાધકોએ એક મુદ્દાને બરાબર ધ્યાન રાખવાનું છે. દીવો, વાટ અને તેલ પ્રમાણસરનાં જ હોવા જોઈએ. દીવાના પ્રમાણમાં વાટ ઘણી નાની કે મોટી હોય, વાટ માટે તેલનું પ્રમાણ ઘણું વધારે કે ઓછું હોય, દીવો વાટ કે તેલના પ્રમાણે ઘણો નાનો કે ઘણો મોટો હોય તો જ્યોત તેજસ્વી થશે નહિ અને તે પ્રકાશ આપી શકશે નહિ. ત્રણે જ્યારે પ્રમાણસર હોય ત્યારે જ શ્વેત અને સ્થિર પ્રકાશ મળી શકે. એમજ ત્રણે ગુણત પણ સમતોલ હોય તો અધિકતમ પરિણામ મોક્ષરૂપ પરિણામ નિશ્ચિત મળે. ત્રણ ગુણો એક પ્રકારનું બંધન છે અને માનવી તેમાં બંદીવાન છે. એક ગાયના આગળના બે પગ દોરડાં વડે બાંધી દીધા હોય, પાછળના પગ પણ બાંધ્યા હોય અને જેની ડોક શિંગડાં ત્રીજાં દોરડાથી બાંધ્યા હોય- બરાબર એમ જ ત્રણ બંધનોમાં માનવી ત્રણ રીતે બંધાયો છે. પ્રાણી બીચારું આ રીતે બંધાયું હોય તો મુક્ત રીતે શી રીતે વિહાર કરી શકે ? સત્વગુણ સુવર્ણની સાંકળરૂપ છે, રજોગુણ તાંબાની અને તમોગુણ લોખંડની સાંકળરૂપ છે, એ ત્રણે ધાતુઓના મૂલ્યમાં ઘણો એવો તફાવત હોવા છતાં ત્રણેનું બંધન તો એટલું જ મજબુત અને અસરકારક છે. બંધન તરીકે ત્રણે મુક્ત વિહારમાં અવરોધક બની રહે છે. "

અર્જુને પ્રશ્ન કર્યો, " પ્રભુ ! તમે કહ્યું કે જ્ઞાનના અધિકારી બનવા માટે વીસ ગુણોની અનિવાર્ય આવશ્યકતા છે. એ વીસ ગુણો કયા ? કૃપા કરી એનું વિસ્તારથી વર્ણન કરી એ વિષે સમજાવો. " શ્રીકૃષણે કહ્યું, " તારી નિષ્ઠા જોઈ મને આનંદ થાય છે ; સાંભળ. "

પહેલો ગુણ છે **अमानित्वम्** - નિરહંકારપણું, નમ્રતા. જ્યાં સુધી તમારામાં અભિમાન હશે ત્યાં સુધી જ્ઞાનપ્રાપ્તિ થતી નથી. માનવીનું આચરણ તો જળના સ્વભાવ જેવું હોવું જોઈએ. પાણીમાં તમે જે રંગ નાંખો તે એ પકડી લે છે, અને પોતાના રંગનો એ કદી આગ્રહ રાખતું નથી. એ નમ્ર છે, એનામાં કપટ કે મિથ્યાભિમાન નથી. પણ માનવીનું આચરણ તો એથી સાવ ઊલટું જ હોય છે. અલ્પ સેવા કરીને, એક નાનું સરખું દાન કરીને તે આતુરતાપૂર્વક ઈચ્છે છે કે લોકોમાં એનું નામ ગવાતું થઈ જાય. એ માટે એ જાતે જ પોતાના નામનાં ગીત ગાતો ફરે છે અથવા તે એની જાહેરાત થાય એવી બાજી રચે છે. આ પ્રકારના અભિમાન અને આકાંક્ષાના અભાવને **अमानित्वम्** કહ્યું છે અને તેને એક ઉમદા ગુણ લેખવામાં આવ્યો છે.

" હવે બીજો ગુણ : **अ-दंभित्वम्** - દંભહીનપણુ. આ માનવીનો એક મહાન ગુણ છે. એનો અર્થ પાખંડ અને ખોટા ભપકાનો અભાવ, મહાન ન હોવા છતાં પોતે મહાન છે એવી બડાઈ મારવી ; કંઈ જ ન હોય ત્યાં પોતાની કેટલી બધી સત્તા ચાલે છે એવો દેખાવ કરવો ; નામનિશાન ન હોવા છતાં અધિકાર હોવાનો દાવો કરવો એ બધાં દંભ કે પાંખડના દ્રષ્ટાંતો છે. અહીં વાચકને સમજાશે કે આજે સમગ્ર વિશ્વમાં આવા ખોટા તડાકા અને ડોળ મોટા પ્રમાણમાં જોવા મળે છે. કોઈપણ ક્ષેત્રની પ્રવૃત્તિ જુઓ,

કોઈનું પણ નિરીક્ષણ કરો, આ ક્ષતિ તમને સ્પષ્ટ જણાઈ આવશે. વિશ્વના રાષ્ટ્રોનો કારોબાર એવા લોકોના હસ્તક છે કે જેઓ સત્તાનો અને અધિકારનો જ નહિ પણ પોતાની ક્ષમતાનો પણ ઢોંગ કરતા હોય છે - તેઓ એક સુંદર અભિનય કરી રહ્યા હોય છે. જેઓમાં અજ્ઞાન છે તેઓ સર્વજ્ઞાનસંપન્ન હોવાનો દાવો કરે છે. જેઓને પોતાના ઘરમાં પણ કોઈ સાથ આપી સહાય કરવા તૈયાર નથી તેઓ પ્રચંડ બહુમતિ ધરાવતા હોવાનો દાવો કરે છે.

" પ્રત્યેક પ્રવૃતિનું આ ડોળ જાણે પ્રથમ સોપાન બની ગયું છે, જીવાત જેમ પાકનો વિનાશ સર્જે છે તેમ આ વૃત્તિ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં માનવીનો સર્વનાશ નોતરે છે. જો સર્વશે એનો નિરોધ થાય તો જ વિશ્વને મોટી આપત્તિથી બચાવી શકાય. દંભને પરિણામે તો આ લોક તમારા હાથથી જશે અને પરલોક પણ જશે. એ કોઈ પણ કાળે અને સર્વત્ર હાનિકર્તા જ નીવડશે. એક સામાન્ય માનવીને પણ એ શોભારૂપ નથી તો સાધકને માટે તો એ શી રીતે હિતકારક હોઈ શકે ?

" ત્રીજો ગુણ છે અહિંસા : આ પણ મહત્ત્વનો ગુણ છે. હિંસા માત્ર શારીરિક હોતી નથી, એથી એ કંઈક વિશેષ છે. તે એ કે તમારી વાણી અને કાર્યને પરિણામે અન્યને ચિંતા અને ઉદ્વેગ થાય, તેઓને જે મનદુઃખ થાય છે. તમે બીજાને શારીરિક ઈજા ન પહોંચાડો એટલાથી તમે અહિંસક છો એમ કહેવાતું નથી. તમારી પ્રવૃત્તિ ત્રાસરૂપ બનવી જોઈએ નહિ અને તે નિઃસ્વાર્થ હોવી જોઈએ ; તમારા વિચાર, વાણી અને કાર્ય સૌ દુઃખ અને યાતના સર્જવાના આશયથી પૂર્ણાંશે મુક્ત હોવાં જોઈએ.

" એ પછી ચોથો ગુણ છે ક્ષમા. એ **क्षन्ति** કે સહનશીલતા પણ કહેવાય છે. એનો અર્થ એવો છે કે બીજાઓ તમારા પ્રત્યે જે દૂષણો આચરે, તેઓને પરિણામે તમારે જે નુકસાન વેઠવું પડે, તમારી પ્રત્યે તેઓ જે દ્વેષભાવ દર્શાવે એ સર્વને અસત – રૂપ ગણી ચાલવું તે. એ બધું મૃગજળ સમાન ગણવું તે. એટલે કે તમારે એવું અનુપમ ધૈર્ય અને મનોબળ વિકસાવવાનું રહે છે. કોઈ અસહાય હોય અને પોતા પ્રત્યેના બીજાના દુષ્કૃત્યો સામે પ્રત્યાઘાત કરવા અશક્તિમાન હોઈ તે ચલાવી લે એ ક્ષમા નથી. ક્ષમા તો તમારા અંતરની શાંતિનો આવિર્ભાવ છે - **क्षन्ति** નું બાહ્યસ્વરૂપ છે. ઘણા શારીરિક, આર્થિક કે સામાજિક સહારાના અભાવને લીધે બીજાઓ જે દુઃખ પહોંચાડે છે તે સહન કરી બેસી રહે છે એ સાચું છે પણ તેમની યાતનાને, દુઃખને સાચી ક્ષમા તરીકે બિરદાવી શકાય નહિ.

" એ પછી પાંચમો **रुत्वम्** - નિખાલસતા, પ્રામાણિક્તા અને દિલની સહૃદયતા. એનો અર્થ વિચાર, વાણી અને કર્મનું સામ્ય. એ સમાનતાની ભાવના અને આધ્યાત્મિક પ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવે છે અને બીજો ગણાવેલ ગુણ નિર્દંભપણાનો જ એક પ્રકાર છે.

" છઠ્ઠો ગુણ છે **आचार्योपासना** : અધ્યાત્મિક જ્ઞાન આપનાર ગુરુચરણની પૂજ્યભાવયુક્ત સેવા. આને પરિણામે ગુરૂને શિષ્ય પ્રત્યે પ્રેમની લાગણી થાય છે અને એ શિષ્યને અનેક રીતે હિતકર નીવડે છે, પણ જે ગુરુ સમક્ષ સ્પષ્ટ ધ્યેય હોતું નથી તે, શિષ્યને અવળે માર્ગે દોરી જાય છે અને તે શિષ્યના સર્વનાશમાં પરિણમે છે. ગાય વાછરડાંને જેમ વહાલથી અને સાહજિક રીતે નિરંકુશપણે ધવરાવે છે તે

જ પ્રમાણે ગુરુએ શિષ્ય ઉપર પોતાની કૃપા વરસાવવી જોઈએ. પ્રભુપ્રાપ્તિ અને મોક્ષની સિદ્ધિ અર્થે ગુરુનું શિક્ષણ, ગુરુએ આપેલું વિદ્યાદાન, માત્ર આધારરૂપ નહિ પણ પ્રેરણારૂપ બની રહે છે.

" સાતમો ગુણ છે **શૌચમ્** - શુદ્ધિ, સ્વચ્છતા. માત્ર બહારની સ્વચ્છતા નહિ પણ આંતરિક શુદ્ધિ. આ આંતરિક શુદ્ધિ શું છે ? સ્નેહ અને દ્વેષ, તૃષ્ણા અને અસંતોષ, કામ અને ક્રોધનો સદંતર અભાવ અને દૈવી ગુણભાવોનું અસ્તિત્વ. પાણીથી દેહશુદ્ધિ થાય છે, મનશુદ્ધિ સત્ય વડે થઈ શકે છે ; જ્ઞાન વડે તર્કબુદ્ધિ શુદ્ધ થાય છે ; તપશ્ચર્યા અને ધર્માચારને પરિણામે અંતરની પવિત્રતા અને શુદ્ધિરૂપ ફળપ્રાપ્તિ થાય છે.

" આઠમો ગુણ **સ્થૈર્યમ્** (દ્રઢતા) છે, સંપૂર્ણ આસ્થા અને અસ્થિરતા કે અપ્તરંગનો અભાવ એ આ ગુણના લક્ષણો છે. સાધકે જેમાં પોતાની શ્રદ્ધા સ્થાપી હોય તેને તેણે એવી દ્રઢતાપૂર્વક વળગી રહેવું જોઈએ કે જેને પરિણામે આધ્યાત્મિક પ્રગતિને વેગ મળે. દિનપ્રતિદિન ધ્યેય કે લક્ષ્ય બદલતા રહી તેણે એક આદર્શ છોડી બીજો અપનાવવાની રમત કરવી જોઈએ નહિ. આને દીક્ષા પણ કહેવામાં આવે છે. અસ્થિરતા મનની નબળાઈનું પરિણામ છે કે જે નબળાઈને વિચારપૂર્વક સમજી લઈ કોઈ પણ સ્થિતિમાં નજીક ફરકવા દેવી જોઈએ નહિ.

" નવમા ક્રમે આવે છે ઈન્દ્રિયનિગ્રહ : ઇન્દ્રિયોનો સંયમ. તમને એવી પ્રતીતિ થવી જોઈએ કે ઈન્દ્રિયો યથાર્થ સેવા સહાય દ્વારા તમારું હિત સાધવા માટે છે. તમે ઇન્દ્રિયોના મનોરથો પૂરા કરો એ માટે ઈન્દ્રિયો નથી. ઈન્દ્રિયોના ગુલામ કદી બનશો નહિ - ઈન્દ્રિયો તમારી આજ્ઞામાં રહે એનું સતત ધ્યાન રાખજો.

" દશમો ગુણ છે **वैराग्यम्** - વૈરાગ્ય : અનાસક્તિ, ત્યાગ, ધ્વનિ, સ્પર્શ, રૂપ, રસ કે ગંધ એ સૌ પ્રત્યે અરુચિ. ઈન્દ્રિયો આ બધાં તરફ દોડતી હોય છે કારણ તેઓ એમાં ઉશ્કેરાટ અનુભવે છે અને એ બધું તેઓને ઘડીભર આનંદ આપે છે. ઈન્દ્રિયોને, ઉત્કૃષ્ટ એવા ધર્મ - અર્થ - કામ કે મોક્ષમાં કંઈ રસ હોતો નથી. અને આત્માનો સાક્ષાત્કાર તો માત્ર ધર્માચાર અને આદર્શ વ્યવહાર દ્વારા જ થઈ શકે છે.

" અગિયારમો આવે છે **अनहंकारम्** - નિરહંકાર : અહમ્ - ભાવનો સમૂળ અભાવ, અહમ્ ભાવ સર્વ પ્રકારનાં દૂષણો અને ક્ષતિએનું મૂળ છે. જે અહંકારી છે તે સત્ય - અસત્ય, હિત અહિત, દૈવી કે આસુરી કશાની પરવા કરતો નથી ; તેને એની પડી નથી એટલું જ નહિ પણ એ સર્વથી તે અજ્ઞાત છે. ધર્મ અને નીતિનું એને સંપૂર્ણ અજ્ઞાન હોય છે. તે ન્યાયમાં માનતો નથી, આવી વિષમય વૃત્તિઓથી મુક્તિ એનું જ નામ અનહંકાર, અહંભાવ મિત્રના લેબાશમાં સાથે ફરતો શત્રુ છે.

" એ પછી આવે છે : **जन्म-मृत्यु-जरा-व्याधिदुःख-दोशानुदर्शनम्** - એનો અર્થ આટલો જ છે : જન્મમરણ, વૃદ્ધાવસ્થા, અનેક રોગો, દુઃખ અને દૂષણો અને આ મૃત્યુલોકની ક્ષણભંગુરતાના અને જીવનના આ અને બીજાં લક્ષણો પ્રત્યેની જાગૃતિ કે જ્ઞાનદ્રષ્ટિ. લોકો પોતાને અને બીજાને પણ એના ભોગ બનતા જુએ છે છતાં એ કયાં કારણોને આભારી છે તથા એ બધાંથી મુક્ત રહેવાની શું રીત છે એ

વિષે કોઈ કશું વિચારતા નથી કે સંશોધન કરતા નથી, એ અત્યંત આશ્ચર્યકારક લાગે છે.

" આ કઠિન પ્રશ્નનું મૂળ શેમાં છે એનો તમે વિચાર કરશો તો તમને સમજાશે કે બીજાં ગમે એનાથી છટકી શકાશે પણ મૃત્યુથી છટકી શકાતું નથી. એક ક્ષણે માનવીને જે સુખમય લાગે છે તે હકીકતમાં સુખના લેબાશમાં રહેલું દુઃખ જ છે. માટે આ બધાં વિષે સત્ય શું છે તે શોધી કાઢી તે બરાબર સમજી લો અને તમને ભ્રમણામાં નાંખતી વિચારદ્રષ્ટિમાં ક્યાં ખામી છે તે ઉપર મનન કરો. એ પછી પરિણામે અનાસક્ત દ્રઢ થાય છે અને એ દ્વારા જ જ્ઞાન થાય છે. માટે અર્જુન ! જન્મ - મરણ - જરા - વ્યાધિ - દુઃખ એ સર્વના વિચારથી તું મુક્ત થઈ જા. " શ્રીકૃષ્ણ અર્જુનને સ્નેહપૂર્વક પ્રોત્સાહિત કરતાં કહ્યું.

પછી એમણે અનાસક્તિ વિષે કહ્યું, અનાસક્તિ એટલે વિશ્વના સ્થૂળ પદાર્થો વિષેની તૃષ્ણાનો ત્યાગ, કામનાનો સંપૂર્ણ અભાવ. તમે જે કંઈ જુઓ તે મેળવવાની લાલસા અહમ - ભાવમાંથી જાગે છે. અહમ્ - ભાવ માનવીને ઉશ્કેરે છે – " આ તો મારે જોઈએ જ ". " આ કિંમતી ચીજનો ગૌરવાન્વિત માલિક હું ન હોઉં તે કેમ ચાલે ' – વગેરે. કાચબો જેમ તેનું શરીર સંકેલી છુપાઈ જાય છે તેમ મનને સંકેલી લો. સર્વકાંઈ પ્રભુની ભવ્યતાનું જ પ્રકટ રૂપ છે એમ માની ચાલો. બધી સુખ - સંપત્તિને પ્રભુની ભવ્યતા ગણી તે પ્રત્યે પ્રેમદ્રષ્ટિએ જુઓ ખરા, પણ એવા ભ્રમમાં કદી ન રહેતા કે તેની પ્રાપ્તિ તમને સુખદાયક નીવડશે. એ મોહ છે. તેઓ માટે જીવનનો ભોગ ન આપો ; તમારી જરૂરિયાત સંતોષવા પ્રસંગાનુસાર તેનો ઉપયોગ કરો. બસ, અહીં જ એનો અંત આવવો જોઈએ. નહિ તો એ પ્રકારની મનોવૃત્તિ મુક્તિ કે મોક્ષ પ્રત્યેની તમારી પ્રગતિમાં મોટા અવરોધ રૂપ બની રહેશે. માલમિલ્કતના રૂપમાં તમને જે કંઈ પ્રાપ્ત થશે તેનો એક દિવસ તો ત્યાગ કરવાનો જ છે. તમારો અંતિમ પ્રસ્થાન વેળા, ચપટી ધુળ કે ઘાસનું એક તણખલું પણ સાથે લઈ જઈ શકવાનું નથી. આ વાસ્તવિકતા સમજી તે હમેશાં નજર સામે રાખશો તો તમને ગુપ્તરૂપ મૂળભૂત સત્વનું જ્ઞાન થશે.

જન્મ પહેલાં કોઈને પણ આ વિશ્વ અને તેના સ્થૂળ પદાર્થો સાથે કશો સંબંધ હોતો નથી. મૃત્યુ પછી પણ એ બધું આત્મજનો સહિત અદ્રશ્ય થાય છે અને એઓ સાથેના સંબંધનો અંત આવે છે. આ જીવન ગાળો તો વિશ્રાંતિકાળની એક લીલા સમાન છે. એ ચાર દિવસના ચાંદરણામાં મોહિત થઈ જવું એ નરી મુખમી છે, તૃષ્ણા અને વાસના મન કલંકિત કરે છે અને માનવીને ઉમદા જીવનનો માર્ગ અપનાવવા અશક્તિમાન જ નહિ પણ અનધિકૃત બનાવી મૂકે છે. જે સાધકો મોક્ષ અને આત્મસિદ્ધિની આકાંક્ષા સેવે છે તેઓએ વાસનાથી સંપૂર્ણ મુક્ત રહેવું આવશ્યક છે. કારણ એ ઘટ્ટ તેલ (*grease*) ની માફક એકવાર લાગે તો એવી ચોંટી જાય છે કે પછી તેને સર્વાંશે દુર કરવાનું કામ અત્યંત મુશ્કેલ બની રહે છે.

આ પછી જે બીજા સદગુણ પ્રત્યે લક્ષ આપવાનું છે તે છે **સમત્વસ્થિતિ** : સમ્યકદ્રષ્ટિ એટલે કે શોક અને આનંદમાં, સમૃદ્ધિ અને પ્રતિકૂળ સ્થિતિમાં, સુખ અને આનંદમાં મનની અખંડ અવિચ્છિન્ન શાંતિ ! જ્ઞાનીનો આ પંદરમો ગુણ થયો. સફળતા અને નિષ્ફળતામાં, લાભ અને નુકસાનના સંજોગોમાં, માનની અને અપમાનની સ્થિતિમાં અનુક્રમે આનંદમાં ઘેલા થઈ જવું કે હતાશામાં ડૂબી જવું એ બધું

નિરર્થક અને નિષ્ફળ છે. સર્વ કાંઈ પ્રભુની કૃપાસ્વરૂપ ગણી તેના પ્રસાદરૂપ ગણી તેનો સ્વીકાર કરો. કાંટાળે રસ્તે જતાં જેમ આપણે પગરખાં પહેરીએ છીએ, વરસાદથી ભીંજાઈ ન જવાય એ માટે છત્રીનો ઉપયોગ કરીએ છીએ, કે મચ્છરોના ડંખથી બચવા મચ્છરદાની ઢાળી સુઈ જઈએ છીએ એ જ પ્રમાણે, પ્રભુકૃપા વિષે શ્રદ્ધા અને આત્મવિશ્વાસયુક્ત નિશ્ચલ મનથી સજ્જ બનો અને પ્રશંસા કે નિંદા, હાર કે જીત, સુખ કે દુઃખ એ સર્વ કંઈ, સમ્યગ્સાવથી સ્વીકારો અને સહન કરો. વીરતાપૂર્વક જીવન જીવવા માટે આ સવિતત્વમ્ અત્યંત આવશ્યક ગણાવવામાં આવ્યું છે.

પછી આવે છે કોઈ પણ બીજા વિચાર કે ભાવથી વિરક્ત એવી ભક્તિ ; અનન્ય ભક્તિ. જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે તમે પ્રભુ પાસે દોડતા જાઓ છો.જ્યારે સંકટ તમને ઘેરી વળે છે ત્યારે તમે વ્યંકટને આશરે પહોંચી જાઓ છો. અને જ્યારે આનંદ પુનઃ આવી મળે છે ત્યારે તમે એને દૂર ફગાવી દો છો. જ્યારે તમને તાવ હોય, મ્હોંમાંથી સ્વાદ જતો રહ્યો હોય અને જીભ કડવી થઈ ગઈ હોય ત્યારે તમે તીખાં અથાણા માટે ઝંખો છો ; પણ તાવ ઉતરી જાય છે ત્યારે એ જ અથાણું તમને ભાવતું નથી. ભક્તિ એ કોઈ કામચલાઉ ઉપાય જેવી નથી. બીજા અંતરાય પેદા કરતા વિચારો કે એવા ભાવ વિનાનું પરમાત્માનું અખંડ ધ્યાન – એ છે સાચી અને પૂર્ણ ભક્તિ.

પ્રવૃત્તિ ગમે તે હોય ; મનોરંજન કે વાર્તાલાપ ગમે તે હોય એ સર્વ પ્રભુ પ્રત્યેના પ્રેમથી પ્રચૂર હોવાં જોઈએ. એ છે અનન્યભક્તિ. એ પછી આવે છે **ऐकांतवासम्** - એકાંતવાસ, એકાંતમાં વસવું તે. સાધકને એકલા રહેવાનો આનંદ હોવો જોઈએ. એનો અર્થ એવો નથી કે માનવીઓ વસતા હોય ત્યાંથી શરીરને ઉપાડી કોઈ નિર્જન સ્થાને લઈ બેસવું. મનમાં નિર્લેપતા અને શાંતિ હોવાં જોઈએ ; મનના સર્વ ભાવ અને તેના બીજા ભાડુતોને સમજાવી કાઢી મૂકવા જોઈએ. મન નિર્વિષય અને ખાલીખમ કરી આ ધૂળ જગતમાંથી ખેંચી લઈ વાળી લેવું જોઈએ.

જ્ઞાનવૃદ્ધિમાં સહાયક એવો અઢારમો ગુણ ગણાવ્યો છે. જનસમૂહના સંસર્ગ અને સોબત પ્રત્યે નીરસતા. એટલે જેઓ આ સ્થળ વિશ્વને લગતી બાબતોમાં રચ્યાપચ્યા હોય તેઓમાં ભળવાની વૃત્તિનો અભાવ. માનવી જંગલી પશુઓ વચ્ચે રહીને પણ સમ્યકદ્રષ્ટિ કેળવી શકે છે પણ પાર્થીવ દ્રષ્ટિ ધરાવતા લોકો વચ્ચે રહી તે સિદ્ધ કરવાનું કામ અત્યંત કઠિન છે. સાધના પર સોબતની અસર થવાની જ. સજ્જનોમાં તમારી સજ્જનતા જળવાઈ રહેશે પણ દુર્જનો તમને દુર્વ્યવહારમાં ખેંચી જશે.

અલબત્ત એ સાચું છે કે કોણ સજ્જન અને કોણ દુર્જન એ પહેલાં શોધી કાઢી પછી સજ્જનો વચ્ચે સ્થિર થવું એ આખી પ્રક્રિયા ઘણી મુશ્કેલ છે. એથી જ લોકોથી દૂર રહી સાધનામાં જ ધ્યાન કેન્દ્રિત કરવું સલાહભર્યું છે. માનવીનું મન લોખંડની ધાતુ જેવા ગુણો ધરાવે છે. લેખંડનો સળિયો જો કાદવકીચડમાં પડી રહે તો તે કટાઈને આખરે ભૂક્કો થઈ જાય છે ; જો એને અગ્નિમાં તપાવવામાં આવે તો એ ઉપર ચોંટેલી મલિનતા દૂર થઈ તે શુદ્ધ બને છે. આથી માનવી જ્ઞાનીની સંગત કરે તો એ એકાંતવાસ કરતાં વધારે હિતકર છે. નારદ જે એક દાસી પુત્ર હતો તેને સજ્જનોના સંસર્ગનો લાભ મળવાથી મહાન ઋષિ થઈ ગયો એ વાતની અહીં નોંધ લેજો ; રત્નાકર જે એક ક્રૂર શીકારી હતો તે

સપ્તર્ષિ -સાત ઋષિઓના સંપર્કમાં આવ્યો અને તેનું સૌ પ્રથમ કવિમાં રૂપાંતર થયું અને તે આદિકવિ બન્યો. હીન સોબત અત્યંત અહિતકર છે, તપીને લાલચોળ થઈ ગયેલો લોખંડનો ગોળો, આગની ઝાળ કરતાં ઘણું વધારે નુકસાન પહોંચાડવાની શક્તિ ધરાવે છે ; આમ પાપ કરતાં પાપી પુરુષથી દૂર રહેવાની વધારે જરૂર છે. સાધકોએ સોબતના પ્રશ્ન વિષે હમેશાં સજાગ અને સચેત રહેવું જોઈએ.

ઓગણીસમા ક્રમે આત્મ અને અનાત્માનું જ્ઞાન આવે છે, તમારું ધ્યાન હમેશાં આત્મિક સાતત્યમાં કેન્દ્રિત કરો અને દેહ અને ઈન્દ્રિયો અસતરૂપ અને અલ્પજીવી છે એ સત્ય સમજી તેઓ પ્રત્યે અવગણના કેળવો. આત્મા જ શાશ્વત છે, માટે અનિત્ય એવાં મોહ અને મૂલ્યોને બદલે મનને આત્માના ધ્યાનમાં સ્થિર અને દ્રઢ કરો. જે મોહમાયા માનવીને સતાવે છે તે ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જીવન એ યુદ્ધ અને દેહ યુદ્ધક્ષેત્ર છે. હું તમારામાં અને સર્વમાં શાશ્વત અત્મારૂપે વસું છું. તો તમારું મન મારામાં સ્થિર કરી વિજય મળશે જ એવો વિશ્વાસ કરી જીવનરૂપ યુદ્ધમાં ઝંપલાવો.

વીસમી અને અંતિમ યોગ્યતા **तत्वज्ञानदर्शनम्** તત્ત્વ (તત્વ) નું - તત્ એટલે સમસ્ત સૃષ્ટિસર્જનના કારણરૂપ પરિબળ - જેનું કોઈ પણ એક સ્વરૂપ તેના માત્ર પ્રતિબિંબરૂપ છે તેનું સાચું દર્શન, સાચું જ્ઞાન. આમ સાધકના મનમાં સૃષ્ટિતત્વના દર્શનની - જ્ઞાનની તીવ્ર આકાંક્ષા હોવી જોઈએ.

ઉપરોક્ત વીસ ગુણભાવો પૈકી બે કે ત્રણ સિદ્ધ કરવાનો પ્રામાણિક પ્રયત્ન થાય તો બાકીના સાધકને લગભગ આપમેળે અત્યંત સાહજિક રીતે આવી મળશે, એ માટે પછી કોઈ ખાસ પ્રયત્ન કે તપશ્ચર્યા કરવાની રહેશે નહિ. જ્ઞાનને માર્ગે જેમ પ્રગતિ થતી રહે તેમ સાધકને આ વીસ જ નહિ પણ બીજાથે અનેક ગુણોનો લાભ થાય છે. આ વીસનો ઉલ્લેખ એટલા પૂરતો કરવામાં આવ્યો છે કે તે વધારે મહત્વના હોઈ અગ્રગણ્ય છે. એ ગુણોને પાયારૂપ ગણી સાધના થાય તો ધ્યેય સહેલાઈથી સિદ્ધ થઈ શકે છે. એ જ કારણે શ્રીકૃષ્ણ એ લક્ષણોની ભારપૂર્વક સ્પષ્ટતા કરી છે.

એ ગુણલક્ષણોથી સજ્જ કોઈ પણ સાધકને આત્મસિદ્ધિ પ્રાપ્ત છે એમાં કોઈ સંદેહ નથી. એ ગુણોને પરિણામે સાધકને અવશ્ય એવું જ્ઞાન થાય છે કે આ દેહ, ઇન્દ્રિયો, બુદ્ધિ, અંતઃકરણ એ સૌ પ્રકૃતિતત્વ સાથે સંકળાયેલાં છે. અને જે તે સૌથી ભિન્ન અને અલિપ્ત છે તે છે પુરુષ. પુરુષ એ છે કે જે ક્ષેત્ર વિષે સર્વ કંઈ જાણે છે - જે ક્ષેત્રજ્ઞ છે. જ્યારે માનવી, પુરુષ અને પ્રકૃતિનો ભેદ સમજી શકે છે એટલે કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ શું છે એ ઓળખી જાય છે, એ આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે એ માત્ર સાક્ષી બની રહે છે અને એને કશાનો અભાવ, કોઈ તૃષ્ણા સ્પર્શતી નથી. તે આત્મજ્ઞાનમાં બ્રહ્મજ્ઞાનમાં સર્વદા લીન રહે છે – મગ્ન રહે છે.

# અધ્યાય ૨૪

આત્મસિધ્ધિનું રહસ્ય જ એ છે કે માનવી પોતે સર્વસ્વનો માત્ર સાક્ષી છે એ વાત સતત તેના મનમાં રમતી હોય. " હું સતસ્વરૂપ પરમાત્મઅંશ છું - મારાં એ સ્વરૂપ વિષે હું જાણું છું – સર્વકોઈ એક જ આત્મતત્વના અંશરૂપ છે - વ્યક્તિ અને સમષ્ટિ ભિન્ન નથી એવી અનુભૂતિ મને થઈ ચૂકી છે " - એવું જ્ઞાન તે જ આત્મસિદ્ધિ ! પ્રત્યેક વ્યક્તિએ આ સત્ય જાતે જ ખોળી કાઢવાનું છે, એ જ્ઞાન વિનાનું સાધુત્વ સમય અને શક્તિની બરબાદીથી કંઈ જ વિશેષ નથી. માનવીને માત્ર એક પ્રાણીમાં ખપાવી શકાય નહિ. તેનામાં દિવ્ય અંશ રહેલો છે જે પ્રકાશરૂપ છે અને તેણે કદી તેને ઠારી નિશ્ચેત બનાવી તે નષ્ટ થવા દેવો જોઈએ નહિ.

અરે, ઈન્દ્રિયો પણ આત્માના અસ્તિત્વથી પ્રેરાઈને જ ક્રિયાશીલ રહે છે. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે પક્ષીઓ કલકલ કરતાં ઊડવા લાગે છે, ફૂલો ખીલી ઊઠે છે અને સમગ્ર માનવજાત તેઓના વિવિધ વ્યવસાયમાં પ્રવૃત્ત થાય છે. સૂર્ય પોતે આ બધું કરતો નથી - તે માત્ર એક પ્રેરક બળ બની રહે છે. સૂર્ય એ માટે કારણરૂપ નથી - તે માત્ર ચૈતન્યનો પરોક્ષ સંચારક, માત્ર સાક્ષી, માત્ર દુરથી જોનારો છે. તે આ સર્વથી પર અને અસ્પૃશ્ય છે. તેને માનવી, પશુપક્ષી કે પૂષ્પનું અવલંબન નથી કે તે કોઈને આધીન નથી.

પક્ષીઓ આકાશમાં ઊડે છે પણ તેઓ પોતાનો ઉડ્ડયનમાર્ગ અવકાશમાં અંકિત કરતાં જતાં નથી. એ જ પ્રમાણે હૃદયાકાશમાં ગમે એટલી ચંચળ વૃત્તિઓ આમતેમ ઊડતી રહે, તેઓનો કોઈ આભાસ, નિશાની અંતરમાં અંકિત રહેવી જોઈએ નહિ. તેઓના ઉદભવ અને સ્વૈરવિહારથી અંતર સંપૂર્ણપણે અલિપ્ત રહેવું જોઈએ.

પણ માનવી સામાન્યપણે બાહ્ય રચનાનું સ્વરૂપ જ જુએ છે, તેના પાયાનો ખ્યાલ કરતો નથી. માળાના પૂષ્પોના આધારરૂપ દોરાને કોઈ જોતું નથી. જિજ્ઞાસા અને અન્વેષણ દ્વારા જ એ દોરાના અસ્તિત્વ વિષે જાણી શકાય. એ સૂત્તરનો તાંતણો તો માળાનો મુખ્ય આધાર છે. પૂષ્પો તેમાં પરોવાઈ તેને આધારે માળારૂપે દેખાય છે.

આની વધારે સ્પષ્ટતા માટે એક બીજું દ્રષ્ટાંત લઈએ. માટીના બનેલા ઘડા, થાળી, પ્યાલા આપણે જોઈએ છીએ. એ બધામાં માટી અને ફક્ત માટી જ છે. ઘડો, થાળી કે પ્યાલા જેવું કોઈ ભિન્ન તત્વ કે પદાર્થ નથી. એ જ પ્રમાણે આત્માનું પણ છે. એ મૂળતત્વ અને આધાર છે. ઘડો, થાળી કે પ્યાલાનું આધારરૂપ મૂળતત્વ માટી છે તેમ જ વિશ્વના - માનવીના ગુણસ્વરૂપમાં આત્મા આધારરૂપ છે. આપણે ગુણસ્વરૂપને જ આત્મા માનવાની ભૂલ કરીએ છીએ કારણ તે નામ અને રૂપ વડે મર્યાદિત છે એવું આપણે માનતા હોઈએ છીએ. માટીના બધાં વાસણોમાં માટી એક જ મૂળ તત્વ છે તેમ સૃષ્ટિના સર્વ નામરૂપોમાં આત્મા જ એક માત્ર સત્યરૂપે વસતો હોય છે. આ પ્રકારની જિજ્ઞાસા અને વિવેકબુદ્ધિને પરિણામે સમગ્ર સૃષ્ટિના, પ્રત્યેક સર્જનના આધારરૂપ આત્મા છે - ક્ષેત્રજ્ઞ કે પરબ્રહ્મ છે એવી પ્રતીતિ

વધારે દ્રઢ થાય છે.

એ પછી અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું, " આત્મતત્વ, સર્વસર્જનના અંતરતમ સત્ય વિષે જાણવું ખરેખર ઘણું કઠીન છે. તે સર્વત્ર છે પણ ક્યાંય તેના દર્શન થતાં નથી ! તેં સર્વ સર્જનના અગમ્ય આધારરૂપ પણ તે અસ્પૃશ્ય છે, અવ્યક્ત છે ! આવી ગહનતા અને રહસ્યનું કારણ શું ? "

શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો, " અર્જુન ! તને હજુ પૂરી સમજ નથી પડી. આત્મા અસૂક્ષ્માત્યસૂક્ષ્મ ચૈતન્યરૂપ હોઈ તેને જોવાનું મુશ્કેલ જ નહિ, અશક્યવત છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પંચભૂતો વિષે તું જાણે છે. એ પ્રત્યેક તત્વ ક્રમાનુસાર એની પહેલાના કરતાં વધારે સૂક્ષ્મ છે. પૃથ્વીના પાંચ ગુણલક્ષણો છે : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. પાણીમાં ગંધ સિવાયના બીજાં ચાર જ છે. અગ્નિને શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ જ છે. વાયુને માત્ર બે જ લક્ષણો છે. શબ્દ અને સ્પર્શ અને છેલ્લે આકાશને એક જ ગુણલક્ષણ છે અને તે શબ્દ. એટલે જ પ્રત્યેક બીજા કરતાં વધારે સૂક્ષ્મરૂપ હોઈ, વધારે વિસ્તૃત અને વ્યાપક છે. આકાશ સર્વત્ર અને સર્વ માં છે કારણ તે એક જ લક્ષણ ધરાવે છે. તો જેને કોઈ ગુણભાવ કે લક્ષણ નથી એવો આત્મા - એવું આત્મતત્વ કેટલું સૂક્ષ્માતિરૂપ હશે ! એ કેટલું સર્વવ્યાપી અને સાર્વત્રિક હશે તેની કલ્પના કર. જેઓ પરલક્ષી અને બહિર્મુખ છે તેઓ કુદરતની આ લીલાનો મર્મ સમજી શકે એમ નથી. જેઓ આત્મલક્ષી છે તેઓને જ આ રહસ્યનું જ્ઞાન થઈ શકે.

જેઓ તર્કબુદ્ધિની સહાયથી સત્ય સમજી શકે છે તેઓ જ સાચી શ્રદ્ધા કેળવી શકે છે. પરમાત્મા દેખાતા નથી માટે તે સર્વવ્યાપક હોઈ શકે નહિ એવું વગર વિચારે બકબક કરનારાઓ માટે તો એવી શ્રદ્ધાનો વિષય આત્મઘાતક નીવડે છે. જે સામાન્ય ગુણભાવો લક્ષમાં રાખી તેઓ પરમાત્માના સ્વરૂપનું માપ કાઢવા નીકળી પડ્યા હોય છે તેવા સર્વ ગુણ ભાવોથી પરમાત્મા પર અને અતીત છે એ તેઓ જાણતા હોતા નથી. આ સ્થિતિ ખરેખર દયાજનક છે ! તેઓના વિચાર જેટલા જ તેઓ અધમ બની શકે છે. એ એક એવો નિયમ છે કે જેનો પ્રતિકાર શક્ય નથી. તમે જેટલા પ્રભુની સમીપ છો એટલો જ પ્રભુ તમારી સમીપ છે. જો તમે એનાથી દૂર રહેશો તો એ પણ તમારાથી દૂર જ રહેશે. "

પુરાણોમાં આ સત્યની પ્રતીતિ કરાવનાર કેટલાંક સુંદર દ્રષ્ટાંતો છે. હિરણ્યકશિપુ સર્વત્ર અને સર્વમાં પરમાત્માને શોધી વળ્યો અને એવા નિર્ણય પર આવ્યો કે પરમાત્માનું અસ્તિત્વ જ નથી. એથી ઊલટું પ્રહલાદને શ્રદ્ધા હતી કે પરમાત્માને તમે જ્યાં શોધો ત્યાં એ મળશે ; અને ખરેખર પરમાત્મા દુર્ભેદ એવા લોહસ્તંભમાંથી પ્રગટ થતા એણે જોયા ! પ્રહલાદ મન અને હૃદયથી પરમાત્માની સમીપ હતો અને એથી પરમાત્મા એની સાથે જ હતા.

ગાયના આંચળમાં પવિત્ર અને પોષક દૂધ હોય છે પણ એ વાતથી અજ્ઞાત એ ગાય જે પાણીમાં ચોખા ધોઈ સાફ કર્યા હોય એ પાણી તરફ દોડે છે. એમ જ પોતામાં જ આત્મારૂપે માધવ વસે છે એ વાતથી માનવ અજ્ઞાત રહે છે અને જે પોતાનું સાચું સ્વરૂપ છે એ આત્માને શોધવાનો એ કોઈ પ્રયત્ન કરતો નથી. તે તો એની ક્ષતિથી ભરેલી અને મોહયુક્ત ઈન્દ્રિયોથી ખેંચાઈ ક્ષણિક અને અત્યંત ક્ષુલ્લક

એવા આનંદ અને વૈભવની અનુભૂતિ કરાવનાર ચંચળ પદાર્થો પાછળ દોડતો ફરે છે. કેવું ભયાનક અજ્ઞાન !

અનેકત્વમાં આનંદ માણવો એ અજ્ઞાન છે ; એકત્વનું દર્શન એ જ્ઞાનનું ચિહ્ન છે. **શવમ્** - જેઓ સત્યથી સાવ જ અજ્ઞાત છે - જેઓ મૃતપ્રાય છે તેઓ જ એને અનેક તરીકે નિહાળે છે. માત્ર **શવમ્** - જેઓ દિવ્યતાનો અંશ છે તેઓ અનેકમાં એક જુએ છે. જે **ज्ञेयम्** - આત્મા, ક્ષેત્રજ્ઞ અને પરબ્રહ્મ કહેવાય છે તે જ એ એક કે અદ્વૈત છે. શ્રીકૃષ્ણ અર્જુનને આ જ્ઞાન આપ્યું કે જેથી દિવ્ય શાંતિની તે અનુભૂતિ કરી શકે.

વાંચકો ! જેમ સાગર સરિતાનું ધ્યેય - લક્ષ્ય છે તેમ બ્રહ્મ જીવાત્માઓનું લક્ષ્ય છે. ભૌતિક પદાર્થોમાં ચિન્મય જીવાત્માને શાશ્વત આનંદ કદી નહિ મળે. મોક્ષ એ જ પરમાનંદની પ્રાપ્તિ છે. અને તેને પરબ્રહ્મની પ્રાપ્તિ તરીકે પણ ઓળખાવવામાં આવે છે જેને જગત કહેવામાં આવે છે એવાં નામરૂપવાળાં મોહક અને ભ્રામક પ્રપંચમાં તેઓ આસક્ત નથી તેઓ જ માત્ર પરમાત્મતત્વમાં પોતાની અનન્ય ભક્તિ દ્રઢ કરી શકે છે, અને એવી ભક્તિને પરિણામે જ આત્મજ્ઞાન સિદ્ધ થઈ શકે છે. જગત તો ત્યાગ અને વૈરાગ્યની સિદ્ધિમાં સહાયરૂપ માત્ર નિમિત્ત છે અને એટલે તો તે અનેક પ્રલોભનો અને છળકપટથી ભરેલું છે. જે જગતના પાશમાંથી છૂટવા માટે જગતને જ સાધનરૂપ - સહાયરૂપ માને છે તે સાચો વેદાંતી છે.

સામાન્યપણે ' ઊર્ધ્વ ' શબ્દનો અર્થ ' ઉપર ' કે ' ઉચ્ચ ' એવો કરવામાં આવે છે. આ વિશ્વને વૃક્ષ ગણીએ તો વિશ્વમાં તો એનાં મૂળ ન જ હોય ને ! તો એ થયાં બ્રહ્મમાં - એટલે કે મૂળ ક્યાંક અદ્ધર કે ઉપર, અને ડાળીઓ નીચે ! શ્રીકૃષ્ણ અર્જુનને એ વિષે સમજાવતાં કહ્યું, " આ સંસાર કે જીવનનું વૃક્ષ એક વિચિત્ર ઘટનારૂપ છે. જગતના વૃક્ષોથી એ સાવ ભિન્ન છે. જગતમાં આપણે જે વૃક્ષો જોઈએ છીએ તેના મૂળ નીચે અને ડાળીઓ ઉપર હોય છે. પણ સંસારરૂપ વૃક્ષના મૂળ ઉપર, અને ડાળીઓ નીચે હોય છે. એ વૃક્ષ **अस्वत** છે - વ્યસ્ત હોઈ તે અસ્થિર છે.

અર્જુને તુરત પ્રશ્ન કર્યો, " એને **अस्वत** શાથી કહેવામાં આવ્યું ? એનો અર્થ તો વટવૃક્ષ એવો થાય, ખરું ને ? જીવનવૃક્ષને એવું નામ શા માટે આપવામાં આવ્યું ? " - અલૌકિક વૃક્ષનું અલૌકિક નામ બીજું શું ! - " સાંભળ, **अस्वत** એટલે અસ્થિર, અનિત્ય, નાશવંત, ક્ષણિક. એનો અર્થ વડનું ઝાડ એવો પણ થાય છે. એના ફૂલફળ ન તો સુગંધદાયક હોય છે કે ન તો ખાવાલાયક. પણ એનાં પાંદડાં અવિરત હવામાં ઊડતાં હમેશાં નાચતાં રહે છે. દુન્યવી પદાર્થોનું પણ એમ જ થાય છે. તે સૌ ચંચળ અને અસ્થિર હોઈ તેનાં સ્થાન અને મૂલ્ય હમેશાં બદલાતાં રહે છે. માનવીને સંસાર કે જગત વિષેનું આ સત્ય સમજાવવા અને તે ઉપર પ્રભુત્વ મેળવવાના પ્રયત્નમાં પ્રેત્સાહન આપવા તેને **अस्वत** કહેવામાં આવ્યું છે.

" માનવી ઊર્ધ્વ દ્રષ્ટિ - દિવ્ય દ્રષ્ટિ વિકસાવી શકે અને પરબ્રહ્મમાં શ્રદ્ધા કેળવવા હંમેશ ઝંખતો રહે એ હેતુથી વિશ્વને આ પરિભાષામાં ઓળખાવવામાં આવ્યું છે. બે પ્રકારની કસોટી દ્વારા પાર્થીવ જગતનો પાર પામી શકાય ; બાહ્ય અને આંતરિક. એક તર્કદ્રષ્ટિ બંધનકર્તા છે તો બીજી મુક્તિદાયક છે. વિશ્વને વિશ્વ રૂપે જ જોનારની દ્રષ્ટિ ખોટી છે ; જે એને પરબ્રહ્મ કે પરમતત્વ રૂપે જુએ છે એની દ્રષ્ટિ એ સાચી દ્રષ્ટિ છે. વિશ્વ પરિણામરૂપ છે તો એનું આદિ કારણ હોવું અનિવાર્ય છે. અને જે પરિણામ છે તે તેના કારણથી વિપરીત હોઈ શકે નહિ. માટે એ મૂળ કારણ સૂક્ષ્મ છતાં બ્રહ્મનું જ અન્ય સ્વરૂપ છે અને સમસ્ત બ્રહ્મ તેમાં સમાવિષ્ટ છે. કરોડો જીવાત્માઓ શાખા, પાંદડાં અને સૂકાં ડાળખાં જેવા છે : બ્રહ્મ બીજ છે કે જેમાં સમગ્ર વૃક્ષ સમાયેલું છે, સંક્ષિપ્ત છે. જે આટલું જાણે છે તે વેદનું જ્ઞાન ધરાવે છે એમ સમજવું. "

---

# અધ્યાય ૨૫

" શ્રીકૃષ્ણ ! તમે કહો છો કે જેઓ વિશ્વને માત્ર વિશ્વરૂપે જુએ છે તેઓ વેદનું જ્ઞાન ધરાવવાનો દાવો કરી શકે નહિ ; તેમણે વિશ્વને પરમાત્મારૂપે ઓળખવું જોઈએ. વિશ્વ પરિણામરૂપ છે અને એટલે એ તેના મૂળ કારણથી ભિન્ન હોઈ શકે નહિ. પણ એ શી રીતે શક્ય છે ? જે વિશ્વને આપણે જોઈએ છીએ, જેનો પ્રત્યક્ષ અનુભવ કરીએ છીએ તે તો વિકાસ અને વિનાશને આધીન છે. એથી ઊલટું પરમાત્મા શાશ્વત, સત્યરૂપ અને પરિવર્તનથી પર છે. અગ્નિ અને પાણીમાં કંઈ સમાનતા હોઈ શકે ખરી ? એ બેમાં એકત્વ ક્યાં જવું ? કૃપા કરી મને સમજાવો. તમારી વાણી સાંભળવામાં મને અત્યંત આનંદ થશે. ”

" ભલે, અર્જુન ! જેવી તારી ઈચ્છા. દ્રશ્ય જગતમાં પ્રત્યેક ચીજ કે પદાર્થ તેનું ગુણલક્ષણ પ્રદર્શિત કરે છે. ગુણનો આધાર એ ગુણધારક પદાર્થ છે. આ વિશ્વના પ્રત્યેક પદાર્થના અસ્તિત્વનો અને જે ગુણલક્ષણો એ ધરાવે છે તેનો એક આધાર છે તેનું એક ધારક તત્વ છે. તે આધાર છે આત્મા. જે પરિવર્તનથી પર છે, મુક્ત છે એ ઉપર તમારું ધ્યાન કેન્દ્રિત કરો – બદલતા વિશ્વના વિવિધ આવિષ્કારો પર નહિ. એમ ન કરો તો તમે પરિવર્તનના એ જોરદાર પ્રવાહમાં ખેંચાઈ લથડિયાં ખાતા રહેશો. જેમ વૃક્ષના થડ, પર્ણાવલિ, ડાળી, ડાંખળાં એ સર્વનો મૂળ આધાર બીજ છે તેમ આ પ્રકૃતિ, પ્રપંચ કે વિશ્વરૂપ વૃક્ષ આત્મારૂપ બીજમાંથી ઉદભવ્યું છે. આધારરૂપ આત્મામાં અવ્યક્ત રહેલા પંચભૂતોના સમન્વય અને સંચારપ્રક્રિયાનું પરિણામ છે પ્રકૃતિ કે પ્રપંચ. આત્મા જે આધારરૂપ છે તેને મૂળ અને આવશ્યક તત્વનું સ્થાન આપવું જ રહ્યું કારણ સમગ્ર વિશ્વદર્શન એના જ આવિષ્કારરૂપ છે. જેણે સ્થિર અભ્યાસ અને નિષ્ઠાને પરિણામે આ સત્ય સિદ્ધ કર્યું છે તે **वेदवित्** – જેણે વેદજ્ઞાન સિદ્ધ કર્યું છે તેને ના માનનીય બિરૂદને પાત્ર છે.

પણ આમૂલ સંશોધન વિના, સત્ય અને અસત્યનો ભેદ સ્પષ્ટ કર્યા વિના, જે કંઈ દ્રષ્ટિગોચર થાય છે તે જ શાશ્વત અને સનાતન છે એમ માની એવી દલીલ કરવી એ માર્ગ ભૂલ્યા બરાબર છે ; અને એવી ભૂલનો ભોગ બનેલ કોઈ પણ વ્યક્તિ સાચું ધ્યેય સિદ્ધ કરી જ શી રીતે શકે ? જે સત્યરૂપ છે તે એને શી રીતે પ્રાપ્ત થાય ? આ સત્ય વિષે જાણવાની ઝંખના દૈવી સંપત્તિ - પરમાત્મદ્રષ્ટિ જેને મળી હોય તેને જ થાય છે. એથી ઊલટી વૃત્તિ એ આસુરી દ્રષ્ટિનું પરિણામ છે અને એવી વૃત્તિ ધરાવનાર વ્યક્તિ કશું જ જાણ્યા વિના પોતે જ્ઞાની છે એવી દલીલ કરે છે, એવું માને પણ છે અને એમ જ્ઞાનપ્રાપ્તિ અર્થે કશો જ પ્રયત્ન કરવાની એ જરૂર જોતો નથી અને જે અસત્ય છે તેને સત્ય તરીકે ઠોકી બેસાડવા એ પ્રેરાય છે. ”

ભગવાને જ્યાં આ નિવેદન સમાપ્ત કર્યું ત્યાં જ આશ્ચર્યચકિત્ત અર્જુને મસ્તક ઊંચું કરી કહ્યું, ગોપાલ ! અત્યાર સુધી તમે પોકારી પોકારી કહી રહ્યા હતા કે આત્મા પ્રાણીમાત્રના અને તેઓના સર્વ ગુણ લક્ષણોના આધારરૂપ છે. એટલે કે તમે પોતે જ એ પરમતત્વરૂપ આધાર છો એવું તમે કહ્યું. અને

હવે વચ્ચે તમે બે ભિન્ન સ્વરૂપો- દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ - ની વાત શરૂ કરી દીધી. મારું મન મુંઝવણ અનુભવે છે. એ બે માં કઈ સ્વીકાર્ય ગણવી અને કઈ અસ્વીકાર્ય એ વિષે નિર્ણય કરવાનું મને સૂઝતું નથી. "

" અર્જુન ! તારો આ પ્રશ્ન તો તારી વાત કરતાં પણ વધારે વિચિત્ર છે. તે પોતે માને છે કે હું અર્થહીન એવો એક પણ શબ્દ ઉચ્ચારતો નથી તેમ જેનું મહત્વ ન હોય એવું કોઈ કાર્ય કરતો નથી અને છતાં મારાં કયાં વચન માન્ય ગણવાં અને કયાં અર્થહીન ગણી અસ્વીકાર્ય ગણવાં એ પ્રશ્ન વિષે તું ચિંતા કરે છે ! આ માત્ર અબુધ ઉદ્વેગ અને મનના ક્ષોભનો જ એક પ્રકાર છે. મારા વ્હાલા બંધુ ! દેવો અને અસુરો એ કોઈ બે ભિન્ન વર્ગો નથી. માનવજાતના ગુણલક્ષણોને આધારે તે આ રીતે વિભાજિત થઈ જાય છે. બીજું, ગુણલક્ષણો કૃત્રિમ અને પરિવર્તનશીલ છે અને જે ચિન્મય તત્વ વિષે હું આગળ કહી ગયો એ વર્ગમાં તે આવતાં નથી. પ્રજાપતિ ઘડા, ઘાડવા, થાળી વગેરે બનાવે છે, અને એ સર્વ રચના જે મૂળતત્વ - માટીમાંથી સર્જાઈ છે તે માટી નથી - તેના ઘાટ છે, તેની કૃત્રિમ રચના છે. તેઓના નામો પણ કૃત્રિમ છે અને એ નામો અને સ્વરૂપો તે ગુણલક્ષણો છે. મૂળ તત્વ કે આધાર માટી છે. વાસણો અને બીજી રચનાઓ નામરૂપો, આવિષ્કાર અને માત્ર દર્શનો છે. માટી મૂળભૂત તત્વ છે અને તેના પાત્રો અને વિવિધ રચના કૃત્રિમ છે. આધારરૂપ માટી ' સહજ ' અને મારું સ્વરૂપ છે - તે સત્ય છે. નામરૂપો, વિવિધ રચનાઓ. પાત્રો વગેરે મારામાં નથી ; પણ હું તેઓમાં છે. યાદ રાખ કે હું ગુણાતીત છું અને મારાં કોઈ ગુણલક્ષણો નથી પણ ગુણલક્ષણો અને રૂપોમાં હું છું. આથી માટી અને માટીના પાત્રોને બે ભિન્ન અને એકમેકથી અલિપ્ત તત્વો ગણીશ નહિ. એ સત્ય હોઈ શકે નહિ એટલું જ નહિ પણ તે કદી શક્ય પણ બની શકે નહિ.

" શ્રીકૃષ્ણ ! તમારા સ્વ - ભાવ એટલે કે સત્ય કે મૂળતત્વ અને તમારાં સ્વરૂપ, પ્રકૃતિ કે પાર્થીવ જગતમાં ભેદ શો છે ? "

" મેં તને ક્યારનું કહી દીધું છે કે પંચભૂતો - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ મારો સ્વભાવ છે - મારાં અંગો છે. પાર્થીવ જગત એ પંચતત્વોના સમન્વય વિના બીજુ શું હોઈ શકે ? તમે એને બીજું કયું નામ આપી શકો ? "

" શ્રીકૃષ્ણ ! એ પંચભૂતો વિના આ વિશ્વમાં કશાનું જ અસ્તિત્વ સંભવી શકે નહિ, સાચું ને ? તો પછી હું તેઓની અવગણના શી રીતે કરી શકું ? મૂળ અસ્તિત્વ જ તેઓ સાથે સંકળાયું હોય તો પછી અસ્વીકાર્ય, અમાન્ય જેવું રહ્યું શું ?

" જ્યારે તમે પંચતત્વોનો સ્વીકાર કરો છો ત્યારે તે સાથે તમે પ્રત્યેક તત્વના પાંચગણા સંક્રાંતરૂપો વિષે પણ સંમત થાઓ છો એ ભૂલશો નહિ. એ રીતે બધાં થઈ પચીસ તત્વો થયાં. માત્ર ચાર - પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ વ્યક્ત કે સ્પેશ્ય છે, પણ આકાશ એ સૌના આધારરૂપ છે. એમજ માનસ, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અનુભૂતિ દ્વારા જાણી - સમજી શકાય છે, પણ જે અંતઃકરણ એ સૌના આધારરૂપ

છે તેનું માત્ર અનુમાન થઈ શકે છે – તેનો અનુભવ નહિ. જે પદાર્થતત્વો વિષે આપણે જાણતા હોઈએ છીએ તે, જે સત્ય કે મૂળતત્વ વિષે આપણે અજ્ઞાત છીએ તેના આવિષ્કાર કે બાહ્યરૂપદર્શનથી વિશેષ કશું જ નથી. જે અદ્રશ્ય છે તેમાંથી જ તેઓ સહાય અને શક્તિ પ્રાપ્ત કરે છે. જે અદ્રશ્ય આધારથી- પરમ તત્વથી તમે અજ્ઞાત છો તે હું જ છું - હું આત્મા. સૌનો હું આધાર છું - ધારક છું.

" જે આધારિત છે અને બીજાનું જેને અવલંબન છે તે પરિવર્તન શીલ છે : તે વૃદ્ધિ, ક્ષય અને રૂપાંતર પામે છે. પણ એથી જે આધાર છે પાયારૂપ મૂળતત્વ છે તે પરિવર્તનને આધીન છે એમ ગણી શકાય નહિ. દ્રષ્ટાંત તરીકે ચન્દ્ર અને પાણીમાં તેના પડતાં પ્રતિબિંબનો વિચાર કરો. પાણીમાં દેખાતું ચન્દ્રનું પ્રતિબિંબ સ્થિર હોતું નથી, તે ચંચળ અને ચલિત માલૂમ પડે છે, પણ જે ચંચળ અને ચલિત છે તે તો પાણી છે, ચન્દ્ર નહિ. નાનાં બાળક જેવા અજ્ઞાન લોકો માને છે કે ચન્દ્ર પોતે આમ તેમ હાલે છે – ડોલે છે. મૂળભૂત આસુરી ગુણભાવ, જે આધાર છે તેના લક્ષણોનું આધેયમાં આરોપણ કરવામાં રહેલો છે. અને આધેયમાં પણ સત્ય અને સનાતનરૂપ આધાર - મૂળતત્વ વસે છે એવું જ્ઞાન તે સાચી દૈવી સંપત છે, પરમાત્મદ્રષ્ટિ છે. "

અર્જુન અત્યંત ધ્યાનપૂર્વક, મનને સ્થિર કરી આ બધું સાંભળી રહ્યો હતો. પછી તેણે પ્રશ્ન કર્યો, “ હે માધવ ! તમે કહ્યું કે પૂર્વ પ્રાપ્ત સ્વભાવલક્ષણ કે મનોવૃત્તિ, આ બે વચ્ચેનો ભેદ સમજવામાં સહાયભૂત થાય છે. તો કયાં કયાં લક્ષણોમાં આસુરી અને દૈવી સ્વ - ભાવ વ્યક્ત થાય છે તે કૃપા કરી મને સમજાવો. "

શ્રીકૃષ્ણે કહ્યું, “ અર્જુન ! એ માટે તો હું હરહંમેશ તૈયાર છું ; માત્ર સ્થિર અને ઉત્સુક શ્રોતાઓ જ મારે જોઈએ. સંપૂર્ણ અને સ્થિર ધ્યાનથી સાંભળ : (૧) અભય (૨) શુદ્ધ ભાવના (3) અદ્વૈતભાવ (૪) દાનધર્મ (૫) ઈન્દ્રિયનિગ્રહ (૬) બલિદાન (૭) અભ્યાસ (૮) સાધુત્વ (૯) પ્રામાણિકતા (૧૦) અહિંસા (૧૧) નીતિમત્તા (૧૨) સમત્વભાવ (૧૩) અનાસક્તિ (૧૪) આંતરિક શાંતિ (૧૫) અનિંદા (૧૬) સહાનુંભૂતિ (૧૭) નિર્લોભ (૧૮) મીઠીવાણી (૧૯) અધર્મનો ભય (૨૦) મનની દ્રઢતા (૨ ૧) આપત્તિકાળમાં હિંમત, ધૈર્ય અને સ્થિરતા (૨૨) નિશ્ચલતા (૨૩) સ્વાચ્છય (૨૪) નિર્વિઘ્નભાવ (૨૫) નમ્રતા- આ પચીસ પવિત્ર વૃત્તિઓ દૈવી સંપતના લક્ષણો છે.

" અહંકાર, ડોળ, મિથ્યાભિમાન, ક્રોધ, કઠોરતા અને અવિવેક એ માનવીની આસુરી વૃત્તિઓ છે. એ વૃત્તિઓથી ઘેરાયેલો માનવી આસુરી ચારિત્ર્ય ધરાવે છે. બાહ્ય સ્વરૂપે એવી વ્યક્તિઓ ભલે મનુષ્ય જેવી લાગે પણ ખરેખર તો તેઓ એ નામને પાત્ર નથી. જે મનુષ્યો આગળ ગણાવેલા ગુણભાવ ધરાવે છે તેઓ દિવ્યતાયુક્ત - કે દૈવી અંશધારી મનાય છે. જેઓ આસુરી વૃત્તિઓના ધારક અને પોષક છે તેઓ માનવરૂપધારી દાનવો છે.

" કેટલાક લોકો પોતાને દિવ્યરૂપ અને દિવ્યઅંશધારી લેખાવે છે પણ તેઓમાં જે ગુણલક્ષણો હોવાં જોઈએ તે બધાં છે ખરાં ? બધાં નહિ તો તેઓમાં ફક્ત દયા, ધર્મ, પરોપકાર અને સમ્યગ્ઝષ્ટિ

એટલું છે ? અલ્પ માત્રામાં પણ તેઓમાં આટલું જણાઈ આવે તો તેઓ દિવ્યાંશ છે એમ માનવું, પણ પોતે દિવ્યરૂપ છે એવું કહેનારાઓમાં આસુરી વૃત્તિઓ રૂપ જ્વાળા ભડકે બળતી સ્પષ્ટ દેખાઈ આવતી હોય તો તેઓનું પોતા વિષેનું એ વિધાન શી રીતે સત્ય ગણી શકાય ? એવો ડોળ કે દાવો કરવો એમાં ફક્ત મિથ્યાભિમાન જ વ્યક્ત થાય છે. ડોળ અને મિથ્યાભિમાનને કદી દિવ્યતામાં ખપાવી શકાય નહિ ; એવા લોકો આસુરી કે દાનવરૂપ છે એ નિઃસંશય છે.

" પ્રત્યેક વ્યક્તિ આત્મપૃથક્કરણ કરી પોતે કયા વર્ગમાં આવે છે તે વિષે નિર્ણય લઈ શકે. બાહ્ય સ્વરૂપ, વૈભવ, સ્થાન કે સત્તાની દૃષ્ટિએ આ વર્ગીકરણ થતું નથી. રાવણનું દ્રષ્ટાંત લો. તે માનવરૂપ ધરાવતો હતો, મોટો સમ્રાટ હતો, કુબેર કરતાં પણ મહાન અને સંપત્તિવાન હતો – કહો કે દ્રવ્યદેવ હતો પણ એ કારણોને અનુલક્ષી તેને દિવ્યરૂપ ગણાવી શકાય ખરો ? ના. જે ગુણભાવો એ ધરાવતો હતો તે અનુસાર તે દાનવ - રાક્ષસ - પિશાચ, કહેવાય અને હતો.

" સર્વ પ્રકારના આસુરી સ્વરૂપના મુખ્ય ત્રણ લક્ષણો છે. તે છે કામ, ક્રોધ અને લોભ. એ સ્વત્વ - વ્યક્તિતત્વનો કરી માનવીને આસુ કરી મૂકે છે - તેનામાં દાનવરૂપ લેતું જણાય છે. વૈરાગ્ય, સમભાવ, ત્યાગ, અનાસકિત, અને અપરિગ્રહ જેવી દિવ્ય વૃત્તિઓ દ્વારા તેને વશ કરી તેઓ ઉપર પ્રભુત્વ સ્થાપવાનું છે. આ સંગ્રામમાં માત્ર એ જ યોદ્ધાઓ ઉપર આધાર રાખી શકાય એમ છે. એ દિવ્યવૃત્તિરૂપ યોદ્ધાઓને કેળવો, ઉછેરો અને તેઓ આસુરી ભાવ પેદા કરનાર સર્વ વૃત્તિઓનો ક્ષણમાત્રમાં નાશ કરશે. કામ, ક્રોધ અને લોભરૂપ શત્રુઓનો અંશ પણ ક્યાંય જીવંત રહી જશે તો તે એક ભયચિહ્ન બની રહેશે ; માટે તેઓને તો બાળીને ભસ્મ કર્યે જ છૂટકો છે. એટલું થઈ શકશે તો જ ધ્યેયસિદ્ધિનો પ્રયાસ સફળ થશે.

કામના, આસક્તિ એ જીવનવૃક્ષના મૂળ સમાન છે. જો મૂળનું નિકંદન થાય તો વૃક્ષ સૂકાઈને મરી જાય છે. અને એ વિનાશની માત્રા જે ગતિ અને સફળતાથી એ મૂળને કાપી દૂર કરવામાં આવે છે તે ઉપર નિર્ભર છે. એક પણ મૂળ જ બચી ગયું છે તેમાંથી અંકુરો ફૂટતા જ રહેશે. એકેએક મૂળ ઊખાડી દો એટલે વૃક્ષ નિર્જીવ બની જડ કાષ્ટ્રમાં પલટાઈ જશે. વૃક્ષ જ જો લીલુંછમ રહેતું હોય, વિકસતું જતું હોય તો તેને નિર્મળ કરી દીધાની કોઈની પણ બડાઈ વ્યર્થ અને અર્થહીન બની રહે છે. એ જ પ્રમાણે જીવીને તેના પાશમાં જકડી રાખતી તૃષ્ણા જે પ્રમાણમાં નિર્મૂળ થતી રહેશે તે પ્રમાણમાં માનવીને ભરમાવતી માયાનો પણ ક્ષય થતો જશે.

અલ્પાંશ તૃષ્ણા ત્યાગ કર્યા પછી કેટલાક ' ધ્યાન ' માં પ્રવૃત્ત થાય છે. તેઓ પૂર્ણ એકાગ્રતા સિદ્ધ કરી શકતા નથી. નિરંકુશ આવેશ અને ઉશ્કેરાટનો પણ તેઓ ભોગ બનતા નથી, તેઓની સ્થિતિ, વચ્ચે ક્યાંય સપડાઈ ગયા જેવી થાય છે. આમ બનવાનું કારણ શું ? સંપૂર્ણ એકાગ્રતા સંપૂર્ણ તૃષ્ણા ત્યાગ કે તે ઉપરના સંપૂર્ણ પ્રભુત્વ દ્વારા જ સિદ્ધ થઈ શકે છે. એટલે જ કહ્યું છે કે કામ, ક્રોધ, અને લોભ એવા અસુરો - દાનવો છે કે જે ભયાનક અને વિકૃત સ્વરૂપ ધારણ કરી માનવોને હેરાન પરેશાન કરી મૂકે છે.

આવી વિકૃત મુખમુદ્રા કે ભયજનક સ્વરૂપ હોવું એ કંઈ મોટો કુદરતી પ્રકોપ નથી. એવી વ્યક્તિને બહુ બહુ ધૃણાજનક તરીકે વર્ણવી શકાય. પ્રકોપ તો ત્યારે ગણાય કે જ્યારે માનવીનો સ્વભાવ અને તેનું ચારિત્ર્ય મલિન અને ધૃણા પેદા કરનારાં હોય. માનવી દેખાવે સુંદર હોય, કર્ણપ્રિય એવો એનો પોપટની વાણી જેવો મીઠો અવાજ હોય - પણ એટલાથી તેને અને તેના જેવા બીજાઓને દિવ્યતાયુક્ત કે દિવ્યાંશ તરીકે ઓળખાવી શકાય નહિ. તેઓના હૃદયમાં આસુરી ભાવનો જુવાળ ઉછળતો હોય તો શારીરિક સૌંદર્ય કે કંઠના માધુર્ય માત્રથી તેઓ દિવ્યતાના અધિકારી બની શકતા નથી. તેઓના મ્હોંમાંથી નીકળતા શબ્દો જાણે હથોડાના અને ખંજરના ઘા જેવા લાગે છે. આમ આસુરીસંપત અને દૈવી સંપત વ્યક્તિના સ્વભાવ અને ચારિત્ર્યને આવરી લેતાં લક્ષણો સાથે સંબંધ ધરાવે છે અને નહિ કે તેના દેહરૂપ અને રૂપદર્શન સાથે.

# અધ્યાય ૨૬

" શ્રીકૃષ્ણ ! તમે કહો છો કે માનવીની દૈવી અને આસુરી વૃત્તિઓ પૂર્વજન્મના તેના કર્મો અને ભાવનાના પ્રભાવરૂપ અને તેના પરિણામરૂપ છે. જીવનમાં એ પ્રકારના પ્રભાવની અસરથી વિરક્ત રહેવાનું તો શક્ય જ નથી તો પછી જે મનુષ્ય માટે એ સંસ્કારનો બોજ વહેવાનું અનિવાર્ય જ છે તેઓએ કરવું શું ? તેઓના ભાવિનું શું ? એમાંથી છૂટવાનો કોઈ માર્ગ ખરો ? અગર તો એનું પરિણામ કોઈ ને કોઈ રીતે હળવું બનાવી શકાય એવું બને ? એવો કોઈ માર્ગ કે રીતીનીતિ હોય તો કૃપા કરી મને સમજાવો કે જેથી એને સહારે હું મારી જાતને ઉગારી લઈ શકું. " સમગ્ર માનવજાતને માટે સાર્થક હોય એવું નિર્દેશન પ્રભુની અમર વાણીરૂપે સાંભળવાના ઉદ્દેશથી અર્જુને શ્રીકૃષ્ણ સમક્ષ નિવેદન કર્યું.

શ્રીકૃષ્ણે તુર્ત જ જવાબ આપ્યો, " એના ઉપાયનો અભાવ છે એવું નથી. સાંભળ, માનવી ત્રણ તત્વગુણ ધરાવે છે – સાત્વિક, રાજસિક અને તામસિક. તે અંતઃકરણમાં વસે છે અને વિલસે છે, અને તે મુખ્યત્વે આહાર અને તેના પ્રકાર ઉપર અવલંબે છે. તમે જેવો આહાર લો તેવું તમને પોષણ મળે - તેવું તમારું સ્વરૂપ ઘડાય, અને એના અનુસરણરૂપે તમારી પ્રવૃત્તિ - તમારા વિહાર અનુસાર તમારા સ્વભાવનું ઘડતર થાય. આમ છેવટે વર્તમાન જન્મ પૂરતું આહારવિહારના નિયમન દ્વારા માનવી તેને સતાવનારી આસુરી વૃત્તિઓ ઉપર પ્રભુત્વ સ્થાપી શકે છે. પૂર્વયોજિત સ્વયત્ન દ્વારા માનવી સાત્વિક વૃત્તિઓ પણ વિકસાવી શકે છે. " તીવ્ર જિજ્ઞાસા વ્યક્ત કરનાર અર્જુનને અત્યંત પ્રેમથી પ્રભુ એ ઉપર પ્રમાણે માર્ગદર્શન કર્યું.

અર્જુને જ્યારે સાંભળ્યું કે માનવી પોતાને ઉગારી લેવાના સાધન અને શક્તિ ધરાવે છે ત્યારે તેનું મન આનંદથી નાચી ઊઠ્યું. તેને વધારે જાણવાની ઈચ્છા થઈ. શ્રીકૃષ્ણ મોહક હાસ્ય કરી કૃપા વરસાવતાં અર્જુનને ઉત્તરરૂપે આગળ કહ્યું, “ અર્જુન ! આહાર એ મુખ્ય પોષક તત્વ છે. મલિન માનસમાં નૈતિક ઓજસ્વિતા ઝાંખી પડી જાય છે, તેનો પ્રકાશ, તેનો ચમકાર જાણે વિલીન થઈ જાય છે. કાદવથી ભરેલા સરોવરમાં સ્વચ્છ પ્રતિબિંબ શી રીતે જોઈ શકાય ? અમાનુષી કે દૂષિત મનમાં દિવ્યતાના દર્શન ક્યાંથી થાય ? આહાર માનવીને શક્તિ શારીરિક શક્તિ આપે છે અને શરીર મન સાથે અત્યંત ઘનિષ્ટ રીતે જોડાયેલું છે. ઘણીવાર મનોબળ દેહની શક્તિ ઉપર પણ નિર્ભર હોય છે. નીતિયુક્ત આચાર, શ્રેયષ્કર ટેવો અને આધ્યામિક યત્ન - એ સર્વ આહારના ગુણલક્ષણો ઉપર આધાર રાખે છે. રોગો, મનની નિર્બળતા, આધ્યામિક શિથિલતા એ બધું આહાર અને તેના પ્રકારનું જ પરિણામ છે. "
“ શ્રીકૃષ્ણ ! કૃપા કરી મને સાત્વિક, રાજસિક અને તામસિક આહારના ગુણતત્વો વિષે કહેશો ? " અર્જુને નમ્ર ભાવે પૂછ્યું.

“ અર્જુન ! મન અને શરીર બંનેને જે પોષક અને બળવત્તર બનાવનાર ગુણધર્મ ધરાવતો હોય એવો જ આહાર સાત્વિક કહી શકાય. તે વધારે ખારો, વધારે પડતો તીખો, વધારે કડવો, અતિશય મીઠો કે ખાટો હોવો ન જોઈએ ; અને તે અત્યંત ગરમ હોય, તેમાંથી વરાળ વહી જતી હોય એ સ્થિતિમાં તે

ઉપર તૂટી પડવું જોઈએ નહિ. જે ચીજોનો આહાર પાણીની તીવ્ર તરસને જાગૃત કરે એવો હોય તેથી દૂર રહેવું જોઈએ. સામાન્ય નિયમ પ્રમાણે એમાં કંઈક નિયમિતતા, મર્યાદા અને સંયમ હોવાં જોઈએ. પાણીમાં પકાવેલી આહારની કોઈ પણ વાનગી બીજે દિવસે ઉપયોગમાં લેવી ન જોઈએ, કારણ વાસી ખોરાક નુકસાનકર્તા નીવડે છે. તળેલી વાનગીઓ પણ વેળાસર, એટલે કે તેમાંથી ગંધ આવવા માંડે તે પહેલાં ખાઈ લેવી જોઈએ (કોઈ એવો અર્થ ને કરે કે જેટલું હોય એટલું બધું ખાવાનું જ છે).

" રાજસિક આહાર સાત્વિક આહાર કરતાં સાવ જુદો જ છે. ઊલટા જ પ્રકારનો છે એમ કહીએ તો ચાલે. એ અત્યંત ખારો, ખૂબ મીઠો, ખૂબ જ ગરમ, ઘણો જ ખાટો અને ગંધ કહેવી કે સોડમ – થી જાણે મહેકી ઊઠતો હોય છે. આવો ખોરાક ઉશ્કેરાટ અને નશો ચડાવનાર નીવડે છે.

" પ્રભુ ! હું વિષયાંતર કરી રહ્યો હોઉં તો ક્ષમા કરજો પણ માત્ર જિજ્ઞાસાથી પ્રેરાઈને એક પ્રશ્ન પૂછું છું. શું માત્ર આહારની ટેવોમાં પરિવર્તન કરીને ગુણ અને ચારિત્ર્યમાં પરિવર્તન આણી શકાય ? કે પછી એ આહારના શુદ્ધીકરણ સાથે બીજું કશું કરવાની આવશ્યક્તા રહે છે ? એવું કંઈ હોય તો મને કહો.

" મારા પ્યારા બંધુ ! ચારિત્ર્યનું રૂપાંતર – તેનું પરિવર્તન એટલું સીધું અને સરળ હોત તો દુરાચાર અને દુર્ગણ જે દાનવસ્વભાવની ખાસ લાક્ષણિકતાઓ છે તે આ વિશ્વને ખૂણે ખૂણેથી ક્ષણમાત્રમાં દૂર કરી શકાઈ હોત ! એટલું કરવામાં બધું આવી જતું નથી ; અવશ્ય બીજુ ઘણું કરવાનું રહે છે. સાંભળ ; ત્રણ પ્રકારની પવિત્રતા જાળવવાની છે, ખાદ્યસામગ્રીની સંપૂર્ણ શુદ્ધિ, જે પાત્રોમાં ખોરાક પકાવવામાં આવે તેની સ્વચ્છતા અને રાંધેલો ખોરાક જે પીરસે તે વ્યક્તિની પવિત્રતા. "

" ખાદ્યસામગ્રી શુદ્ધ અને સારી કોટીની હોય એટલું પૂરતું નથી. તે શુદ્ધ માર્ગે પ્રાપ્ત થઈ હોવી જોઈએ - મેળવેલી હોઈ જોઈએ. પોતાની આજીવિકા માટે અનીતિ, અન્યાય અને અસત્યની કમાઈનો ઉપયોગ થવો જોઈએ નહિ. એ સર્વ મૂળમાં જ અશુદ્ધ અને મલિન છે. સાધનસંપત્તિ, તેની ઉપયોગિતા અને અંતિમ ધ્યેય એ બધાં જ એક સરખાં પવિત્ર હોવાં જોઈએ. પાત્રો સ્વચ્છ અને ડાઘ - રહીત હોવાં જરૂરી છે. જે વ્યક્તિ ભોજન પીરસે તે માત્ર પોશાકમાં જ નહિ પણ તેની ટેવો, તેના વ્યવહાર અને ચારિત્ર્યમાં પણ પવિત્ર અને નિષ્કલંક હોવી જોઈએ. જ્યારે તે રસોઈ પીરસતો હોય ત્યારે તેનું મન કોઈ પણ પ્રકારના તિરસ્કારભાવ, ક્રોધ, ઉદ્વેગ કે અવજ્ઞાથી મુક્ત હોવું જોઈએ ; તે આનંદ અને ઉલ્લાસથી તરવરતો હોવો જોઈએ. તે પ્રેમાળ અને નમ્ર હોવો જોઈએ. ભોજન કરનાર વ્યક્તિઓની સેવામાં તે પ્રવૃત્ત હોય તે દરમ્યાન તેના મનમાં દુરાચારી વિચારો ક્યાંયથી પણ પ્રવેશે નહિ એનો તેણે ખ્યાલ રાખવો જોઈએ. દુષિત વિચારો અને ટેવોની અપૂર્ણતા, માત્ર શારીરિક સ્વચ્છતા કે રમણિયતાથી પૂરી થઈ શક્તી નથી. જે સાધકે એકાગ્રતા કેળવવાની અને સિદ્ધ કરવાની છે તેણે આ નિયમન પ્રત્યે જાગૃત રહેવાનું છે. નહિ તો ધ્યાનમાં બેઠા હોઈએ ત્યારે રસોઈયાના અને પીરસણિયાના દુરાચારી વિચારોના અદ્રશ્ય સ્પંદનો સાધકને ભૂતની જેમ સતાવતાં રહેશે. સાત્વિક અને સદાચારી વ્યક્તિઓ આપણી આસપાસ હોય એનું ખાસ ધ્યાન રાખવું આવશ્યક છે. ભયચિહ્નરૂપ રસોઇયા અને

પિરસણિયાની તરફેણ કરવામાં તમારે બહારનો ભપકો, ધંધાની પ્રવીણતા અને મજુરીના ઓછા દરના ખ્યાલ જેવા પૂર્વગ્રહમાં ખેંચાઈ જવું જોઈએ નહિ. તેઓની ટેવો અને તેઓના ચારિત્ર્યનો બરાબર અભ્યાસ કરો. યાદ રાખો કે જે આધ્યાત્મિક ક્ષેત્રે તમારે ઝઝૂમવાનું છે તેમાં જે શારીરિક અને માનસિક તત્વ આવશ્યક છે તેના અત્યંત મહત્વના અંશરૂપ તમારો ખોરાક છે. મનની પવિત્રતા, શરીરની પવિત્રતા અને મનની મહત્વની ક્રિયા - વાણીની પવિત્રતા વડે વધારી શકાય છે, એટલું જ નહિ પણ તેમ કરવું આવશ્યક પણ છે. એ સાચું તપ છે : શારીરિક, માનસિક અને શાબ્દિક.

" મન, ચિંતા અને ઉદ્વેગથી, ધૃણા અને ભયથી, લોભ અને અહંકારથી મુક્ત હોવું જોઈએ. પ્રાણીમાત્ર માટેના પ્રેમથી તે ઉભરાઈ રહેવું જોઈએ. તે નિરંતર પ્રભુપરાયણ અને પરમતત્વના વિચારમાં સ્થિર હોવું જોઈએ. એને સ્થૂળતાજન્ય આનંદપ્રમોદ પાછળ ભટકતું અટકાવવાની આવશ્યકતા છે. હીન વિચારો મનમાં પ્રવેશવા દેવા જોઈએ નહિ. સર્વ વિચારભાવોનું લક્ષ્ય વ્યક્તિની ઉચ્ચ કક્ષાએ સ્થાપના અર્થાત તેનું ઉર્ધ્વારોહણ હોય એ મહત્ત્વનું છે. મન કે માનસનું આ સાચું તપ છે, તેની આ સાચી તપશ્ચર્યા છે. હવે દૈહિક તપશ્ચર્યા લઈએ, શરીરબળ અને દેહની શક્તિનો અન્યની સેવામાં, પ્રભુભક્તિ અને પરમાત્માના પૂજન - અર્ચનમાં, પ્રભુની ભવ્યતાના ગુણગાન કરવામાં, પરમાત્માના નામ વડે જે તેજોમય બન્યાં છે એવાં ધામોની યાત્રા કરવામાં, નિયમિત પ્રાણાયામ અને પ્રણવોદગારમાં અને ઈન્દ્રિયોને અધમ માર્ગેથી વાળી તે પરમાત્મસિદ્ધિના માર્ગે ખચીત પ્રયાણ કરતી રહે એ જોવામાં અને સાંભળવામાં, ઉપયોગ કરવો જોઈએ. બીમાર અને દુ:ખી માનવીઓની સેવા નૈતિક આચારવિચાર અને પરહિતના કાર્યો વડે એ તપશ્ચર્યા પવિત્રરૂપ બની રહે છે.

“ મૌખિક કે વાણીની તપશ્ચર્યા પણ આવશ્યક છે. વધારે પડતું બોલવું સારું નથી - કંઈનું કંઈ ભરડયા જ કરવાની જે ટેવ હોય છે એ અનિચ્છનીય છે. કોઈની બગધાઈ કરવામાં અને સાચીજૂઠી વાતો કરી કોઈની નિંદા કરવામાં મજા ન માણો. કદી કઠોર વચન ઉચ્ચારો નહિ, વાણીમાં નમ્રતા અને મીઠાશ રાખો. ટૂંકમાં મનમાં સર્વદા માધવનું સ્મરણ જાગૃત રાખી વાણીને પવિત્રતા અને મધુરતાથી ભરી દો.

" આ ત્રણ પ્રકારની તપશ્ચર્યા- દૈહિક, માનસિક અને શાબ્દિક - માં કોઈ પણ એકનો અભાવ હોય તો આત્મજ્યોતિ પ્રકાશ આપતી નથી - તે પ્રકાશિત કરી શકતી નથી. પ્રકાશ માટે દીવો. વાટ અને તેલની સરખી જ જરૂર છે. દેહ દીવો છે, મન તેલ છે અને જીભ દીવાની વાટ છે, એ ત્રણેને સંપૂર્ણપણે અને સર્વદા કાર્યક્ષમ રાખવાં જોઈએ.

" કેટલાક ભાવિક લોકો માને છે કે દાનપૂણ્યના કામો પણ દેહની તપશ્ચર્યા જ છે. તેઓ ભલે એવું વિચારે અને માને, પણ એવા દાનધર્મનું કાર્ય કરતાં પહેલાં સ્થળ, સમય અને એ સ્વીકારનારના ગુણલક્ષણો વિષે વિચાર કરવો જોઈએ. દ્રષ્ટાંત તરીકે કોઈ શાળાના બાંધકામ માટે દાન આપવું હોય તો જ્યાં શાળા નથી એવા સ્થળે આપવું જોઈએ. જ્યાં રોગ વ્યાપી ગયા હોય, તેનું નિવારણ મુશ્કેલ જણાતું હોય એવાં સ્થળે ઈસ્પિતાલો બંધાવી આપવી જોઈએ. પૂર કે અનાવૃષ્ટિને પરિણામે દુષ્કાળની

પરિસ્થિતિ ઊભી થઈ હોય એવા સ્થળે પ્રજાને અન્નદાન કરી તેની સુધા સંતોષવામાં ફાળો આપવો જોઈએ. ધર્મ અને બ્રહ્મવિદ્યાનું જ્ઞાન આપતી વેળા અને બીજાં એવાં સેવાકાર્યો કરતી વેળા તેનો સ્વીકાર કરનારની સ્થિતિ અને ગુણભાવનો અવશ્ય વિચાર કરવો જોઈએ. માનવીની પ્રગતિમાં અત્યંત બાધક એવી ક્ષિણતા કે અધુરપ પૂરી કરી આપનાર દાનકર્મને સાત્વિક ગણાવ્યું છે. "

અર્જુને શ્રીકૃષ્ણને અટકાવી કહ્યું, " હું એક પ્રશ્ન પૂછી શકું ? દાન કોઈ પણ રીતે કરવામાં આવે પણ તે દાન તો છે જ, ખરું ને ? તમે સાત્વિક, રાજસિક અને તામસિક દાનની વાત ઉપર શાથી ઉતરી પડ્યાં ? શું દાનના એવા પ્રકારો છે ? "

શ્રી કૃષ્ણે ઉત્તર આપ્યો : " અલબત્ત છે જ. દાનધર્મ કરનારાઓમાં ઘણા એવા હોય છે કે જેઓ પોતાની નામના અને કીર્તિના વિચારથી પ્રેરાઈને જ તે કરે છે. એમના એ કાર્યનો એ જ આશય હોય છે. તેઓ જે કંઈ અર્પણ કરે છે તેના બદલામાં કંઈક મેળવવાની તેઓ આશા રાખતા હોય છે. ઘણા ઓછા એવા હોય છે કે જેઓ પ્રભુકૃપા સિવાય બીજું કશું જ ઈચ્છતા ન હોય. પ્રભુકૃપાની પ્રાપ્તિ એ એક માત્ર ઉદ્દેશથી કરવામાં આવતું દાન સાત્વિક છે. જે દાનકર્મ બદલો મેળવવાના આશયથી જેમ કે પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ, નામના અને સત્તા માટે અથવા તો આવેશમાં આવી જઈ કે દબાણને વશ થઈ કરવામાં આવે છે એવાં દાનકર્મો રાજસિક વર્ગના છે.

" દાનધર્મમાં ભક્તિભાવ અને શુદ્ધ નિષ્ઠા વર્તાઈ આવવાં જોઈએ. લેનાર છે એટલે તેને આપો એવું વલણ યોગ્ય નથી. તે ઉપરાંત કુપાત્રને કદી દાન આપવું જોઈએ નહિ તેમજ ગમે એવા બીનજરૂરી સંજોગોમાં પણ નહિ. જેઓ ધરાઈને બેઠા છે એઓ માટે ભોજન બોજારૂપ છે વરદાનરૂપ નહિ. જ્યાં પહોંચવું જ અશક્ય છે એવાં સ્થાને ઈસ્પિતાલની સ્થાપના કરવી એ દાનનો દુર્બય છે. આ પ્રકારનો અહિતકર અને વ્યર્થ દાનધર્મ તામસિક ગણવામાં આવ્યો છે.

" દાનધર્મમાં પ્રવૃત્ત રહેનાર વ્યક્તિએ સતત જાગૃત રહેવાની આવશ્યક્તા છે. જે કોઈ માગે એ સૌને કંઈનું કંઈ આપવાની નીતિ અમૂલ્ય સંપતિ વેડફી દેવા બરાબર છે. એ જ પ્રમાણે સર્વ સ્થાનોએ પણ એનો વરસાદ વરસાવી શકાય નહિ. જે ત્રણ પ્રકારો મેં ગણાવ્યા તેનું સતત સ્મરણ રહે એનું ખાસ ધ્યાન રાખો, અને પછી જે ઈષ્ટ લાગે તે કરો. જે દાન તમે આપો તે નામના કે કીર્તિ માટે હોવું જ ન જોઈએ. એની પાછળ કોઈ આશય કે એ સાથે કોઈ ભપકો કે પ્રદર્શન કરવાના હોય નહિ. એ હેતુપૂર્ણ હોય અને તેનો સદુપયોગ થાય એટલું બસ છે. સર્વ કર્મોમાં સાત્વિક દ્રષ્ટિ સૌથી ઈષ્ટ છે. આપણે જે જોઈએ, સાંભળીએ કે વાણીમાં પ્રકટ કરીએ વગેરે સર્વ માં આ જ દ્રષ્ટિબિંદુ રાખવું જોઈએ. "

નતમસ્તક અર્જુને સંપૂર્ણ એકાગ્રતાથી પ્રભુના મુખની આ મધુર વાણીનું પાન કરી રહ્યો હતો. તેણે હવે પ્રશ્ન કર્યો, " સાચું શ્રવણ અને સાચું દર્શન શું છે એ કૃપા કરી મને વિસ્તારથી સમજાવો એ વિષે જાણીને હું આવશ્યક સૂચનો અને નિર્દેશોનું પાલન કરી શકીશ. " અર્જુને એવી દયાજનક વાણીમાં પ્રભુને વિનંતી કરી કે શ્રીકૃષ્ણ પણ અત્યંત લાગણીપૂર્વક હસતા હસતા એને જોઈ રહ્યા.

શ્રીકૃષ્ણે અર્જુનની પીઠ થાબડી અને કહ્યું, “ સાત્વિક શ્રવણ એટલે કે જેઓ પરમાત્માની સાધના કરી આત્મસિદ્ધિને વર્યા એવા સંતો અને તપસ્વીઓની જીવનકથા, તેઓના અનુભવો અને આદેશોનું શ્રવણ પ્રભુ ભક્તોનું, સંતમહાત્માઓના ચિત્રો - શિલ્પોનું દર્શન તથા દેવદેવાલયોના મહોત્સવોનું દર્શન એ સાત્વિક દર્શન છે. વૈભવવિલાસના દ્રશ્યો, વૃત્તિ - વિનોદના અને ભભકભરી સજાવટ, સત્તા, સ્થાન અને અહંકારયુક્ત અધિકારના ચિત્રો અને પ્રસંગોનું દર્શન એ રાજસિક દન છે. આવેશમય દ્રશ્યો અને ઘટનાઓના વર્ણનમાં ઘેલા થઈ જવું, સત્તા અને અધિકાર ના અભિનયમાં, શક્તિ અને પ્રાવીણ્યના દબદબામાં આનંદમગ્ન બની જવું એ પ્રકાર છે રાજસિક શ્રવણનો. કેટલાક લોકો દુઃખજનક સાહસ કાર્યો વિષે સાંભળવામાં, અને અમાનુષી અને દોષયુક્ત કાર્યોની વાતો સાંભળવામાં આનંદ માણે છે તેઓ પ્રધાનપણે તામસિક વૃત્તિ ધરાવે છે એમ કહી શકાય. તેઓ ક્રૂરતા અને ત્રાસદાયક કાર્યો ભયાનક યુક્તિ - પ્રયુક્તિ વગેરેની પ્રશંસા કરે છે અને એવા વિષયોનું નિરૂપણ કરતાં ચિત્રો પોતાની સન્મુખ રાખવામાં આનંદ માણે છે. તેઓ આસુરી અને લોહી તરસ્યા દેવદાનવોની પૂજા કરે છે અને ભૂતપ્રેત અને અદ્રશ્ય આસુરી કાળશક્તિના ગીતો ગાવામાં ભાન ભૂલી જાય છે. "

પ્રિય વાચકો ! આ છે શ્રીમદ્ ભગવદ્ ગીતાના ઉપદેશનું હાર્દ, દેહ અને દેહમાં તરવરતું જીવનતત્વ આહાર ઉપર નિર્ભર છે અને અન્ન વડે જ તે જીવંત રહે છે, ટકી રહે છે. આમ આહાર, સિદ્ધિની ઉત્કૃષ્ટ કે પછી અધમ કક્ષા નિશ્ચિત કરવામાં નિર્ણયાત્મક ભાગ ભજવે છે. આધુનિક યુગમાં શિસ્ત અને નિષ્ઠા ઉપર ઘણો ભાર મૂકવામાં આવે છે પણ તેના સંદર્ભમાં આહારનો કોઈ વિચાર કરતું નથી. માનવી ગમે એવો મહાન અને વિદ્વાન હોય, વેદાંતના મૂળતત્વરૂપ ઉપદેશનો એ ગમે એટલો ખ્યાલ રાખતો હોય અને તેના વિકાસ અર્થે શકય એટલું બધું કરતો હોય, પણ દેહ અને તેની વિવિધ ક્રિયામાં પાયાની ગરજ સારે છે એવા આહારના નિયમનનો જો તે અનાદર કરે તો તે કદી સફળ થઈ શક્તો નથી. એવા મનુષ્યો ખાદ્યસામગ્રીની, રસોઈ પકાવનાર રસજ્ઞોની અને તે પીરસનારોની પવિત્રતાનો વિચાર સરખો કરતા નથી. તેઓનું પેટ ગળા સુધી આવી જાય અને ભૂખ સંતોષાય એટલાથી તેઓ પૂર્ણ સંતોષ અનુભવે છે. પ્રભાત ઊગતાં જે સર્વ પ્રથમ મંદિરના દર્શને તેઓ જાય છે તે મંદીર છે હોટેલ - ભોજનગૃહ કે જ્યાં ઈડલી અને સાંભારનો આત્મારામને નૈવેદ્ય ધરવામાં આવે છે ! આવા ખાદ્યાર્થીઓ એકાગ્રતા શી રીતે સિદ્ધ કરી શકે ? ભોજનગૃહોમાં વાનગીઓ બનાવવાની પવિત્રતા, ખાદ્યસામગ્રીની પવિત્રતા અને ત્યાંની સારસંભાળ અને સેવાની પવિત્રતાની ખાતરી કોણ આપી શકે ? એ પ્રત્યે કોણ લક્ષ આપે છે ? એ કર્યા વગર લોકો ફરિયાદ કરે છે કે અમે એકાગ્રતા કેળવી શકતા નથી અને પોકારી ઊઠે છે કે અમારી મૂંઝવણનો કોઈ આરો નથી ! મૂળ ક્રિયા યથાર્થ થાય તો જ તેનું શુભ પરિણામ સિદ્ધ કરી શકાય. જો ખાટા પદાર્થો જ પકવવામાં આવતા હોય તો એમાંથી તૈયાર કરવામાં આવતી ભોજનની વાનગીમાં મીઠાશ શી રીતે સંભવી શકે ?

આહાર અને વિહાર વિષે ગીતામાં અત્યંત વિચારપૂર્વક ઠરાવવામાં આવેલા નિયમન વિષે સ્પષ્ટતા કરવામાં આવી છે, પણ એ ઉપર બહુ ઓછું ધ્યાન આપવામાં આવે છે. એની ખાસ આવશ્યકતા પણ ગણવામાં આવતી નથી. સર્વત્ર એવા ઘણા લોકો જોવા મળે છે કે જેઓ ગીતાના

સોગંદ લે છે. જેઓ કલાકો સુધી તે ઉપર વિવેચન કરી તેનો બોધ આપે છે - પણ ઘણા ઓછા એવા હોય છે કે જેઓએ ગીતાનો ઉપદેશ પોતાના જીવનમાં ઉતાર્યો હોય ! ગીતાના શ્લોકો (*verses*) વડે તેઓનું મસ્તિષ્ક, ઉભરાઈ રહેતું હોય છે પણ જીવનમાં જ્યારે શોકના સંજોગો (*reverses*) ઊભા થાય છે ત્યારે મનના તાત્વિક આનંદ વડે તેનો સામનો કરવામાં તેઓ અસમર્થ નીવડે છે. જો આહાર અને મનોરંજન શુદ્ધ અને પવિત્ર કરવામાં આવે તો જ સાચો આનંદ અને શાંતિ સિદ્ધ થઈ શકશે.

પ્રકાશ અને અંધકાર એકી સાથે રહી શકે નહિ. એમ જ કામ અને રામ એક સ્થાને સાથે વસી શકે નહિ. એ તો અગ્નિ અને પાણીને એકત્ર કરવાના મિથ્યા પ્રયાસ જેવું ગણાય. એક હાથમાં પવિત્ર ગીતા હોય અને બીજામાં ગરમાગરમ ચા કે કોફીનો પ્યાલો, અગર બીડી કે સીગરેટ કે છીંકણીની ભૂકી બરાબર દબાવી પકડી રાખી હોય તો એના દોષયુક્ત પ્રત્યાઘાતથી શી રીતે બચી શકાય ? કેટલાક પોતાના અનિયમિત જીવનનો બચાવ કરતાં કહે છે કે ગમે તે રીતે અને ગમે ત્યાં ખાવામાં આવે એમાં કશો બાધ નથી કારણ એ આહાર પોતાની રગરગમાં ફેલાઈ ગયેલી પ્રજ્વલિત જ્ઞાનશિખાને સ્પર્શતાં જ પવિત્ર અને ગ્રાહ્ય બની રહે છે !

કડવાં ફળનું મિષ્ટ ફળમાં શી રીતે રૂપાંતર થઈ શકે ? એક પછી એક બધી આપણી પવિત્ર નદીઓમાં ધોઈને થઈ શકે ? જેઓ ગીતા વિષે માત્ર બોલી જાણે છે તેઓ તેમાં રહેલા દિવ્ય આદેશની મધુરતાથી શી રીતે મહેકી શકવાના હતા ? બને છે એવું કે જેઓ આ પાખંડીઓના વક્તવ્યો સાંભળે છે તેઓ પ્રત્યક્ષ જે કંઈ થઈ રહ્યું હોય છે તે જોઈ ધર્મગ્રંથોમાંની પોતાની રહી સહી શ્રદ્ધા પણ ગુમાવી બેસે છે અને કઠોર નાસ્તિક બની રહે છે.

જે વ્યક્તિ તેના આહારની ટેવોનું શમન અને નિયમન કરવામાં અસહાય વર્તાઈ આવે છે. તે તેની ઇન્દ્રિયોના નિયમન અને સંયમ સિદ્ધ કરશે એવો વિશ્વાસ શી રીતે કરી શકાય ? જો તે પોતાના ખોરાક ઉપર કાબુ રાખી શકે નહિ અને તે વિષે સંયમ કેળવી શકે નહિ તો તે ઇન્દ્રિયોને વશ કરી શી રીતે ઇન્દ્રિયનિગ્રહ કરી શકે ? જે નાક માત્ર એક સાધારણ ખાંસી આવતાં ટપકી પડે તે છીંક સામે ટકી શકવાનું હતું ? જે નિસરણીના ગણ્યાંગાડ્યાં પગથિયાં ચડવા અશક્તિમાન છે તે સ્વર્ગની ઊંચાઈએ ચડી શકશે એમ માની શકાય ખરું ? જ્યારે માનવી કૉફી, સીગરેટ કે છીંકણીનો ભોગ બની અસહાયતા અનુભવતો હોય ત્યારે કામ, ક્રોધ અને લોભ જેવા અત્યંત બળવાન શત્રુઓને પરાજિત કરવા હિંમતભેર કમર કસી મેદાને પડશે એવો વિશ્વાસ થઈ શકે ખરો ? એ જ્યારે મલિનતાનો ત્યાગ કરી શકતો નથી ત્યારે વાસનાથી શી રીતે દૂર રહી શકવાનો હતો ! માટે પ્રથમ રસના ઉપર પ્રભુત્વ સ્થાપો પછી વાસનાને વશ કરી શકશો. એ બન્ને ગાઢ રીતે સંકળાયેલાં છે - ચરણ અને ચક્ષુ જેટલાં એકબીજાની સમીપ અને એકમેકથી સંકલિત છે એટલાં જ.

---

# અધ્યાય ૨૭

જેમ વસ્ત્રોના આવરણને લીધે નિરામય શરીરનું ઓજ કે તેજ, દ્રષ્ટિમાં આવતું નથી તેમ અહંકારયુક્ત આત્મા તેના બ્રહ્મતત્વરૂપ દૈવી સ્વરૂપની ભવ્યતા વ્યક્ત કરવા અશક્તિમાન રહે છે. અહંકાર એ સર્વ દૂષણો, સર્વ ક્ષતિઓ અને સર્વ પ્રકારની અપૂર્ણતાનું મૂળ કારણ છે. અહંકાર કામના કે કામવૃત્તિમાંથી જન્મે છે. માટે અહંકારથી સર્વથા મુક્ત રહો.

મનની કામનામુક્ત અવસ્થા એ જ સાચી અહમ્ ભાવમુક્ત અવસ્થા છે, અને મોક્ષ કે મુક્તિ એ પણ અહમ - ભાવરૂપ બંધનથી મુક્તિ સિવાય બીજું શું છે ? કામનાના બંધનથી તમે મુક્ત થયા ત્યાં જ તમે મોક્ષ કે મુક્તિના અધિકારી બની રહો છો.

સામાન્યપણે માનવી ફળપ્રાપ્તિની ઈચ્છાથી પ્રેરાઈ પ્રવૃત્તિ કરતો હોય છે. જે કાર્ય કે પ્રવૃત્તિ ફળદાયક નીવડતી નથી તેમાંથી તે ધીમે રહી ખસી જાય છે. પણ ગીતા એ બંને વૃત્તિઓનો નિષેધ કરે છે. કારણ પરિણામ ગમે તે આવે અથવા ન પણ આવે, કોઈ પણ વ્યક્તિ પ્રવૃત્ત રહેવાના પોતાના ધર્મની અવગણના કરી શકે નહિ. માનવી પૂર્ણ રીતે પ્રવૃત્તિ વિના રહી શકતો નથી, તો પછી પરિણામની ઘટમાળમાં સપડાઈ તેનો ભોગ બનવાનું તે શી રીતે નિવારી શકે ? આથી જ ગીતાનો બોધ છે કે કર્મફળત્યાગ એ પ્રવૃત્તિવશ માનવીની સર્વોત્કૃષ્ટ સાધના છે.

આપણી ઈચ્છા હોય કે ન હોય, આપણે આશા રાખી હોય છે કે ન રાખી હોય, પ્રત્યેક કર્મ તાત્કાલિક નહિ તો કાળાંતરે કોઈ ન કોઈ પરિણામરૂપ નીવડે છે. એ અનિવાર્ય છે. પરિણામ શુભ હોય કે અશુભ હિતકાર હોય કે અહિતકાર, પણ કર્મ જો ઇશ્વરાર્પણભાવથી થયું હોય તો કર્તાને તેની કોઈ અસર પહોંચતી નથી. ઈશ્વરાર્પણની એ પવિત્ર ભાવનાને પરિણામે કર્મની મહત્તા વધી જાય છે અને તે પવિત્ર અને દિવ્ય બની રહે છે. એથી ઊલટું જે કર્મો અહંકાર પ્રેરિત હોય છે તે અનેક પ્રકારના બંધનોમાં પરિણમે છે.

જેઓ આત્મસિદ્ધિ કે બ્રહ્મપ્રાપ્તિ માટે પ્રામાણિક પ્રયત્ન કરવા ઈચ્છે છે તેઓ માટે કામનાના અંશમાત્રથી મુક્ત રહેવું આવશ્યક બની રહે છે. મમત્વશૂન્યભાવ એટલે “ હું ” અને “ મારું ” જેવી મમતાની લાગણીથી સંપૂર્ણ વિરક્તિ વડે જ મોક્ષ કે આત્મોદ્ધાર સિદ્ધ કરી શકાય છે. માનવજીવનના લક્ષ્યની એ અંતિમ સિદ્ધિ છે ; અને એનું જ બીજું નામ આત્મસિદ્ધિ છે. એ કક્ષાએ સુખ દુઃખ, આનંદ કે શોકની અનુભૂતિ થતી નથી. એ બન્નેથી એ પર છે, અસ્પૃશ્ય છે. શ્રીકૃષ્ણનો સંકલ્પ હતો કે તેમનો પરમ મિત્ર અને ભક્ત અર્જુન એ કક્ષા સિદ્ધ કરે અને એટલે તેમણે અર્જુનને વિવિધ રીતે યોગ્ય માર્ગદર્શન કરી એ વિષે જ્ઞાન આપી તેને ઉગારી લેવા પ્રેમપૂર્વક કૃપારૂપ પ્રયત્ન કર્યો. એ ઉપરાંત સમગ્ર માનવજાતને એ તત્વજ્ઞાનની અમૂલ્ય ભેટ ધરવા તેને નિમિત્ત બનાવ્યો.

એ પવિત્ર બોધ સમાપ્ત કરતાં પહેલાં શ્રીકૃષ્ણ અર્જુનને સંબોધીને ને કહ્યું, “ સર્વધર્મોનો ત્યાગ કરી મારું શરણ લે. હું તને સર્વ પાપથી મુક્ત કરીશ. એટલે કે અહંકાર અને મમકાર કે મમત્વનો ત્યાગ કર. આત્મા અને દેહને એકરૂપ ગણવાનું ભૂલી એ એકત્વભાવને નિર્મૂળ કરી દે. દેહરૂપ પિંજરામાં, એ જેલ કોટીમાં આત્મા બંદીવાન છે એ સત્ય સમજી લે અને આ સૃષ્ટિમાં સર્વસ્વ પરમાત્મરૂપ છે અને એથી ભિન્ન કશું જ નથી એ માન્યતા દ્રઢ કરી લે. આથી પરમાત્માના સંકલ્પને આધીન રહ્યા સિવાય અને તેના વિધિવિધાનને માન્ય ગણી ચાલ્યા સિવાય બીજું કરવાનું રહેતું નથી. માનવીએ કર્તવ્ય - અકર્તવ્ય, સંકલ્પ - વિકલ્પ, નિશ્ચય - નિષેધ જેવી દ્વિધાયુક્ત કે દ્વિલક્ષી પ્રવૃત્તિનો સદંતર ત્યાગ કરવાનો છે. તેણે માત્ર પ્રભુના આદેશ અનુસાર ચાલવાનું છે, પ્રભુના સંકલ્પ વિષે નિઃશંક રહી તેનો સ્વીકાર કરવાનો છે અને જે સ્થાને અને જેવી સ્થિતિ અને સ્વરૂપમાં પ્રભુએ તેને રાખ્યો છે સ્થાપ્યો છે તેમાં આનંદ માણવાનો છે. પોતાના કાર્યોની યોગ્યતા કે અયોગ્યતાના વિચાર માત્રથી મુક્ત રહી તેણે પોતાના એ કાર્યો પ્રભુભક્તિરૂપ ગણી કરવાં જોઈએ અને ફળપ્રાપ્તિની કોઈ અપેક્ષા કરવી જોઈએ નહિ. આ તેનો ધર્મ - તેનો જીવનધર્મ છે.

રૂદ્રાક્ષની અનેક માળાઓ ધારણ કરનારા કેટલાક શ્રેષ્ઠ વેદાંતીઓ શ્રીકૃષ્ણના આ ‘ સર્વધર્મ પરિત્યાગ ' ના ઉપદેશનો લાભ ઊઠાવે છે અને પ્રભુ તેઓને આપમેળે સર્વ પ્રકારના પાપોથી ઉગારી મોક્ષ અપાવશે એવો વિશ્વાસ કરી આંખો બંધ કરી, ટાંટિયા ફેલાવી પ્રમાદમાં પડ્યા રહે છે. તેઓ પોતાની ફરજોનો અનાદર કરી ફાવે ત્યાં ભમતા રહી, ગમે એટલું ખાઈ પી ઊંઘમાં આળોટતા રહે છે. તેઓ સારાનરસાનો વિચાર સુધ્ધાં કરતા નથી અને પોતાનો બચાવ કરતાં કહે છે કે પ્રભુએ અમને ધર્મ મુક્ત કરી દીધા હોઈ અને ધર્મ કે કર્મને આધીન નથી. જ્યારે ઘરના વડીલો કે અનુભવી સાધકો તેઓના વ્યવહાર સામે વાંધો ઊઠાવે છે ત્યારે તેઓ જવાબમાં કહે છે, “ અરેરે ! શું તમે પણ આવા ભ્રમનો ભોગ બન્યા છો ! પ્રભુએ ગીતામાં જે કહ્યું છે એનું તમને કશું જ જ્ઞાન નથી ? રામ રામ ! " અને એ વર્ગનો “ ભક્ત " કહે છે :

"... **सर्वधर्मपरित्याग** એ પ્રભુનો આદેશ મેં મારા જીવનધર્મના પાયારૂપ ગણી તેનો સ્વીકાર કર્યો છે. અલ્પ જ્ઞાન અને અધિકાર ધરાવનારાઓની સલાહની મને કોઈ આવશ્યક્તા નથી. " આ વર્ગના ભક્તો પોતાની ભક્તિભાવ અને પરંપરા કે રૂઢિચૂસ્તપણાનું ખૂબ અભિમાન રાખે છે. પ્રભુના વચનોમાં જે અને જેટલાં પોતાની વૃત્તિને અનુકુળ હોય છે એટલાં જ તેઓ પસંદ કરી અને તારવીને તેમના જીવનમાં અપનાવે છે. એની આગળ - પાછળના સંદર્ભમાં જે કંઈ કહેવામાં આવ્યું હોય છે તે પ્રત્યે તેઓ સહજ ભાવે દુર્લક્ષ સેવે છે કારણ તે તેમને અપ્રિય છે જ્યારે હકીકતમાં એ શબ્દો અને તેમાં સમાયેલો બોધ એક જ નિર્દેશનના અવિભાજ્ય ભાગરૂપ હોય છે. ગીતાના પ્રખર અને ચુસ્ત ઉપાસકો હોવાનો દાવો કરતા હોવા છતાં એઓ પ્રભુના આદેશના અત્યંત મહત્ત્વપૂર્ણ અંશની ઉપેક્ષા કરે છે.

પ્રભુ કહે છે, “ સર્વ ધર્મોનો ત્યાગ કરી **मां एकं शरणं व्रज** - માત્ર મારું જ શરણ લે. " શું તેઓએ એવી શરણાગતિ સ્વીકારી છે ? ના. બીજું નહિ તો તેમને મોક્ષની તીવ્ર આકાંક્ષા છે ? ના, કારણ જો એમ

હોત તો તેઓએ પોતાની સ્વાભાવિક ફરજોની અવગણના કરી ન હોત. આહાર અને નિદ્રારૂપ વ્યસનના તેઓ ભોગ બન્યા ન હોત. આવા લોકો માત્ર સાચી જૂઠી વાતોમાં એકદમ ખીલી ઊઠે છે ; તેઓની મહત્તા માત્ર બાહ્ય ચમકારમાં જ મર્યાદિત રહી જાય છે. પ્રભુના આદેશનો તેઓ સાચા જીવન - વ્યવહારમાં અમલ કરતા નથી. તેઓ એવા પ્રમાદી હોય છે કે એવી કોઈ પ્રેરણા જ તેઓને થતી નથી. આધ્યાત્મિક પ્રયાસનો અંશ પણ તેઓના જીવનમાં ક્યાંય દ્રશ્યમાન થતો નથી.

પ્રભુની દિવ્ય વાણીમાં સાચા, નિષ્ઠાવાન સાધકો અણમોલ સત્યોનો પાર પામી શકે છે :

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणम् व्रजः**
**अहां त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।**

પ્રભુના શબ્દોની અહીં નોંધ લેજો, " **सर्व धर्मान् परित्यज्य** " અને નહિ કે “ **सर्व कर्मान् परित्यज्य** ". આ વિધાનનો મર્મ શું છે ? એનો અર્થ છે : ધર્મ અને અધર્મના વાદવિવાદમાં અટવાયા વિના પ્રભુની કીર્તિગાથારૂપ કે પ્રભુના આયોજનરૂપ સર્વ કર્મો મુક્ત ભાવે કરો.

પરમાત્મામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકી તમે તમારું સમગ્ર જીવન પરમાત્માના ચરણમાં અર્પણ કરી દીધું હોઈ તમારે પોતાને અર્થે કશું જ મેળવવાનું રહેતું નથી એનું તમને જ્ઞાન હોવા છતાં વિશ્વહિત કે **लोकसंग्रह** ને ખાતર રાજા જનક અને બીજા સાધકોની જેમ તમારે જીવનમાં પ્રવૃત્ત રહેવું આવશ્યક બની રહે છે. **सर्वभूतान्तरात्मा** - સર્વ જીવાત્માઓમાં વ્યાપ્ત આત્મઅંશ તમારા અંતરાત્માથી ભિન્ન નથી. માટે **सर्वभूतहितेरता** - સર્વ જીવાત્માઓને હિતકર એવાં કાર્યોમાં સદા રત રહો – પ્રવૃત્ત રહો. એ પરમાર્થદ્રષ્ટિએ શાસ્ત્રો અને પુરાણોમાં જેનો અનુરોધ કરવામાં આવ્યો છે એ કાર્યો, તેના પરિણામ કે ફળપ્રાપ્તિ પ્રત્યે નજર પણ કર્યા વિના સમર્પણભાવે કરતા રહો. એ સાચું નિષ્કામ કર્યું છે.

ગીતાનો મર્મ બરાબર સમજી, તેના આદેશાનું યથાર્થ પાલન કરી તમારામાં નિષ્કામ કર્મભાવ દ્રઢ કરો. સર્વ કર્મો પ્રભુભક્તિરૂપ - હરિ -પ્રસાદરૂપ ગણી તેમાં પ્રવૃત્ત રહો. તમારે માત્ર આટલું જ કરવાનું છે. બીજું બધું જ - ફળ, પરિણામ અને પૂર્તિ પરમાત્મા ઉપર છોડી દો. એમ કરવાથી તમને હરિકૃપા પ્રાપ્ત થશે અને મૃત્યુલોકનું તમારું આ જીવન પવિત્ર અને ધન્ય બની રહેશે.

પ્રતિકૂળ સંજોગોરૂપ અવરોધો છતાં જેઓ ધર્મ માર્ગ અનુસરે છે તેઓ અંતમાં વિજયને વરે છે. જેઓ ધર્મમાર્ગથી વિચલિત રહી જીવે છે તેઓ ભલે ઘણો વૈભવવિલાસ ભોગવે પણ અંતમાં તેઓ સર્વનાશનો ભોગ બનશે એ નિશ્ચિત છે. કૌરવો અને પાંડવોનું જીવનવૃત્તાંત આ સત્યનું જ્વલંત અને નિર્વિવાદ સમર્થન કરે છે.

અધર્મના ગર્તમાં ડૂબેલા કૌરવો ગર્વમાં એવા અંધ બની ગયા હતા કે ધર્મ પ્રિય અને સજજન પાંડવો ઉપર તેઓએ વિવિધ પ્રકારના જુલ્મો - ગુજાર્યા, પણ અંતમાં તેઓનો સર્વનાશ થયો. અનેક પક્ષોનો તેઓને ટેકો હતો પણ પ્રભુકૃપારૂપ શક્તિ તેઓને પ્રાપ્ત ન હોઈ તેઓનું ભાગ્ય દુર્ભાગ્યમાં પલટાઈ ગયું અને તેઓ એવા પાયમાલ થઈ ગયા કે ફરી તેમાંથી ઊંચા આવી શક્યા નહિ. મહાભારત, ભારતની પ્રજાને આજ એક મહાન બોધપાઠ આપે છે : પ્રભુકૃપાની તોલે કશું જ આવી શક્યું નથી ; મહાશક્તિયુક્ત શસ્ત્રસરંજામ પણ પ્રભુકૃપા આગળ અસહાય બની રહે છે. એ કથામાં સમાયેલો આ અમૂલ્ય સંદેશ છે.

**ગીતાભવન** - ગીતારૂપ મહાલય વિશ્વહિત અર્થે ભારતની ભૂમિ ઉપર ચણાયેલો સત્ય અને ધર્મનો મહાલય છે. તેનો શ્રદ્ધા અને ભક્તિ ભાવથી અભ્યાસ કરજો. જીવનવ્યવહારમાં તેનો અમલ કરી તેના ઉપદેશની, તેના આદેશોની દુઃખ - દર્દ વિનાશક અને પુનઃપ્રવર્તક શકિતની અનુભૂતિ કરજો. એવા મનુષ્યો માટે આત્મારામ જે મધુરતા અને દિવ્ય શાંતિના અવિરત ઝરણાંમાં રમમાણ હોય છે - તે એક શાશ્વત સત્ય બની રહેશે. એક ક્ષણ પણ ખોયા વિના પરમાત્મા તેઓ ઉપર પોતાની કૃપાનો વરસાદ વરસાવશે. જેનામાં ચૌદ ભુવન સમાવિષ્ટ છે, જે ચૌદ ભુવનનો ધારક છે. તેની અવિરત ભક્તિ કરો, તેની પ્રાર્થના કરો અને આ મૃત્યુલોકના અલ્પકાલિન જીવનમાં જે અષ્ટતત્વો સુખદાયક નીવડે છે તે તમે અવશ્ય સિદ્ધ કરી શકશો અને વિશેષ કરીને તો જે નિત્યાનંદ, નિત્યસત્ય અને નિત્યજ્ઞાનના પરમ ધામ રૂપ છે એ કૈવલ્ય - મોક્ષ પ્રાપ્ત કરી શકશો.

તમારા હાથમાં નવનીત હોય તો પછી ઘી માટે દોડાદોડ કરવાની શી આવશ્યકતા છે ? પ્રભુએ જેનો અનુરોધ કર્યો છે એ જીવનનીતિનું અંશતઃ પાલન કરી પ્રભુકૃપારૂપ નવનીત પ્રાપ્ત કરો. પ્રભુકૃપા સિદ્ધ થાય તો પછી મોક્ષ કે મુક્તિ માટે પ્રાર્થના કરવાની રહેતી નથી. તમારે શું જોઈશે અને તે ક્યારે તે વિષે એ બધું જ જાણે છે અને તે સારી રીતે ! તમારી યોગ્યતા અનુસાર તમારે માટે જે હિતકર છે એ વણમાગ્યે તે આપશે. ખુદ પ્રભુને મેળવવાની ઝંખના સેવો, પ્રભુ માટે ગમે એવી યાતના સહન કરો – પણ હસતાં હસતાં હું ! અને એ પછી મોક્ષની ઝંખના પણ કરવાની રહેશે નહિ. આટલું ક્ષણના પણ સંકોચ વિના, સ્વાભાવિકપણે થાય તો તમારાં સર્વ પાપ તે જ ક્ષણે ધોવાઈ જશે અને પરમાત્માની કરુણા તમને આવરી લેશે. પ્રભુને નિશ્ચલતાથી, દ્રઢતાથી વળગી રહો અને તે અર્જુનની જેમ તમને અમર બનાવી મૂકશે.જેઓ જન્મમરણના ચક્રમાંથી મુક્ત થવા ઈચ્છે છે તેઓએ ગીતામાં પ્રભુએ જેનો નિર્દેશ કર્યો છે તે સર્વ આદેશોનું અણિશુદ્ધ પાલન કરી પ્રભુની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવાનું આવશ્યક છે. એવો ભક્ત પછી તેની પ્રત્યેક પ્રવૃત્તિમાં સફળતાને વરશે. તે વિજય સિદ્ધ કરશે.